શ્રી સરસ્વતિ નમઃ

શ્રી સરસ્વતિ સાહિત્યરત્ન ગ્રન્થાવલી:-પુઃ ૨ જું.

જૈન વિરાંગના

પાટમદે

●

લેખક
વોરા ભોગીલાલ રતનચંદ રાજકવિ.
ધરમપુર સ્ટેટ.
રતનપોળ, પીપળાવાળો ખાંચો—અમદાવાદ.

●

વીર સં. ૨૪૭૨

વિક્રમ સંવત	પ્રત	સને
૨૦૦૨	૧૦૦૦	૧૯૪૫

કિંમત રૂા. ૪-૦-૦.

પ્રકાશક :
મેઘજી જૈન પુસ્તક ભંડારવતી
કુંવરજી હીરજી
પાયધુની ગોડીજીની ચાલ, મુંબાઇ -૩

પ્રથમ આવૃત્તિ. ∴ પ્રત : ૧૦૦૦

મુદ્રક :
શા. મણીલાલ છગનલાલ
ધી નવપ્રભાત પ્રિ. પ્રેસ.
ઘીકાંટારોડ, અમદાવાદ.

નિવેદન

શ્રી સરસ્વતિ સાહિત્યરત્ન ગ્રન્થાવલી તરફથી આ બીજું ઐતિહાસીક પુસ્તક **દેવી પાટમદેનું** વાંચકવર્ગના ચર્ણે ધરતાં મારા આત્માને અનેરો આનંદ ઉત્પન્ન થયો છે.

પાટમદે ઉદયપુરના નગરશેઠ સોહનલાલની દિકરી હતી, તેના માતા-પિતાએ સુંદર સારા સંસ્કારો આપવા મોટા મોટા વિદ્વાનો રોકયા હતા, અને તેઓની પાસે અભ્યાસ કરાવી એક આદર્શ નારી તરીકે તેનું જીવન ઘડવામાં પાછી પાની કરી નહોતી.

પાટમદેએ ઘણા ઉંચ સદ્‌ગુણો તથા ધાર્મિક તત્ત્વોનો સારો અભ્યાસ કર્યો હતો અને ઘણું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેમજ શારીરિક તાલીમ પણ લીધી હતી. વળી યુદ્ધના કાર્યમાં હથીયાર કેમ ચલાવવા, પોતાનો બચાવ કેમ કરવો વિગેરેનો અભ્યાસ પણ મેળવ્યો હતો. અને જીવનમાં દ્રઢતા ઉત્તમ કેળવી હતી.

સારાય ઉદયપુરમાં પાટમદેના સદ્‌ગુણો અને તેના જ્ઞાન માટે અપૂર્વ માન હતું.

આ સમયે મેવાડની રાજધાની મહારાણા **રાજસિંહ** ભોગવતા હતા. મહારાણાશ્રીને બે રાણીઓ તથા બે કુમાર હતા. પહેલાનું નામ ભીમસિંહ અને બીજાનું નામ જયદેવ હતું. રાણાશ્રીને જયદેવ પ્રત્યે અથાગ પ્રેમ હતો. જેથી ભવિષ્યમાં રાજ્યગાદી જયસિંહને સોંપવા વિચાર હતો.

ગૃહક્લેશના કારણે બંન્ને રાણીઓમાં ખટરાગ અને ક્લેશના બીજ વધવા પામ્યા હતા, આવા સમયે રાજ્યનો કર્મચારી એક બ્રાહ્મણ હતો. જેનું નામ પૂરોહિત હતું. તે નિમકહરામ અને બેવફા હતો. ભીમસીંહની માતાના પક્ષમાં તે બ્રાહ્મણ છુપી રીતે કામ કરતો હતો.

દયાળશાહ એક ગર્ભશ્રીમંત જોધપુર રાજ્યનો રહેવાસી હતો, તેના પિતાનું નામ રાજાજી અને માતાનું નામ રયણદે હતું. દયાળશાહ જન્મથીજ તોફાની અને લડાયક સ્વભાવનો હોવાથી પોતાના પિતા સાથે ન બનવાથી (અણબનાવ હોવાથી) પોતે પોતાના પિતાશ્રીની તમામ મિલ્કતનો ત્યાગ કરી આપબળ ઉપર ભાગ્યની કસોટી કરવા સારૂં અનેક કષ્ટો સહન કરી પૂરોહિતને ત્યાં "ઘોડાના ખાસદાર" તરીકે નોકરી મેળવી રહ્યો હતો. તે પણ ફક્ત **ખાંધાજ પેટે.**

"કર્મની ગતિ કોઈ અગમ્ય છે, ભવિષ્યની ભિતરમાં શું સમાયું છે" તે કોણ જાણી શકે તેમ છે ? જ્યારે કુદરત અનુકૂળ હોય છે, ત્યારે આપોઆપ ભાગ્ય ખીલવાના સાધનો મનુષ્યોને મળી જાય છે. તેવીજ રીતે આપણા દયાળને પણ બન્યું હતું. પાટમદેનું જંગલમાં આવવું, તેનાપર લુંટારાઓનો હુમલો થવો, અચાનક દયાળને આવી ચડવું, અને પાટમને બચાવવી. તેમજ

કટારની મ્યાનમાંથી એક ચીઠ્ઠી પડી જવી અને દયાળને જડવી વિગેરે જે જે ઘટના બની તે સર્વે ફક્ત ઘણા જૂજ સમયમાંજ (એક મિનિટ માત્રમાંજ) બની ગઈ હતી. પાટમ અને દયાળને અન્યોઅન્ય, કુદરતી પ્રેમ ઉત્પન્ન થયો. . .. .

દયાળના વાંચવામાં તે ચીઠ્ઠી આવી ત્યાર પછી તે બહુજ ગંભીર બન્યો, પાટમદેને તેના ઘેર મૂકી પોતે પૂરોહિતને ઘેર ગયો.

પાટમદે ઘેર પહોંચ્યા પછી પોતાના પિતા સોહનલાલને આજની વિતક કથા–પોતાના પર આવી પડેલી ભયંકર આફત અને તેમાંથી બચાવનાર ફક્ત પૂરોહિતને ત્યાં ઘોડાના ખાસદારનું કામ કરનાર દયાળજ હતો. તેણે તો મને લુંટારાઓના પંઝામાંથી બચાવી છે. એવા સાહસીક પુરૂષને ઉત્તેજન આપવું તે આપણી પહેલી ફરજ છે.

સોહનલાલ નગરશેઠ જાતેજ પૂરોહિતને ત્યાં ગયા અને દયાળને પોતાને ત્યાં લઈ જવા ઇચ્છા વ્યક્ત કરી, જેથી પૂરોહિતે હા પાડી, તેથી દયાળ નગરશેઠ સોહનલાલનો મહેમાન બન્યો.

દયાળશાહે મહારાણાશ્રીની મુલાકાત લીધી અને ભાગ્યદેવી ઉપર ભરૂસો રાખી નિડરપણે વાત કરી રાણાશ્રીને મહાત કર્યા અને તેઓનો પ્રાણ બચાવ્યો.

આવી આવી અનેક ભરપુર ઘટનાઓથી આ પુસ્તક અલંકૃત બનાવવામાં આવ્યું છે. વળી ઐતિહાસીક દાખલાઓ સાથે બની શકી તેટલી બહુજ સંભાળપૂર્વક હકીકત જનતા આગળ આ પુસ્તક **પાટમદે** મારફત રજુ કરૂં છું.

આ પુસ્તકમાં ધાર્મિક, સેવાભાવી, ગૃહસ્થાશ્રમ, તેમજ મનુષ્ય તરીકેના જીવનનું કર્તવ્ય વિગેરે અસંખ્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આપણી વાર્તાની મૂખ્ય નાયિકા દેવી પાટમદેના જીવનની બની શકી તેટલી સત્ય હકીકતો વાંચકવર્ગ ! આગર રજુ કરવામાં આવી છે.

મારો સાધારણ અભ્યાસ તેમજ અજ્ઞાનતાનો વાસ હોવાથી કોઈ કોઈ વિષયોમાં ઉણપ તો હશેજ તો તે રહેલી ઉણપને વાંચકવર્ગ ! દરગુજર કરશે ! એવી આશા રાખવી વ્યર્થ નહિંજ ગણાય !

કોઇપિણ મનુષ્ય સર્વગુણ સંપન્ન હોતોજ નથી. દરેકમાં કાંઈને કાંઈ ત્રુટી તો હોયજ છે ! આ પુસ્તકમાં ભૂમિકા સાચવવા માટે ગમે તે વિચારોનું મિલન કરી બીજા કોઇપિણ પુસ્તકનો આધાર લીધા વિના ફક્ત "રાજસ્થાની ઈતિહાસ ભાગ ૧ લા" માંથી કેટલીક હકીકત લઇ લખવામાં આવેલું છે.

કેટલીક ઐતિહાસીક ઘટનાઓ લેવામાં આવી છે. વળી મારો પોતાનો લખેલો "મેવાડના અણમોલ જવાહિર યાને આત્મ બલિદાન" માંથી કેટલોક ઉપયોગી ભાગ લેવામાં આવ્યો છે તે સિવાય મેં મારૂં આ પુસ્તક પૂરૂં કર્યું છે, અને તે પૂરૂં કરવા માટે મને જે જે મિત્રો અગર મારા હિતેચ્છુઓએ માર્ગદર્શન બતાવ્યું છે તે માટે હું તેઓશ્રીનો હાર્દિક આભાર માનું છું.

અંતમાં હું આશા રાખું છું કે જનતા મારા આ પુસ્તકને વધાવી લઈ મારા કાર્યને ઉત્તેજન આપશે. એજ પ્રભુ પાસે પ્રાર્થના.

લી. આપનો

ભોગીલાલ કવિ.

આભાર

રા. રા. શેઠશ્રી છોટાલાલભાઈ મણિલાલ શાહ.

આપે આપના પિતાશ્રી તથા માતુશ્રીની યાદગીરી બદલ હાલની જનતાને ઐતિહાસીક વાંચનનો લાભ મળે એ ઉદ્દેશથી આ પુસ્તક છપાવવા સારૂં જે મને પ્રોત્સાહન આપી આભારી કર્યો છે.

આપ એક ઉચ્ચ સંસ્કારી તેમજ સુપ્રતિષ્ઠિત વહેપારી તરીકે ખ્યાતી મેળવી લક્ષ્મી ઉપાર્જન કરી છે અને તે ઉપાર્જન કરેલી લક્ષ્મીનો ઘણી સુંદર વ્યય લોક કલ્યાણ સારૂ કરી રહ્યાં છો તે બદલ મારા તમને હાર્દિક અભિનંદન છે.

આપશ્રીની ગંભિરતા તેમજ નિરાભિમાની સ્વભાવ એટલો બધો પ્રસંશનીય છે કે તેનું વર્ણન લખવું મારી શક્તિ બહારની વાત છે.

આપે હજારો રૂપીઆ ગુપ્તદાન, રાષ્ટ્રસેવા તેમજ પોતાની માતૃભૂમિના કાર્ય પાછળ ખરચી આપની લક્ષ્મીનો સુંદર વ્યય

કરી જીવનને ઉજ્જવલ બનાવ્યું છે. અને આપશ્રી નાની ઉંમરથીજ મહેનત કરી સાચા પુર્ષાર્થી બન્યા છો. તેમજ આપશ્રીના ધર્મપત્ની અ. સૌ. શ્રીમતી કાન્તાલક્ષ્મી બહેન પણ આપના દરેક શુભ કાર્યમાં સહકાર આપી આપનો ઉત્સાહ વેગવંતો કરવામાં પણ પોતે સુંદર ફાળો આપી પોતાની ફરજ બજાવવા હમેશાં કટીબદ્ધ રહી સુંદર સેવાભાવી કાર્યમાં સાથ આપી રહ્યા છે.

આપ "બકરીવાલા" કુટુંબના ખાનદાન નબીરા છો. આપના માતા–પિતા પ્રત્યેની લાગણી ધરાવી જે સાહિત્યથી જનતા લાભ મેળવે એ દ્રષ્ટિએ ઉત્તેજન આપી આપે માતા–પિતા પ્રત્યેનો પ્રેમ બતાવી આપ્યો છે.

આપે આપના પૂજ્ય માતા–પિતાશ્રીની પ્રત્યે આપની શુભ પ્રેરણાથી મારા હતાસ થએલા કાર્યને ઉત્સાહ આપી સજીવન કરી મારા કાર્યને સારામાં સારો વેગવંત બનાવ્યો તે બદલ આપશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આપશ્રી તેમજ આપશ્રીના ધર્મપત્નિ ત્થા આપશ્રીના બાળ–બચ્ચાં અને સર્વ કુટુંબીજનો હરહંમેશ સુખી રહો! અને સદા દીર્ઘાયુ રહો! અને હજારો દીન–દુઃખીની સેવા કરવા ભાગ્યશાળી બનો!

આપશ્રી આપના વહેપારમાં વૃદ્ધિ પામો અને "દધિસુતા" હરહંમેશ આપના ભંડારમાં કાયમ રહો! લક્ષ્મીની સરિતાઓ વહો! હજારો શુભકાર્યમાં આપ લક્ષ્મીનો સદુપયોગ કરી આત્મ કલ્યાણ સાધો! એજ મિત્ર તરફિની અંતર ભાવના.

લી. આપનો
ભોગીલાલ કવિ.

આભાર

મારી સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રંથાવલીમાં મારા સ્નેહી તથા ગૃહસ્થોએ તેમજ મારા પર લાગણી ધરાવનાર ભાઈઓએ મેમ્બર બની જે ઉદારતા બતાવી મારા કાર્યમાં પ્રોત્સાહન આપ્યું છે તેના માટે હું સર્વ સ્નેહી તેમજ ગૃહસ્થોનો તેમજ ભાઈઓનો અંતઃકરણથી આભાર માનું છું અને આ પ્રમાણે હમેશાં ઉત્સાહ આપતા રહેશે એવી આશા રાખું છું.

તા. ક. મારા જુના સ્નેહી તેમજ મારા સોલ એજન્ટ મેસર્સ મેઘજી હીરજી જૈન પુસ્તક ભંડાર તેમજ તેઓના સંચાલક રા. રા. ભાઈ કુંવરજી હીરજીએ મારા પુસ્તનું પોતાના નામથી પ્રકાશન કરી મને આભારી કર્યો છે તેથી હું તેઓશ્રીનો અંતઃકરણથી આભાર માનું છું.

દા. ભોગીલાલ કવિ

મહારાણા પ્રતાપ અને ભામાશાહનો વાદવિવાદ

(લાવણી)

પ્રતાપ: ભામાશાહ તુજ વાત સુણીને અંતર તો વીંધાય ખરે
મેવાડ કેરી દશા જોઈને અગ્નિ સમ જ્વાલા જ જળે
નથી સુજતું કે શું કરવું વિધી જ્યાં અવળી જ પડે
એવી સ્થિતિમાં કહો ભામાશાહ પ્રતાપ એકલો શું કરે. ૧

ભામાસાહ: અન્નદાતા છો મેવાડ કેરા સાચા શીરતાજ શોભો છો
અનેકના છો સ્વામી રાણા સત્ય નીતિના ચાહક છો
જરૂર પ્રભુ સહાય જ કરશે આશા હૃદયથી તજશો નહિ
ભામાશાહની વિનંતી સૂણી મેવાડ છોડી જાશો નહિ. ૨

પ્રતાપ: નથી વૈભવ નથી લક્ષ્મી નથી ખાવા અને પીવા
ભૂખ થકી બાળક ટળવળતા દુઃખ કહો ક્યાં સુધી જોવા
પોહચાય ત્યાં સુધી ધીરજ ધારી દુશ્મન સામે ટકી રહ્યો
પ્રતાપના જીગરની માંહીં વિચાર આજે જુદો થયો. ૩

ભામાશાહ: મરદ બની નિરાશ થશો તો, કહો મરદ કોણ કહેશે
ભવિષ્યની પ્રજા બીચારી ધડો તમારો શું લેશે
કાયરતાથી થાકી જાવું પ્રતાપને એ શોભે નહિ
અનેક વિપત્તીમાં પ્રતાપ કદાપી કાયર બનશે નહિ. ૪

પ્રતાપ: નથી જોઈતો વૈભવ મારે નથી ભોગવવા ભોગ જરી
વિલાસની ઇચ્છા ન કિંચીત દેશદાઝ હૈયે પ્રસરી
દેશ તણી સેવાને માટે પ્રતાપ પ્રાણનો ત્યાગ કરે
મરતાં સુધી રાણો પ્રતાપ શાહનો ગુલામ નહિં જ બને ૫

ભામાશાહ: પ્રતાપ જ્યારે ગુલામ બનશે ત્યારે મેવાડ જાશે રંડાઇ
કોને આશરે જીવશે મેવાડ વિચાર શોચો દીલની મહિં
કાયર બની ભાગી જાશો તો અકબર શાહ બહુ ફૂલાશે
મેવાડના ઇતિહાસના પાને પ્રતાપ કાયર વંચાશે. ૬

પ્રતાપ: કહેવું તમારૂ સાચુ મંત્રી પણ સાધન વગર હું શું કરૂં
લશ્કરની ભરતી માટે પણ ક્યાંથી વસ્તુ પૂરી કરૂં
એક વખતનો પ્રતાપ રાણો આજે પ્રતાપ છે ભીખારી
ભાગ્યદશા ભામાશાહ મહારી તમામ આજે પરવારી. ૭

ભામાસાહ: સાચો જૈન તો રાણાજીની કદી આબરૂ ખોશે નહિ
માલીકની ઇજ્જતની ખાતર પરવા પ્રાણની કરશે નહિ
પ્રેમે બતાવી નિમકહલાલી અનેક જૈનોએ નામ કર્યાં
મંત્રી ઉદયન વસ્તુ તેજપાળ કંઇક રાજ્યના દુ:ખ હર્યાં. ૮

એ જૈનોનો હું છું બાળક આપ ચર્ણોનો દાસ સદા
ભામાશાહની વિનંતી રાણા માન્ય રાખો કંઇક જરા
જે સાધન જોઇએ આપને એ સાધન સર્વ આપું છું
મેવાડના ઉદ્ધારના માટે સર્વંશ મારૂ અર્પું છું ૯

બાર વરસ સુધી યુદ્ધ ચાલે તો ધન કદાપી ખૂટશે નહિ
પચીસ સહસ્ર સૈનિકોને અન્નનો તોટો પડશે નહિ
યુદ્ધ તણી સામગ્રી સર્વે અન્નદાતા બધી પૂરી કરૂં
ભામાશાહની તમામ મીલ્કત મેવાડના ચર્ણે જ ધરૂં. ૧૦

પ્રતાપ: ભામાશાહ તું શું બોલે છે તેની ગમ મને પડતી નથી
પ્રતાપની પ્રતિજ્ઞા એ છે કોઇનું દાન લેતો જ નથી
ભુખે મરશે વન રખડશે ટેક પોતાની તજશે નહિ
પ્રજા કેરા પૈસા લઇને પ્રતાપ ઇજત ખોશે નહિ. ૧૧

ભામાશાહ: મારી મિલ્કત નથીજ સ્વામી એ મિલ્કતતો રાજ્યની સહી
રાજ્યતણી સેવા કીધી છે મારાં વડીલોએ નીતિ ગ્રહી
રાજ્યતણી એ મિલ્કત સ્વામી આપ રાજ્યની ભેગી થઇ
મેવાડની માલીકીની છે ભામાશાહની મિલ્કત નહી. ૧૨

નથી આપતો સ્વામી તમને આપુ મિલ્કત મેવાડને
મ્લેચ્છ તણુ પાણી ઉતારવા આપુ મિલ્કત મેવાડને
નિમકહલાલી બજાવવાને આપુ મિલ્કત મેવાડને
માતૃભૂમિ ખાતર મારો પ્રાણ આપુ મેવાડને ૧૩

સેવાભાવી કહે ભામાશાહ મારી સેવા કબૂલ કરો
એક જૈન બાળકની વિનંતી સુણી સૈન્ય હવે ભેગુજ કરો
કરોડોની માહરી મિલ્કતને મેવાડ માટે ફના કરો
ભામાશાહની કિંચીત સેવા રાણાશ્રી ચર્ણે જ ધરો. ૧૪

પ્રતાપ: ધન્ય ભામાશાહ જૈન સાચો તું નામ ખરેખર દિપાવ્યું
કુખ દિપાવી જનની ફેરી માહવીર શાસન શોભાવ્યું
મેવાડપર તારો પ્રેમ જોઈ રાણો વાત સ્વિકાર કરે
મેવાડનો તારક ભામાશાહ તુજ નામે મ્લેચ્છો થરથરે ૧૫

વિરાંગના પાટમદે ને દયાળશાહ પણ નામ કરે
રાણા રાજસિંહની સેવામાં સર્વશ પોતે ત્યાગ કરે
જૈન તણી સાચી સેવાથી મેવાડ આજે સુખી થાય
ધન્ય ધન્ય એ ભડવીરોને જેની કિર્તી વિશ્વે જ ગવાય. ૧૬

પાટમદે પણ જૈન વિરાંગના મ્લેચ્છનું પાણી ઉતારે
મેવાડની પ્રજાના માટે સુખ વૈભવને વિસારે
કહે ભોગીલાલ ધન્ય ધન્ય એ મેવાડને નવપલ્લવ કરે
ધન્ય પાટમદે ધન્ય દયાળશાહ નામ અમર જેના આજ ખરે ૧૭

અનુક્રમણિકા

૧—જયમેવાડ

દીર્ઘ દ્રષ્ટિ સમ્રાટ અકબરે જે ઉદ્યાન શ્રેષ્ઠતમ કુસુમો એકત્ર કરીને પોતાનું સિંહાસન અલંકૃત કર્યું હતું અને જે ઉદ્યાનની કુસુમમાળાઓને પોતે કંઠમાં ધારણ કરી હતી એટલું જ નહિ પણ જે કુસુમમાળાઓની સુવાસ ચારે દિશાએ પ્રસરાવી રહી હતી.

ઉપરાંત સમસ્ત પૃથ્વીને સૌંદર્યમય બનાવવા સમર્થ થઇ હતી, તે ઉદ્યાન કયું એવો પ્રશ્ન કોઈ કહે તો અમે માત્ર ભારતીય લીલા ક્ષેત્ર સમાન રાજસ્થાન તરફ ઇસારો કરીશું.

મેવાડ એ રાજસ્થાનનું સર્વપ્રધાન રાજ્ય હતું. ચિત્તોડ એ ત્યાંની મુખ્ય રાજધાની તરીકે તથા અચળ દુર્ગ તરીકે ઐતિહાસિક પ્રસિદ્ધિ છે. ચિત્તોડ અધીશ્વરો મહારાણાની ઉપાધિથી વિભુષિત હતું, અને સન્માનમાં તેઓ રાજસ્થાનમાં સર્વોપરી હતા.

દિલ્હીશ્વર અલ્લાઉદ્દીને પણ સુપ્રસિદ્ધ પદ્મનીના સૌંદર્યથી મુગ્ધ બની સ્વાધિનતાના લીલા ક્ષેત્ર સમાન લેખાતા ચિત્તોડ ઉપર સર્વથી પ્રથમ અધિકાર મેળવ્યો હતો, અને પ્રાયઃ ત્રીશ હજાર રાજપૂતોનો ભોગ લીધો હતો. (ઇ. સ. ૧૩૦૩)

ત્યાર બાદ પુનઃ ચિત્તોડે સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી અને લગભગ પ્રથમની માફક સમૃદ્ધિશાળી તથા ગૌરવવંતુ બની ગયું હતું.

જેનો રાજા પ્રેમાળ-ચારિત્રવાન હોય છે તેની પ્રજા પણ હંમેશાં ચારિત્રવાન-સ્વાશ્રયી હોય છે તે નિસંદેહ છે.

જોધપુરના રાઠોડ રાજા રાણા કુમ્ભાના મામા થતા હતા, તેથી જ મામાએ ભાણેજને સહાય આપી હતી અને પોતાની અપકીર્ત્તિનો ફક્ત આટલો જ યશનો કળશ ચઢાવ્યો હતો.

મહારાણાશ્રી કુમ્ભાના આગળના વખતમાં કુસંપ, ઈર્ષાની અગ્નિમાં હિન્દુ-મુસલમાનના અનેક ગામ નગરો નાશ થઈ ગયાં હતાં, દેવમંદિરો-મસ્જીદો પણ ખંડેર બની ગયાં હતાં. આપણા દેશની જ્યારે આ સ્થિતિ હતી, ત્યારે મહારાણાશ્રી કુમ્ભા રાજ્ય ઉપર આવ્યા પછી રાજ્ય વહિવટમાં ઘણો જ ફેર પડી ગયો હતો. જેવા કે ગામ-નગરો, દેવમંદિરો-મસ્જીદો, અને રાજ્યતંત્ર વિગેરે આબાદ સ્થિતિમાં આવી રહ્યા, જેથી મેવાડ પાછો એક સુંદરમાં સુંદર સારી પરિસ્થિતિમાં શોભાયમાન એક આદર્શ રાજ્ય તરીકે શોભી રહ્યો હતો, અને એક આદર્શ રાજવી તરીકે મગરૂર બન્યો હતો.

મેવાડને તાબે કરવા વિરવર સમરસિંહની સાથે હજારો સીસોદિયા રાજપૂતો પોતાની માતૃભૂમિ માટે મહામૂલા પ્રાણના બલિદાનો આપી સ્વર્ગસુંદરીને વર્યા હતા. આવા ભયંકર કાળના

પંઝામાં ભસ્મીભૂત થયા હતા. વળી તે ભસ્મમાંથી બીજા હજારો સીસોદીયા રાજપૂત બહાદુરો ઉત્પન્ન થયા હતા, તેનું મુખ્ય કારણ ફક્ત એક જ હતું.

રાણાશ્રી કુંભાના વખતમાં બળ, વિર્ય, ચારિત્ર, સંપ, પ્રેમ અને માતૃભૂમિની ધગશ દરેક મેવાડીઓના હૃદયમાં ઓતપ્રોત હતી. રાણાજી જ્યારે મેવાડનું ભાવિ ઘડવામાં ઓતપ્રોત બન્યા હતા ત્યારે કાકસસ પર્વતના ઉંચા શિખરો પરથી અને તેની વહેતી કાકસસ નદીના કિનારા પરથી ભયંકર વાદળ ભારત પર આવતું જણાયું. આ ભયંકર વાદળની વિજળી અચાનક મેવાડ પર તુટી પડશે એમ તેમના આત્માને લાગતું. આથી આ આવતી આફતને રોકવા રાણાજીએ પોતાની શક્તિ ઉપરાંત અતિશય પરિશ્રમ વેઠયો. તેઓએ પોતાની બાહોશી, નિડરતા, ચાણક્ય બુદ્ધિ અને પોતાના ઉત્તમ ગુણોનો પરિચય એવો કરાવ્યો કે રાણા સમરસિંહના સંગ્રામભૂમિ કગર નદિના કિનારા ઉપર મેવાડનો લાલ ઝંડો ફરકાવ્યો.

જે દિવસે યવનવીર શાહબુદ્દીને ભારતવર્ષના સ્વતંત્રતા ખુંચવી લીધી હતી, તે વખતે સમરકેસરી સમરસિંહ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું.

મહારાણા કુંભાના વખત સુધીમાં (૨૨૬) વરસમાં જે રાજ્યવંશાઓમાં ચોવીસ મહારાણા થયા તેમાં એક બેગમ સિંહાસન પર બેઠી હતી. આટલા વખતમાં મેવાડમાં અગિયાર રાજાઓ થયા હતા, તેમાંના કેટલાક પોતાની ભૂમિ માટે પોતાના પ્રાણના બલિદાનો આપ્યા હતા અને પ્રાચીન સ્મારકો સાચવ્યાં હતાં.

આવી આવી અનેક ઘટનાઓની મહાન દુઃખની જ્વાલાઓમાં પણ મેવાડે પોતાનું સ્વાશ્રય અને શૂરવીરતા ભરેલું જીવન ગુજારી

અનેક આફતોનો સામનો કરી પોતાની ગૌરવતા ટકાવી રાખી હતી અને આજે પણ ટકાવી રાખી છે.

આ બધાનું મુખ્ય કારણ શૌર્ય, બળ, વિર્ય અને ચારિત્રનો પ્રભાવ નજરે તરી આવ્યા વગર રહેતો નથી.

દિલ્હીના સિંહાસન ઉપર ખીલજી વંશનો અંતિમ બાદશાહ રાજ્ય કરતો હતો, તે વખતે વિજાપુર, ગોલકાંડા, માળવા, ગુજરાત, જુવાનપુર અને કાલ્પી પ્રદેશોમાંના રાજાઓએ દિલ્હીના બાદશાહને અયોગ્ય બાદશાહ જાણી પોત પોતાના સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં હતાં, આ વખતે જ મહારાણાશ્રી કુમ્ભાને મેવાડનું સિંહાસન પ્રાપ્ત થયું હતું.

આ વખતે માળવા અને ગુજરાતના નવાબો પોત પોતાની સત્તા વધારવા સૈન્યનો વધારો કરી પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા ઉપયોગ કરતા હતા, આથી તો મેવાડની જાહોજલાલી એટલી બધી સમૃદ્ધિવાન બની કે બીજા રાજાઓને મેવાડ ઉપર દ્વેષભાવ ઉત્પન્ન થવા લાગ્યો, અને મેવાડને પરાજ્ય કેમ કરવું, એ વિચારમાં કેટલાક રાજાઓ બેઠા હતા.

આખરે બધા વિરોધી રાજાઓ એકત્ર થઈ સંવત ૧૪૯૬ ઇ. સ. ૧૪૪૦ માં મોટું સૈન્ય લઈ મેવાડ ઉપર ચઢાઈ કરી. આ વખતે રાણા કુમ્ભાએ પોતે ઘણી બહાદુરી બતાવી અને ખૂબ શૂરાતનથી દુશ્મનોનું વેર લેવા તૈયાર થયો અને મન સાથે નિશ્ચય કરી નક્કી કર્યું કે “આ પાર યાતો પેલે પાર” કાં તો “દેહ પાડયામી યાતો કાર્ય સાધ્યામી.” પોતે પોતાનું પ્રબળ સૈન્ય, લાખ ઘોડેસ્વાર અને ચૌદસો ગજસ્વાર સાથે રાણો દુશ્મનને જેર કરવા યુદ્ધમાં–રણમેદાને જંગમાં ચડયો છેવટે પોતે પોતાની બહાદુરી અને શરવીરતાથી તેમજ પોતાના પ્રબળ સૈન્યથી

દરેક દુશ્મનોને પાછા હઠાશી સૂર્યવંશીનો લાલ ઝંડો - ફરકાવ્યો; અને માળવાના મહમદ ખીલજીને મુસ્કેટાટ બાંધી ચિત્તોડના કિલ્લા ઉપર લાવ્યો, અને રાણાજીને તેમજ બાપ્પા રાવલ વંશના કુળને ઉજ્જવલ કર્યું.

રાણા કુમ્ભાની શૂરવીરતા માટે અબુલફઝલે પોતાના લખેલા ઇતિહાસમાં રાણા કુમ્ભાને ઘણીજ સુંદર રીતે વર્ણવ્યો છે. તેમણે પોતાના ઇતિહાસમાં રાણાજીની શૂરવીરતા અને નીડરતાના ફરી ફરીને વખાણ કર્યાં છે.

રાણાજી જેવા શુરવીર હતા તેવા ઉદારવૃત્તિવાળા હતા, જેવા સાહસિક હતા તેવા રસિક અને પ્રેમાળ હતા, તેનું કારણ એ હતું કે ઝાલાવાડના સ્વામિની રાજકુમારીનું સગપણ રાઠોડ કુમાર સાથે લગ્ન થયેલું હતું પણ તે લગ્ન થતાં પહેલાં રાજકુમારીનું હરણ રાણા કુંમ્ભાએ કર્યું હતું. આવા નીચ વર્તનથી રાઠોડ અને સૂર્યવંશીની મિત્રાચારીનો અંત આવ્યો હતો. આથી બંને વચ્ચે વેર અને ઇર્ષાની મોટી દિવાલો ખડી થઇ હતી. કર્મની ગતિ ન્યારી છે. માણસ શું ધારે અને શું થાય, પરંતુ ઝાલા રાજકુમારીનો પ્રેમ છેક સુધી રાઠોડ કુમાર ઉપર રહ્યો હતો, પણ કર્મયોગે એકમેકને મળી શક્યા નહોતા.

રાણાજી પોતાના પ્રભાવ વડે રાજ્ય ભોગવતો હતો, પોતાના પરાક્રમથી ઘણા કિલ્લાઓ અને ઘણા દેવમંદિરો બંધાવી રાજ્યની અપાર શોભા વધારી પોતાની કીર્તિની સુવાસ ચારે દિશાએ પ્રસરાવી હતી.

હવે મેવાડમાં અતુલ સુખ અને શાન્તિ તેમજ વૈભવ હતા, પ્રજામાં અનેક જાતનો પ્રેમ અને આનંદની સરિતાઓ વહેતી હતી. આવા સારા સમયમાં પણ વિધાતાએ એક નવીન ઘટના

ઉભી કરી. આ નંદનવન ગણાતા મેવાડની જાહોજલાલીમાં એક નરરાક્ષસે કુહાડીના હાથાનું કામ કરી પોતાની જાતને ધિક્કારવા પાત્ર બનાવી. આ કુકર્મ એવું બન્યું કે ભારતના ઇતિહાસમાં એક શ્રાપરૂપ અને કલંકરૂપ ગણવામાં આવે છે. આ સમયે રાણાજી પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાના જીવનમાં શાંતિ ભોગવતા હતા, અને પોતાના વૈભવમાં કોઇ જાતની ન્યુનતા નહોતી ત્યારે પોતે અપૂર્વ શાંતિથી નિદ્રા લેતા હતા. આ તકનો લાભ લઇ એ નરરાક્ષસે પોતાની પિશાચીક ભાવના પૂરી કરવા સારૂ કુમ્ભાની છાતીમાં ખંજર મારી તેનો પ્રાણ લીધો. આ પ્રાણ લેનાર કોણ હતો? પોતાનો જ પુત્ર નરપિશાચ ઉદો' હતો. પિતાનું ખૂન કરનાર પાપી પુત્રનું નામ લેવામાં પણ મહાપાપ છે.

આ પાપી પુત્ર ઉદો પ્રજાને અસહ્ય ત્રાસ આપી મેવાડની જે જાહોજલાલી ચારે દિશાએ વખણાએલી હતી તેના ઉપર કલંક લગાડી રહ્યો હતો, તેથી તેના ઉપર હજારો દુશ્મનો જે એકીટશે ટાંપી રહ્યા હતા તે પાછા ઉભા થયા અને મેવાડની દુર્દશા કરી પોતે પણ આખરે હાલહવાલ બની ગયો. જે જે રાજાઓને લાંચ આપી પોતાના બનાવ્યા હતા તે પણ આખરે તેના દુશ્મનો બન્યા.

આખરે પાપી ઉદાને કોઈ પણ જાતનો રસ્તો ન જડયો ત્યારે છેવટે દિલ્હીપતિ યવન બાદશાહના આશરે ગયો અને તે નાલાયકે પોતાની દીકરી બાદશાહને આપવા કબુલાત આપી, ને બાદશાહની સહાય માંગી, પરંતુ પ્રભુએ આ દુરાચારીને તેના પાપનો પુરેપુરો બદલો આપી ભયંકર કલંકથી બાપ્પારાવલના કુળને બચાવી લીધું, અને રાણા કુળની મહત્તા સચવાઈ. બાદશાહના મહેલમાંથી ઉદો બહાર નીકળતાં જ તે પાપી ઉપર વિજળી પડી

અને તે ગોઝારો નરરાક્ષસ આખરે શ્વાનના મોતે મરણ પામ્યો, પાપનો અંજામ આખરે પાપજ આવ્યો.

છપ્પા.

પાપી હતો કુમાર, પિતાનું ખુનજ કીધું,
રાજ્ય તણા લોભે, દુષ્ટે દુષ્ટ કર્મ કીધું.
ગુમાવ્યો સહકાર, પોતાના જ્ઞાતિ જનનો,
હતો પિશાચીક દુષ્ટ, મહા એ મેલા મનનો,
સુર્યવંશીની આબરૂ, નાશ જેણે સૌ કરી,
કહે ભોગી પડી વિજળી, આખર ઉદો ગયો મરી.

૨

જ્યાં સત્તાનો લોભ, બધુ ત્યાં ભાન ભુલે છે,
નહીં દયામય દીલ, કેવટ ત્યાં સત્ય ચૂકે છે.
માત પિતાના સ્નેહ તણી, નહિંજ મમતા ધરે છે,
ધરે ન પ્રભુની બીક, પાપના પંથે વળે છે.
એવો પાપી જગતમાં, એક ઉદો થઈ ગયો,
કહે ‘ભોગી’ ઇતિહાસમાં, પિતૃઘાતક એ થયો.

૩

પાપ તણું એ મુળ, સદા પાપી કહેવાતું,
પાપીને કદી પાપ, નહીં દિલથી સમજાતું.
કરી પાપના કામ, સદા એ પુણ્ય માને છે,
હાથે કર્યાં જે પાપ, જરૂર ભોગવવા જ પડે છે.
માટે જગતના માનવી, પાપી કદિ થાશો નહિં,
કહે ‘ભોગીલાલ’ એટલું, ઉદા જેવા બનશો નહિં.

આ પ્રમાણે મેવાડની સંવત ૧૪૯૦ (ઇ. સ. ૧૪૩૩) ના

સમયે જે જાહોજલાલી હતી તે ઉપરથી વાંચકવર્ગ ! તે વખતનું મેવાડ અને આજનું મેવાડ સરખાવી લેશે.

જ્યારે મેવાડની જૈન વિરાંગનાની વાર્તા લખવા માટે જ્યાં સુધી પહેલાંની પરિસ્થિતિ વાંચકવર્ગ સમક્ષ રજુ ન થાય ત્યાં સુધી તે સમજી શકે નહિંજ, તેથી પ્રથમ મેવાડની ખરી પરિસ્થિતિની જાણ કરી દેવામાં આવી છે. અને તે પછીની પરિસ્થિતિ ઉપર વિચાર કરી તોલ બાંધશે કે મેવાડનો એક પણ નાનો બાળક એવો નહોતો કે જેના હૃદયમાં પોતાની મેવાડની ભૂમિનું અભિમાન અને ગૌરવ ન હોય.

—જય મેવાડ.

નોંધ: ૧. અર્બુદગીરી ઉપર જ્યાં પરમાર રાજાઓનો કિલ્લો હતો ત્યાં પણ રાણા કુમ્ભાએ જૈન મંદિર બનાવ્યું છે અને તે આજે અવચળ ગઢના નામથી ઓળખાય છે.

૨. કુંભ, સાયમ, તથા અટારીઆ ઇમારત ઘણી વિશાળ અને પ્રચંડ બાંધી તેમાં લગભગ દશક્રોડ રૂપીઆ ખરચાણા હશે, અને આઠ લાખ રૂપીઆ પોતાના પદરથી આપેલા, અને આબાદી કરીને એ ઇમારત પશ્ચિમ દિશામાં આવેલા માદ્રી નામનો પહાડ આવે છે, તે રસ્તામાં જ છે. ઉપરની અટારી રાણા કુમ્ભાએ શ્રી રૂષભદેવના નામ પર સમર્પણ કરી છે. તે હાલ પણ મોજૂદ છે.

* * * *

૨—રાણો રાજસિંહ

ગત્ પ્રકરણમાં વાંચી ગયા મુજબ રાણા ઉદાના ત્રાસથી મેવાડની જાહોજલાલી દિનપ્રતિદિન છીનભીન્ન થઈ રહી હતી. તે જ્યારે રાણા રાયમલે સિંહાસન પર આવી પોતાની બુદ્ધિ ચાતુર્ય અને શૌર્ય વડે પાછી મેળવી મેવાડમાં સુવર્ણમય સૂર્ય ચમકાવ્યો.

રાણા રાયમલનો જન્મ સંવત ૧૪૯૫ માં રાજ્યાભિષેક સંવત ૧૫૩૦ માં અને મૃત્યુ સંવત ૧૫૬૫ માં

આ પછી રાણા સંગ્રામસિંહનો જન્મ સંવત ૧૫૩૮ ના વૈશાખ વદ નોમના દિવસે થયો. રાજ્યાભિષેક ૧૫૬૫ ના જેઠ સુદ પાંચમ અને મત્યુ સંવત ૧૫૮૪ ના વૈશાખ માસમાં થયું હતું.

પછી રાણા રત્નસિંહનો રાજ્યાભિષેક ૧૫૮૪ માં થયો અને પાંચજ વર્ષ રાજ્ય ભોગવી સ્વર્ગે સીધાવ્યા તે પછી સંવત ૧૫૮૮ માં રાણા વિક્રમાજીત રાજ્યગાદી પર આવ્યા, તે પણ

પોતાના દુર્ગુણના લીધે તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને રાણા વનવીરનો રાજ્યાભિષેક થયો.

વનવીર દાસીપુત્ર હોવાથી તે ઘણો રાજમદમાં અને અત્યાચાર કરવામાં પ્રજાને ત્રાસ આપવામાં બાકી રાખતો નહોતો. રાણા સંગ્રામસિંહના પુત્ર ઉદયસિંહને મારી નાંખવા માટે આકાશ પાતાળ એક કર્યું. ઉદયસિંહની ધાત્રી માતાએ પોતાના જ બાળકનું બલિદાન આપી વિશ્વાસુ હજામની સહાયથી ઉદયસીંહને બચાવ્યો, અને ત્યાંથી ધાત્રી માતા કમલમેર આવી દિપ્રા નામના વણીક કુળમાં ઉત્પન્ન થએલો આશાશાહ નામના જૈનને ધાત્રી માતાએ બાળક ઉદયસિંહને સોંપ્યો.

વણિકે પોતાના પ્રાણના ભોગે સાચવવાની પ્રતિજ્ઞા લીધી. વનવીર રાણાથી કંટાળી ગએલા સરદારોએ રાણા ઉદયસિંહને સહાય આપી અને સંવત ૧૫૯૭ માં ઉદયસિંહને ચિત્તોડના સિંહાસન પર બેસાડયો પણ ઉદયસિંહ વૈભવ વિલાસી અને સુરા અને સુંદરીમાં રચ્યો પચ્યો રહેવા લાગ્યો. રાણા ઉદયસિંહમાં શૂરવીરતાનો કે રાજા તરીકેનો એક પણ ગુણ જણાતો નહોતો. નાલાયક ઉદયસિંહ પોતે બીરૂ અને ડરપોક હતો તેથી તે યુદ્ધમાં હાર્યો અને નાસી છુટયો. પોતે ઉદયપુર વસાવ્યું.

આ પછી મહારાણાશ્રી પ્રતાપનો રાજ્યાભિષેક સંવત ૧૬૨૮ માં થયો. મહારાણા પ્રતાપના વખતમાં મેવાડની તીજોરીનું તળીયું સાફ હતું.

મહારાણા શ્રી પ્રતાપે અનેક બહાદુરી બતાવી જૈનવીર ભામાશાહના આત્મબલિદાન પ્રતાપે પ્રતાપ રાણાએ મેવાડનો ફરી વાર પુનરોદ્ધાર કર્યો અને પોતાની ટેક સાચવી. મહારાણા પ્રતાપ વિષે જેટલું લખીએ તેટલું ઓછું જ છે. તેઓનો

ઇતિહાસ જગજાહેર છે તેથી આ સ્થળે વિશેષ લખી વાંચકોને કંટાળો આપવો ઉચીત નથી.

તેઓશ્રીના પછી તેમના કુમાર સમરસિંહનો સંવત ૧૬૬૩ (ઇસ ૧૫૯૭) માં રાજ્યાભિષેક થયો.

રાણા સમરસિંહે પ્રજાપ્રેમને જીતી લઈ પોતાના પિતાના નામની જે સુવાસ હતી તે કાયમ રાખી હતી ત્યાર પછી મહારાણા કર્ણસિંહનો રાજ્યાભિષેક સંવત ૧૬૭૬ મહા સુદ બીજને બુધવાર તા. ૭ ફેબ્રુઆરી ૧૬૨૦ માં થયો. ત્યાર પછી મહારાણાશ્રી જગતસિંહનો રાજ્યાભિષેક સંવત ૧૬૮૪ ના ફાગણ માસમાં થયો હતો અને તે પછી મહારાણા રાજસિંહનો રાજ્યાભિષેક સંવત ૧૭૦૯ ના કારતક વદ ૪ તા. ૨૨ ઓકટોમ્બર ૧૬૬૨ માં થયો હતો.

મહારાણા રાજસિંહે બહુ જ બહાદુરી પૂર્વક રાજ્ય કારોબાર ચલાવતા હતા.

પોતે પોતાની વહાલી પ્રજાને ઘણોજ સંતોષ આપી પ્રજા પરનો પોતાનો વાત્સલ્યભાવ બતાવતાં હતાં, દિલ્હીના શાહની સાથેના યુદ્ધના મુકાબલામાં રાણા રાજસિંહે પોતાની શુરવીતા થોડા જ લશ્કરી સૈન્યથી બતાવી મેવાડનું ગૌરવ વધાર્યું હતું. આ વખતે ઉદયપુરમાં સુખ અને શાંતી હતા. આપસ આપસના ઝઘડા નહોતા. રાજ્યકારોબાર સરદારોની સલાહથી સુંદર રીતે ચાલતો હતો.

આ પ્રમાણે રાણાજીના રાજ્ય કારોબારમાં પણ મહાજનના અગ્રગણ્ય આગેવાનોને બોલાવવામાં આવતા હતા, અને તેમાં મુખ્ય આગેવાન તરીકે નગરશેઠ સોહનલાલજી હતા.

સોહનલાલજી જાતે જૈન હતા, તેમજ પરોપકારી હતા,

રાજ્ય તેમજ પ્રજામાં પોતાની મહત્તા સારામાં સારી હતી, તેઓએ નગરશેઠ તરીકે પોતાની પદવી શોભાવી સમસ્ત મેવાડને પોતાનું બનાવ્યું હતું.

સોહનલાલજીમાં બીજા અનેક સદ્ગુણો એવા હતા કે દરેકે દરેક વ્યક્તિ તેઓશ્રીને માનની દૃષ્ટીએ જોતાં હતાં.

૩—નગરશેઠ શ્રી સોહનલાલ

મેવાડની રાજધાની ઉદયપુરમાં હતી. તેજ નગરમાં નગરશેઠ સોહનલાલજી રહેતા હતા. તેઓશ્રીના મકાનો અને જગાઓ પણ ઘણા આલીસાન અને સુંદરતાવાળાં હતાં તેની શોભા દિલમાં આનંદ આપતાં હતાં. તેઓશ્રીના મકાનમાં દરેક સગવડતા હોય તેમ જોતાં જણાતું હતું. તેઓશ્રીનો વ્યાપાર શરાફી હતો, તેમજ વ્યાપાર પણ સત્ય નિષ્ઠાથી જ કરતા હતા, આખા બજારમાં તેઓશ્રીના માટે ઘણું જ સમાન હતું, તેમજ સમગ્ર પ્રજા પર તેમનો સંપૂર્ણ પ્રેમ હતો, નાના મોટા, ગરીબનો ભેદભાવ રાખતાજ નહિં, તેમજ તેઓશ્રી સેવાભાવી અને પરદુઃખભંજન રાજા વિક્રમ જેવો તેઓનો સ્વભાવ હતો.

તેઓ એક સારા ગૃહસ્થ કહેવાતા તેમજ પુણ્યબળના યોગે પૈસા પણ સારા હતા. ઘેર નોકર-ચાકરનો પાર નહોતો,

અને શહેરના મધ્ય ભાગમાં તેઓની હવેલી શોભી રહી હતી, તેઓની ધર્મપત્નિ પણ પવિત્રતા, સંયમ અને ગંભીરતાની મૂર્તિ સમી હતાં, તેમની ધર્મપત્નિને ધર્મ ઉપર સચોટ શ્રદ્ધા હતી તેમજ તેઓ કદાપી અસત્ય બોલતા નહિં. વિનય, વિવેક ભરી ભાષાથી સોહનલાલ શેઠે તમામ રાજ્ય અને પ્રજાના મન જીતી લીધા હતા. વળી તેઓ પ્રજાના સુખ અને દુઃખના કાર્યમાં ઘણોજ ઉત્સાહ ભર્યો ભાગ લઈ પ્રજાના દુઃખના કાર્યમાં અનેક જાતનો ધન, તન અને મનનો ભાગ આપી કૃતાર્થ થતા હતા, આ પ્રમાણે શેઠ સોહનલાલ પોતાના જીવનમાં આનંદમગ્ન રહી સુંદર રીતે પોતાનો સ્તુત્ય વહેવાર ચલાવતા અને ધાર્મિક ક્રિયામાં પણ સંપૂર્ણ રીતે આત્મકલ્યાણની પુરેપુરી શ્રદ્ધા રાખતા હતા.

આવા પવિત્ર જીવનવાળા શેઠ શ્રી સોહનલાલજીને કોઈ પણ જાતની વૈભવ-વિલાસ જરા પણ ઉણપ હતી જ નહિ, પણ એક જ વસ્તુની તેઓશ્રીના હૃદયમાં ઉણપ દેખાતી હતી તે એ જ હતી કે તેઓશ્રીને પુત્ર કે પુત્રો નહોતા, તેથી તેઓશ્રીની ધર્મપત્ની પણ હરહંમેશ ચિંતાતુર રહેતાં હતાં. આ પ્રમાણે દિનપ્રતિદિન પ્રભુભક્તિ કરતા અને દીન-દુઃખીને દાન દેતા, વળી પોતાની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ પર કલ્યાણના અર્થે કરતા હતા.

આ વખતે જૈન આચાર્ય માનસુરિશ્વર મહારાજ તેઓશ્રીના મકાને ગોચરી લેવા આવ્યા ત્યારે ભાવપૂર્વક સોહનલાલજી અને તેમના ધર્મપત્નિએ ગોચરી વહોરાવી આત્મા સાથે આનંદ અનુભવ્યો. જેમ શાલિભદ્રે પૂર્વના ભવમાં પડોશીને ત્યાંથી લાવેલી ખીર પોતે ન ખાતાં આવેલા મુનિ મહારાજને ભાવ પૂર્વક ગોચરીમાં બધી ખીર વહોરાવી. પુણ્ય સંપાદન કરી બીજા ભવમાં અનંત સાહ્યબી અને સુખ-વૈભવનો ભોક્તા થયો તેમ સોહનલાલજીને

ત્યાંથી પણ આચાર્યશ્રી માનસુરિશ્વરજી ગોચરી લઇ ગયા તે જ દિવસે રાતના પ્રાતઃકાળે સોહનલાલજીના ધર્મપત્નિને એક અપૂર્વ સુંદર શુભ સ્વપ્ન આવ્યું.

આ સ્વપ્નાની હકીકત પોતે પોતાના પતિદેવને કહી અને પતિદેવે આચાર્ય મહારાજ શ્રી માનસુરિશ્વરજીની આગળ કહી. જૈનાચાર્ય જ્ઞાની તેમજ ભૂત, ભવિષ્યના જાણકાર હતા.

શેઠ ! તમારે ત્યાં સતિઓમાં શિરોમણિ એવી એક કન્યા-રત્નનો જન્મ થશે. તે કન્યા ભાગ્યશાળી થશે, કે તે જુગ જુગ તેનું નામ ઇતિહાસના સોનેરી પાને લખાશે, અને અમર રહેશે. જૈનાચાર્યે ખુલાસો કર્યો.

આવો ખુલાસો સાંભળી શેઠના આનંદનો પાર રહ્યો નહિ. અને ત્યાંથી તરત જ ઘેર આવી પોતાની વહાલી ધર્મપત્નિને આચાર્યે કરેલી વાત કહી. આ વાતથી બંનેના આત્મામાં કોઇ અનેરો આનંદ પ્રકટ્યો.

જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ આનંદ વધતો ગયો, અને પુરા માસે એક પુત્રી રત્નનો જન્મ આપ્યો. પુત્રીનો જન્મ થતાં જ માતાના હર્ષનો પાર રહ્યો નહિ.

શેઠે પુત્રીના જન્મ વખતે હજારો રૂપીઆ ગરીબોને દાનમાં આપ્યા, મુંગા પ્રાણીઓને ઘાસ-દાણા નંખાવ્યા, જૈનમંદિરોમાં પૂજાઓ રચાવી અને પોતાના સગા-વહાલાંઓને બોલાવી આનંદ-દાયક જન્મ-મહોત્સવ ઉજવવામાં આવ્યો.

જેમ જેમ પુત્રી ઉંમર લાયક થવા લાગી તેમ તેમ તેને શારિરીક જ્ઞાન, ધાર્મિકજ્ઞાન તેમજ શસ્ત્રવિદ્યા તેમજ ગૃહકાર્ય તથા ઉદ્યોગો વિગેરેનું સંપૂર્ણ જ્ઞાન આપવામાં શેઠ સોહનલાલજીએ કચાશ રાખી ન હતી.

આખરે તે પુત્રીનું જીવન એવું તે સુઘડ તેમજ સશક્ત, શારીરિક, તાલીમવાળું બન્યું કે તેની જોડ જડવી પણ મુશ્કેલ હતી, અને આપણી વાર્તાની મુખ્ય નાયિકાદેવીનુ નામ પાટમદે પાડવામાં આવ્યું હતું.

૪–ઉદયપુરનું શાશન

વિક્રમ સંવત ૧૭૦૯ ના કારતક વદ ૪ તા. ૨૨ ઓકટોમ્બર સને ૧૬૬૨ ના રોજ રાણાશ્રી રાજસિંહનો રાજ્યાભિષેક થયો હતો. રાણા રાજસિંહના ગાદીનશીન થયા પછી હિન્દુસ્તાનમાં ઘણા પ્રદેશોમાં અશાન્તિ હતી, મોગલોનો જુલ્મ હિન્દુઓ ઉપર અપાર હતો. આ વખતે હિન્દુઓની સલામતિ માટે મહા મુશીબતો હતી. આ પ્રસંગે દિલ્હીનો બાદશાહ ઔરંગઝેબ હતો અને ઔરંગઝેબ હિન્દુઓનો કટ્ટો દુશ્મન હતો. તેણે દરેક હિન્દુઓને મુસલમાન થવા સારૂ ફરમાન કાઢયું હતું, જે હિન્દુઓ મુસલમાન નહોતા થતા તેઓને બળજબરીથી મુસલમાન કરવામાં આવતા હતા.

આવા પિશાચીક સમયમાં હિન્દુસ્તાનની પવિત્ર માતાના કોઈ આંસુ લોહનાર નહોતું. જ્યાં જુઓ ત્યાં બીક અને ડર

હતાં, કોઈ કોઈને મદદ કરી શકવા પણ શક્તિવાન નહોતું, આવા ભયંકર સમયમાં જો બહાદુર અને નિડર રાજા તરીકે ફક્ત એક રાણાશ્રી રાજસિંહ હતા.

રાણા રાજસિંહ ઉપર બાદશાહ ઔરંગઝેબ ઘણોજ ક્રોધાયમાન હતો તેને પરાજીત કરવા માટે અતિશય પ્રયત્ન કરતો હતો પણ રાણા રાજસિંહ તેની સઘળી ઉમેદો ધુળમાં મેળવતો હતો અને પોતાનું શાશન બહાદુરીથી ચલાવતો હતો.

રાણા રાજસિંહના પહેલાં મેવાડ ઉપર અનેક આફતો આવી હતી, તે બધી આફતો આ રાજ કવિએ પોતાની વહાલી પ્રજાને તથા રાજ્યને મજબૂત બનાવવા કિંચિત પણ ઉણપ રાખી નહોતી, પોતે એક શૂરવીરને છાજે તેવી રીતે પોતાનું જીવન હરહમેશ પ્રજાસેવામાં અને રાજસેવામાં અર્પણ કરવામાં પોતાનું ગૌરવ સમજતા હતા.

"રાજા" એટલે "પ્રજાનો સેવક" આ મંત્ર તેઓશ્રીના હૃદયમાં કાયમથી જ વસી રહ્યો હતો, "પ્રજા સુખી તો જ રાજ્ય સુખી" તેમ તેઓ સારી રીતે સમજતા હતા.

રાણા રાજસિંહનો રાજ્યવહિવટ લગભગ વિક્રમ સંવત ૧૭૦૯ ની સાલથી શરૂઆત થયો હતો, આ વખતે રાજ્યના ખજાનામાં લક્ષ્મીનો તોટો હતો તેમજ સાધનનો પણ અભાવ હતો, છતાં રાણા રાજસિંહ કર્તવ્યપરાયણ અને બુદ્ધિશાળી હોવાના કારણથી રાજ્યની તિજોરી આબાદ બનાવી પ્રજાને સુખી કરી. ઘણી વખત આપત્તિ અને દુઃખો આવતા હતા પણ રાણા રાજસિંહ કદાપિ કોઇ વખતે પણ હતાશ કે નિરાશ થયા હોય એવું ઇતિહાસમાં શોધ્યું જડતું નથી.

આવા અનેક સદ્ગુણો, સાહસિકતા, શૂરવીરતા અને નિડરતા

પોતાના જીવનમાં ઓતપ્રોત જડાયેલા હોવાથી દિલ્હીનો શાહ ઔરંગઝેબ પણ રાણા રાજસિંહથી ચમકતો–ડરતો હતો.

જ્યારે ચિત્તોડ ઉપર અસંખ્ય મુસલમાનો ચઢી આવ્યા હતા, આ લોકોનો આગેવાન મૌલવી સાદુલ્લાખાન હતો, તે ઘણો શૂરવીર યુદ્ધમાં પારાંગત હતો, છતાં રાણા રાજસિંહે બુદ્ધિ વાપરી ચિત્તોડ પર ચઢાઇ ન કરતાં પોતાની રાજધાની તેમજ સમસ્ત મેવાડની પ્રજાને ખાલી કરવા ફરમાન બહાર પાડી પહાડમાં ચાલ્યા ગયા. અને બહાદુરીથી સિસોદાયાની ઉજ્જવલ કીર્ત્તિ કાયમ રાખી હતી. તેમજ આજુબાજુના પ્રદેશો પર હલ્લો કરી રાણા રાજસિંહે મેવાડની સત્તા જમાવી દીધી. જે જાગીરદારો તેમજ જે સરદારો પોતાના વિરૂદ્ધ કાવત્રાં કરવામાં સામેલ થયા હતા તે સર્વે પાસેથી વ્યાજ સાથે બદલો ચુકાવી લીધો અને બધાને પોતાના તાબાના ખંડીઆ બનાવ્યા હતા.

આ પ્રમાણે મેવાડની પ્રજામાં શાન્તિ અને આબાદીની સ્થાપના પોતાના બાહુબળથી કરી હતી. ધન્ય છે રાણા રાજસિંહને !

૫–પાટમદેની કુશળતા

સોહનલાલ શેઠની દીકરી લગભગ બાર-તેર વર્ષની થવા આવી, આ અરસામાં પિતાએ પુત્રીને ઘણી ઉંચી તાલિમ આપી અભ્યાસ કરાવ્યો ને દરેક કાર્યમાં ઉંચું જ્ઞાન આપવા માટે સારા સારા પંડિતો તેમજ શસ્ત્ર-વિદ્યાના અધ્યાપકો રોકી પાટમદેને એક સાચી વિરાંગના બનાવવામાં બાકી રાખી નહોતી.

પાટમદે ઉંમરમાં ભલે નાની હતી છતાં પણ વિવેક-વિનયમાં તો તેની જોડી મળવી મુશ્કેલ હતી. તેણે ધાર્મિક અભ્યાસ પણ સારામાં સારો કર્યો હતો અને વહેવારીક જ્ઞાનમાં પણ અજોડ હતી, ઘરકાર્યમાં તો સંપૂર્ણ કુશળ જ હતી, તેણે કસરત તથા બાણુવિદ્યાની તાલિમ લીધી હતી અને તેમાં નિષ્ણાત થઇ હતી.

આવા અનેક જ્ઞાનના ગુણોથી ભરપુર એવી એક સુશીલ

શાણી પાટમદે એક વિરપુત્રી તરીકે શોભતી હતી. ઉદયપુરમાં તેને માટે ઘણું માન હતું. શહેરના ઘણા ગૃહસ્થોના ઘરમાંથી બેન-દિકરીઓ પણ પાટમ પાસે શીખવા તેમજ અનુભવ મેળવવા આવતી જતી હતી.

આવી રીતે પાટમદે પોતાના જીવનમાં અનેક બાબતોનો અભ્યાસ લેતી અને આપતી. આ સિવાય પિતાની સાથે રાજ્ય-દ્વારી બાબતોમાં રસ લેતી હતી. મુસલમાનોના જુલ્મોથી પાટમદે ઘણી જ કચવાતી હતી, કોઇ પણ હિસાબે હિન્દુઓ પરના થતા જુલ્મો અટકાવવા માટે સામનો કરવો જોઇએ જ, પોતે સ્ત્રી જાતિ તરીકેનું અભિમાન સંપૂર્ણપણે સમજતી હતી પરંતુ લાચાર હતી કે આ તો માત્ર એક વિચારોની તમન્ના હતી. મતલબ કે પાટમદેની ઉંમર હજી નાની (બાલ્યાવસ્થા) હતી, છતાં તે એકલી જ જંગલોમાં ફરવા જતી હતી. ત્યાં વાઘ, દિપડા સામા મળતા તો પોતે પોતાનો બચાવ કોઇની પણ મદદ વગર કરતી હતી અને મસ્તપણે અઘોર જંગલની અટવીઓમાં સ્વેચ્છાએ વિચરતી હતી.

આવી સાહસિક બાળા એક જૈન ઓસવાળ જ્ઞાતિની હતી તેમજ જૈન ધર્મ એ ડરપોક અને માંયકાંગલાઓનો ધર્મ નથી, તેવું તે સમજતી હતી. અને તે સાચા જૈન તરીકેની વહેવાર-કુશળતા સમજતી હતી. વળી ધાર્મિક પ્રવૃત્તિઓમાં તો તેની મુખ્ય પ્રવૃત્તિ દીન દુઃખીની સેવા અને દયા તથા પરકલ્યાણના કાર્યોમાં જ પોતાનું જીવન ધન્ય માનતી હતી.

આ વખતે ઉદયપુરમાં જૈનાચાર્ય શ્રી વિજયમાનસૂરિશ્વરજી મહારાજ એક વૃદ્ધ અનુભવી મહાત્મા હતા, તેઓ પ્રગનકલ્યાણના દરેક કાર્યમાં મશગુલ રહેતા હતા. “જૈન ધર્મ તે સંકુચિત

ભાવનાવાળો નથી પરંતુ એક વિશ્વ કલ્યાણાર્થે વિશ્વધર્મ છે." અને પાટમદે પણ વૃદ્ધ ગુરૂદેવની પાસે અભ્યાસ કરવા અવારનવાર આવતી જતી હતી. ગુરૂદેવશ્રીને પાટમદે પ્રત્યે અપૂર્વ માન હતું.

આપણી વાર્તાની મુખ્ય નાયિકાને પણ જૈન ધર્મ પ્રત્યે અને આચાર્ય શ્રી વિજયમાનસૂરિશ્વરજી પ્રત્યે ઘણો જ અપૂર્વ ભાવ હતો તેથી જ તેણે જૈન ધર્મનો અભ્યાસ વિકસાવ્યો હતો.

૬-માતાપિતાની ચિંતા

પાટમદે જેમ જેમ ઉંમર લાયક થતી ગઇ તેમ તેમ તેના ભાવિના જીવન માટે માત-પિતાને વિચાર થવા લાગ્યો, અને પોતાની વહાલી દિકરીને માટે કોઇ સારો ઉચ્ચ સંસ્કાર પતિ મળી જાય તો પોતાની દિકરીનું ભવિષ્ય સુધરે, દિકરી સુખી થાય અને આપણી ચિંતા મટે.

નાથ!. શું? વિધાતાએ આનું પુત્રીરત્ન આપ્યું હશે તો તેના માટે યોગ્ય કોઇ વિરપુરૂષ નહિં પેદા કર્યો હોય? કર્યોજ હશે. પણ મારો વિચાર એવો છે કે નાથ! જ્યાં સુધી દિકરી અઢાર વર્ષની ન થાય ત્યાં સુધી તેના ભાવિનો વિચાર કરવાનો માંડી વાળો. મને ખાત્રી છે કે "મારી દિકરી માટે તેને લાયક યોગ્ય પતિ વિધાતા જરૂર મેળવી જ આપશે.

દેવી! તમારૂં કહેવુ સત્ય છે, પણ દિકરી ઉંમર લાયક થાય ત્યારે જ્ઞાનીઓના વચન ઉપર તેમજ દુનિયાના વહેવાર પ્રમાણે

દિકરીને શ્વસુરગૃહે વિદાય કરી માતાપિતાએ તેના ઋણમાંથી મુક્ત થવું જોઇએ. "જો આપણી જ જ્ઞાતિમાં ઘણા યુવાનો પર નજર નાંખી, પણ પાટમને લાયક મને કોઇ યુવાન જણાતો નથી." જ્યાં જુઓ ત્યાં દરેક નવયુવાનમાં કંઇક ને કંઇક તો ઉણપ હોય, ઘણા ધનાઢ્યના દિકરાઓ પર નજર નાંખી, વિચાર કર્યો, પણ તેઓનાં ચારિત્ર જોતાં જ દેવી! આત્માને ઘણો જ આઘાત થાય છે.

નાથ! જીવનનું સાચું ઘડતર તો ચારિત્ર, વિવેક અને વિનયભરી મૃદુ ભાષામાં જ છે.

આમ વિચારમાં ને વિચારમાં પાટમના ભાવિ ભરથારની શોધમાં માત–પિતા મશગુલ થઇ ગયાં હતાં કે કેટલો ટાઇમ થયો તેની કોઇને ખબર ન પડી.

દેવી! કેમ, શું વિચાર કરે છે?

નાથ, જગતમાં ચાર જાતનાં કજોડાં હોય ત્યાં સ્ત્રી કે પુરૂષનો સંસાર કોઇ કાળે પાર ઉતરે જ નહીં જ.

દેવી, કઇ કઇ જાતનાં ચાર કજોડાં, કહેશો કે?

હા, સાંભળો!!!

રૂપાળો નિરોગી અને અંગ ધોળો,
વળી પાટવી રાજ્યનો ભૂપ ખોળ્યો;
નથી બુદ્ધિ ને સાન ચોખ્ખો ગધેડો,
કહો? ઉતરે કેમ, સંસાર બેડો.
મળે વૃદ્ધ સ્વામિ, ગણાયે કજોડું,
મળે છેક નાનો જ, બીજું કજોડું;
સ્વભાવે જુદા એ, નથી દુઃખ થોડું,
મળ્યો બુદ્ધિનો હિણુ, મોટું કજોડું.

ધન્ય છે! દેવી, તમારા જ્ઞાનને! તમારૂં કહેવું યથાર્થ છે. જ્યાં સુધી ગાડીનાં બે પૈડાં બરાબર ન હોય ત્યાં સુધી તે ગાડી મુસાફરને પોતાના ધાર્યા સ્થાને મૂકી ન શકે, તેવી જ રીતે સંસારરૂપી ગાડીના બે આત્માઓના સ્વભાવ અને સંસ્કાર બરાબર ન હોય તો તે સંસારની ગાડી પણ પોતાના જીવનનો ધ્યેય સાધી ન શકે.

તો તમારી સલાહ પ્રમાણે મારો આત્મા કબુલ કરે છે કે હાલ પાટમના વિવાહની વાત પ્રભુના ભરૂસા ઉપર મુકી દઈએ. હવે જમવાનો ટાઇમ થયો છે માટે ચાલો જમવા જઈએ.

ધર્મલાભ! આચાર્યશ્રી માનસૂરિશ્વરજી ગોચરી વહોરવા પધાર્યા. ત્યાં તો શેઠ બોલ્યા કે.

લાભ દયો! કહેતાં બંને જણાં હાથ જોડી ઉભાં રહ્યાં.

આપ આજે આમ શા વિચારોમાં ગરકાવ જણાઓ છો?

ગુરૂદેવ! ના, ના, એવું કાંઇ જ નથી. એ તો અમારા સંસારીક કાર્યની બાબત છે.

ના, ના, મને તો લાગે છે કંઇક ખાસ મહત્વની બાબત.

ગુરૂ મહારાજ! એ તો અમારી દીકરી પાટમના વિવાહની વાતના વિચારોની આપ લે હતી. શેઠાણીના મુખથી બોલી જવાયું.

મહારાજ સાહેબને આ સાંભળી હસવું આવ્યું.

આ વખતે ગુરૂદેવના મુખની આકૃતિ શેઠે જોઇ કે તરત જ બે પગ પકડી માથું નમાવી આજીજી કરી. દેવ! આપ કેમ હસ્યા? તે તો જણાવો.

પાટમના ભાવિની ફીકર વિધાત્રાએ ક્યારનીએ કરી રાખી છે અને તે સમય આવે આપોઆપ મળશે. હાલ તો પ્રભુનું

નામ લ્યો અને થાય તે જોયા કરો. સરલ શાંત સ્વભાવી ગુરૂદેવે કહ્યું.

ઉપરની ગુરૂવાણી જાણે દૈવી વચન ન હોય તેવી શ્રદ્ધા ધરાવતા શેઠ–શેઠાણી બંને જણા ગુરૂદેવની આજ્ઞા શિરોમાન્ય માની વંદણા કરી પ્રેમપૂર્વક ખરા ભાવથી ગોચરી વહોરાવી.

ગુરૂદેવ પોતાના સ્થાનક તરફ વળ્યા, અત્રે શેઠ–શેઠાણીએ અપૂર્વ આનંદ અનુભવ્યો, અને આવો અમૂલ્ય લાભ જાણી પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા. " ભાવિના ભિતરમાં શું છુપાયું છે તે તો કોઇ જ્ઞાની કે વીરલો જ જાણે.

આ વખતે પાટમદે પોતાની સખી–સાહેલીઓની સાથે પોતાના માતા–પિતા પાસે આવી અને રજા માગી કે આજે અમો બધી સાહેલીઓએ જંગલમાં ફરવા જવાનો વિચાર કર્યો છે, અને ત્યાં અમે બાણવિદ્યાના પ્રયોગો અજમાવવાના છીએ, અને દુશ્મનોના પંજામાંથી કેમ બચાવ કરવો તેની તાલીમ આપવાની શરૂઆત કરવાના છીએ, તો મને જવાની આજ્ઞા આપો.

વાહ! બેટા વાહ!!! જાઓ ઘણી ખુશીથી જાઓ. પ્રભુ તમો સર્વેને સહાય કરે.

૭–રાજાજી શેઠ.

પવિત્ર ભુમિ મારવાડમાં આવેલ જોધપુર રાજ્યના તાબાના એક ગામમાં શેઠ રાજાજી રહેતા હતા, તેઓ પ્રમાણીક અને માયાળુ સ્વભાવના હતા, દરેક કાર્યમાં પોતે પોતાની જાત મહેનતથી જ ઉત્સાહ ભર્યો ભાગ લઈ જનતાનું મન સંપાદન કરતા હતા તેમજ વહેપારમાં પ્રમાણીક્તા પુરેપુરી સાચવતા હતા.

કોઈ દિવસ પોતાના હૃદયમાં અપ્રમાણીક્તાની ભાવના આવતી નહોતી. આ પ્રમાણે પોતે પોતાના પવિત્ર જીવનમાં અનેરો આનંદ ભોગવતા હતા.

તેઓની ધર્મપત્નિનું નામ રયણાદે હતું. તે ગૃહકાર્યમાં ઘણી કુશળતા ધરાવતી હતી અને પોતાના પતિના દરેક કાર્યમાં સુંદર સાથ આપી પતિના જીવનમાં ઉત્સાહ રેડતી હતી.

આખા ગામમાં શેઠ રાજાજીની ઇજ્જત–આબરૂ સારા પ્રમાણમાં વખણાતી હતી. રાજ્ય કાર્યમાં તેઓની સલાહની

જરૂર પડતી હતી અને પ્રજાના સુખ દુ:ખના કાર્યમાં પણ પોતે અગ્રસ્થાને ભાગ લેતા અને દુ:ખનો નિવેડો લાવતા હતા.

તેઓશ્રીને એક સુંદર, સશક્ત અને સાહસિક દસ બાર વર્ષનો પુત્ર હતો, જેનું નામ દયાળ પાડવામાં આવ્યું હતું. દયાળ જન્મથી જ ઘણો વિચક્ષણ અને ચાલાક હતો. જેમ જેમ તેની ઉંમર વધતી જતી હતી તેમ તેમ તે દરેક છોકરાનો આગેવાન બનતો જતો હતો. પોતે લાઠી, તલવાર તેમજ બીજા હથીઆરોના દાવ ખેલતો હતો અને પોતે દરેક બાળકો ઉપર સર્વોપરિ સત્તા જમાવતો હતો અને કોઈની બીક ધરતો નહોતો તેમજ તેના મનમાં પણ બીક-કે ડર તો હતાં જ નહિં. ગમે તેવા ઝઘડામાં પોતે અગ્રપણે ભાગ લેતો અને પારકી લડાઈ પોતાના માથે વહોરી લેતો હતો. આખા ગામમાં સૌ કોઈ નાનાં-મોટા સર્વે દયાળથી ડરતા હતા.

રાજપુત સરદારોના છોકરાઓ સાથે ફરવું, ઘોડેસ્વારી કરવી તેમજ તલવાર ભાલાના દાવપેચ કરવામાં ચોવીસે કલાક મશગુલ રહેતો હતો. પોતે જ્ઞાતે જૈન હોવા છતાં જૈન તરીકે કેમ જીવવું તે સારી પેઠે સમજતો હતો.

દયાળની આવી વર્તણુંકથી રાજાજી શેઠના મનને જરા ચીંતા થવા લાગી, કે દયાળ, હવે મોટો થવા આવ્યો છે માટે તેને વહેપારના કાર્યમાં હોંશિયાર બનાવું તો મારા માથેથી થોડાક ભાર-બોજ ઓછો થાય.

આમને આમ વખત જવા લાગ્યો, દયાળ ૧૫-૧૬ વર્ષનો થવા આવ્યો હતો. ત્યારે એક વખતે રાજાજીએ દયાળને બોલાવ્યો અને કહ્યું કે ભાઈ, હવે તું વહેપારમાં ચિત્ત રાખ અને હોંશિઆર થા, અને મારા માથેથી ભાર ઓછો કર.

પિતાજી! વહેપારની બાબતમાં આપ મને કશું પણ કહેશો નહિં. મારાથી એ માયકાંગલો ધંધો નહીં બને. બીજું જે કાંઈ હોય તે મને બતાવો તો હું કરીશ બાકી આપણાથી વહેપાર નહિં જ થાય–આપણે વેપાર બેપાર સમજતા નથી.

ત્યારે શું? તું હજામત કરીશ. પિતા લાલ આંખો કરી માયાળુપણે બોલ્યા.

વખત આવે જરૂર દુશ્મનોની હજામત એવી કરીશ કે જીંદગી ભર યાદ રહેશે. દયાળે મક્કમતાપણે જવાબ આપ્યો.

આ જવાબ સાંભળી રાજાજીને ઘણું જ દુઃખ થયું પણ શું કરે. ખુબ વિચાર કરી જોયો પણ એક રસ્તો દયાળને સમજાવવાનો જડ્યો નહીં.

રાજાજી ગર્ભ શ્રીમંત હતા તેમજ લાખો રૂપીઆની જાગીર ધરાવતા હતા, આ લાખો રૂપીઆની જાગીર પોતાની જાત દેખરેખની કમાઈ હતી, પોતે સ્વભાવના ઘણા જીદ્દી તેમજ હઠવાદી હતા, જે વસ્તુ હાથમાં લીધી તે ખરી હોય યા ખોટી હોય પણ તે પ્રાણાંતે પણ છોડે નહીં.

દયાળ! શું? તું મારૂં કહ્યું નહીં જ માને ને?

આપણી આજ્ઞા ન માનું તે આ જીંદગીમાં ન બને, પણ જે વસ્તુ મારા આત્માને વિકાસના રસ્તે ન લઈ જતી હોય તેવી વસ્તુનો ત્યાગ કરવો તે મારો ધ્યેય છે. માટે પિતાજી મારાથી આપનો વહેપાર અને ત્રાજવા–તોલવાનું મારાથી નહિં જ બને.

દયાળ! જો, તારે મારૂં કહ્યું માનવું હોય અને હું કહું તેમજ વર્તવું જ હોય તોજ તું મ્હારા ઘરમાં રહી શકીશ, નહિં તો તને સાફ શબ્દોમાં કહું છું કે તું મ્હારા ઘરમાંથી

બહાર ચાલ્યો જા અને રખડી ખા. રાજાજી ક્રોધના આવેશમાં બોલી ઉઠયા.

પૂ. પિતાશ્રી! ગુસ્સે થવાનું કશું જ કારણ નથી. આપતો મ્હારા શિરછત્ર છો ! હું આપનો જ બેટો છું. જ્યારે આપ આપના હાથે જ તમામ મિલ્કત પેદા કરી આપે જે આપની આબરૂ–ઇજ્જત જમાવી છે, તો રાજાજીનો બેટો પણ બાપના કરતા સવાઈ ઇજ્જત પેદા ન કરે તો તે બેટો, બેટો થવાને લાયક નથી, માટે આપ મારા હિતચિંતક હો તો આપ મને આર્શિવાદ આપો ! "જ્યાં મારૂં ભાગ્ય મને દોરશે ત્યાં જઇશ."

પૂ. માતુશ્રી ! આપ શા માટે ઉદાસ થાઓ છો ? મા, આ દયાળ તારા સંસ્કારથી ઉછરેલો છે, જો દયાળનો પ્રેમ પોતાની માતુશ્રી ઉપર સાચોજ હશે તો તમારા આશિંવાદથી જરૂર આ દયાળ સુખી થશે. એટલું ચોક્કસ જાણશો–મા, હવે મને આર્શિવાદ આપો !

મા ! દયાળ જીવતાં જાણે છે તેમજ મરતાં પણ જાણે છે માટે દુનિયામાં મહેનત મજુરી કરી પેટ ભરીશ પણ કોઈની ખોટી ખુશામત કરી યા પાપ કરી મારા ઉદરનું પોષણ નહીં કરૂં.

આ પ્રમાણે દયાળ પણ મક્કમતાથી વાત કરવા લાગ્યો. રાજાજીને ગુસ્સો જ્યારે ચડતો ત્યારે તેમને સમજાવવા ઘણા મુશ્કેલ હતા, કોની મગદુર કે રાજાજીને સમજાવી શકે. દયાળની માતા રયણદેવીએ પણ પોતાના સ્વામિને ઘણા સમજાવ્યા પણ રાજાજીનો બોલ એટલે કે "બ્રહ્માનો બોલ, જાણે શેષનાગની ફેણ" રાજાજીનો બોલ ફરે તે કોઈ સ્વપ્ને બને નહિં. તેમજ દયાળ નાનો હતો છતાં પોતે પોતાના બોલની કિંમત પુરેપુરી સમજતો હતો.

વાત વાતમાં બાપ-દિકરા વચ્ચે હઠવાદ વધતો ગયો, બંનેમાંથી એક પણ નમતું આપવા તૈયાર નહોતા. એકાએક રાજાજી વધારે ગુસ્સે થઈ ગયા અને પોતાના દિકરાને લાત મારી કાઢી મૂક્યો અને છેવટના એ પણ શબ્દો સંભળાવી દીધાં કે "જો તું રાજાજીનો દિકરો હોય તો મારાથી સવાયો થાય તોજ મને તારૂં મુખ બતાવજે."

જેવી પિતાશ્રીની આજ્ઞા !

દયાળને જતો દેખી માતાના હૃદયમાં ઘણો જ આઘાત થયો પરંતુ "દયાળની મક્કમતા અને રાજાજીનો હઠવાદ" એ બંનેમાંથી કોઈ પાછા પડે તેમ નહોતું. તેથી માતાએ દુ:ખના હૃદયથી રજા આપી.

દયાળ પોતાના લાખોપતિ પિતાની મિલ્કતનો સ્વેચ્છાએ ત્યાગ કરી ચાલી નીકળ્યો. રસ્તામાંથી પોતાના એક રાજપુત મિત્ર પાસેથી કુહાડી લીધી અને પ્રભુનું નામ સંભારતો મેવાડના રસ્તે પ્રયાણ કરવા માંડયું.

દયાળના વિચારો ઉંચા પ્રકારના હતા અને તે પોતાના પુરૂષાર્થ ઉપર વિશ્વાસ ધરાવતો ધરાવતો આગળ વધ્યે જતો હતો.

૮–ઉદયપુરમાં અવનવી ઘટના.

રાજાજીનો દિકરો પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી મેવાડ તરફ પ્રયાણ કરતો હતો. આ વખતે મેવાડમાં રાણા રાજસિંહનો સિક્કો ચાલતો હતો, જ્યાં જુઓ ત્યાં તલવાર, ભાલા અને હથીઆર સિવાય વાતો નહોતી. નાના, મોટા, બાળ, અબાલ, વૃદ્ધ વિગેરે સૌ પોતાની માતૃભૂમિ માટે પ્રાણ આપવા તૈયાર હતા, મહારાણા રાજસિંહ પણ સાચા રાજવિ તરીકે પોતાની પ્રજાને સંભાળતા હતા.

સોહનલાલ શેઠની દિકરી પાટમદે પણ મેવાડની ભૂતકાળની રમણીઓની વાર્તાઓ અને તેઓની બહાદુરી ભરી વાતો કહેતી હતી અને તમામ સ્ત્રી સમાજમાં હજારો બ્હેનોને ભેગી કરી પોતાના કર્તવ્યનું ભાન કરાવતી હતી, સ્ત્રી તરીકે કેમ જીવવું, પોતાના શિયળનું કેવી રીતે રક્ષણ કરવું અને જ્યારે દુસ્મનો ચઢીને આવે ત્યારે તેને કેવી રીતે મહાત કરવા તે તમામ યોજના પાટમદે ઘણીજ બુદ્ધિ પૂર્વક સમજાવતી હતી.

ઉદયપુરના નવયુવાનો પણ પોતાની બહાદુરી અને નિડરતા બતાવવા સારૂં અનેક ઉપાયો યોજતા અને પાટમદેનો પ્રેમ પોતાના તરફ કેવી રીતે વળે એવી અભિલાષા સાથે પાટમદેનું ફરમાન એટલે શાહી ફરમાન સ્વિકારી કાર્ય કરતા. આવી રીતે પાટમદે પોતાની ફક્ત સત્તર વર્ષની નાની ઉમરમાં જ આખા મેવાડમાં જાણીતી થઈ હતી, તેમજ દરેક બાબતમાં તેમજ લડાયક વિષયમાં તો પારંગત હતી.

મેવાડની પ્રજામાં જો આટલું બધું શૂરાતન હોય તો તે મહારાણા પ્રતાપને આભારી છે.

મહારાણા પ્રતાપ સિંહાસન પર આવતાં જ પૂર્વ ગૌરવનો પુનરોદ્ધાર કરવા કમર કશી જન્મભૂમિનું કલંક નિવારવા દૃઢ પ્રતિજ્ઞા કરી અને એ વીરપુરૂષનું હૃદય માતૃભૂમિની દુર્દશા જોઈ રડતું હતું.

स्वर्गादपिगरीयसी તે મહારાણા પ્રતાપનું ગૌરવશાળી જીવન મેવાડના દરેક પ્રજાજનના આત્મામાં ઓતપ્રોત ઉતરી રહેલું હતું. તે મહારાણા પ્રતાપના પગલે રાણા રાજસિંહે પણ દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી મ્લેચ્છોને તેમની પાપની શિક્ષા ન આપું ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિં. આ પ્રમાણે મેવાડની રાજધાની ઉદયપુરમાં અનેક જાતનું વાતાવરણ ઘેરાઈ રહેલું હતું. તે છતાં રાણાશ્રી મક્કમ અને નિડરતાથી દુશ્મનોની સાવચેતી રાખતો અને નિર્ભયપણે પોતાનું શાશન ચલાવતો હતો.

ઉદયપુરના મહાજનમાં પણ અનેરો સંપ હતો, રાજા અને મહાજનમાં કોઈ પણ જાતનો તફાવત નહોતો. રાણા મહાજનનું સન્માન ઘણુંજ સુંદર રીતે સાચવતા હતા અને તે મહાજનના આગેવાન નગરશેઠ સોહનલાલજી પણ એક સાચા રાજભક્ત હતા.

સોહનલાલજી જ્ઞાતે જૈન હોવા છતાં નિડર અને શૂરવીરતાવાળા હતા, ગમે તેવા કટોકટીના પ્રસંગમાં પણ પાછી પાની કરતા જ નહિં. તેઓશ્રી ઘરના સુખી અને ગર્ભશ્રીમંત હતા. રાણા રાજસિંહ પણ અવાર નવાર રાજ્યકાજના દરેક કાર્યમાં શેઠ સોહનલાલજીની સલાહ લેતા, પણ મેવાડના રાજ્યના સ્થંભ રૂપે મહારાણા પાસે વિશ્વાસુ એક પુરોહિત બ્રાહ્મણ હતો, તેના પર મહારાણાનો ઘણોજ વિશ્વાસ હતો અને દરેક કાર્યમાં પુરોહિતની પણ સલાહ લેવાતી હતી. મહારાણા હૃદયના ભોળા અને નિષ્કપટી હતા તેમજ તેમનામાં અસત્યતાનો વાસો હતો જ નહિં. અને તેઓ ઘણાજ વિશ્વાસુ હતા.

આ સિવાય દિલ્હીનો બાદશાહ નરપિશાચ ઔરંગઝેબ પણ પોતાની કુટીલ નીતિના લીધે રાણા રાજસિંહને પાયમાલ કરવા સારૂ વાટ જોઈ રહ્યો હતો, આવી અનેક આપત્તિઓમાં આજે મેવાડ ઘેરાઈ ગયું હતું, તે અંધકારના સમયમાં પણ સૂર્યઉદયની આશા તો હતી જ.

૯—દયાળ ઉદયપુરમાં.

દયાળ પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી મેવાડ તરફ જવા વિચાર કર્યો, અનેક જાતના કષ્ટો વેઠી, કુહાડી પોતાની સાથે જ હતી, તેથી પોતે જંગલમાં સરપણ કાપતો અને ગામમાં વેચતો તેમાં પોતાનું ગુજરાન ચલાવતો હતો.

આ પ્રમાણે મહિનાઓની પગપાળા મુસાફરી કરતાં કરતાં રસ્તામાં ખાવા ન મળતાં શરિર શક્તિ સાધારણ હડી ગઈ હતી. તેમજ પહેરવાના કપડાં ચીંથરે હાલ થઈ ગયા હતા, આવી ગરીબી હાલતમાં ચાર દિવસના કડાકા, પાણીની તરસ તેમજ દરેક બાબતની મુંઝવણથી આવતાં આવતાં ઉદયપુરની ભાગોળે એક શિવના મંદિર આગળ દયાળ મૂર્છા ખાઈ બેભાન સ્થિતિમાં પડી ગયો હતો. શરીરમાં કોઈ જાતનું ચેતન નહોતું.

આ વખતે શિવના મંદિરનો પુજારી મંદિર બહાર આવ્યો અને કોઈ પરદેશી મૂર્છા ખાઈ પડયો છે તે જોવાથી તેને દયા

આવી અને પોતે પાણીનો લોટો લાવી દયાળના મૂખપર છાંટયું. અને પાણી પાયું.

થોડીવાર પછી દયાળ કંઈક હોશમાં આવ્યો અને બોલ્યો કે ભાઈ! હું ક્યા ગામમાં છું?

આપ મેવાડના પાટનગર ઉદયપુરમાં છો? પુજારીએ કહ્યું. "પ્રભુ જે કરે છે તે સારૂં જ કરે છે" એમ દયાળના મુખમાંથી આનંદ સાથે શાંતીથી બોલાઈ ગયું.

જ્યારે દયાળ સંપૂર્ણ ભાનમાં આવ્યો ત્યારે તેને માલુમ પડ્યું. કે હું અહીં તદ્દન બેભાન અને મૂર્છાવશ થઈ ગયો હતો.

આ મેવાડમાં દયાળનું કોઈ નહોતું સગું, કે નહોતું સબંધી. ઉપર આભ અને નીચે ધરતી, એ સિવાય કોઈ એને પિછાણતું નહોતું.

ભાઈ! તમારૂં નામ શું? અને તમે ક્યાંથી આવો છો તેમજ શું કામે આવ્યા છો? પુજારીએ એક સામટા પ્રશ્નો પૂછ્યા.

ભાઈ! મ્હારૂં નામ દયાળ, હું અહીં નોકરી કરવા માટે આવ્યો છું. માટે કૃપા કરી ભાઈ કોઈ નોકરી શોધી આપશો તો હું આપનો આભારી થઈશ.

તમને બીજો કોઈ દેશ ન મળ્યો કે મેવાડ મલ્યો? અતરે તમને નોકરી મલવી ઘણી મુશ્કેલ છે. સમજ્યા! દયાળભાઈ!!! માટે કહું છું કે તમો આવ્યા તેવા સિધાવો.

ભાઈ, ગરીબની મશ્કરી શું કામ કરો છો! જો તમારામાં મનુષ્ય તરીકેની કંઈપણ લાગણી–પ્રેમ હોય તો મને ખાવા પેટ પણ નોકરી શોધી આપી મારા ઉપર ઉપકાર કરો.

દયાળની આવી નમૃતા અને માયાળુ વચન સાંભળીને પુજારીને તેનો સ્વભાવ ગમ્યો તેથી તેને તેના પ્રત્યે પ્રેમ ઉદ્દભવ્યો,

અને દયાળને આશ્વાસન આપી મંદિરમાં જગા કરી બેસાડ્યો. અને વિશ્વાસ આપી કહ્યું કે આપ બિલકુલ ગભરાશો નહિં, તમને બનતાં સુધી નોકરી શોધી આપીશ. અને જ્યાંસુધી નોકરી ન મળે ત્યાંસુધી આપ મારી સાથે મંદિરમાં જ રહેશો. ગભરાશો નહિં.

ઉદયપુરના ગઢના કિલ્લાઓ રાજ્ય મહાલયો અને તેની સુંદરતા અને કારીગરી તેમજ અત્યુત્તમ બાંધણી જોઈ દયાળ પોતાના આત્માથી ખુશી થયો અને હવે કુદરત શું કરે છે તેની વાટ જોવા લાગ્યો.

પુજારી મંદિરનું કામકાજ જલ્દી જલ્દી આટોપી દયાળ માટે નોકરીની શોધમાં ગામમાં ગયો, અને તપાસ કરતાં કરતાં પુરોહિતને ત્યાં ઘોડાના કામકાજ માટેની જગા ઉપર માણસની જરૂર છે. તેવી તપાસ કરી અને દોડતો દોડતો પાછો દયાળ પાસે આવ્યો.

ભાઈ! તમને ઘોડાની માવજત કરતા આવડતી હોય તો નોકરી છે. પગાર પાઈનો પણ નહીં મળે, ફક્ત બે વખત જ ખાવાનું મળશે. જો ઇચ્છા હોય તો આપ ચાલો. આપને પૂરોહિત સાહેબને ભેગા કરી દઉં.

ધન્ય છે! મારા બન્ધુ, તમે આજે મારા ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. જ્યાં મને ઉભા રહેવાનું સ્થાન નહોતું ત્યાં તમે ખાવાપિવાની જોગવાઈ કરી આપી, તેના માટે હું આપનો ક્યા શબ્દોમાં ઉપકાર માનું. માટે પુજારીજી આપ ચાલો અને પૂરોહિતજીના ઘોડાની ઘોડાહારનું તમામ કામકાજ હું સુંદર રીતે બજાવીશ અને તેમને સંતોષ આપીશ.

પૂજારી અને દયાળ બેઉજણા પૂરોહિતને ઘેર પહોંચ્યા, અને

તેઓ મલ્યા. પૂરોહિતને દયાળનો ચહેરો જોતાં તેના આત્માને તે ઠીક લાગ્યો અને તેણે કહ્યું કે અલ્યા! છોકરા, તને ઘોડાનું કામ આવડશે?

હા, સાહેબ!

જોજે, ભૂલ ન કરતો.

આ વખતે નગરશેઠ સોહનલાલજી પૂરોહિતને ત્યાં બેઠેલાજ હતા તેથી તેમણે પૃછ્યું. ભાઈ, ક્યા ગામના છો? અને જ્ઞાતે કેવા છો?

મારવાડમાં જોધપુરની પાસેના ગામનો છું અને જ્ઞાતે ઓશવાલ જૈન છું.

તો આવી નોકરી કરવા સારૂ તમને કેમ ગમ્યું?

ભાવીના ભિતરની કોને ખબર પડે? શેઠ,

છપ્પો.

ભાવિમાં શું હોય, ખબર તેની નવ પડતી,
કુદરત તણા ભેદ, તણી ચાવી નવ જડતી;
જૈનતણો એ બાળ, આજ પુરૂષાર્થ સાધે,
પિતા તણો વૈભવ, વળી લક્ષ્મીને ત્યાગે;
પુર્ષાર્થને સાધવા, દયાળ મેવાડમાં આવતો,
કહે 'ભોગી' રહે નોકરી, સમયને પિછાણતો.

(૨)

આપી સમયને માન, દયાળ નોકરી રહે છે;
ઘોડાની ઘોડાર તણું, એ કામ કરે છે;
આગળ વધવા માટ, નહિં ચિંતા જ ધરે છે,
માલીકનું ખાઈ અન્ન, સદા સત્યથી જ રહે છે;

કહે 'ભોમી' દયાળ એ, સમયને સમજી ગયો,
પૂરોહિતની ઘોડારમાં, ચાકરી પોતે રહ્યો.

આ પ્રમાણે દયાળને નોકરી કરતાં કરતાં ઘણા દિવસો વહી ગયા પૂરોહિત પણ સાધારણ માણસ નહોતા. તેઓ રાજ્યના મૂખ્ય પૂરોહિત હતા, અને રાજકાજના કાર્યમાં ઘણો જ સારો ભાગ લેતા હતા. તેથી તેમને ત્યાં સેંકડો સરદારો, પટાવતો અને શ્રીમંતો આવતાં જતાં હતાં આથી તેઓને ત્યાં રાજકાજની તેમજ બીજી અનેક વાતની અનુભવની વાતો ચાલતી હતી.

દયાળ તે દરેક આવનાર વ્યક્તિઓની સાથે અનુભવમાં આવતો અને દરેક વાતમાં પોતે ગુપ્ત રીતે માહિતગાર થતો જતો અને દરેક જાતના વિષય ઉપર દયાળ સંપૂર્ણ રીતે ગભરાયા વગર ગંભીરતાથી ધ્યાન આપી પોતે પોતાની નોકરીમાં મશગુલ રહેતો હતો.

વળી બીજી બાબતમાં પણ દયાળ પોતે ઘોડાને પાણી પાવા બહાર જંગલમાં લઈ જતો અને તે દરેક પહાડ અને જંગલના રસ્તાનો અનુભવ લેતો તેમજ ભોમીયો થતો જતો હતો.

૧૦—શેઠ સોહનલાલજી અને દયાળ.

દયાળ હંમેશા પોતાના કાર્યક્રમ નિયમ પ્રમાણે બજાવતો હતો અને ફુરસદના વખતમાં પોતે પોતાના ભાવિનો વિચાર કરતો હતો. એક વખત તેના સાંભળવામાં આવ્યું કે ઉદયપુરમાં પુરૂષો તો બહાદુર છે તેમજ સ્ત્રીઓ પણ બહાદુર વિરાંગનાઓ છે. તેના સાંભળવામાં પાટમદેની પ્રસંસા આવી હતી અને પાટમદે એક જૈન બાળા છે. તે ઘણી જ સાહસિક અને નિડર છે. આ બધું સાંભળી તેને વિચારો થતાં કે ક્યાં મારવાડ અને ક્યાં આ મેવાડ. ક્યાં દેવ જેવા રાજા અને ક્યાં મારવાડના ગુલામો રાજા. આવા વિચારો ચાલતા હતા તેવામાં પૂરોહિતને ત્યાં સોહનલાલજી શેઠ પધાર્યા પરંતુ પૂરોહિતજી ઘેર ન હોવાથી દયાળે કીધું કે આપ થોડીવાર બિરાજો હમણાં જ પૂરોહિતજી આવશે.

પૂરોહિતજીની ગેરહાજરીમાં દયાળ દરેક આવનાર વ્યક્તિઓનું સુંદર સ્વાગત કરતો અને આદરમાન આપી ઘણી જ મૃદુ ભાષામાં

વાતો કરતો હતો આથી દયાળ દરેક વ્યક્તિના હૃદયમાં સંપૂર્ણ સ્થાન જમાવી રહ્યો હતો.

જ્યારે સોહનલાલ શેઠ આવ્યા ત્યારે તેમને ઘણા જ સત્કારથી બેસાડયા ત્યારે શેઠના મનમાં આવ્યું કે આ માણસ કોઈ સાધારણ કુટુંબનો નથી, પણ અસાધારણ વ્યક્તિ છે, જરૂર કોઈ ઉચ્ચ કુટુંબનો આ નબીરો હોવો જોઈએ, તેથી શેઠે પૂછ્યું. "ભાઈ! તમને શું પગાર મળે છે?"

શેઠ, ખાવાપિવા માટે કામ કરૂં છું.

શું તમને આ કામ કરવું પસંદ પડે છે.

શેઠ, સમયને માન આપવું તે દરેક મનુષ્યની ફરજ છે.

તમે ક્યા દેશના રહેવાસી છો?

જોધપુરની પાસેના ગામમાં રહું છું અને મારા પિતાશ્રીને હું એકનો એક જ પુત્ર છું. મારા માતાપિતા પાસે લાખ્ખોની મિલ્કત છે, પણ મારા અને મારા પિતાશ્રીના આદર્શો ઘણા જ જુદા છે. તેઓ મને વહેપારી ધંધામાં નાખવા માગતા હતા, અને મેં વહેપારમાં જોડાવાની ના પાડી તેથી તેઓએ મને ગૃહત્યાગ કરવાની આજ્ઞા ફરમાવી તેથી તેઓશ્રીની આજ્ઞા શિરોમાન્ય ગણી હું તરત ચાલી નીકળ્યો.

તમને તમારા પિતાની જરાપણ લાગણી ન થઈ આવી. આટલો બધો વૈભવ અને લક્ષ્મી હોવા છતાં તમને તેનો જરાપણ વિચાર ન આવ્યો કે હું આ શું કરૂં છું.

હું આદર્શ કરતા કરોડોની મિલ્કતને તુચ્છ માનું છું. પ્રભુ મહાવીરે પોતાનો આદર્શ સિદ્ધ કરવા સારૂ રાજ્ય વૈભવનો ત્યાગ નહતો કર્યો?

શું તમે પ્રભુ મહાવીરના ઉપાસક છો?

જી, હા. હું જ્ઞાતે જૈન છું. દયાળે વિનયપૂર્વક જવાબ આપ્યો.

જ્યારે તમે મ્હારા જોવામાં પહેલ વહેલાં જ આવ્યા ત્યારે મારા મનને વિચાર થયો હતો કે આ માણસ ગમે તેમ હોય પણ ઉચ્ચ ખાનદાન કુટુંબનો હોવો જોઈએ, એ વાત આજે સાચી પડી, તેથી હું મારા આત્માને ધન્ય માનું છું. અને તમારા જેવા આદર્શ વિચારવાળા નવયુવકને જોતાં મારા આનંદનો આજે પાર નથી.

દયાળ, દયાળ તમે મારે ત્યાં નોકરી રહેશો ?

મારા માલીક પૂરોહિતની રજા વગર નહિં.

આ શબ્દો સાંભળી સોહનલાલ શેઠને દયાળ પ્રત્યે બહુ માન ઉપજ્યું અને મનમાં વિચાર કર્યો "કે વખત આવે વાત".

શેઠ ઘેર ગયા પછી દયાળ પોતાના કામમાં ગુંથાયો. અને પૂરોહિત રાજ્યગૃહમાંથી પોતાના સ્થાન પર આવ્યા. આ વખતે પૂરોહિત કોઈ ઉંડા વિચારોમાં ગરકાવ થએલા માલમ પડતા હતા અને તેઓનું મન કોઈ મહાન કાર્ય માટે વિચારમાં હોય તેવું તેમના મૂખ ઉપર જોનારને લાગ્યા વગર ન રહે જ.

દયાળ, આમ આવ જોઈએ! પૂરોહિતે બુમ પાડી.

શો હુકમ છે, ફરમાવો. દયાળે ઉપર આવી પૂછ્યું.

સાંભળ ! મેં ગઈકાલનો પુજારીને **દેવાલી** ગામ મોકલ્યો છે તે હજુ સુધી પાછો આવ્યો નથી, માટે તું ઘોડો તૈયાર કરી અને પુજારીના ખબર લઈ તાકીદે પાછો જેમ બને તેમ જલ્દી આવ. પણ જોજે, રસ્તો ઘણો જ વિકટ–મહા ભયંકર છે, માટે સંભાળીને જજે અને સાથે હથીઆર લેતો જજે.

લે, મારી કટાર પણ સાથે રાખી લે.

દયાળ ઘોડાપર સ્વાર થઈ હથીઆર સજી કટાર લઈ મસ્તક નમાવી નમસ્કાર કરી દેવાલી ગામ તરફ જવા સારૂ પવનવેગે સડસડાટ ચાલી નીકળ્યો.

૧૧–વિરાંગના પાટમદે.

પાટમદેની બહાદુરી, નિડરતા અને તેની બુદ્ધિની પ્રશંશા મેવાડના દરેક નાનામોટા ગામોમાં પ્રસરી રહી છે. કારણ કે જેવી તે બહાદુર હતી તેવી જ સેવાભાવી હતી, ગરીબો પ્રત્યે તેની અપૂર્વ હમદર્દી હતી, ગરીબોની સેવામાં જ પોતાને ધન્ય માનતી હતી.

જ્યારે જ્યારે પોતે બહાર નીકળતી ત્યારે ત્યારે તે ગરીબોની ઝુંપડીમાં જતી અને તેઓના સુખદુઃખની સંભાળ લેતી ને તેઓને જે ચીજની જરૂર હોય તે તરત જ પુરી પાડતી હતી. ગરીબો પ્રત્યેની તેની લાગણી અને પ્રેમ વ્યકત કરતી હતી.

આ સિવાય પાટમદે સ્ત્રીજાતિમાં અપૂર્વ ચેતન લાવવામાં કટીબદ્ધ થઈ હતી, ઠેકઠેકાણે સ્ત્રીસમાજના ઉપયોગી કાર્યમાં ભાગ લઈ સ્ત્રી તરીકે શું શું ફરજો છે તે બરાબર સમજાવતી હતી. વળી પોતે પોતાના સંરક્ષણ માટે હથીઆર પણ સજતી હતી અને મસ્તપણે ગમે તેવા ભયાનક જંગલમાં પોતે એકલી ફરવા

જતી હતી અને પહાડી રસ્તાઓની માહિતગાર થતી જતી ગાઢ જંગલોને પણ પોતાના મિત્રો બનાવતી હતી.

પોતે પોતાના જીવનમાં આનંદ માનતી હતી, અને હંમેશના કાર્યક્રમ મુજબ સંધ્યાકાળ સમયે જંગલમાં એકલી ફરવા જતી હતી અને તે વખતે પોતાની પાસે તીર, કામઠું રાખતી હતી. તે નિશાન તાકવામાં હોંશિયાર હતી. ધાર્યું નિશાન પોતાના તીરકમાણ વડે બરાબર આબાદ રીતે ઉડાવતી હતી.

પાટમદેએ આ પ્રમાણે દરેક વિષયમાં ઠીકઠીક જ્ઞાન લીધું હતું. તેમજ તેની સાહેલીઓમાં પણ તેના કેટલાક ગુણો ઉતર્યા હતાં.

જ્યારે પાટમદે બહાર ફરવા નીકળતી ત્યારે હજારો યુવાનો તેની મદમાતી યુવાની ઉપર મોહિત થતા હતા અને પોતાની કરવા માટે આકાશ–પાતાળ એક કરતા હતા છતાં પાટમદેનો પ્રેમ જીતનાર કોઈ નવયુવાન બહાદુર દેખાતો નહોતો.

જ્યારે પાટમદે મેવાડના ગાઢ જંગલમાં ફરવા નીકળેલી તે સમયે જંગલની ઘટનાનો અપૂર્વ ખ્યાલ આવતો હતો અને દુશ્મનોના સામે વિકાળ સમો ભાસતો, દુર્ગ સંધ્યા સમયે સૂર્યના કિરણને અસ્ત થતી વેળાએ અરવલ્લીના દુર્ગના રમ્ય રસ્તા ઉપર એક યુવાન ઘોડેસ્વાર થઈ પોતાના સ્વભાવ મુજબ મસ્તપણે મહાલતો મહાલતો ચાલ્યો જતો હતો.

વનપ્રદેશોની અવનવી અટવીઓ અને કુદરતની ઘટનાઓ જોતો જોતો યુવાન ચાલ્યો જાય છે. તેજ વખતે ત્યાં તેને કોઈની કારમી ચીસ–બૂમ સાંભળી. અને એક તીર પોતાના કાન આગળ થઈ પસાર થઈ ગયું. તેથી તે ચમક્યો અને તે તીર જે બાજુથી આવ્યું હતું તેજ દિશાએ પોતાનો ઘોડો ચલાવ્યો અને જે રસ્તા ઉપર પોતે આવ્યો તે જગ્યાએ એક

બાળા ઉપર કેટલાક ભીલ–લૂંટારૂઓને અત્યાચાર કરવા માટે લડતા જોયા તેથી તે વીરયુવાને પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો.

થોડી વારમાં જ તે ભીલ–ગુંડાઓના ટોળા નજીક આવી પહોંચ્યો.

ખબરદાર! પડકાર કરીને બોલ્યો “જો કોઈએ પણ બાળા ઉપર આંગળી ઉચી કરી છે તો યાદ રાખજો કે તમારી જીંદગીનો અંત આણીશ.

જા, જા. નકામો મોતના મોંમાં શું કામ આવે છે! તારી રાંડનારીને પૂછીને આવ્યો છે? લ્યો, ભાઇસાહેબ! કયાંથી ફુટી નીકળ્યા? તારામાં તાકાત હોય તો આવીજા, સામનો કર અને તારૂં પાણી બતાવ. ભીલનો એક આગેવાન બોલી ઊઠયો.

આવા શબ્દો દયાળ સાંભળી શકે તેમ નહોતો, ઘણા વખતે પોતાને પોતાનું પરાક્રમ બતાવવાનો અને એક બાળાને બચાવવાનો અનુકૂળ સમય પ્રાપ્ત થએલો જોઈ તે યુવાન જતો કરે ખરો કે? “હાથમાં આવ્યા પછી મુકી દે તેવો નમાલો તે ન હતો” તેણે તરત જ હાથમાં તલવાર લીધી અને ભીલોની સામો થયો.

જેમ કેશરીસિંહ વનમાં પોતાની મસ્તીમાં વિચરે અને બધા પ્રાણીઓમાં રાજા થઈને ફરે તેવી રીતે આ નવયુવાન પોતાના પ્રાણની પરવા ન કરતાં સિંહની માફક ઉછળી પડયો. તેનો લોખંડી બાંધો અને તેનું શરીર ઘણું મજબૂત કદાવર બાંધાનું હતું.

જેમ જેમ યુદ્ધ ચાલતું હતું તેમ તેમ બંને જણ એકબીજાના લોહીના તરસ્યા થયા હતા, એક બાજુ આપનો નવયુવાન એકલો અને બીજી બાજુ દસબાર ભીલગુંડાઓ. તેઓ બધા પણ મજબુત લડવૈયા હતા, છતાં તે પ્રભુ ઉપર ભરૂસો રાખી પોતાની

પાસે જે કટાર હતી તે કટાર બરાબર લાગ સાધી જે ભીલનો આગેવાન હતો તેના પર ઘા કર્યો અને તે કટારે તે આગેવાનના પેટમાં પેસી ગઈ અને સરદાર જમીનપર પટકાઈ પડ્યો.

આથી બીજા ભીલો આ યુવાનની બહાદુરી જોઈ પોતાનો જીવ બચાવવા ભાગવા માંડ્યા પરંતુ દયાળે પીછો પકડ્યો અને દરેકને મુશ્કેટાટ બાંધી તે બાળાની પાસે લાવ્યો અને હુકમ કર્યો "આ તમારી બ્હેનને પગે લાગો, નહીં તો સમજજો કે જે દશા તમારા સરદારની થઈ તેજ દશા તમારી થશે."

બિચારા બંધીવાન થએલા તમામ ભીલો તે નવયુવાનનો તાપ સહન ન કરી શક્યા અને તેના હુકમને માન આપી તે બાળાને પગે લાગી પોતાના કૃત્યની માફી માગી પોતાના રસ્તે પલાયણ થઈ ગયા.

બાળા પણ આ યુવાનની બહાદુરી અને સાહસિકતા જોઈ પોતાના હૃદયમાં તેના માટે બહુ માન ઉત્પન્ન થયું. અને તે આનંદમાં આવી ગઈ.

બાળા ! આપ યુવાન હોવા છતાં આ સંધ્યાકાળના સમયે આમ એકલા ફરવા નીકળવું તે વ્યાજબી નથી, કારણકે હાલનો વખત કંટાકટીનો હોવાથી આપ વિચાર કરશો. દયાળે શિખામણ આપતાં આપતાં કહ્યું.

મારો ફરવા આવવાનો હંમેશનો કાર્યક્રમ છે અને હું તો આ જંગલના પત્થરે પત્થરાની સહચારીણી છું. મારૂં કાર્ય, આનંદ અને મારૂં સર્વસ્વ આ જંગલ છે. કારણ મોત, કે ડર-બીક મારા હૃદયમાં છે જ નહિ. છતાં આજનો પ્રસંગ કોઈ અનેરો બન્યો એમાં પણ ભાવીનો ભેદ જ હશે. "જો આપ

વખતસર ન આવી પહોંચ્યા હોત તો આજે મારી શું સ્થિતિ થાત!" તે તો પ્રભુ જાણે.

પ્રભુ જે કરે છે તે સર્વે સારૂં જ કરે છે.

આપણી બહાદુરીભરી વર્તણુક તથા લડાયક યુક્તિ જોઈ આજે મારા આત્માને સંતોષ થયો છે, મેવાડમાં આવા નરરત્નો જ્યાંસુધી મોજુદ છે ત્યાંસુધી દુશ્મનોની તાકાત નથી કે મેવાડનો બાલ [વાળ] પણ વાંકો કરી શકે.

આપનું શુભનામ તથા આપની હકીકત જણાવશો ?

મારી હકીકત જાણી આપ શું કરશો ?

જો મારો આટલો પણ અધિકાર પૂછવાનો ન હોય તો આપની જેવી મરજી.

ના, ના, બાળા. તેમાં રોષ લાવવાનું કાંઈ જ કારણ નથી, હું આપણા રાજ્યના પુરોહીતને ત્યાં ઘોડાના ખાસદાર તરીકે ખાવાપીવા માટે નોકરી રહ્યો છું. મૂળ તો રહેવાસી મારવાડનો છું. મારા પિતાશ્રી ત્યાંના નગરશેઠ છે તેમ જ મારી માતુશ્રી સુશીલ અને કર્તવ્ય પરાયણ છે. મારા પિતાશ્રી લાખોપતિ છે. તેમનો હું દિકરો.

મારા અને તેમના આદર્શોમાં ફેર હોવાથી મેં ગૃહત્યાગ કરી મેવાડ આવી પહોંચ્યો. અને ભાવીની ભીતરમાં શું સમાયું છે તેનો અનુભવ લેવા તેમજ ભાગ્યની કસોટીમાં પસાર થવા આ નોકરીનો સ્વીકાર કર્યો છે.

હું જાતે જૈન ઓસવાળ છું અને મારૂં નામ **દયાળ.**

વીરદયાળની વાત સાંભળી પાટમદેના આત્માને ઘણો જ હર્ષ પેદા થયો. આ યુવાનની વાત સાંભળી; તેનો ગુપ્ત ભાવ

કોઈ જુદી દિશામાં જ ઘસડાયો. અહા! શું સુંદર ચહેરો! શું તેની બહાદુરી! શું તેનામાં લાયકાત અને ગંભીરતા!

જો આપને હરકત ન હોય તો આપનું નામ જણાવશો તો ઉપકાર થશે.

મારૂં નામ પાટમદે, ઉદયપુરના નગરશેઠ સોહનલાલજી મારા પિતા થાય. અને હું પણ જૈન છું. પ્રભુ મહાવીરની ઉપાસક છું.

કેવું સુંદર નામ! તમારૂં નામ તો કોઈ અજબ પ્રિયતાવાળુ છે પણ આપ આ સમયે આ જગ્યા ઉપર ક્યાંથી?

હું સરોવર પર ફરતાં ફરતાં આ સ્થળ પર આવી પહોંચી હતી. હું હરહંમેશ આ પહાડોમાં એકલી જ ફરવા આવું છું તેમ આજે પણ આવી હતી, તેથી મને એકલી જોઈ અને સાથે કોઈ નહિ હોવાથી આ પાપીઓએ મારા ઉપર બદનજર કરી અને મને સતાવવા લાગ્યા, તેથી મારા શિયળના બચાવ માટે મેં મારી પાસે જે તીર હતા તેનો ઉપયોગ કર્યો અને બે ત્રણ પાપીઓને જમીનદોસ્ત કર્યાં. પણ જ્યારે તીરનો જથ્થો ખુટી ગયો અને મારૂં તીર ખાલી ગયું તેથી તે પાપીઓ મારા ઉપર હુમલો કરવા લાગ્યા ત્યાં તો આપ તુરત આવી પહોંચ્યા અને આ રંક બાળાની ઈજ્જત અને પ્રાણ બચાવ્યા. જો આપ ન આવ્યા હોત તો મારી શી દશા થાત તે તો પ્રભુ જાણે?

મોતની સાથે જંગ ખેલનાર ઘણા જ ઓછા હોય છે. વળી આપે અબળાની રક્ષા કરી જે બહાદુરી બતાવી છે તેના માટે આપને ધન્યવાદ ઘટે છે. આપનો આ ઉપકાર મારાથી જીંદગી સુધી ભુલાશે નહિં.

આમ વાતો ચાલતી હતી ત્યાં અચાનક પાટમદેની નજર દયાળના શરીર પર પડી અને એકદમ ચમકી, અરે! આ શું?

આટલું બધું લોહી નિકળતાં છતાં તમે નિડરતાથી વાતો કરો છો અને હસો છો.

દયાળના હાથ ઉપર દુશ્મનની તલવારનો ઘા પડ્યો હતો અને લોહી નિકળતું હતું છતાં દયાળને તેની જરા પણ દરકાર ન હતી.

તરત જ પાટમદેએ દયાળનો હાથ પકડી જમીનપર બેસાડ્યો અને પોતાની સાડીનો પાલવ ફાડી તેનો પાટો ઘા ઉપર મજબૂત બાંધ્યો.

પાટો બાંધતી વખતે પાટમદેના શરીરનો સ્પર્શ દયાળના શરીર સાથે થતાં દયાળના શરીરમાં કોઈ વિજળીનો આંચકો લાગ્યો અને હૃદયમાં કોઈ ગુપ્ત સંકેત જાગ્યો.

જ્યાં યુવાન બાળા અને યુવાન વીર એકાન્તે હોય ત્યાં પુછવાનું જ શું ?

પાટો બાંધતાં બંને જણા એકબીજાને સામસામા જોઈ રહ્યા, કોઈપણ સામાં જોતાં થાકે નહિ. આ વખતે જંગલમાં જાણે મંગળમય સમયની ઘડીઓની શરૂઆત થવાની ન હોય તેવો સુંદર મીઠો પવન અને શાન્તિનું સામ્રાજ્ય જામી રહ્યું હતું.

એકાએક દયાળની નજર જમીનપર પડી અને દોડી જમીન ઉપરથી કાંઈ ઉપાડી લીધું.

તમારી કટારી નિકળતાં જ તેમાંથી કાગળ [ચીઠ્ઠી] પડતાં મેં જોઈ હતી તેજ આ તો નહિં હોયને !

તે વાંચવા દયાળને જીજ્ઞાસા થઈ આવી અને તરત જ કાગળની ઘડી ખોલી વાંચવા લાગ્યો અને તેના મુખ ઉપર અવનવા ફેરફારો થવા લાગ્યા, તેના ચહેરા ઉપર ક્રોધની રેખાઓ જણાવવા લાગી તેમજ તે ગંભીર વિચારોમાં ગરકાવ થઈ ગયો.

[સ્વગત] કેવુ ભયંકર કાવત્રું ! શું પુરોહિત આટલો બધો ભયંકર માણસ છે? શું પોતાના માલીક ઉપરજ આવું કાવત્રું ? શું આપણા પાલણહાર રાજાના ઉપરજ આવો વજ્રપાતઃ કદાપી નહિં. [મોટેથી] મારા પ્રાણના ભોગે પણ એ લોકોની મુરાદ બર નહિં આવવા દઉં દયાળ બરાડી ઉઠયો.

એવું તે ચીઠ્ઠીમાં શું છે તે તમો ચમકો છો ? પાટમદેએ પૂછ્યું.

તેમાં ખાસ કાંઈજ નથી. આપ હવે ચાલો હું તમને તમારા મકાન સુધી મુકી જાઉં.

જેવી પ્રાણદાતાની આજ્ઞા! આપ અમારે ત્યાં રહેવા સારૂ આવશો ?

જેવી ભાવીની મરજી! જુના શેઠની મરજી વગર કેવી રીતે અવાય. દયાળે શાંતીથી જવાબ આપ્યો.

આમ બંને જણાં વાતો કરતાં કરતાં વાટ કાપતાં જતાં હતા ત્યાં મકાન આવી પહોંચ્યું તેથી પાટમદે બોલી કે "મારા પિતાશ્રીને મળ્યા સિવાય નહિં જવાય."

પૂરોહિત મારી વાટ જોતા હશે. વળી ફરીવાર કોઈ વખત મળીશું. અત્યારે તો હું જઈશ, દયાળે વિનયપૂર્વક રજા માંગી.

જેવી આપની મરજી, પણ જો, જો, હું બોલાવું ત્યારે આવવાનું ભુલશો નહિં. પાટમદેએ ગમગીન ચહેરે કહ્યું.

દયાળ છુટો પડી ચાલવા લાગ્યો અને ચાલતાં ચાલતાં વિચાર કરતો જતો હતો "શું બહાદુર બાળા ? શું તેનું સ્વરૂપ ? શું તેની સુંદરતા અને નીડરતા, વાહ ! કુદરત વાહ ! ! તારી પણ કોઈ અજબ ઘટના છે.

૧૨–પાટમદેની વિહ્વળતા.

દયાળથી છૂટા પડતાં પાટમદેના હૃદયની પરિસ્થિતિ ઘણી જ નાજુક થઈ ગઈ હતી. મકાનમાં પ્રવેશ કરતાં જ પોતાના પિતા સોહનલાલજી બેઠા હતા. પાટમદેને આવતાં જોઈ બેટા! પાટમ, આજે આટલી બધી મોડી કેમ?

પિતાશ્રી! આજ તો ઘણો ભયંકર પ્રસંગ મારા જીવન મરણનો બની ગયો છે, જ્યારે હું ઉદયસાગર ઉપર ફરવા ગઈ હતી અને ત્યાંથી જંગલના રસ્તે જતાં ભીલલુટારાઓએ મારા ઉપર બદદાનત કરવા ચેષ્ટા કરી તે વખતે મારી પાસે તીરકામઠું હતુ તેના વડે બે પાપીઓને યમદ્વાર પહોંચાડયા પણ મારા પાસેથી તીર ખૂટયાં તે વખતે પાપીઓએ મારા પર હુમલો શરૂ કરવા તૈયારી કરી ત્યાં તો પ્રભુએ એક નવયુવકને મદદગાર તરીકે મોકલ્યો, અને તે યુવકે પોતાના પ્રાણની પરવા ન કરતાં મારા જીવનનું રક્ષણ અને શિયળનો બચાવ કર્યો. બાપુજી! તે યુવાન એવો તો ગંભીર અને શૂરવીર હતો કે તેના ગુણના જેટલા વખાણ કરૂં તેટલા ઓછા છે. પાટમદેએ પિતાશ્રી સમક્ષ વાત કરી.

બેટા ! તેવો ભાગ્યશાળી યુવક કોણ હતો ?

તે નવયુવક આપણા પુરોહિતને ત્યાં ઘોડાના ખાસદાર તરીકે ખાવા પેટે નોકરી કરે છે. જાતે જૈન ઓસવાળ અને મહાવીરનો ઉપાસક છે. તેનું નામ દયાળ છે. પાટમે ખુલાસો કર્યો.

નામ સાંભળી શેઠ સોહનલાલના આત્માને અનેરો આનંદ થયો. વાહ ! પ્રભુ વાહ ! આજે તેં મારા કુળની લાજ રાખી મારી દીકરીનું ભાવી તેં સુધાર્યું. નહિંતો, દયાળની મદદ ન મળી હોત તો મારી દીકરીનું શું થાત !

પિતાશ્રી ! શું આપણે તે દયાળને આપણા ત્યાં ન રાખી શકીયે ?

બેટા ! ઈજ્જત અને તારા રક્ષણ માટે પોતાના પ્રાણની પણ પરવા ન કરનારનો ઉપકાર કઈ રીતે ભૂલી શકાય. બેટા, હાલને હાલ બોલાવવા માટે હું જાતે જ જાઉં છું. એમ બોલતાં શેઠ સોહનલાલ ઉઠ્યા.

બાપ દિકરીની વાતો પૂરી થઈ. પિતા પૂરોહિતને ત્યાં દયાળને બોલાવવા ગયા અને પાટમદે પોતાના રંગમંડપમાં હીંચોળાખાટ પર ઝુલવા લાગી. અને બોલવા લાગી “ વાહ, વાહ. દયાળ ! શું તારી તેજસ્વીતા, શું તારી નિડરતા, શું તારો માયાળુ સ્વભાવ જાણે તારો ચહેરો જાણે ઈંદ્રનો અવતાર સમો ન દિસતો હોય ? દયાળ, દયાળ. શું મારા પર કરેલા ઉપકારનો બદલો તું મારી પાસે નહિં માગે. હા, હા. જરૂર માગશે. દયાળ એવો છેક નિષ્ઠુર નહિં બને. પાટમ વિચારોની મસ્તિમાં પરોવાઈ ગઈ હતી અને તે આનંદમાં આવી જઈ ગીત ગાવા લાગી.

વાહરે દયાળ વાહરે દયાળ.

લાજ બચાવી પાટમ કેરી, આણી અંતર વ્હાલ.

વાહરે દયાળ.

તુજ વિયોગ નથી સહેવાતો, તારો ઉપકાર નથી ભુલાતો,
પાટમ સંભાળી રડતી, ક્યાં ગયો દયાળ. વાહરે દયાળ,

આ પ્રમાણે એકાંતમાં દયાળની જ જપમાળા જપતી હતી, તે વખતે પોતાની કેટલીક સાહેલીઓ આવી ને પૂછવા લાગી કે "કેમ! બ્હેન, આજે શા વિચારમાં પડી ગયાં છો કે અમારા સાથે બોલવાની પણ ફુરસદ નથી મળતી."

અત્યારે તમે કોઈ મને સતાવશો નહિં. મને હૃદયમાં કંઈ કંઈ થાય છે. અને મને તેની કંઈપિણ સમજણ પડતી નથી.

અરે! બ્હેન! એવું તે કયું દરદ તમને થયું છે? કંઈક દુઃખ દર્દની વાત તો કરો? તો તેના ઉપાય માટે વૈદને બોલાવવાની સમજણ પડે બાકી તો અમને શું ખબર પડે.

તમે બધીય નિષ્ઠુર છો! નાલાયક છો! જાઓ!!! આજે મારો જીવ ઘણો જ ચિંતામાં છે ને મને કશું ગમતું નથી.

બ્હેન! ત્યારે ગમતું મંગાવીએ, ક્યાં મળતું હશે? તેની દુકાનનો પત્તો લગાડી આપો તો અમો તમારા માટે ગમતું લઈ આવીએ.

આ સાંભળી પાટમદે બોલી,

"હૃદયહીણુ જ્યાં મનુષ્યો છે, હૃદયને કોણ પીછાણે,
હૃદયની ઉર્મીવાળો, હૃદયની ઉર્મી જાણે,
તેમાં સખીઓ શું જાણે?"

વાહ! બ્હેન! વાહ! આજ તો તમારા વર્તન ઉપરથી તમને ઘાયલ કરનાર કોઈ દુશ્મનનો ભેટો થયો હોય તેમ લાગે છે જોજે, દુશ્મનના તાબે થઈશ નહિં. જો થઈશ તો પછી અમારી બ્હેનપણીનું શું થશે? માટે એવા દુશ્મનને તો એવી શિક્ષા કરવી જોઈએ કે કોઈને ઘાયલ કરવાનું ભુલી જાય.

બ્હેનો! તમો શામાટે મારી મશ્કરી કરી મને દાઝ્યા ઉપર ડામ દો છો? તમારે ઘેર કાંઈ કામધંધો છે કે નહિં! જાઓ! તમારે ઘેર.

હશે, બ્હેન! અમારી ભૂલ થઈ, હવે અમે તમારે ત્યાં નહિં આવીએ. લ્યો, બ્હેન! આવજો. એમ કહી બધી સખીઓ જવા માટે ઉભી થઈ ચાલવા લાગી.

આમ સખીઓને જતાં દેખી એકદમ પાટમદે બોલી, બ્હેન, બેસો, બેસો, આજે આપણે સુંદર વાતો કરી આનંદ કરીએ.

" બ્હેન પ્રેમદત્તા, તારી કેટલા વર્ષની ઉંમર થઈ.

મને સત્તર વર્ષ પુરાં થયાં. પ્રેમદત્તા શરમાતી શરમાતી બોલી.

શું તારાં લગ્ન હજુ સુધી તારા બાપાએ કરવાનો વિચાર પણ કર્યો નથી? પાટમ બોલી.

બ્હેન, મારા માતાપિતા વિચાર તો ઘણાય કરે છે પણ કોઈ નવયુવક સારો સંસ્કારી મળવો જોઈએ ને? જ્યાં જુઓ ત્યાં કંઈકને કંઈક ખામી હોય જ. કેટલાક તો નવયુવાનો એવા જોયા કે બાપની કમાઈ પર તાગડધીન્ના કરતા હોય અને નઠારી સોબતમાં રહી દુરાચારો સેવતા હોય તેવા પતિ સાથે કદાચ પાનુ પડે તો બિચારીની કેવી સ્થિતિ–અને કેવી દશા થાય! તેથી જ લાયક યુવક સિવાય ગ્રહસ્થાશ્રમનું જીવન કદાપી કાળે પાર પડે નહિં માટે જ મારા પિતાશ્રી પણ લાયક યુવકની શોધમાં જ છે.

આમ સંસારનો લ્હાવો લેવાની વાતો સખીઓમાં અંદર અંદર ચાલે છે પરંતુ પાટમદેને તો દયાળ ભૂલાતો જ નથી. જેમ જેમ તેમની વાતો વધતી ગઈ તેમ તેમ વધારે ને વધારે દયાળને યાદ કરતી ગઈ.

૧૩–પૂરોહિતની હવેલી.

દયાળ પોતે પાટમદેને તેની હવેલી નજીક મૂકીને પોતાના શેઠ પૂરોહિતને ઘેર આવ્યો. અહીં શેઠ પણ તેની રાહ જોઈને જ બેઠા હતા, દયાળને જોઈ પૂરોહિત બોલ્યા "દયાળ! પૂજારીના શા સમાચાર છે?

પૂજારી તો દેવાલીમાં મજા કરે છે, બે દિવસથી બ્રહ્મભોજન હોવાથી રોકાઈ ગયો છે. દયાળે વિનયપૂર્વક જવાબ આપ્યો.

બ્રાહ્મણને લાડવા મળે એટલે સમયનું ભાન પણ ન રહે. અરે, દયાળ! તને સોહનલાલજી શેઠને ત્યાંથી માણસ બોલાવવા આવ્યો હતો, તારો શું વિચાર છે!

જેવી આપની મરજી, આપનો હુકમ હોય તે પ્રમાણે કરૂં. દયાળે નમ્રતાથી વિનયપૂર્વક કહ્યું.

દયાળની આવી વિવેકભરી ભાષાથી પૂરોહિતે રાજીખુશીથી સોહનલાલજી શેઠને ત્યાં જવાની રજા આપી, એટલે દયાળ જવાની તૈયારી કરતો હતો તેવામાં બીજી વખત સોહનલાલજી

શેઠ પોતે જ બોલાવવા આવ્યા એટલે પૂરોહિતનો આશિર્વાદ મેળવી શેઠની સાથે દયાળ ચાલ્યો.

ભલે દયાળ ચાલતો હતો પણ તેના વિચારો તો પેલી ચીઠ્ઠીમાં જ હતા, રાણાશ્રીની મુલાકાત કેવી રીતે મેળવવી તેની શોધ મન સાથે કરી રહ્યો હતો. જો આજને આજ મુલાકાત ન થાય તો મેવાડનું ભાવી હંમેશના માટે ભયંકર થઈ જાય માટે શું કરવું. તેના વિચારો ચાલે છે. તેવામાં......

કેમ, દયાળ! શા વિચારમાં છે? સોહનલાલ શેઠે પૂછ્યું.

કંઈ નહિં, તે તો મારો સ્વભાવ જ છે વિચાર આવ્યા જ કરે.

ના! ના! તે તારી વાત મારા માનવામાં આવતી નથી તું આજે કોઈ મહાન ઉંડા વિચારમાં હોય તેમ લાગે છે. ભલે! તું મારે ત્યાં આવે છે પણ તારા વિચારો આજે કોઈ જુદી જ દિશામાં પર્યટન કરે છે. તેવું તારૂં પોતાનું જ હૃદય કહી આપે છે. ભલે, ના કહે, જેવી તારી મરજી.

શેઠ, હું તો સાધારણ માણસ, મારા વિચાર ગમે તેવા હોય! તે શું અમલમાં લાવી શકવાને હું કંઈ શક્તિમાન નથી, માટે હું તો મારા ભાગ્ય ઉપર વિચાર કરૂં છું. તે બાબતની જરાપણ ચીંતા તમો ન કરશો. ભાવીના ભીતરની વાત તો ભાવી જાણે.

આ પ્રમાણે વાતો કરતાં કરતાં શેઠ અને દયાળ બંને જણા પોતાની હવેલી નજીક આવ્યા.

દૂરથી જ આવતાં દેખીને દયાળની વાટ જોતાં ઉભેલી પાટમદે તથા તેની માતાએ દયાળને આશિર્વાદ અને પાટમદેનો પ્રાણ બચાવનારને પાટમદેએ પુષ્પનો હાર પહેરાવી હૃદયથી સન્માન કર્યાં ને અંદર લઈ ગયાં.

સોહનલાલજી શેઠના મગજમાં કોઈ જુદો જ વિચાર ચાલી રહેલ હતો. "દયાળ કોઈ સાધારણ વ્યક્તિ નથી માટે તેના સહવાસમાં આવવું અને તેના ચારિત્રની કસોટી કરવી ને વખત આવે ત્યારે સોનું કસોટી ઉપર કસી જોયા પછી મૂળ વાત પર આવીશું." આવા વિચારો પોતાના મનમાં કરતા હતા, ત્યાં ફરીવાર પાછો એજ ખ્યાલ આવ્યો. તેથી તેઓ બોલ્યા.

ભાઈ, દયાળ. જરા આમ આવો.

આ આવ્યો, એમ બોલતો બે હાથ જોડી વિનયપૂર્વક સામે આવી ઉભો.

ભાઈ દયાળ, તું મને જુદો સમજે છે?

ના, ના, શેઠ, હું તો આપને મારા પૂ. પિતા સમાન ગણું છું. દયાળે પૂજ્યભાવથી જવાબ આપ્યો.

જો તું મને હૃદયથી જ ચાહતો હોય તો મને સાચે સાચું કહે કે તું રસ્તામાં શા વિચાર કરતો હતો? શું તને તારા માતાપિતા યાદ આવ્યા છે? શું તને ત્હારી માતૃભૂમિ યાદ આવી છે? જે હોય તે મને જલ્દી કહી દે. ભાઈ દયાળ! તારે જે દુઃખ હોય તે મને વિના વિલંબે સત્વર કહે. તું ન કહે તો તને મારી સોગંદ છે, અને જો......

આમ વાતો ચાલતી હતી ત્યાંજ પાટમદે આવી પહોંચી બાપુજી! શી બાબત છે?

બેટા પાટમ, જોને દયાળ મને કહેતો નથી કે પોતે શા વિચારોમાં છે અથવા ક્યા વિચારોમાં મુંઝાય છે તે સંબંધી મેં મારા સોગંદ આપ્યા છે છતાંય તે બોલતો નથી.

બાપુજી! ગમે તે બાબત હોય પણ તેમને જ્યારે મને જંગલમાં બચાવી તે વખતે તેમના વાંચવામાં એક ચીઠ્ઠી આવેલી

ત્યાર પછી જ તેમના મગજમાં કંઇક ગુસ્સો અને ક્રોધની શરૂઆત થઈ છે પણ મને કંઈ તે બાબતમાં વજુદ ન લાગવાથી મેં કાંઇપિણુ પૂછવાનો આગ્રહ કર્યો નહોતો.

આ પ્રમાણે પાટમનું બોલવું સાંભળી દયાળ સતેજ થયો અને પાટમ પ્રતિ ફરીને બોલ્યો. બાળા! હજી તમે બાળક છો ! ગંભીરતા ધારણ કરો. સમય આવ્યા સિવાય કોઈ વાત ઉચ્ચારવામાં મહાન નુકસાન થાય છે.

પાટમ દયાળનું બોલવું સાંભળી ચુપ રહી. એટલે સોહનલાલ શેઠ બોલ્યાં કે " બધી વાત આપોઆપ જણાશે."

પૂ. પિતાતુલ્ય શેઠશ્રી! આપ મને વચન આપો તો એક માંગણી મારે આપની પાસે કરવા ઇચ્છા છે અને તે માંગણી મારા સ્વાર્થની નથી પણ આખા મેવાડના લાભની છે.

બેટા દયાળ! બોલ, જલ્દી બોલ. તું કહે તે કરવા તૈયાર છું મારા પ્રત્યે વિશ્વાસ રાખી જે જોઇએ તે માંગણી કર.

મારે આપની પાસેથી કાંઈ જોઈતું નથી પરંતુ મારી એકજ માંગણી છે કે ગમે તેમ કરીને પણ મને આપ હાલને હાલ આ ઘડીએ જ નામદાર મહારાણાશ્રીની મુલાકાત કરાવી આપો. મારે તેમની સાથે કાંઇક વાત કરવી છે.

દયાળની આવી વિચિત્ર પ્રકારની માંગણીથી શેઠ વિમાસણમાં પડી ગયા. આ યુવાન મહારાણાની મુલાકાત ક્યા કારણસર માગતો હશે અને તેમાં એવું તે શું રહસ્ય છુપાયું હશે. ખેર! ગમે તે હોય પણ મારે મારૂં બોલેલું વચન પાળવું જ જોઇએ અને મહારાણાશ્રીની મુલાકાત કરાવી આપવી જ જોઇએ ને ? જરાપણ વિલંબ કર્યા સિવાય તુરત જ શેઠ દયાળને લઇને મહારાણાશ્રી પાસે ગયા. આ વખતે આશરે રાતના દસ વાગ્યા

હશે. અને મહારાણાશ્રીને ચપરાશી દ્વારા ખબર કહેવડાવ્યા.

નામદાર ! અહિંના નગરશેઠ આપની મુલાકાત લેવા ઇચ્છે છે ? ચપરાશીએ મહારાણાશ્રીની આજ્ઞા માગી.

જાવ, અહીંઆ બોલાવી લાવો.

નગરશેઠ તથા દયાળ મહારાણાશ્રીની પાસે આવી વિનયપૂર્વક વંદન કરી ઉભાં રહ્યાં.

રાણા બોલ્યા. કેમ ? આ ઘડીએ આપને પધારવાનું શું કારણ પડ્યું ?

નામદાર ! કારણ માત્ર એટલું જ છે કે આપ નામદારની આ યુવાન એકાન્તમાં મુલાકાત ઇચ્છે છે. શેઠે જવાબ આપ્યો.

આથી મહારાણાશ્રીએ નગરશેઠના આગ્રહને વશ થઇ તે યુવાનને પોતાની પાસે બોલાવ્યો. તે યુવાન આવ્યો અને રાણાશ્રીની પાસે વંદન કરી ઉભો રહ્યો એટલે શેઠ રાણાશ્રીની રજા લઈ પોતાના નિવાસસ્થાન તરફ ચાલ્યા.

૧૪–દયાળની નિડરતા.

યુવાન! તારે મારી એકાન્ત મુલાકાતનું શું પ્રયોજન છે? જે હોય તે મને ખુશીથી કહી સંભળાવ. શું તું કોઇ જાતના દુઃખથી આવ્યો છું કે મ્લેચ્છોના ત્રાસથી તારો બચાવ કરવા આવ્યો છું કે બીજા કોઈ કારણથી આવ્યો છું? જે કોઈ કારણથી આવ્યો હોય તે કારણ વિના સંકોચે સત્વર જણાવ. શેઠના ગયા પછી મહારાણાશ્રીએ પુછ્યું.

નામદાર મહારાણાશ્રી! આપશ્રીના રાજ્યમાં મને કોઈપણ પ્રકારનું દુઃખ નથી પણ ફક્ત હું તો આપ નામદારને એક વાતની વિનંતિ કરવા અત્રે આવ્યો છું. દયાળે મહારાણા પ્રતિ જવાબ વાળ્યો.

ઘણી ખુશીથી, તારે જે કાંઈ વિનંતિ કરવી હોય તે કર.

તો સાંભળો, નામદાર! બરાબર ધ્યાન દઈને. "આપ હવેથી એટલે આવતી કાલના સવારથી દૂધ પીવાનું બંધ કરશો, તો

મેવાડ પર મોટો ઉપકાર થશે.” કારણ કે જેમ ભામાશાહ મહારાણાશ્રી પ્રતાપસિંહની સેવા કરી કૃતાર્થ થયો તેમ હું પણ મારવાડમાંથી આપ નામદારશ્રીની સેવા કરવાના ઇરાદાથી જ મેવાડમાં આવ્યો છું. અને મારા ભાગ્યથી આપશ્રીની સેવા કરવાનો સુયોગ વહેલો મળી ગયો હોવાથી હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આપ આ ગરિબ બાળકની વિનંતી ધ્યાનમાં લઈ હવે આપ આવતી કાલથી દુધ પીવાનું બંધ રાખશો તો મોટો ઉપકાર મેવાડ ઉપર થયો સમજીશ. દયાળે નમ્રપણે પણ નિડરતાથી કહ્યું.

આ સાંભળી મહારાણા જરા વિસ્મય પામ્યા પણ જરાય આશ્ચર્ય કે અચંબાની રેખા ન બતાવતા ગુસ્સામાં બોલ્યા. યુવક! તું જે બોલે છે તેની શી ખાત્રી! મારો કોઈ દુશ્મન નથી તેમ કોઈ દુશ્મનની અહિં આવવાની તાકાત નથી, માટે જે કાંઈ બોલે તે સંભાળીને બોલજે, નહિં તો સમજજે કે રાણા રાજસિંહ આગળ કપટ નહિં ચાલે. સમજ્યો? હાલમાં તું ક્યાં રહે છે? તારૂં નામ શું છે? આંખો લાલચોળ કરી ગુસ્સામાં આવી જઈ રાણાજી બોલ્યા.

નામદાર! મારૂં નામ દયાળ. જ્ઞાતે ઓસવાળ વાણિઆ, અને હાલમાં નગરશેઠ સોહનલાલજીને ત્યાં મારો નિવાસસ્થાન છે. વળી નામદારશ્રી! મોતની બીક તો મારા હૃદયમાં નથી, કારણ જૈનો કર્મવાદી છે. વળી એટલું યાદ રાખશો “આપશ્રીના દુશ્મન, શત્રુ નહિ પણ આપના જ રાજ્યમહેલના મિત્રો છે.” તે વખત આવે આપશ્રીને સમજાઇ જશે. નામદાર! આપશ્રીને આ ગરીબ બાળકની એટલી ખાસ વિનંતી છે અને તે લક્ષ રાખશો “આવતી કાલ સવારના પહોરમાં દાસી પરાજીતા દુધ

આપવા આવશે તેજ દૂધમાં ઝેર–વિષ ભેળવેલું હશે માટે તે પીશો નહિ." "જો આ વાત મારી ખોટી પડે તો આપ નામદારશ્રીના ચર્ણોમાં મારૂં શીર ઉતારી આપીશ." નામદાર! જરા ગંભીર થજો અને મેં કહ્યું તે લક્ષમાં રાખશો તોજ સારૂં છે નહિં તો પરિણામ ખરાબ જ છે. દયાળે બેપરવાઈથી નિડરપણે કહ્યું.

આવી દયાળની વાત સાંભળી મહારાણાશ્રી તો સ્તબ્ધ જ થઈ ગયા. અને વિચારમાં પડ્યા "ક્યારે સવાર પડે અને આ વાતનો ભેદ માલૂમ પડે."

દયાળે મહારાણા સમક્ષ સાફ સાફ શબ્દોમાં વાત કરી રજા માંગી ને પોતાના નિવાસ સ્થાને આવ્યો.

દયાળ! શું તારે મહારાણાશ્રીની સાથે વાત થઈને? દયાળની રાહ જોતાં પાટમ તથા સોહનલાલજી જાગતા હતા અને મોડી રાતે દયાળને આવતો જોઈ શેઠે આનંદ પામી પૂછ્યું.

હા, વડીલશ્રી! મેં મારૂં જીવન આજે પ્રભુના આશરે સોંપ્યું છે. કાલ સવારે જે થાય તે ખરૂં. અત્યારે તો દયાળે પોતાની બાજી પ્રભુના ભરોસે મૂકી છે. ચાહે તો તારે યા મારે.

પાટમદે દયાળની વાત કહેવાની રીત બરાબર સમજી શકી નહિં. એટલે તેણે પૂછ્યું કે "શું તમે મને પણ વાત નહિં કરો ને?

અરે! ઘેલી, તને કેમ વાત ન કરૂં? પણ જ્ઞાનિ પુરૂષો કહી ગયા છે "કાર્યનું પરિણામ આવ્યા સિવાય કાર્યની મહત્તા બતાવવાથી તે કાર્ય નિષ્ફળ જાય છે." માટે જે થાય તે જોયા કરો, કાલનું ભાવી ઇશ્વર જાણે.

૧૫–રાજ્ય ખટપટ.

દયાળ પોતાના નિવાસસ્થાન તરફ ગયા પછી રાણાશ્રી વધારે બેચેન બન્યા, શું મારા જ મિત્રો મારો પ્રાણ હરવાનું કાવત્રું રચી રહ્યા છે. આ કાવત્રાની ગંધ પણ રાણાશ્રીને આવી નહોતી. પરંતુ આ વાતનું મૂળ શું છે તે જાણવા વાંચકવર્ગ ઉતાવળો થાય તે સ્વાભાવીક છે. પણ હવે વાંચકવર્ગને વધારે રાહ જોવી નહિ પડે.

મહારાણા શ્રીરાજસિંહને બે પુત્રો હતા એકનું નામ ભિમસિંહ અને બીજાનું નામ જયસિંહ હતું. રાણાશ્રીનો વિચાર જયસિંહને ગાદી આપવાનો હતો તેથી ભિમસિંહની માતાએ પૂરોહિતને પોતાના કબજામાં લીધો અને રાણાશ્રીને મારી નાંખવા અને પોતાના પુત્ર ભિમસિંહને રાજ્ય ગાદી અપાવવા સારૂ આવું ષડ્યંત્ર ગોઠવવામાં આવ્યું તેથી જ રાણાશ્રીને રોજના પીવાના દૂધમાં ઝેર આપવાની ગોઠવણ કરવામાં આવી હતી.

રાજ્યલોભ શું નથી કરતું ! રાણી પોતે જ પોતાના પતિનો

જીવ લેવા તૈયાર થાય. પુત્ર પિતાનો પ્રાણ હણવા તૈયાર હોય, અને ભાઈ ભાઈનો પ્રાણ લેવા ઉભો થાય. આ બધું શા માટે? સત્તાનો મદ શું નથી કરી શકતો?

આટલું જાણ્યા પછી વાંચકવર્ગ! આગળ હવે શું બને છે તે જાણવા અધીરો થશે. સવાર થતાં મહારાણા પથારીનો ત્યાગ કરી ઉઠ્યા ને શૌચ, સ્નાન અને પુજાદિના કાર્યથી પરવારી પોતાના આરામ ભુવનમાં બેઠા હતા. આ વખતે જ દાસી સોનાના કટોરામાં દુધ લઈ મહારાજાને આપવા સારૂ આવી. દાસી આવી પહોંચી તે જાણીને રાણાશ્રીએ સભ્યતાપૂર્વક કહ્યું.

દાસી! આજે તો તારૂં આ દૂધ પીવાથી મારી મેવાડનો ઉદ્ધાર થઈ જશે અને મારી સારીય પ્રજા દૂધ પાનારીને આશિર્વાદ આપશે. કેમ ખરૂંને?

રાણાશ્રીની આવી વિચિત્ર વાતો સાંભળી દાસી સ્તબ્ધ થઈ ગઈ અને ઠાવકું મૂખ રાખી બોલી, અન્નદાતા! અમારા જેવા ગરીબ ગોલાની મશ્કરી કરી શું કામ પજવો છો?

અરે! તને ગોલી કેમ કહેવાય તું તો એવી બહાદુર છે કે "જે કામ મેવાડનો શૂરવીરમાં શૂરવીર બહાદૂર પણ ન કરી શકે તેવું મહાન કઠણ કામ આજે તું તારા હાથેજ કરવા આવી છે" એટલે મારે તો તને શાબાશી આપવી જ જોઈએ!

જેમ જેમ રાણા બોલતા ગયા તેમ તેમ દાસીના હાથ ધ્રૂજવા લાગ્યા અને શરીર કંપવા લાગ્યું છતાં તેની રાણાને ખબર ન પડે અને વહેમ ન આવે તેમ કરીને કહેવા લાગી કે "નામદાર! દુધ તો ઠંડું પડી જશે માટે કૃપા કરી દુધને આરોગો.

ઓહો!!! શું રાણીને અને દાસીને મ્હારા માટે આટલી

બધી ચિંતા. અરે! મારા દૂધ માટે પણ આટલી બધી ચિંતા! જો તારી મરજી એમ જ છે કે મારે દૂધ પીવું જ જોઈએ અને તારો હુકમ માનવો જ જોઈએ, તો ઠીક, લાવ્ય! દૂધનો કટોરો.

આથી તુરત જ દાસીએ દૂધનો કટોરો મહારાણાશ્રીને એક પણ ક્ષણના વિલંબ વગર હાથમાં આપ્યો. તરત જ રાણાશ્રીએ પણ લઈ લીધો ને તેના સામું જોઈ બોલ્યા, દૂધમાં સુંદર મસાલો, ઉંચામાં ઉંચા ઉત્તમ માદક પદાર્થો, શું તેની સુવાસ, શું તેની લહેજત, આવું સુંદર દૂધ તો હું હંમેશાં પીઉં છું પણ તું તે કોઈ દિવસ પીવાને ભાગ્યશાળી થઈ નહીં હોય! આજનું આ સુંદર દૂધ તું જ પી જા. આજે મેવાડનો રાણો તારા ઉપર ખુશ ખુશ થયો છે કે પોતાને પીવાનું અમૃતમય દૂધ પોતાની દાસીને પીવા આપે છે.

આ જોઈ દાસી આશ્ચર્ય પામતી બોલી. ના, ના, નામદાર! તે તો આપના માટે જ છે. અને તે આપને જ પીવું જોઇએ. મારાથી તો ન પીવાય.

કેમ નહિં પીવાય?

ના, ના, મારાથી નહિં પીવાય. મને માફ કરો. તે પીવાથી મને કંટાળો આવે છે. માટે અન્નદાતા! હું તો નહિં પીવું. આપ જ પી જાવ.

ખબરદાર! તારે પીવું જ પડશે. જો નહિં પીએ તો તને આજે પરાણે પીવડાવીશ.

જ્યાં દાસી દૂધ પીવાને નાજ પાડે છે ત્યારે રાણા પરાણે પીવડાવવા આગ્રહ કરે છે છતાં તે પીતી નથી એટલે પરાણે પીવડાવવા જાય છે. આથી દાસી એકદમ બે હાથ જોડી બોલી ઊઠી, નામદાર ક્ષમા કરો. આમાં તો ઝેર ભેળવેલું છે.

કોણે ?

રાજ્યતેજ તે સહન ન કરી શકવાથી જે વાત હતી તે બધી સાચેસાચી કહી દીધી. "આ ક્રમ રાજમાતા અને પૂરોહિતના છે" એટલે સુધી પણ કહી દીધું. નામદાર, હું તો આમાં નિર્દોષ છું. ફક્ત હું લાલચમાં લપટાઇને આવું ગોઝારૂં કૃત્ય કરવા ઉભી થઈ હતી. અન્નદાતા! આ ગરિબ અબળાને જીવતદાન આપો.

આ બધું ષડ્યંત્ર જાણી રાણાશ્રીના ગુસ્સાનો પાર ન રહ્યો. તુરત જ સેનાપતિને બોલાવ્યો, રાણીને જેલમાં લઈ જવા હુકમ ફરમાવ્યો ને પૂરોહિતને ઘેર મકાન ઉપર જપ્તી કરી તેને પકડી મંગાવ્યો. અને કુતરાની માફક હડધુત કરી મેવાડની હદ બહાર કરવાનો હુકમ સંભળાવ્યો.

આવી રીતે રાજલોભમાં માણસ પોતે પોતાનું કર્તવ્ય ભૂલી જઈ પિશાચીક ભાવના પોષવા માટે અનેક જાતના ભયંકરમાં ભયંકર પાપના ભાગિદાર બની આખરે પોતે બેહાલ સ્થિતિ ભોગવે છે.

અહાહાહા......દયાળના શબ્દો સાચા પડયા, શત્રુ દુશ્મન નહિં પણ મિત્ર. ધન્ય છે દયાળ! તારી રાજ્યભક્તિ અને તારી નિડરતાને! આજે તેં ભામાશાહની કીર્તિ ઉજ્જવલ કરી "જૈન" તરીકે ગૌરવ વધારી તારી ફરજ બજાવી છે.

૧૬–પાટમદેની સેવા.

પાટમદે તો હંમેશના નિયમ પ્રમાણે સવારના પહોરમાં પોતાના વિશ્વાસુ માણસોને લઇ ગરિબોની ઝુંપડીમાં જતી અને તેઓના બાળકોને રમાડતી અને જે કંઇ અગવડ હોય તેની કાળજીભરી સગવડ કરી આપી સેવાનો ધર્મ શીખવતી હતી, સેવા એજ સાચો ધર્મ છે એવું પોતે સારી રીતે સમજતી હતી. સેવામાં જ્ઞાતિભેદ રાખતી નહોતી. જૈન હો યા તો જૈનેત્તર હોય પરંતુ બધાની સાથે ભ્રાતૃભાવથી ચહાતી અને પોતાથી બનતી તમામ સેવા વિના સંકોચે આપતી.

તે ગરીબોની સેવાનું કાર્ય પતાવી જૈન મંદિરે દર્શન કરવા જતી, દર્શન કર્યાં પછી જૈન ઉપાશ્રયમાં આચાર્ય મહારાજશ્રી માનસૂરિશ્વરશ્રીના વ્યાખ્યાનમાં જતી અને શાન્તિથી સૂરિશ્વરશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરતી હતી.

જ્યારે પાટમદે ઉપાશ્રયમાં આવતી તેવી રીતે આજે પણ

આવીને બેસતી અને એકચિત્તથી શ્રવણ કરતી હતી તેવામાં વ્યાખ્યાન અચાનક બંધ થયું એટલે ચિત્ત બીજી તરફ દોરાયું. ગુરૂદેવ ! આજ તો મેવાડના ભાગ્યવિધાતાને પ્રભુએ બચાવ્યો એમ બોલતાં બે ચાર શ્રાવકો દોડી આવેલા જોયા.

"પ્રભુ તો છે જ." પણ આપણા નગરશેઠ સોહનલાલજીને ત્યાં એક છોકરો દયાળ કરીને નવયુવાન રહે છે તેને રાણાજીને બચાવ્યા. આવનાર શ્રાવકો બોલ્યા.

એવું શું થયું હતું ! વ્યાખ્યાન સાંભળનાર કેટલાક ચમક્યા.

રાણીજી અને પૂરોહિતે ઝેર આપવાનું કાવત્રું રાણાશ્રીને મારી નાંખવા માટે કરેલું તે ખુલ્લું પાડનાર વીર દયાળની જ હિંમત ચાલે. આ પ્રમાણે વાતો ચાલવા લાગી.

તે સાંભળી આચાર્યને જરા હસવું આવ્યું.

આચાર્યશ્રી હસ્યા તે પાટમદેના જોવામાં આવ્યું. પાટમદે સમજી કે ગુરૂદેવ સાધારણ વ્યક્તિ નથી જરૂર કોઇ મહાપુરૂષ હોય તેમ લાગે છે. પોતાના મનમાં વિચાર કરતી હતી ત્યાં પોતાના પિતા સોહનલાલને વાંદવા આવતાં દીઠા પણ આપણો દયાળ તો શાંતીથી પોતે પોતાના શયનગૃહમાં નીદ્રા લે છે તેને કશી પણ પડી નથી કુદરત કુદરતનું કામ કર્યા કરે છે માટે શા સારૂં ચીંતા કરવી જોઈએ.

ભાવીના ભરોસા ઉપર જીવવાવાળો આપણો દયાળ કેવળ ઘણા દિવસની નિદ્રા બાકી હતી તે પુરી કરવા નિરાંતે ઉંઘે છે.

આચાર્ય માનસૂરિશ્વરજીએ આ વાત સાંભળી એટલે દયાળ-પ્રતિ આનંદ ઉપજ્યો. આ તરફ સોહનલાલ શેઠને ગુરૂદેવે કહ્યું "આ આવેલી પારસમણી સંભાળજો; ખોશો નહિં.

સોહનલાલ શેઠ કાંઇક કહેવાને જ આવ્યા હતા પણ ગુરૂદેવના

વચન સાંભળી પોતાનો વિચાર ન જણાવતાં "જેવી આપની આજ્ઞા" એમ બોલતાં પોતાના મકાન તરફ આવ્યા.

આવા બહાદુરી ભર્યાં સમાચાર જાણી કોના હૃદયને આનંદ ન થાય? પાટમદેના હૃદયમાં તો અનેક વિધવિધ વિચારો આવી રહ્યાં "શું દયાળની નિડરતા, શું તેનો નિરાભિમાની સ્વભાવ, જાણે કોઇ ઇશ્વરના ઘરનો ફીરસ્તો. આજે જો મેવાડનો ભાગ્ય-વિધાતા મહારાણા બચવા પામ્યા હોય તો તે પ્રતાપ દયાળની નિડરતા અને તેની હિંમતને આભારી છે. જે માતાની કુખે અવતાર પામ્યો તે માતાને પણ ધન્યવાદ છે.

અલ્યા! દયાળ ક્યાં છે? મકાને આવતાં જ સોહનલાલ શેઠે નોકરને પૂછ્યું.

હજુ ઉઠ્યા નથી. નોકરે પ્રત્યુત્તર આપ્યો.

આથી પાટમદે તુરત જ દયાળને જગાડવા ગઈ. પરંતુ દયાળ શાંત નિંદ્રામાં પોઢેલો છતાં મહાન દિવ્ય ક્રાન્તિ જેવો લાગતો થકો શરીરના તમામ અવયવો સુંદર અને ઘાટીલા જણાતા હતા. જેમ જેમ પાટમદે દયાળ તરફ જોતી તેમ તેમ તેના હૃદયમાં કોઇ અનેરો છુપો પ્રેમ જાગ્રત થતો જતો હતો. હે! ઇશ્વર, મને આ શૂરવીરની સેવા કરવાનું ભાગ્ય પ્રાપ્ત નહિં જ થાય. આ વિચારમાંને વિચારમાં પાટમદેના હાથમાંથી પાણીને. ભરેલો લોટો જમીન ઉપર પડી ગયો ને અવાજ થયો. આ અવાજ સાંભળી દયાળ એકદમ ચમકી ઉઠયો પરંતુ પાટમદેને જોતાં જ પોતે પોતાના કપડાં સ્વસ્થ કરતો પથારીમાંથી ઉભો થયો. આજે હું જરા વધારે ઉંઘી ગયો હતો ને? પાટમ, માફ કરજો.

હવે શેઠો! માફ કરવાની વખત આવશે ત્યારે માફ થશે.

હવે દંતધાવન કરી જરા શિરામણ કરી લ્યો, જાણે કાંઈ જ બન્યું ન હોય તેવી રીતે પાટમે કીધું કે હવે ઝઝું ઉંઘશો નહિં.

રાજ્યમાં તોફાન મચાવી નારદમુનીને ઉંઘ આવે છે. વાહરે વાહ ! નારદરાજ !

પાટમદેની આવી પ્રેમાળ વાતો સાંભળી દયાળ પોતાના આત્માને આનંદ અનુભવતો કામે લાગ્યો. બીજી તરફ પાટમદેના માતાપિતા બન્ને જણની ગુપ્ત વાતો સાંભળી અને પ્રેમાળ લાગણી જોઇ મનમાં ખુશ થતાં વાતો કરવા લાગ્યા " હાલ શી ઉતાવળ છે, વિધિએ તેના માટે તૈયાર કરી મૂકયો હશે " એ વાત ગુરૂદેવની સાચી જણાય છે. બંન્ને માતાપિતાએ ગાંઠ વાળી. પાટમ ! જોને દયાળને જગાડને ? આથી પાટમ તેને જગાડવા જાય છે પણ દયાળ તેને સામો જ મળ્યો. તે માતાપિતાની નજીક આવી પગે લાગ્યો.

ત્યારપછી દયાળે દંતધાવણ પતાવ્યું ને શિરામણ કરવા બેઠો પાટમની મા પિસરવા ગઈ એટલે પાટમ બોલી. જોજે તેમને વધારે ખાવા ન આપતી ! નહિં તો પાછા ઉંઘી જશે તો જગાડવા મુશ્કેલ થશે.

બેટા ! દયાળને કેટલા દિવસનો થાક લાગ્યો હશે. જેણે પોતાના ઘેર વૈભવ, વાડી ભોગવેલા હોય તેવા યુવકને પ્રભુ પ્રતાપે કદાચ નિંદ્રા લેવાનો ટાઇમ આવે અને નિંદ્રા લે તો તારૂં શું બગડી જાય. આપણા પુણ્યબળથી જ્યારથી તેના પગલા થયા છે ત્યારથી તો મારી હવેલીમાં આનંદ ને લીલાલહેર છે સમજી !

ભલે ! તમો બધા એક થાઓ. આપણે તો અલગ રહીશું. તમારી વાતમાં મારા જેવી બાળકનું કામ નહી પણ જોજે મા, હું દયાળને ઉંઘવા જ નહિં દઉં. એમ કહી પાટમદે અભ્યાસ ગ્રહમાં ચાલી ગઇ.

૧૭–ભાગ્યદેવીની કૃપા.

ભાવિના ભીતરની ખબર જો મનુષ્યને પડતી હોય તો પછી બાકી શું રહે? સોહનલાલ શેઠ અને અન્ય ગૃહસ્થો દિવાનખાનામાં પણ દયાળની જ વાતો કરતા હતા અને પૂરોહિત તથા રાજમાતા માટે ગમે તેમ બોલતા હતા આ વખતે રાજસિંહ તરફથી સોહનલાલ તથા દયાળને બોલાવવાનું તેડું લઈ સેનાપતિ આવ્યા તેમને આવતાં દેખી શેઠ ઉભા થઈ આવકાર આપ્યો ને પૂછ્યું પધારો, સાહેબ! આપને આવવાનું કારણ ?

મહારાણાશ્રી આપને તથા દયાળભાઈને તુરત જ જરાપણ વિલંબ વગર રાજમહેલમાં બોલાવે છે, તો આપ દયાળભાઈને સાથે લઈ તત્કાળ પધારો.

શેઠ અને દયાળ રાજમહેલ તરફ જવાને તૈયાર થયા કે તુરત જ પાછળથી બૂમ આવી. બાપુજી! ઉભા રહો. મારી માતાજી ઘરમાં બોલાવે છે. પાટમદે પાછળ દોડતી આવી બોલી.

કેમ ? અત્યારે શું કામ પડયું ? શામાટે મને બોલાવ્યો. અંદર જતાં જતાં જ શેઠ બોલ્યા.

શેઠાણીએ સામે આવતાં જવાબ વાળ્યો કે જરા ગોળ વાંદીને જાવ. જીનેશ્વર ભગવાન સૌ સારાં વાના કરશે, શેઠ પણ શુકનને માનતા હોવાથી ગોળ વાંદયો અને દયાળને બોલાવી વંદાવ્યો. દયાળ શેઠાણીને પગે લાગ્યો એટલે શેઠાણી બોલ્યા કે "પ્રભુ તમારી મુરાદ પાર પાડો. જાઓ, બેટા ! ભગવાન સૌ સારાં વાનાં કરશે" શેઠાણી આશિર્વાદ આપતાં આપતાં બોલ્યાં.

શેઠ તથા દયાળ બેઉ જણા મહારાણાશ્રીને વિનયપૂર્વક નમસ્કાર કરી સામા ઉભા રહ્યા.

દયાળ, તમો ત્યાં ઉભા કેમ રહ્યા, આ (સામે આંગળી બતાવી) આસન પર બેસો.

નામદાર ! એ આસનને હું લાયક નથી. મને આપના સન્મુખ ઉભા રહી જે આનંદ આવે છે તે આનદ આસન ઉપર બેસવાથી નહિં આવે.

નગરશેઠ, મેં આપને શા સારૂં બોલાવ્યા છે તે આપ જાણો છો ? તેનું કારણ આપની સલાહ લેવાની જરૂર જણાઈ તેથી બોલાવ્યા છે.

નગરશેઠ બોલ્યા કે; જે હોય તે ખુશીથી કહો. નામદાર ! સેવક આપશ્રીનો હુકમ શિરોમાન્ય ગણે છે.

તો સાંભળો ! જો દયાળે ગઇ કાલે રાતે મને ચેતવ્યો ન હોત તો આ રાણો આજે તમારી સમક્ષ જીવતો નજ હોત. મને જીવતદાન આપ્યું હોય તો તેણે જ આપ્યું છે, માટે દયાળનો જેટલો ઉપકાર માંનું તેટલો ઓછો છે. તેની નિડરતા, તેની વર્તણુંક જોતાં મને તેના ઉપર અડગ શ્રદ્ધા અને વિશ્વાસ બેઠો છે.

અન્નદાતા ! આપ તો હિન્દુ જ્ઞાતિના રક્ષક છો, મ્લેચ્છના શત્રુ છો, અને મેવાડના શિરતાજ છો. આપ નામદારની સેવા બજાવવી એ તો મારો પોતાનો ધર્મ સમજું છું—મ્હારી ફરજ માત્ર ગણું છું. તેમાં ઉપકાર શાનો ? દયાળે જવાબ આપ્યો.

મારે તારા કામના બદલામાં તને એવી ભયંકર શિક્ષા આપવાની છે કે તું જીંદગી સુધી મારા કેદખાનામાંથી છટકી ન શકે સમજ્યો !

નામદાર, એવા તે મારા ભાગ્ય ક્યાંથી ? આપની સેવા કરતાં આપણી મીઠી ભાષાનું કેદખાનું મને સ્વર્ગ કરતાં પણ સુંદર લાગશે.

શેઠ ! દયાળને મારા રાજ્યના મહામંત્રીનું પદ આપવા માગું છું. અને જીંદગી સુધી રાજ્ય અને પ્રજાનો માનીતો બનાવવા ઇચ્છું છું. પરંતુ એટલું ચોક્કસ સમજજો કે દયાળના કરેલા ઉપકારના બદલામાં હું કશુંજ કરી શકતો નથી. અને કરતો પણ નથી. આજ સાંજે જ દરબાર ભરી દયાળની મંત્રી તરીકેની નિમણુંક કરૂં છું. આપ હવે પધારો. ને ટાઇમસર વહેલા આવશો.

જ્યારે શાહ ઔરંગઝેબ જેવા સાથે યુદ્ધમાં ઉતરવું પડશે ત્યારે દયાળ જેવા મહામંત્રીની બુદ્ધિ ઘણી જ ઉપયોગી થઈ પડશે. દયાળ દરેક બાબતે યોગ્ય જ છે અને તે દરેક રીતે મંત્રી પદને લાયક છે. હું દરબાર ભરવાનો હુકમ આપું છું. માટે લાયકને લાયક જ માન મળવું જ જોઈએ.

છપ્પો.

ભાગ્ય દશા બદલાય, બધું બદલાઈ જાતું,
થાય રંકનો રાય, જ્યારે ભાવી પલટાતું.

વણિક કેરી છાપ, ખરેખર ખૂબ જ પાડી,
બુદ્ધિબળની સાથ, પડી સૌ વાત ઉઘાડી,
દૂધ મહીં તો ઝેર છે, ચેતાવે એ રાણાને,
'ભોગી' કહે કરો ખાત્રી, દયાળ કહેતો રાણાને.

સૂર્ય પૃથ્વીને નમસ્કાર કરતો સંધ્યા સમયે ડુબવા લાગ્યો ને ચંદ્રમાના દર્શન થવા લાગ્યા, તે સમયે દરબાર ભરાયો ને આખા શહેરમાં આનંદની રેલો ચાલી રહી લોકો દયાળની વાહ વાહ બોલતાં ઘેલાં બની ગયાં છે. પોતાના માલીકનો જાન બચાવનારને પુષ્પોથી વધાવવા પ્રજા ઉત્સુક થઈ રહી છે.

દરબાર ઘણી જ સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. ચારે તરફ આસોપાલવ અને જરીયાનના તોરણ લટકાવવામાં આવેલ છે. જેટલી શોભા થાય તેટલી કરવામાં રાણાજીએ બાકી રાખી નથી. આજે પોતાની જીંદગી બચી જવા પામી તેના ઉત્સાહમાં રાણાજી આનંદ માની રહ્યા છે.

અમલદારો, સરદારો, ભાયાતો તથા સામંતો સર્વ પોત-પોતાના દરજ્જા પ્રમાણે સુંદર પોષાક સજી દરબારગઢમાં આવવા લાગ્યા. સુંદર વાજીંત્રોના મધુરા સૂર ગાજવા લાગ્યા સુંદર ટકોરખાના ને શરણાઈઓના સુર બજવા લાગ્યા. ઠામ ઠામ સુંદર રોશની ઝબકતી હતી. નોકર ચાકરો પણ આજની ખુશા-લીમાં સંપૂર્ણ ભાગ લઈ રહ્યા હતાં. અને ખુશી મનાવી રહ્યા હતા.

ચારે તરફ ખુરસીઓની સુંદર હારમાળા ગોઠવવામાં આવી હતી. સુંદર ગાલીચાઓ અને મોતીની ભરેલી જાજમો પાથ-રવામાં આવી હતી. કવિ, ભાટ, અને ચારણો પણ રાણાજી તથા દયાળના બિરદાવલીના કાવ્યો બોલી દરબારગઢ ગજાવી રહ્યા હતાં. સીસોદીયા કુળની અને બાપ્પા રાવલના વંશની

જયઘોષણાના કાવ્યો સંભળાવી રહ્યા હતા. ભામાશાહનો આત્મ-ભોગ અને રાણા પ્રતાપની ટેકની અવનવી કવિતાઓ સંભળાવી શ્રોતાજનોમાં ઉત્સાહ લાવી રહ્યા હતાં.

દરબારગઢની પાછળની બાજુમાં સુંદર ચક્ર નાંખવામાં આવ્યા હતા ત્યાં આગળ દરેક સરદાર, સામંત, પટાવત્ અને ગૃહસ્થો તથા સ્ત્રીઓ માટે સુંદર ગોઠવણ કરવામાં આવી હતી, આખા મેવાડમાં આજે સુવર્ણનો સૂર્ય ઉગ્યો ન હોય તેમ જણાતું હતું. સ્ત્રીઓ પણ સારામાં સારા શણગાર સજી દયાળને આશિર્વાદ આપવા દરબાર ગઢમાં આવી પોતપોતાના દરજ્જા પ્રમાણે ગોઠ-વાઈ ગઈ હતી.

પાટમદે અને તેની માતા પણ ખાસ આમંત્રણથી આજના દરબારમાં આવ્યાં હતાં. આ સિવાય નાના-મોટા, ગરીબ-તવં-ગર, વિગેરે સૌ કોઈ કોઈપણ જાતના ભેદભાવ વગર આજના દરબારમાં ભાગ લેવા હજારોની સંખ્યામાં જનતા આવી હતી.

દરબાર ભરાવવાના ટાઇમ પહેલાં સૌ કોઇ આવી રહ્યા રહ્યા હતા અને તમામ દરબારગઢ ભરાઇ ગયો હતો. ફક્ત નહોતા આવ્યા બે જણ. એક આપણા શેઠ સોહનલાલજી તથા બીજા દયાળ.

આ બેઉને બોલાવવા સારૂં મહારાણાએ પાલખીની સાથે અમલદારોને મોકલ્યા.

પાલખી આવી પહોંચતાં જ દયાળ અને નગરશેઠ બંને જણ તેમાં બેસી દરબારગઢમાં આવી પહોંચ્યા કે તરત જ પ્રજા એક અવાજે બોલી "બોલો શ્રીમહારાણા શ્રીરાજસિંહની જય. બોલો શ્રીદયાળની જય. બોલો શ્રીએકલીંગજી ભગવાનની જય." આમ

જય બોલી વાતાવરણ ગજાવી મુક્યું. પ્રજા આજે ઉત્સાહમય બની રહી હતી.

દયાળ તથા નગરશેઠ પાલખીમાંથી નીચે ઉતર્યાં એટલે રાજ્યના કર્મચારીઓએ માન આપ્યું. એટલે પોતાના નિયત કરેલા આસન ઉપર સ્થાન લીધું કે તરત જ રાણાજી ઉભા થયા અને પોતાનું બોલવાનું શરૂ કરતાં પહેલાં બાળીકાઓએ મંગળાચરણનું સુંદર પદ ગાઇ શ્રોતાજનોને મુગ્ધ કર્યા અને સાચામોતીથી દરબારને વધાવવામાં આવ્યો ત્યાર બાદ નામદાર મહારાણાશ્રી રાજસિંહે પ્રજાજનની તાળીઓના અવાજથી આખો સભામંડપ ગાજી રહ્યો હતો તેવા ગુંજારવમાં જ બોલવું શરૂ કર્યું. ઘડીક આકાશના દેવદેવીઓ પણ આજનો આ અપૂર્વ દરબાર જોવા માટે પોતપોતાના વિમાનમાં સ્થીરપણે ઉભા રહી ગયાં ને સાંભળવા લાગ્યા હતા "આજનો દરબાર શાથી ભરવામાં આવ્યો છે તે વાત તો સૌ કોઇના જાણવામાં છે. આજે તમારા રાણાને જીવતો જોતા હો તો તે જીવતદાન આપનાર આજના આપણા મહેમાન દયાળશાહ છે. (પ્રજાજને એકી અવાજે દયાળની જય બોલાવી) તેથી લાયક માણસની કદર કરવી તે મારી ફરજ સમજી આજથી આપણા મહેમાન 'દયાળશાહ' ને હું મેવાડના મહામંત્રીની પદવી આપું છું. અને સારા મેવાડની સુંદર સેવા બજાવી પોતાની ફરજ અદા કરશે એવી આશા રાખું છું. વળી આપણી પ્રજાના માનીતા નગરશેઠ જો આ યુવાન દયાળની મુલાકાત ન કરાવી હોત તો આજનો દરબાર જોવા ને આવો અપૂર્વ ઉત્સાહ ઉજવવા આપણે ભાગ્યશાળી થયા ન હોત. આ બધો યશ હોય તો તે આપણી પ્રજાના અને રાજ્યના માનીતા નગરશેઠ સોહનલાલજીનો છે. તેથી તેમને કાયમના માટે હું છ

ગામની જાગીર બક્ષીસ આપું છું. ને તેઓના કરેલા ઉપકાર માટે હું તેઓનો આભાર માનું છું."

"વળી જનતાને એટલું જણાવું છું કે ઘડીક પહેલાંનો દયાળ મૂળ મારવાડનો રહીશ, તેના માતાપિતા હયાત છે ને લાખ્ખોપતિ હોવા છતાં વળી જ્ઞાતે જૈન અને મહાવીર ભગવાનનો ઉપાસક છે. પોતાના આદર્શ માટે પિતાના ગૃહનો ત્યાગ કરી અત્રે આવ્યો, ને આપણા દુષ્ટ પૂરોહિતને ત્યાં ઘોડાના ખાસદાર તરીકે નોકરી કરી. જે વખતે પાટમદે આપના નગરશેઠની દિકરી અને સેવાભાવી વિરાંગના જંગલમાં ભૂલી પડી દુષ્ટોના પંઝામાં ફસાઈ પડી તે વખતે આપણા આ દયાળે જ ઇજ્જત અને જીવન બચાવી પોતાની મનુષ્ય તરીકેની ફરજ અદા કરી હતી."

આ જાણી પ્રજા ખુશી થશે કે મેં લાયકને જ લાયક પદવી આપી મેવાડના રાજ્યનો પાયો મજબૂત કરવા આ પગલું ભર્યું છે. મને આશા છે કે આ પગલું મારૂં વ્યાજબી લાગતું હોય તો મારી વહાલી પ્રજા જરૂર દયાળને મંત્રી તરીકે માન આપી મને આભારી કરશે અને મારા રાજ્યના કર્મચારીઓ પણ મારી વાતમાં પોતાનો સહકાર સહર્ષ આપશે એવી આશા રાખુ છું.

નામદાર ! આપની કહેલી વાત તેમજ આપે દયાળશાહને આપેલી મહામંત્રીની પદવી અમોને શિરોમાન્ય છે. સભાજન એકી અવાજે બોલી ઊઠયા.

ત્યાર પછી રાણાજીએ તરત જ દયાળને મહામંત્રીનો પોષાક આપ્યો તથા ઢાલ ને તલવાર આપવામાં આવ્યા. પદવી સમારંભ પૂરો કર્યો.

તે વખતે દયાળશાહ ઉભા થયા અને મહારાણાએ આપેલી પદવીની ફરજ પવિત્રપણે બજાવવા સભાજન સમક્ષ સોગન લીધા. વળી તે વખતે દયાળે પ્રજાને ખાત્રી આપી અને સાથે સાથે પ્રજાનો સાથ ને આશિર્વાદ માગ્યા, દરબાર વચ્ચે દયાળ વિનય સહિત મહારાણાને પગે લાગ્યો. તથા શેઠ સોહનલાલજીને વંદન કરી આશિર્વાદ માગ્યો. શેઠે પોતાનો આશિર્વાદ આપ્યો.

દરબાર ઉત્સાહ અને દબદબા ભર્યા વાતાવરણ વચ્ચે પુરો થયો. ગઇ કાલનો દયાળ આજે મહામંત્રી બન્યો. શું વિધિની વિચિત્રતા.

૧૮—દયાળશાહ અને પાટમદે.

દરબાર પૂરો થતાં દયાળશાહ તથા નગરશેઠ પોતાની હવેલીમાં આવ્યા. ત્યાં તો દયાળશાહને માન આપવા સારૂ હજારો માણસ નગરશેઠની હવેલી પાસે આવીને ઉભા હતા, જ્યાં દયાળને આવતાની સાથે જ સૌ પ્રજાજનોએ પુષ્પહારથી વધાવ્યા અને દયાળની બોલબાલા બોલવા લાગ્યા. અને તે પછી સૌ પોતપોતાને નિવાસસ્થાને ગયા.

આ વખતે દયાળનું સ્વાગત કરવા પાટમદે પણ અધિરી બની રહી હતી "ક્યારે દયાળ આવે અને હું તેઓનું સ્વાગત કરૂં."

જ્યારે પ્રજાજનો ગયા અને દયાળ એકલો પડયો ત્યારે પાટમદે શરમાતા શરમાતા આવી, પધારો! મહામંત્રીજી, હું તમારૂં સાચા હૃદયથી સ્વાગત કરૂં છું તો તે સ્વીકારશો કે પછી સત્તાના મદમાં મારૂં કરેલું સ્વાગત ભૂલી જશો?

ત્યાં દયાળ બોલ્યો. પાટમ! શું તમે પણ મારી મશ્કરી કરો

છો ? તમારા આશિર્વાદથી જ હું આ પદવી પામ્યો છું. ખરો પ્રતાપ જ તમારો છે. જો તમો જંગલમાં ન મલ્યા હોત તો આ મંગળમય ઘડી જોવાનો સમય આ ગરીબ દયાળના ભાગ્યમાં ક્યાંથી આવત.

તમો ખરેખર એક દેવપુરૂષ છો, તમારા વખાણ કરતાં મારી જીભ થાકતી નથી. પ્રભુ તમારી જીંદગી સદા યશસ્વી બનાવે અને આપ 'અમરનામ' કરો. એજ પ્રભુ પાસે યાચું છું. પાટમદે બોલી.

પાટમ, પાટમ! આજ બોલતા બોલતા તમારા હૃદયમાં ઉદાસીનતા કેમ ? દયાળે પૂછ્યું.

કાંઇપણ જવાબ ન આપતાં ચક્ષુઓમાંથી ચોધારે અશ્રુધાર વહેવા લાગી ને સ્થીર ઉભી રહી. આથી દયાળ પણ વિચારમાં પડયો. કોઇ બોલ્યું નહિ. પાટમદેનું હૈયું ભરાઇ આવ્યું અને મહા-મુશીબતથી બોલી "આપ શું મને ભૂલી જશો ?" આપ હવે આ પાટમને નહિં સંભારશો.

પાટમ, પાટમ! તું આમ કરે તે વ્યાજબી નથી, તારૂં બોલવું મને બિલકુલ સમજાતું નથી.

ક્યાંથી સમજાય ! જ્યાં સુધી દયાળ હતા ત્યાંસુધી સમજતા હતા હવે મહામંત્રી થયા એટલે ક્યાંથી સમજાય. કારણ કે હવે તમને સમજાવવા ઘણા આવશે તેથી મ્હારા ભાગ્યમાં તમને સમજાવવાનું ક્યાંથી રહેશે. પાટમ બોલી.

ગાંડી રે ગાંડી ! તારી આવી કઢંગી સ્થિતિ જો તારા માતાપિતા જોશે તો તે તારા માટે તેમજ મારા માટે શું વિચાર કરશે. જરા શાન્ત થા ! તારે જે પૂછવું હોય તે પૂછ તેનો તને સત્ય ખુલાસો આપીશ. દયાળ બોલ્યો.

હું માગુ તે આપશો ? જો જો ના કહેતાં.

તારે જે જોઈએ તે કહે, જરૂર આપીશ.

મારે જોઈએ છે ફક્ત આપનું વચન.

કાંઈપણ ખુલાસા વગર વચન શાનું? કેમ! તું આજે છેક ગાંડી–દિવાની થઈ છે કે શું?

હા, આજે હું દિવાની થઈ છું, ગાંડી બની છું. અને દયાળની ભવ્યમૂર્તિમાં આજે પરાધીન બની છું–લાચાર બની છું તો આ કીંકરીને વચન આપી આભારી કરો.

તને મ્હારૂં વચન છે. દયાળે વચન આપ્યું.

આપ મ્હારો સ્વીકાર કરી મને આભારી કરશો. પાટમદેએ વચનની માંગણી કરી.

આમ વાતો ચાલે છે ત્યાં પાટમદેના માતાપિતા આવી પહોંચ્યા અને બધી વાત ગુપ્તપણે સાંભળેલી તેથી સોહનલાલ શેઠે દયાળ, મારી યોગ્ય માંગણીનો સ્વીકાર કરશો? વધુ ન પુછતાં એકજ પ્રશ્ન પૂછ્યો.

આપની આજ્ઞાને આધિન છું. કાચા સુતરના તારની માફક જીંદગી સુધી તમારો છું અને તમારો જ રહીશ. દયાળે પ્રશ્નનો જવાબ આપ્યો.

આવો જવાબ સાંભળી શેઠ સોહનલાલને આનંદ થયો તથા પાટમદેની માતાના દિલમાં કોઈ અનેરો આનંદ થયો કે તેની અવધી જ ન રહી. અને પાટમદેના મનમાં આજે તો કોઈ અનેરો ભાવ જણાતો હતો. "જ્યારે સોહનલાલજીને દયાળે હા પાડી ત્યારે શેઠ ખુશી થયા. ત્યારથીજ પોતે દયાળના વિવાહની તૈયારી કરવા માંડી.

સોહનલાલ શેઠે પોતાના વેવાઈ તથા વેવાણને બોલાવવાનો પણ વિચાર કરી રાખ્યો હતો. અને તે બાબત દયાળને પૂછી

જોઈ. તો દયાળે કીધું કે મ્હારા માતા-પિતાને હું બોલાવી મંગાવીશ. તેની ચીંતા આપ ન કરશો.

શેઠ તથા શેઠાણી પોતાના કાર્યમાં ગુંથાયા એટલે દયાળ અને પાટમ એકલાં પડયાં.

મ્હારા હૃદયના દેવ! તમારી કીંકરીને ભુલશો નહિં. એકલાં પડતાં પાટમદે મશ્કરી કરતાં બોલી.

વ્હાલી પાટમ! તારો દયાળ હવે હંમેશા ત્હારોજ છે અને તારોજ રહેશે. તેની ચીંતા તું ન કરીશ.

બંન્નેજણા એકબીજાના હૃદયના અધિકારી બન્યાં ને પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા.

૧૯–મહામંત્રી દયાળશાહનું હૃદયમંથન.

પાટમદેથી છુટા પડયા પછી દયાળને પોતાના વ્હાલા માતાપિતા યાદ આવ્યા. તરત જ માણસને બોલાવી સૂચના આપી, તું હાલને હાલ મારા ગામમાં જા અને ત્યાં મારા માતાપિતાને આ મારો પત્ર આપી આવ અને કહેજે કે આપના દયાળે આપશ્રીને બોલાવવા સારૂ મોકલેલ છે. તો આપ અમારી સાથે આવો. તારી સાથે (પોતાના પિતાશ્રીના મોભા પ્રમાણે) રસાલો મોકલું છું. માટે તું સત્વર જા અને હું તને કાગળ લખીને આપું છું.

દયાળ તરતજ ઉઠયો અને માતાપિતા ઉપર વ્હાલભર્યો પત્ર લખવા લાગ્યો. કાગળ પુરો કરી માણસને આપી રસાલા સાથે રવાના કર્યો.

મહામંત્રી હોદ્દા ઉપર આવ્યા ત્યારથી તેઓને એક ઘડીની નવરાશ મળતી નથી. પ્રજા અથવા રાજ્યની દરેક બાબતોમાં બરાબર ધ્યાન આપતો અને રાજ્યની પરિસ્થિતિનો સંપૂર્ણ

અભ્યાસ કરવા લાગ્યો. જ્યાં જ્યાં સુધારા-વધારા કરવાની જરૂર જણાય ત્યાં ત્યાં બરાબર ધ્યાનપૂર્વક કાળજી રાખી પ્રજાના અને રાજ્યના હિતોનો વિચાર કરી પોતે પોતાની ફરજ બજાવવા કટીબદ્ધ થયો. જેમ જેમ દયાળ દરેક બાબતોમાં માહિતગાર થતો ગયો તેમ તેમ પ્રજામાં અને રાજ્યમાં એક માનીતા જેવો થઈ ગયો. આથી રાણાશ્રી રાજસિંહ પણ કેટલીક બાબતોમાં દયાળની જ સલાહ લેતા હતા.

જ્યારે દયાળને પોતાના કામ પરથી નવરાશ મળતી ત્યારે તે સોહનલાલ શેઠને ઘેર આવતાં. સોહનલાલ શેઠ પણ પોતાના કાર્યમાં તેમની સલાહ લેતા.

દયાળ મંત્રીપદે આવ્યા પછી રાજ્યમાં લાંચ-રૂશ્વતનું નામ નિશાન રહેવા પામ્યું નહીં. નોકર ચાકરને પેટપુર પગાર કરી આપી શુભનિષ્ઠાથી કામ કરવા શિખામણ આપતો. રાજ્ય અને પ્રજાને વફાદાર રહેવા આગ્રહ કરતો. જેમ દયાળની કારકીર્દી વધતી ગઈ તેમ તેનો અનુભવ વધતો ગયો.

દયાળમંત્રીની મુત્સદ્દીગીરી જેવી તેવી ન હતી તે પોતાના છુપા જાસુસો છેક દિલ્હી સુધી મોકલતો અને દિલ્હીનો શાહ ઔરંગઝેબ મેવાડ વિરૂદ્ધ યા હિન્દુઓ વિરૂદ્ધ કઈ કઈ જાતના કાવત્રા રચતો હતો તે તમામ દયાળશાહ ઉદયપુરમાં રહેવા છતાં અજાણ નહોતા રહી શકતા.

દયાળને રહેવા માટે રાજ્ય તરફથી અલાયદો સુંદર મહેલ આપવામાં આવ્યો હતો તે સિવાય તેના દરજ્જાને શોભે તે પ્રમાણે દરેક જાતની સગવડો રાજ્ય તરફથી આપવામાં આવી હતી. દયાળ એટલું સમજતો હતો કે રાજ્યમાં મારા પણ દુશ્મનો હશે અને હોય તેથી પોતે દરેક કાર્ય બહુજ કાળજી-

પૂર્વક સંભાળથી કરતો અને પોતાની બુદ્ધિ વફાદારી પૂર્વક વાપરતો હતો. દયાળની કાર્યકુશળતાને લઈને તેમજ ખેડુત વિગેરેને રાજ્ય તરફથી દરેક જાતની સહાયતા આપી ખેતીવાડીના કાર્યને અગત્યનું સ્થાન આપી રાજ્યની આવકમાં પણ સુંદર વધારો કરી રાજ્યનો ખજાનો આબાદ કર્યો હતો.

આ પ્રમાણે દયાળની કામગીરીના છેક દિલ્હીના શાહ સુધી વખાણ થવા લાગ્યા. શાહ પણ સમજી ગયો કે રાણા રાજસિંહને એક આદર્શ ને નિડર વાણિઓ મળી ગયો છે. ને તે વાણિઆને ગમે તે હિસાબે મહાત કરવો જોઈએ પરંતુ દયાળની કાર્યકુશળતા આગળ ગમે તેવો વિચિક્ષણ મનુષ્ય ફાવી શકતો ન હતો.

આમ તે પોતાના કાર્યમાં ચોવીસે કલાક મશગુલ રહેતો. લશ્કરને તાલીમ આપવામાં પોતાનો કાબુ બરાબર રાખતો, દરેક જાતની લડાયક તૈયારી માટે હથિઆરો બરાબર તૈયાર રખાવતો દારૂગોળો દુશ્મન ઉપર જ્યારે છાપો મારવો પડે તે વખતે જરૂર પડે તેથી તૈયાર રખાવતો અને પોતેજ દેખરેખ રાખતો હતો. ભવિષ્યનો વિચાર કરી વર્તમાનકાળની બધી તૈયારી કરી રાખતો હતો. દરેક નાના–મોટા અમલદારો, સરદારો, પટાવતો તથા જાગીરદારો ઉપર હંમેશાં સરખોજ પ્રેમ રાખતો હતો. રાજ્યમાં નાનામાં નાના માણસને ન્યાય માટે રખડવું ન પડે તેની સંપૂર્ણ કાળજી રાખતો.

પ્રજા ઉદ્યમી બને, ધંધામાં આગળ વધે, તે બાબતની જે જે ઉણપ હોય તે ઉણપ ટાળવા બધી રાજ્ય તરફથી બનતી સગવડ આપી પ્રજાના ધંધામાં પણ મદદ આપતો. આ પ્રમાણે સારાય મેવાડનું રાજ્યતંત્ર એક સુરક્ષીત અને સંસ્કારી બનાવ-

વામાં દયાળે પોતાનો આત્મા નીચોવ્યો હતો. મહારાણાશ્રીના અંગત ખર્ચમાં વધારો ન થાય ને તેમાંથી બચાવ કરવા મહારાણાશ્રીને બહુજ પ્રેમથી સમજાવતો, અને રાજ્યની તિજોરી આબાદ બનાવવા તનથી જહેમત ઉઠાવતો હતો.

દયાળે મેવાડની સારીય પ્રજામાં પ્રેમ, આનંદ અને ઐક્યતાનો ભાવ જગાડયો હતો. ગમે તેવા કટોકટીના પ્રસંગ ઉપર પણ રાજ્યના માટે પ્રજા પોતાનું સર્વશ આપવા પાછી પડે તેમ નથી. આવી રીતે પ્રજાને તૈયાર કરી હતી અને રાજ્ય માટે પ્રજાને વફાદાર બનાવી હતી.

રાત્રીનો સમય છે, દયાળ શયનભુવનમાં બેઠો છે તે વખતે શેઠ સોહનલાલજી આવ્યા તેઓને દયાળે વિનયથી આવકાર આપ્યો અને સન્માનથી આસન આપ્યું.

મંત્રીજી! આપની પાસે વિનંતિ કરવા આવવાનું કારણ તો એ છે કે આપ હવે લગ્નનો દિવસ નક્કી કરો અને મારી ઈચ્છા પુરી પાડો. શેઠે આસન ઉપર બેસતાં બેસતાં કહ્યું.

"આપની જેવી મરજી." દયાળે શેઠ ઉપરજ વાતનો બોજો મૂકયો અને હા કહી એટલે શેઠે લગ્નની ધામધુમની તૈયારી કરવા માંડી.

૨૦—દયાળશાહના માતા-પિતા.

દયાળના ગયા પછી રાજાજી અને તેની માતા રયણુદે પણ ઘણાજ ગમગીન થયા હતા. દયાળને ગયે આજે વર્ષોના વ્હાણા વાઈ ગયા. કોઈપણ જાતના સમાચાર આવ્યા નહતા તેથી માતા રયણુદેની ઉદાસીનતાનો પાર નહોતો. રાજાજીનું મન ઉદાસ રહ્યા કરતું હતું.

રાજાજીની આવી સ્થિતિ હોવા છતાં પોતે પોતાનો નિત્ય-નિયમ 'ગરીબોની સેવા, ને પ્રભુભક્તિ'માં જરા પણ કચાસ આવવા દેતા નહોતા. તેઓ પોતાનું સ્વમાન સમજતા હતા. લાખોની ધન-દોલત હોવા છતાં રાજાજીના હૃદયમાં કદિ અભિ-માન દેખાયો નથી અને સદાય સત્ય માટે મરી ફીટતા. ગામમાં દુ:ખી-દીનને ગુપ્તદાન આપી આશિર્વાદ મેળવવા ચૂકતા નહિં.

એક દિવસે દયાળની વાતોમાં ને વાતોમાં રાતના બાર વાગી ગયાં છે. છતાં તેઓને નિંદ્રા આવતી નથી અને દયાળના માતાપિતા વાતોમાં મશગુલ હતા. તેઓ દયાળને સંભાળી સંભાળી

કંઈક વખત અશ્રુધારા વહેવડાવી હશે. બાળકની ચિંતામાં વખત કેટલો થયો તેની પણ ખબર રહી નહિં તેવામાં કોઈની બૂમ સાંભળી રાજાજી ઊઠયા ને જોયું તો પોતાના મકાનની કોઈ તપાસ કરતું હોય તેમ જણાયું.

રાજાજી શેઠનું મકાન આજ ને ? બહાર આવનારે પૂછ્યું.

(સ્વગત) રાતના એક વાગ્યાને સુમારે કોણ આવ્યું હશે. જરા સ્વસ્થ થઈ બારણા ઉઘાડી બહાર આવ્યા તો બહાર માણસોને જોઈનેજ બૂમ પાડી, "ભાઈ! તમારે કોનું કામ છે?"

અમારે રાજાજી શેઠનું કામ છે.

બોલો, શું કામ છે ?

તેઓનુંજ કામ છે, તેઓ કયાં છે ?

રાજાજી હું પોતેજ.

'આપજ રાજાજી.' એમ બોલતાં દરેક આવનાર માણસો તેઓને પગે લાગ્યા ને સમાચાર આપ્યા. આપના સુપુત્ર દયાળ-શાહને અમારા મહારાણાએ મેવાડના મહામંત્રી બનાવ્યા છે. તેઓએ પોતાની બહાદુરીથી અમારા રાણાશ્રીનો જાન બચાવ્યો હતો. વળી ઉદયપુરના નગરશેઠ સોહનલાલજીની સુપુત્રી પાટમદે સાથે વિવાહ કરવામાં આવ્યા છે ને અમોને અમારા મંત્રીજીએ આપને બોલાવી લાવવા મોકલ્યા છે. અમારી સાથે આવવા માટે આ પત્ર પણ લખી આપેલ છે. તો આપ આ પત્ર વાંચો અને અમારી સાથે આવવા તૈયારી કરો.

આ સાંભળી માતા રયણદે આનંદ પામી ને બોલી. ભાઈ, મારા દયાળનું શરીર તો સારૂં છે ને ? કુશળ છે ને ?

રયણદે પાસે આવી દરેકે પ્રણામ કર્યાં ને દયાળના શુભ સમાચાર આપ્યા.

નાથ! વાંચો તો ખરા! મારા દયાળે પત્રમાં શું લખ્યું છે?

દેવી! સાંભળ! રાજાજીએ પત્ર ખોલ્યો ને વાંચવા માંડ્યો.

ઉદયપુર મીતી.—મહા સુદ ૧.

વ્હાલા પૂ૦ પિતાશ્રી તથા પૂ૦ માતુશ્રીના ચર્ણોની સેવામાં.

શુભસ્થળ—

ઉદયપુરથી લી. ચીં. દયાળના પાયે લાગણા.

આપશ્રીના શુભ આશિર્વાદથી હું આનંદમાં છું. આપનો વિયોગ તથા મ્હારી વ્હાલી માતાશ્રીની યાદ મારાથી ભૂલાતી નથી, આપશ્રીના પ્રતાપે ને મેવાડના મહારાણાશ્રીની કૃપાથી અત્રે મંત્રીપદને પામ્યો છું.

આપે આપેલા શુભ સંસ્કારોથીજ બધી બાબતનો આજે આનંદ છે. ફક્ત વિયોગના લીધે તમારો દયાળ દુ:ખી છે તો આપના દયાળ ઉપર કૃપા કરી આવેલા માણસો સાથે અત્રે પધારી આપના દિકરાને આશિર્વાદ આપશો. આપના દર્શન માટે મારૂં મન અધીરૂં થઈ રહ્યું છે.

આપ જરૂર જેમ બને તેમ વહેલાસર આવશો ને દર્શનનો લાભ આપી આપના બાળકને શાંન્તી આપશો.

એજ લી. આપનો વિયોગી બાળક.

દયાળના પાયે વંદણા.

તા. સદર

પત્ર વાંચી માતાપિતાના આનંદનો પાર ન રહ્યો. પોતાનો દિકરો દયાળ મંત્રીપદે પહોંચ્યો જાણી રયણદે ગાંડી ઘેલી બની ગઈ ને કહેવા લાગી. નાથ! આપણે ક્યારે પુત્રને મળવા જઈશું.

રાજાજી પણ પુત્રસ્નેહને વશ થઈ આનંદીત થઈ ગયા અને પોતે પણ મેવાડ–ઉદયપુર જવા માટેની તૈયારી કરવા લાગ્યા.

૨૧–લગ્નની ધામધૂમ.

મેવાડના પાટનગર ઉદયપુરમાં ઘરે ઘરે આનંદ મહોત્સવ ચાલી રહ્યો છે. પ્રજાજન પણ પોતાના આપ્તજન માટે પ્રભુ પાસે દિર્ઘાયુની પ્રાર્થના કરી કોઈ અનેરો આનંદ લઈ રહ્યા છે. સારાય ઉદયપુરમાં ગરીબ–તવંગર, સ્ત્રી–પુરૂષ તથા બાળ–વૃદ્ધ દરેકને મૂખે આજે દયાળ તથા પાટમદેના ધામધૂમની ઘોષણા ગાજી રહી છે. દયાળના મહેલમાં હજારો માણસોની આવજા થઈ રહી છે. તેમજ દરેક અમલદારો, જાગીરદારો, પટાવતો અને સરદારો સૌ કોઈ દયાળના હુકમની રાહ જોતા બેસી રહ્યા છે.

નગરશેઠને ત્યાં મંડપ બાંધવામાં કિંચિત માત્ર કચાશ રાખવામાં આવી ન હતી, પોતાને એકની એક દિકરી, વળી જમાઈ મેવાડનો મહામંત્રી હોય પછી આનંદની અવધી જ

હોય ને ? જ્યાં જુઓ ત્યાં વાવટા, તોરણો, લાઇટો અને અનેક જાતના રંગ-બેરંગી દેખાવો આવેલા મ્હેમાનોને બેસવા માટે સુંદર રાજ્ય બેઠક વિગેરે સજાવટમાં જરાપણ બાકી રાખી નહોતી.

પાટમદે તો પોતાના હંમેશના રિવાજ મુજબ સાદાઈ અને ગંભીરતા ધારણ કરી ભવિષ્યના વિચાર કરતી બેઠી હતી. પોતે હવે ગ્રહસ્થાશ્રમી બનશે, પોતાની દુનિયા હવે જુદાજ પ્રકારની હશે આમ વિચારમાં ઝોલા ખાતી હતી. પરંતુ પોતાને લાયક પતિ મળતાં પોતાની તમામ આશા પુરી થશે એમ ધારતી ને આનંદ પામતી.

આ બાજુ દયાળ જેમ જેમ લગ્નનો ટાઇમ નજદીક આવતો ગયો તેમ તેમ તેની ચીંતા વધતી ગઈ. તેના માતા પિતા હજી આવ્યા નહોતા તેથી તેના હૃદયમાં અનેક વિચારો થતાં હતાં "શું મારા માતાપિતા આવા શુભ પ્રસંગે મને આશિર્વાદ આપવા નહિં આવે" આ વિચાર તેને બહુ મુંઝવતો હતો. તેથીજ તેનો ચહેરો ગમગીન–ઉદાસીન બની ગયો હતો. કોઈપણ માણસ સાથે વાતચીત કરવી ગમતી નથી. આમ વિચારમાં ને વિચારમાં કાંઈ ચેન ન પડવાથી ઝરૂખામાં ઉભો છે તે વખતે તેના કાને કોલા-રવ સંભળાયો કે તરતજ તે તરફ નજર ગઈ તો પોતે મોકલેલા માણસો રસાલા સાથે પોતાના માતાપિતાને આવતા જોયા.

ત્યાં તો પોતે ગાંડાની માફક ઉઘાડા પગે અને ઉઘાડા માથે દોડતો દોડતો દયાળ પોતાના માતાપિતાના રથ આગળ આવી પગે લાગી તેમના ચર્ણોની રજ લઈ પોતાના શિર પર ચડાવી.

પોતાના પૂત્રની લાગણી દેખી માતાપિતા ઈશ્વરનો પાડ માનવા લાગ્યા, માતાપિતા આવતાંજ તમામ સરદારો, ગ્નગીર-

દારો અને કર્મચારીઓએ પણ નમસ્કાર કર્યાં. રાજાજી અને રણયદેના સમાચાર શેઠ સોહનલાલે સાંભળ્યા કે તુરતજ હજારે કામ પડતાં મુકી વેવાઈ તથા વેવાણને ભેગા થવા આવ્યા. બંન્ને વેવાઈઓ સામસામા ભેટી પડયાં અને એકમેકના કુશળ સમાચાર પૂછ્યા.

લગ્નનો ટાઈમ નજીક આવતો ગયો તેમ ધામધૂમ પણ વધવા લાગી. ગરિબ–દીન–દુઃખીઓને દાન આપવામાં આવતું દયાળના પિતા આવા અમૂલ્ય અવસરનો લ્હાવો લેવા ચૂક્યા નહિં. દરેક દુઃખી ભાઈ–બ્હેનને પોતાને ત્યાંથી તમામ પ્રકારની સગવડ મોકલતા અને તેવા દુઃખી ભાઈ–બ્હેનને જરાપણ દુઃખ ન થાય તેવી રીતે તેઓની સંભાળ રાખતાં. વળી હજારો ગરીબોને જમાડવામાં આવતા, હજારો મુંગા પ્રાણીઓને ઘાસચારો ખવરાવતા, આવા લગ્નના શુભ અવસરમાં હજારો ગરીબોના આશિર્વાદ સાથે પોતાના દિકરા અને પૂત્રવધુનું દીર્ઘાયુષ ઇચ્છિવામાં ગરીબોના આશિર્વાદ કારણરૂપ હતા. આ બન્ને દંપતિના લગ્ન વખતે નામદાર મહારાણાશ્રી પણ હાજર રહ્યા હતા. અને રાજ્ય તરફથી સારામાં સારો વિવેક કરવામાં આવ્યો હતો.

બંને યુગલદંપતિને પ્રજાજનોએ આશિર્વાદથી સત્કાર્યાં. જ્યારે મહારાણાશ્રીને વંદન કરવા ગયા ત્યારે મહારાણાશ્રીએ કહ્યું "દિકરી પાટમદે, તું એવી ભાગ્યશાળી કે તારી અભિલાષા ઇશ્વિરે પાર પાડી. સુખી થજો ને મેવાડના સુખદુઃખના ભાગીદાર બનજો. મહા સુદ ૫ ના (વસંત પંચમીના) રોજ બંન્ને આત્માઓ એકબીજાના હૃદયના અધિકારવાળા બન્યા પ્રભુ તેઓના આત્માને સુખી રાખો.

બંન્નેજણા પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા. પોતાના મહા-

લયમાં આવતા રાજાજી અને રયણદે (માતાપિતા)ના ચરણોમાં પડ્યા ને આશિર્વાદ પામ્યા.

પોતાના દિકરાની વહુને દેખી માતાને હર્ષ ઉત્પન્ન થયો ને ઘડીભર ગાંડી બની ગઈ ન હોય તેમ જણાવવા લાગ્યું.

પાટમદે પણ પોતાની સાસુની લાગણી જોઈ પોતાની માતાને પણ ભૂલી ગઈ અને સાસુને જ માતા સમાન ગણવા લાગી પોતાની જનેતા માફક તેઓની આજ્ઞામાં રહેવા લાગી.

આ પ્રમાણે યુગલ દંપતિ શયનગૃહમાં આવી આરામ લેવા લાગ્યા અને પોતાના કાર્યમાં મશગુલ બન્યા. પ્રભુએ પણ આ બંન્ને આત્માઓને આશિર્વાદ આપ્યા.

૨૨—પાટમદે ને દયાળની વિરતા ને નિડરતા.

મહામંત્રી દયાળશાહ અને પાટમદેની યોગ્ય જોડી એવી હતી. દરેક કાર્યમાં એક બીજાની સલાહ લેતાં. દયાળ રાજ્યકાજની તમામ હકીકત તેને જણાવતો, તેમજ અનેક જાતની ગુંચો તથા તેનો ઉકેલ પોતાની બુદ્ધિ અનુસાર લાવતા. આ પ્રમાણે કાર્ય કરવામાં બંન્ને જણના દિલ એવા મળી ગયા કે પળવારનો વિયોગ પણ મહા દુષ્કર જેવો લાગતો હતો. પાટમદે પોતાના સાસુ સસરાની સુંદર સેવા બજાવતી હતી. તેમજ પ્રભુ મંદિરે, પુજા, દર્શન વિગેરે નિત્યક્રમમાં જરાપણ ઉણપ–કચાશ રાખતી નહોતી. ગુરૂવંદન નિયમસર કરવા જતી હતી ને દરેક બાબતમાં ઝીણામાં ઝીણી નજર પહોંચાડતી હતી. વળી ફુરસદના સમયે હથિઆર કેમ વાપરવા તે શીખતી હતી અને કોઇ વખત પુરૂષના પોષાકમાં નગરચર્ચા જોવા નીકળતી ને દરેક બાતમી મેળવતી.

એક વખતે દયાળને હવેલી ઉપર એક ગુપ્તચર મળવા માટે

આવ્યો. તેને તુરતજ દયાળે ઓળખી લીધો ને આવતાં વેંતજ પ્રશ્ન પૂછ્યો "કેમ! શું લાવ્યો છું?"

નામદાર! લાવ્યો તો છું પરંતુ બહુજ વિપરીત સમાચાર છે.

બોલ! એવા શું વિપરીત સમાચાર છે? દયાળે પૂછ્યું.

નામદાર! ઔરંગઝેબના જુલ્મે તો હદ કરી છે. તેણે હિન્દુઓના ઉપર જુલ્મ ગુજારવામાં બાકી રાખી નથી. તે દરેકે દરેક હિન્દુઓને મુસલમાન બનાવે છે. અને જે કોઈ મુસલમાન ન થાય તેના પર પારાવાર જુલ્મ ગુજારી તેની બેન-બેટી, અને મા-દિકરીઓની ઈજ્જત લુંટાવે છે. આ સિવાય હિન્દુઓની જડને સદંતર નાબુદ કરવાની તમન્ના ધરાવે છે. આવા બાદશાહના ત્રાસથી સમજુ પ્રજા ત્રાસી ગઈ છે. અને બિચારી પ્રજા ગરિબ અને રાંક બની ગઈ છે.

આ બધું બને છે તેમાં એક ચારણે બળતામાં ઘી હોમ્યું છે. તેણે બાદશાહને કહ્યું છે કે "રૂપનગરના રાજા વિક્રમ સોલંકીની કન્યા પ્રભાવતીની સુંદરતા જોશો તો આપને એવુંજ સમજાશે કે ભારતમાં આવી રૂપરાણી ફક્ત આ એકજ છે. પ્રભાવતીની સુંદરતાની પ્રશંશાના વખાણ એટલા બધા કર્યા છે કે તેથી બાદશાહ ઔરંગઝેબ તેને બેગમ બનાવવા પ્રતિજ્ઞા લઈ બેઠો છે. અને થોડાજ વખતમાં રૂપનગરના સોલંકી રાજા વિક્રમ પાસે તેની રાજકન્યા પ્રભાવતીની માંગણી કરવા પોતાના સરદારને મોકલવાનો છે, કદાચ રાજા સોલંકી નહિં માને તો રૂપનગરને જમીનદોસ્ત બનાવી મુકશે અને પ્રભાવતીને બેગમ બનાવશે.

આ સિવાય મેવાડના મહારાણા રાજસિંહ ઉપર તો ક્યારનોય ઘાવ મારવા તલપી રહ્યો છે. જો બાદશાહ કાંઈપણ ડરતો હોય કે મુંઝાતો હોય તો ફક્ત આપની બુદ્ધિ તેમજ આપની નિડરતાથીજ.

ઠીક, હવે તું જા, ને હવે રાતના મને મળજે.

સજ્જન ગયો ને તુરતજ પાટમદે આવી પહોંચી.

કેમ?

સ.રૂ.

દેવ! શા વિચારમાં જણાઓ છો?

દેવી! વિચાર તો આ રાજ્યકર્મચારીને હોયજને?

પણ એવી કઈ ચીંતા આવી પડી છે તે તો કહો!

દયાળે ગુપ્તચર પાસેથી સાંભળેલી બધી વાત પાટમદેને કહી સંભળાવી.

નાથ! તેની ચીંતા તમે કરશો નહિં. મારા પ્રાણના ભોગે પણ પ્રભાવતીને બચાવીશ અને પાપી બાદશાહની ધારણા ધૂળમાં મેળવીશ.

એ કેવી રીતે?

હું પ્રભાવતીના વિચાર જાણવા માટે તેની મુલાકાત લેવા જઈશ, મને ખાત્રી છે કે સાચી ક્ષત્રિણી કદાપી કાળે મ્લેચ્છની સહચારિણી નહીં બને. તે મોત પસંદ કરશે પણ પોતાની જાતને તો નહિંજ વેચે. માટે આપ મને મારી બુદ્ધિ અનુસાર કામ કરવાની આજ્ઞા આપો.

તારી હિંમ્મતને ધન્ય છે! સ્ત્રી જાતીના માટે તારી લાગણી જોઈ મારો હર્ષ સમાતો નથી ને મારી છાતી ફૂલ્યા કરે તે પણ સ્વાભાવિક છે. જાવ, ખુશીથી જાવ. તમારે જવા માટે તમામ સગવડ કરી રાખવા હુકમ કરૂં છું.

નાથ! આ બધી મુલાકાત ગુપ્ત રાખશો. મારા અને તમારા સિવાય કોઈપણ ન જાણે તેની કાળજી રાખશો સમજ્યા! અને આપ જુલ્મી બાદશાહની તમામ હીલચાલ ઉપર પુરેપુરી

તકેદારી રાખશો, વખત આવે તેને મહાત કરવા મોતના ખેલ ખેલવા પડે તોપણ પાછી પાની ન કરતા, મેવાડના શીરતાજની આબરૂ વધારવા બનતું કરશો.

સાંભળ! જ્યાંસુધી એ પાપી બાદશાહના જુલ્મો જડમૂળથી દૂર ન કરૂં, હિન્દુઓ ઉપર નાંખેલો જજીયાવેરો નાબુદ ન કરૂં તેના પાપની શિક્ષા પુરેપુરી વ્યાજ સાથે ન આપું ત્યાંસુધી આ તારો દયાળ સુખે નિદ્રા નહિં લે એ મારી પ્રતિજ્ઞા છે. વ્હાલી પાટમ! પ્રભુ તને તારા કાર્યમાં શક્તિ આપે અને પ્રભાવતિની લાજ મારો દીનાનાથ રાખે એવી આશા રાખું છું. જા, તું તારા કર્તવ્યમાં ધ્યાન રાખ.

૨૩–મહારાણા ને દયાળ.

મહારાણા ને દયાળ બંને જણા એકાંતમાં મહત્વની વાતો કરવા મળ્યા છે. તેઓએ મૂખ્ય દિલ્હીના જૂલ્મી બાદશાહના અત્યાચાર માટે કયો ઉપાય યોજવો અને હિન્દુ ઉપર થતો જૂલ્મ કેવી રીતે અટકાવવો. તે વિષય ઉપર બંને મહારથીઓએ ગુપ્ત સંકેત કરવા માંડ્યો.

દયાળ બોલ્યો. નામદાર ! ખરૂં જોતાં હાલમાં આપણે બાદશાહને મહાત્ કરવા સારૂં કંઈપણ યોજના હાથ ધરીએ તે પહેલાં મેવાડના રાજ્યની સ્થિતિ, લશ્કરની સંખ્યામાં વધારો, તીજોરીની આબાદી વિગેરે ત્રુટીઓનો વિચાર કરવો જોઈએ અને સમય આવ્યા પછી તે બાબતની પરિપકવ યોજના આપણે અમલમાં મૂકવા તૈયાર હઈશું માટે હાલમાં તો તે દુષ્ટોની આપણા ગુપ્તચરોથી તમામ બાતમી મંગાવવી અને તે માટે આપણને ઠીક લાગે તે યોજના અમલમાં મુકવી. દુસ્મનને અહીં આવતાં અટકાવવા

આ સિવાય કોઈ બાબતનો વિચાર કરવો મને વ્યાજબી લાગતો નથી. પછી તો આપ નામદારશ્રીની જેવી મરજી! આપણા ઉત્સાહમાં જરાપણ ભંગાણ પાડવા માગતો નથી. મને લાગે છે કે તેવો સમય હવે તો થોડાજ વખતમાં આપણા ચક્ષુ સામે ખડો થશે તેવું ભાસે છે. માટે આપ જરાક થોડો વખત સબુર કરો.

દયાળ! તારી સલાહ ઘણી જ ઉપયોગી-કિંમતી છે પણ તું જાણે છે કે ભારતની પ્રજા તેના પાપથી તે પાપી બાદશાહથી કંટાળી ગઇ છે અને તેના જુલ્મી-ત્રાસથી બચવા માગે છે? તેથીજ આજે મેં તને તારી સલાહ પુછવા બોલાવ્યો હતો. તો આપણે હવે એવો ઉપાય લેવો જોઇએ કે બાદશાહને તેનો જવાબ આપવો ભારે થઇ પડે.

હા! મ્હને એક વિચાર સુઝી આવ્યો છે, અને તે વિચાર જો આપ અમલમાં મુકો તો ભારતના તમામ હિન્દુ રાજા પણ આપણા કાર્યમાં સુંદર સાથ આપી શકે બાદશાહ ઉપર એકાએક આખા ભારતની નારાજી થાય. ને આપોઆપ તેની સાન ઠેકાણે આવે.

એવો તે શો ઉપાય છે?

આપણે એક કાગળ બાદશાહ ઉપર વિનય ને વિવેકભરી ભાષાથી લખવો તેમાં જજીઆવેરો બંધ કરવાનો આગ્રહ કરવો તેમજ હિન્દુઓ ઉપર ચાલતા અત્યાચારો તાકીદે બંધ કરવા વિનંતી કરવી અને છેવટમાં એ પણ જણાવી દેવું કે આ પત્રનો આપના તરફથી કંઈપણ આશાભર્યો જવાબ નહીં આવે તો લડાઈ કરવા આમંત્રણ આપી દેવું. આ પત્રની વાત જગજાહેર થશે ને હિન્દુઓનું તેમજ રાજાઓનું આપણા પ્રત્યે માન વધશે

અને આપણને આપણું કામ કરવાનો સમય મળશે. તે સમય દરમ્યાન આપણે આપણી તૈયારી કરી પણ શકીશું સમજ્યા! મહારાણા સાહેબ.

આમ એકાએક દયાળની તીવ્ર બુદ્ધિ જોઈ મહારાણા વિચારમાં પડયા "આખરે વાણીઆએ પોતાની બુદ્ધિ બતાવી ખરી, ધન્ય છે! મંત્રી! તમારી ચાણક્ય બુદ્ધિને? ચાલો, સારા કામની ઢીલ ન કરવી કાગળનો મુસદ્દો તૈયાર કરો અને હાલને હાલ આપણા વિશ્વાસુ માણસ સાથે દિલ્હી પહોંચાડવા બંદોબસ્ત કરો!

—: બાદશાહને લખેલો પત્ર :—

ઉદયપુર (મેવાડ) સને

નામદાર ખુદાવિંદ બાદશાહ સલામત ઔરંગઝેબની હઝુરમાં

શ્રી. દિલ્હી

વિનંતી સાથે લખવાનું કે આપ હિન્દુ જાતીને ઘણું કષ્ટ આપી રહ્યા છો, તેમજ ઇસ્લામ બનાવવા આપ આકાશ–પાતાળ એક કરી રહ્યા છો, આવો જુલ્મ તો દુનિઆના બીજા કોઈપણ ભાગમાં નહિ હોય તેવી રીતે આજે તમો જુલ્મ વર્તાવી હિન્દુ જાતિ ઉપર ઘાતકીપણે અત્યાચાર ગુજારી આપ આપની ફરજ ચુકો છો.

તે સિવાય જજીયા વેરો પણ એક 'જલ્લાદ' વેરો નાંખી આપ અમારી તમામ હિન્દુ જાતિનું ઘોર અપમાન કરી રહ્યા છો, તો આપને હું નમ્રતાપૂર્વક જણાવવા રજા લઉં છું કે જેમ બને તેમ તાકીદે આપના તરફથી ચાલતા અત્યાચારે.–જુલ્મો તથા જજીઆ વેરાને તદ્દન બંધ કરી કૃપા કરી પ્રજાનો આશિર્વાદ લેશો.

"આપને આ મારો વિનંતીપત્ર વ્યાજબી લાગતો હોય તો આપની બાદશાહીને શોભે તેવી રીતે ભૂતકાળના બાદશાહની માફક ન્યાય આપી આભારી કરશો તો આપનો મોટો ઉપકાર થશે." નહિંતો અમારી વિનંતિને સ્વીકારવામાં આપ ઢીલ કરશો તો અમો, ચુડીઓ પહેરી બેઠા નથી તેની નોંધ લેશો.

ખુદા, આલમ! તમને સદ્બુદ્ધિ આપે! એજ.

લી. તમારો વિશ્વાસુ
રાણો રાજસિંહ

આ પ્રમાણે દયાળે પત્ર લખી તૈયાર કરી રાણાજીને વંચાવ્યો. રાણાને તે વ્યાજબી લાગ્યો, કેટલાક સરદારોને પણ વંચાવવામાં આવ્યો. જ્યારે દરેક સામંતો એકમત થયા પછી આ પત્રને દિલ્હીશાહ ઔરંગઝેબ ઉપર મોકલવા માટે એક સામંતને રવાના કર્યો.

૨૪–રૂપનગરમાં પાટમદે.

પાટમદે પોતાના ખાનગી રસાલાને સાથે લઈ માતા-પિતાની તેમજ સાસુ-સસરાની આશિષ લઈ અરવલ્લીના પહાડોમાં શૈલમાલાના પાદ પ્રદેશમાં રૂપનગર જવા નીકળી. થોડા દિવસના પ્રવાસ દરમ્યાન વિક્રમ સોલંકીની પાસે આવી પહોંચી. વિક્રમ સોલંકી ઘણોજ બહાદુર તેમજ શુરવીર હતો. પ્રાણના ભોગે પોતાની ક્ષત્રિયવટ સાચવી જાણે તેવો વીરનર હતો. આજે મેવાડના મહામંત્રીની ધર્મપત્નિ પોતાને ત્યાં મહેમાન તરીકે આવેલ છે. તેથી પોતાને ઘણોજ આનંદ થયો અને તેમનો ઉતારો મહામંત્રીને શોભે તેવી રીતે ગોઠવવામાં આવ્યો ને તમામ જાતની ઉત્તમ સગવડ–સામગ્રી ગોઠવવામાં આવી હતી.

જ્યારે પાટમદે રૂપનગરમાં આવી તે વખતે રૂપનગરની બાંધણી, ત્યાંની પ્રજાનો ઉત્સાહી ભર્યો વર્તાવ અને પ્રેમ–લાગણી જોઈ ઘડીભર આશ્ચર્ય સાથે પોતાના આત્માએ સંતોષ અનુભવ્યો.

આજેજ દિલ્હીથી બેહજાર ઘોડેશ્વારનું એક લશ્કર બાદશાહે તેના સરદાર સાથે રવાના કરેલું તે આવી પહોંચ્યાના સમાચાર વિક્રમ સોલંકીના જાણવામાં આવતાં જ પોતે મહાન આફતમાં આવી પડયો ન હોય! તેમ ભાસવા માંડયું. હવે શું કરવું તેના વિચારમાં ઘડીભર તે પડી ગયો પણ તેને કાંઈ સુઝ ન પડી. કોઈ વિચાર ન સુઝયો. તેવામાં દિલ્હીના સરદારે સોલંકી વિક્રમને કહાવ્યું કે "બાદશાહ સલામતનો સંદેશો આપવા માટે હું આવ્યો છું. આપ ક્યારે અને ક્યા વખતે મળશો." વિક્રમે કહ્યું કે આપ બપોરના ટાઇમે ખુશીથી આવી શકો છો!

બપોર થતાંજ સરદાર મળવા આવ્યો એટલે વિક્રમ સોલંકીએ તેઓનો સત્કાર કર્યો "બાદશાહ સલામતનું શું ફરમાન છે?"

આપની રાજકુમારી પ્રભાવતિની સાથે બાદશાહ સલામત સાદી કરવા માંગે છે. તો "બાદશાહ સલામતનું ફરમાન મંજુર કરો અને મિત્રાચારી કાયમ કરો" આપ જો રાજીખુશીથી હા કહેશો તો બાદશાહ સલામત આપના રાજ્યને જેટલી જોઈશે તેટલી મદદ આપી આપના રાજ્યને મજબૂત બનાવવા સહાયતા આપશે અગર જો ના પાડશો તો તમારા રાજ્યને જમીન-દોસ્ત કરી તમારી દિકરીનું અપહરણ કરી પોતાની બેગમ નહિં પણ પાશવાન બનાવશે.

આ પ્રમાણે વાતચીતો ચાલતી હતી તે વખતે પાટમદેની સાથે આવેલ મેવાડી સરદાર રણજીત હાજર હતો અને તેણે આ બધી વાત સાંભળી હતી તેથી તે તરતજ પાટમદે પાસે ગયો અને તમામ વાત તેમણે કહી.

આ વાત સાંભળી પાટમદેએ બુદ્ધિ વાપરી રણજીતને કહ્યું

કે તું જા અને સોલંકી વિક્રમને કહે કે મને તરતજ મળી જાય. રણજીતે સોલંકીને સમાચાર આપ્યા કે તરતજ સોલંકી કામનું બાનું કાઢી પાટમદે પાસે ગયો અને પાટમદેને પૂછ્યું, કેમ! શું કામ છે?

"વિચાર કરી પંદર દિવસ પછી જવાબ આપીશ" તેવી રીતે હાલ તે વાતને પતાવી તેઓને વિદાય કરો. પછી શું કરવું તે બધું હું આપને સમજાવીશ.

સોલંકી વિક્રમે પાટમદેની સલાહ પ્રમાણે બાદશાહના આવેલા સરદારને સમજાવ્યું કે "આપ જરા થોડો વખત થોભો હું તમોને પંદર દિવસમાં ખુલાસો આપીશ" પ્રભુ સૌ સારાં વાના કરશે માટે આપ નિશ્ચિંતે થોડો વખત સબુરી રાખો. સરદારે (મનમાં ઉતાવળે આંબા નહીં પાકે) સમજી વાત કબુલ રાખી રૂપનગર બહાર ત્રણ–ચાર માઈલ દુર છાવણી નાંખી પડાવ નાંખ્યો.

પાટમદેએ સોલંકી વિક્રમ અને તેના અન્ય કર્મચારી તથા સામંતોને ભેગા કરી કહ્યું "જીંદગીમાં મોત એકવાર આવે છે ને આવવાનું છે માટે મરવું તો સ્વમાનથી મરવું અને જીવવું તો બહાદુરીથી જીવવું. રાણી પદ્મનીનો ઇતિહાસ વાંચો, તેણે પોતાના સંરક્ષણ માટે પોતાની જાતનું બળીદાન સેંકડો વિરાંગનાઓની સાથે આપી પોતાના કુળની આબરૂ સાચવી હતી. મેવાડનો એક પણ બાળક પરાધીન–ગુલામ રહેવા માંગતો નથી. જો મારી સલાહ માનતા હો તો કુમારી પ્રભાવતિને કોઈ લાયક રાજા સાથે તેનો હસ્તમેળાપ કરી અન્ય સૌ એક સ્વમાનની ખાતર પિશાચીક બાદશાહના જુલ્મને અટકાવવા પ્રજાના સુખને ખાતર કેશરીયાં કરો અને પ્રભુ ઉપર ભરોસો રાખો. સૌ સારાં વાનાં થશે. આ વખતે ત્યાં પ્રભાવતિ આવી પહોંચ્યાં.

બ્હેન! વૈભવ વહાલો છે કે ટેક? પાટમદેએ પ્રશ્ન પૂછ્યો.

તુચ્છ વૈભવની લાલસા નથી, લાલસા તો મારા દેશની રક્ષા અને મારા શિયળનું જતન કરવા સિવાય આ અભાગીણીને કાંઈ પણ જાતની લાલસા નથી. બ્હેન! આજે મારે લીધે મારા બાપુને સમગ્ર પ્રજાજનને કેટલી ઉપાધી અને દુઃખ આવી પડયું છે પ્રભુએ મને આવી સુંદરતા ન આપી હોત તો બ્હેન! આમાંનું કાંઈ પણ થાત નહિં પણ પાપી નીચ ગોઝારો બાદશાહ ઔરંગઝેબ ગમે તે ભોગે મારા રૂપનગરને જમીનદોસ્ત કરશે ને પ્રજાની ખાનાખરાબી કરશે અને જ્યાં ત્યાં ત્રાસ–જુલ્મ વર્તાવી તોબા પોકરાવશે. ત્યાં પાટમદે બોલી.

બ્હેન પ્રભાવતી! તું તો ક્ષત્રિયાણી થઈ ખાંડાના ખેલથી ડરે છે કેમ? જેમ ભાવિની મરજી હશે તેમ થશે. તો હવે તું એકજ વિચાર કરી તારો હસ્ત કોઈ શૂરવીર રાજાને સોંપ જેથી તારા રક્ષણ માટે પ્રાણની પરવા ન કરે.

પાટમની આ વાત સાંભળી બધા શૂરવીર સરદારો અને સોલંકી વિક્રમ વિચારમાં પડી ગયા. હા, બરાબર છે. પરંતુ બાદશાહને બેટી આપી કઈ ઈજ્જતે જીવવું? શું ક્ષત્રિયપણું પરવારી ગયું? શું ખાંડાના ખેલ ખેલવા માટે હાથ ભાગી ગયા? મોતની બીક રાખી, શું કાયર બની ગયા? ના, ના, એ કદાપી નહિંજ બને! બ્હેન પાટમ, તમને અમારી એક વિનંતી છે કે અમારા મહામંત્રી વીર દયાળશાહને કહેજો કે "સોલંકી વિક્રમ શૂરવીરના મોતથી મરશે પણ પોતાની દીકરી એ પાપી મ્લેચ્છ બાદશાહને નહીંજ સોંપે! તે નહિંજ સોંપે!!!"

શાબાશ મારા સોલંકી વિક્રમ રાજવિ! હું જે આશા ભરી આવી હતી તે આશા ફળિભૂત થતાં ઘણોજ હર્ષ થયો છે.

મારા નાથને મેં કહ્યું હતું કે પાપીના પાપની શિક્ષા આપવાનો સમય આવી રહ્યો છે, તો સોલંકી વિક્રમ તમે મારી વાત સાંભળો! જો તમારી અને પ્રભાવતિની મરજી હોય તો આજે ભારતની ભૂમિ ઉપર તમામ રાજાઓ માંહોમાંહેના કુસંપમાં ઈર્ષામાં અને ગુલામીમાં પોતાનું સર્વશ ગુમાવી આજે નમાલા-પણું કાયરતા ભોગવી રહ્યા છે. અને નીચ બાદશાહની ખુશા-મતથી પોતાના રાજ્ય ચલાવી રહ્યાં છે. તેવા નમાલા અને બીચકારા પાસે ક્ષત્રિયાણીના રક્ષણની આશા રાખવી તે તો નકામું છે. આજે જો બાદશાહના સામો થવા વાળો હોય તો નરવીર ફક્ત એકજ મહારાણા રાજસિંહ છે.

બ્હેન પ્રભાવતી! મનમાં વિચાર કરી એક પત્ર રાણાજી ઉપર લખી આપ અને તારા રક્ષણ માટે માંગણી કર. પ્રભા-વતિને પણ તે વાત ગમી અને પત્ર લખવા ઉતાવળી બની.

સોલંકી વિક્રમને પણ વાત ગળે ઉતરી "જો કંઇ પણ સહાય આપે તેમ હોય તો ફક્ત રાણા રાજસિંહ સહાય આપે તેમ છે અને તે જરૂર આપશે—જો તેઓ આપે તો પોતાની દીકરીનો સંબંધ રાણાજી સાથે જોડવાનું નક્કી કર્યું.

મારા પતિ મહામંત્રી તમોને વખતસર સહાય આપવા પોતાના રસાલા સાથે આવી જશે માટે આપ ચીંતા ન કરો અને મને જવાની રજા આપો.

પ્રભાવતિ પત્ર લખી લાવી ને પાટમદેને આપ્યો અને તેણે તે લઇ રણજીતને બોલાવીને સૂચના આપી કે તું બાદશાહની ફોજની તપાસ મુસલમાનના પોષાકમાં સજ્જ થઈ કરી આવ અને રસ્તામાં ડુંગરની ખીણના ભાગ પાસે મળો. હું તમારી રાહ જોઇશ. પાટમદે પ્રભાવતિનો પત્ર લઈ ઉદયપુર—મેવાડ તરફ રવાના થઈ.

૨૫—મહારાણાના દરબારમાં પ્રભાવતિનો પત્ર.

મહારાણાશ્રી, મહામંત્રીશ્રી દયાળશાહ, સામંતો, તથા અન્ય સરદારો વિગેરે સર્વે દરબારમાં બિરાજમાન હતા અને ભાટ—ચારણો બીરદાવલી બોલતા હતા. રૂપનગરથી આવેલો પત્ર પાટમદેવીએ પોતાના પતિને આપેલો અને રૂપનગરની દરેક વાતો સમજાવી દેવામાં આવી હતી.

દયાળશાહે અગાઉથીજ તે પત્ર કોઈ અજાણ્યા માણસને આપી દરબાર વખતે આવવાની સૂચના કરવામાં આવ્યા મુજબ બરાબર દરબાર વખતે આવવાની સુચના મુજબ પ્રભાવતિનો પત્ર લઈને આપવા માટે એક દુત અંદર આવ્યો.

દુતે અંદર આવીને રૂપનગરની બધી વાત કરી અને રાજકુમારી પ્રભાવતિનો આપેલો પત્ર મહારાણાશ્રીના હાથમાં મૂકયો. તેથી મહારાણાશ્રીએ તે પત્ર મહામંત્રીને આપ્યો અને વાંચવાનો હુકમ કર્યો.

મહામંત્રીએ પત્ર હાથમાં લીધો અને વાંચવો શરૂ કર્યો.

પ્રભાવતિનો પત્ર

(રાગ–લાવણી)

પત્ર લખું છું પ્રેમ ધરીને, વિચારી લેજો રાણા,
સિસોદીયામાં શિરોમણીને, ગુણ ગંભિરે છો શાણા.—૧
આપ ચરણની હું છું દાસી, રક્ષા તો મ્હારી કરજો,
ક્ષત્રિયાણીની ઈજ્જત રાણા, પ્રાણાન્તે પણ સાચવજો.—૨
શું રાજહંસણી બગલા કેરી, સહચરી થઈને રહેશે ?
શૂરવીર રાણા મેવાડ કેરા, શું અત્યાચાર જોઈ લેશે ?—૩
મેં તો રાણા સર્વંશ મ્હારૂં, આપ ચર્ણોમાં સોંપ્યું છે,
રક્ષણ કરજો આ દાસીનું, દીલ મ્હારૂં સમર્પ્યું છે.—૪
ઔરંગઝેબનો જુલ્મ રાણા, કયાં સુધી જોયા કરશો,
સૂર્યવંશીનું સૂર્ય તેજ, શાહને કયારે બતલાવશો.—૫
નહિં આવો તો કહું છું રાણા, પ્રાણત્યાગ પ્રભા કરશે,
સ્ત્રી હત્યાનું પાપ રાણા, આપના શિરે મૂકાશે.—૬
મેંતો ધાર્યા સ્વામિ તમને, મનથકી વરી ચુકી હું,
પ્રાણ પતિ છો મહારાણા, આથી વધારે લખુંજ શું.—૭
સ્ત્રીઓ કેરી રક્ષા માટે, આજે કોઈ શૂરવીર નથી,
જ્યાં જોઉં ત્યાં છે ગુલામો, શૂરવીરતા જોતીજ નથી.—૮
પવિત્ર રાજપૂત કન્યા આજે, શું મ્લેચ્છ તણી દાસી બનશે,
તેથી શું ક્ષત્રિયો કેરી, રાણાશ્રી શોભા વધશે.—૯
બાપ્પારાવલની કીર્તિ ઉજ્વલ, કરવા રક્ષા કરજો સહી,
આપ ચર્ણોમાં સર્વંશ સોંપ્યું, દેવતણી સાક્ષીએ રહી.—૧૦
કહે "ભોગીલાલ" રાણાશ્રીને, **પ્રભાવતિ**નું રક્ષણ કરજો,
પાપી શાહને શિક્ષા આપી, હિન્દુઓના દુઃખ હરજો.—૧૧

ઉપર મુજબનો પત્ર મહામંત્રીએ પુરો કર્યો. રાણાજીના ગુસ્સાનો પાર રહ્યો નહિં. બીજી બાજુ સોલંકી વિક્રમનો પણ પત્ર આફત માટે વિનંતીથી સહાયતા મેળવવા માટેનો એક પૂરોહિત બ્રાહ્મણની સાથે આવ્યો. આ બંને પત્ર મળતાંની સાથેજ રાણાશ્રી એકપણ મિનીટ વિચાર કર્યા વગર, એકદમ સિંહાસન ઉપર ઉભા થઈ ગયા અને ત્રાડ પાડી બોલવા લાગ્યા. "શું દિલ્હીનો પિશાચીક બાદશાહ ઔરંગઝેબ! આટલી હદ સુધી ગયો છે? મહામંત્રી દયાળશાહ! હવે તો હદ થાય છે. બોલો, આ આવેલા પત્રોની બાબતમાં તમારો શું અભિપ્રાય છે?"

નામદાર! જે સમયની આપ રાહ જોઈ રહ્યા હતા તે સમય આજે પાપીને પોતાના પાપની શિક્ષા આપવાનો આવી રહ્યો છે. માટે હવે તો એકજ સલાહ છે કે "દેહ પાડ્યામી કે કાર્ય સાધ્યામી" બોલો, સરદારો અને સામંતો! મ્હારા વ્હાલા રાજ્યના કર્મચારીઓ, આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે. નીચ બાદશાહને પોતાના અભિમાનનો અંકોડો ઉતારવો કે આપણે ચૂડીઓ પહેરી થાય તે જોયા કરવું.

રાણાશ્રી પોતાનો ગુસ્સો દરબારમાં બતાવે છે તે વખતે પાટમદે આવે છે. "નામદાર, ઉતાવળ કરવાની જરૂર નથી. ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર." પ્રભાવતિની રક્ષા કરવી તે આપની ફરજ છે પણ બુદ્ધિપૂર્વક અને યુક્તિપૂર્વક મેવાડવાસીઓ માટે એકજ શબ્દ કહેવાનો છે. જ્યાં સુધી મેવાડને આબાદ અને ટકીલું રાખવું હોય તો મેવાડી મરતાં શીખે. માટે એક ઘડીનો વિલંબ ન કરતાં હાલને હાલ તે ક્ષત્રાણિની ઈજ્જત સાચવો અને બાપ્પારાવલની કીર્તિ ઉજ્જવલ બનાવો. પાટમદેનો જુસ્સો જોતાંજ રાણા રાજસિંહ બોલ્યા: દિકરી તું અહીં ક્યાંથી?

પૂજ્ય પિતાતુલ્ય મહારાણા, હું પણ મેવાડની માટીમાંથી ઉત્પન્ન થએલી છું. મેવાડની સેવા કરવી અને મેવાડ માટે પ્રાણ આપવા એ મારા જીવનની મૂખ્ય ફરજ સમજું છું. તેમાં વળી જ્યાં નિર્દોષ સ્ત્રીઓ પર જ્યારે પાપી બાદશાહ પોતાનું ભાન ભૂલે અને પોતાની સત્તાના બળથી નાનાઓને મહાત કરી તેની બેન-બેટી ઉપર ખોટી કુદષ્ટી કરે તે શું મેવાડની વિરાંગના જોઈ શકશે? ના, ના, કદી નહિં. મેવાડની એવી અનેક પદ્મ-નીઓ પેદા થશે કે નિચ શહેતાની હજારો બાદશાહના લોહી પી ચંડિકા સ્વરૂપ ધારણ કરી મેવાડની ઈજ્જત અને શૂર-વીરતા સાચવશે.

નામવર! પ્રભાવતિના પિતા આજે ભયંકર આપત્તિમાં આવ્યા છે. પાપી બાદશાહની ત્રણથી ચાર હજાર માણસનું લશ્કર રૂપનગરના સીમાડે ઉતરી ચૂક્યું છે. ફક્ત પંદર દિવસની અંદર હા અગર ના નો જવાબ આપવાની સોલંકી વિક્રમે વાત કરી છે. પ્રભાવતિ સોલંકીની દિકરી છે તે પ્રાણ આપશે પણ પોતાનું શિયળ એ શિયાળવાને તો પ્રાણાન્તે નહિંજ આપે. આપ નામદાર પ્રત્યે તેનો અપૂર્વ પ્રેમ છે અને તે આપને પોતાના મનથી વરી ચૂકી છે. તો આપ જેમ બને તેમ તાકીદે બંદોબસ્ત કરો. આજે હિન્દુઓ ઉપર હજારો જાતના અત્યાચારો તે રાક્ષસી પિસાચીક તરફથી થઈ રહ્યા છે. આજે હજારો બ્હેન-બેટીની ઈજ્જત ભયમાં મુકાએલી છે.

તો શું? મેવાડનો શિરતાજ આ બધો જૂલ્મ જોયા કરશે? શું એકલીંગજી ભગવાનનો સાચો સેવક મેવાડની ઈજ્જત માટે પોતાનો પ્રાણ આપવા પાછી પાની કરશે?

પૂ૦ પિતાતુલ્ય મહારાણા! આજે ગૌરવ લેવાનો સમય

આવી પહોંચ્યો છે. અને મને ખાત્રી છે કે આપ જરૂર ઔરંગઝેબ બાદશાહને ભુપીતો કરી તેનો શિકાર છીનવી પ્રભાવતીને રાણી બનાવી યશ-કીર્તિ સહિત મેવાડમાં પાછા ફરશો. પાટમદેએ મહારાણાને સલાહ આપતાં વિનયથી આગ્રહ કર્યો.

ધન્ય છે, મારી વ્હાલી દિકરી ! તું જૈન હોવા છતાં તારામાં આટલી નિડરતા અને શુરાતન દેખી આજે મારી છાતી ગજગજ ફૂલે છે. હજી આ મેવાડમાં તારા જેવી વિરાંગના દિકરીઓ હૈયાત છે ત્યાં સુધી.........બેટા, આ રાણાની પણ પ્રતિજ્ઞા છે "ગમે તે જોખમે પ્રભાવતિની તથા તેના પિતા સોલંકી વિક્રમની રક્ષા કરીશ."

મ્હારા વ્હાલા સામંતો, સરદારો અને સભાજનો! બોલો, તમારો જે વિચાર હોય તે મને જણાવો, જેને પોતાનો પ્રાણ વહાલો હોય તેને રાણાનો આગ્રહ નથી, જેણે આ પોતાની મેવાડની તેમજ બાપ્પારાવલની કીર્તિ પર બલિદાન આપવાની હિંમત હોય તેઓ દરબાર વચ્ચે પ્રતિજ્ઞા કરે અને પોતાની ફરજ બજાવવા તૈયાર થાય.

આ સાંભળી રાજદરબારમાં તલવારોનો ખણખણાટ થયો અને હજારો શમશેરો બહાર નીકળી, હજારો શૂરવીરોએ પોતાનો પ્રાણ આપવા પ્રતિજ્ઞા લીધી અને એકલીંગજી મહારાજની જયઘોષણા બોલાવી રાણાજીની સાથે પ્રાણ જતાં સુધી વફાદાર રહેવાની ખાત્રી આપી.

આમ બધાને તૈયાર થયા જાણી દયાળશાહ મહામંત્રીપદથી ઉભા થઈ બોલ્યા, શાબાશ મારા રણશુરા ભડવીરો! કેટલાક વખતથી આપણા નામદાર મહારાણા નીચ બાદશાહને શિક્ષા આપવાની તમન્ના સેવતા હતા તે આજે પરિપકવ સમય આપો

આપ આવી મળ્યો. મારી ખાત્રી છે કે બાદશાહ પોતાની ઇજ્જત, આબરૂ અને સત્તાનું લીલામ કરી દિલ્હી ભેગો થઈ જશે.

મહારાણા રાજસિંહને પોતાના હુકમનું તેમજ વિનંતીનું સંપૂર્ણ માન સચવાયું અને પોતાની સાથે હજારો યોદ્ધાઓ પોતાનો પ્રાણ આપવા બંધાયા તેથી તેઓના આત્માએ સંતોષ અનુભવ્યો, હવે કુચ કરવા, લશ્કરને કેવી રીતે ગોઠવવું અને દુશ્મનને કેમ મહાત્ કરવો તેનો વ્યુહ રચવાનું કાર્ય મહામંત્રી દયાળશાહને સોંપી આજનો દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

૨૬–દયાળશાહની વ્યુહરચના.

મહારાણાશ્રીનો હૂકમ મળતાંજ દયાળે પોતાની સહીથી હૂકમ બહાર પાડયો. તે હુકમ બહાર પડતાંની સાથેજ મેવાડની પ્રજા જાગ્રત બની, જ્યાં જુઓ ત્યાં હથિઆરોના ખખડાટ થવા લાગ્યા, શમશેરો ચમકવા લાગી, કાટ ખાઈ ગએલા તમામ શસ્ત્રો કારીગરો પાસે તૈયાર કરાવ્યા. લુહાર, સુથાર અને તમામ કારીગરો હથિઆરો બનાવવામાંજ પડી ગયાં. ઢાલ, તલવાર તથા જમૈયા વિગેરેના થોકેથોક તૈયાર થવા માંડયા, તોપના દારૂગોળા પણ પુરતા લીધા તથા બીજા તમામ સરંજામની તૈયારી કરવામાં આવી.

ઘોડા, હાથી, ઉંટ, ખચ્ચર તથા તમામ જાનવરોને પણ સુંદર ખોરાક આપી તેની શક્તિમાં તેમજ સ્ફુરતીમાં ઘણો જોમ લાવ્યા. આ પ્રમાણે લશ્કરની તમામ જાતની તૈયારી થોડાજ સમયમાં તમામ સામગ્રી સહિત એકત્ર કરી રાણા રાજસિંહ, મહામંત્રી દયાળશાહ તેમજ બીજા અન્ય સરદારોએ પણ લોખંડી

બખ્તરો પહેરી અશ્વપર સ્વાર થઈ શસ્ત્રોના ઝણકારથી મેવાડ-ભૂમિને આજે ચૈતન્ય બનાવી દીધી. પ્રભાવતિનું રક્ષણ કરવું અને જુલ્મી બાદશાહને તેના ભયંકર પાપોની શિક્ષા આપવી તે દરેક મેવાડવાસીનો ધર્મ છે. મેવાડીઓની ફર્જ છે.

આ પ્રમાણે બોલતાં બોલતાં સૌ કુચ કરવાની તૈયારીમાં હતા, રાણા પણ પોતાના લશ્કરનો ઉત્સાહ જોઈ ફુલ્યા સમાતા નહોતા, **મહારાણાશ્રી પ્રતાપનો** જ્વલંત ઈતિહાસ જાણે આજે ફરીવાર સજીવન થયો જણાતો હતો.

મહામંત્રી દયાળશાહે લશ્કરની વ્યુહરચના એવી સુંદર ગોઠવી હતી કે ગમે તેવો દુશ્મન આવે તોપણ જરાપણ આંચ આવે તેમ નહોતી.

આખા લશ્કરને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું હતું. રૂપનગર તરફ જવાના પહાડી રસ્તા હતા તે દરેક રસ્તે હજાર હજાર માણસોનું લશ્કર અને તેની સાથે દરેક જરૂરીયાત ચીજોનો સરંજામ રવાના કરવા નક્કી કર્યું. ચાર ભાગના ચાર સેનાપતિઓ બનાવ્યા. મહારાણા રાજસિંહ મુખ્ય ટુકડીના નાયક, ઉત્તર તરફની ટુકડીના નાયક સરદાર ચૂડાવતને નિમવામાં આવ્યા, દક્ષિણ તરફની ટુકડીના નાયક વીર દયાળશાહ અને ચોથી ટુકડીના સેનાપતિ તરીકે દેવી પાટમદેની નિમણુંક કરવામાં આવી.

આમ બહુજ બુદ્ધિપૂર્વક દયાળશાહે ગોઠવણ કરી હતી હવે તો ફક્ત મહારાણાશ્રીની આજ્ઞાની રાહ જોવાતી હતી. મહારાણાશ્રી ક્યારે આજ્ઞા આપે અને લશ્કર પ્રયાણ કરે એ જોવાતું હતું. રાણાજી પણ વખતસર આવી પહોંચ્યા. તેઓ આવ્યા તે વખતે હજારો પ્રજાજનોએ પુષ્પોના હારથી વધાવ્યા અને રાણાશ્રીની તથા

દયાળશાહ અને પાટમદેની જય બોલાવી આકાશને ગજવી નાંખ્યું. આજે લશ્કરનો ઉત્સાહ અજબ હતો. આજની મેવાડની રોણક કોઈ જુદીજ હતી. તેમજ રાણાશ્રીરાજસિંહનો ઉત્સાહ કોઈ અનેરો હતો. પ્રભાવતિનો પ્રેમ ભરેલો લખેલો પત્ર અને તેની સુંદરતાના સાંભળેલા વખાણ રાણાજીના ઉત્સાહ માટે બસ હતા.

પાટમદે અને મહામંત્રી દયાળશાહ તથા સર્વે સામંતો પોતપોતાની ફરજ બજાવવા રાણાશ્રીના હુકમની રાહ જોતા ઉભાં રહ્યા હતા. આ સર્વે સમાચાર રૂપનગરના સોલંકી વિક્રમને દયાળશાહે ચાર દિવસ અગાઉથી મોકલી આપ્યા હતા. અમો ચાર દિવસમાંજ આવીએ છીએ, તમો લગ્નની સામગ્રી તૈયાર રાખો. તેવા સમાચાર લઇને પુરોહિતને સાંઢ ઉપર રૂપનગર રવાના કર્યો.

કુચ કરવાની આજ્ઞા રાણાશ્રી તરફથી આપવામાં આવતાંજ દયાળશાહની સુચના મુજબ રાણાશ્રી રૂપનગર જવાના રસ્તે, પાટમદે રૂપનગરથી થોડા અંતરે પહાડી રસ્તે જ્યાં થઇને ખીણમાં જવાય છે તે નાકા ઉપર આવતા લશ્કરને રોકવા, ચુડાવત જ્યાં બાદશાહની ફોજ પડી છે તેની જમણી બાજુ તેઓની હીલચાલ ઉપર નજર રાખવા, અને બાજુની પહાડી રસ્તાની ફાટક ઉપર જવા હુકમ આપ્યો પરંતુ ચૂડાવતનો પગ જતાં જરા અચકયો. પણ હિંમત લાવી તે રવાના થયો અને દયાળશાહ પણ પોતાની મુકરર જગાએ જવા તૈયાર થયા.

૨૭—હાડીરાણીનું પરાક્રમ.

જ્યારે તમામ લશ્કર રવાના થયું ત્યારે ચૂડાવત્ સરદાર જરા ખચકાયો હતો તેનું મૂખ્ય કારણ એ હતું કે ચૂડાવત્ સરદારના લગ્ન તેજ દિવસે હાડીરાણી સાથે થયા હતા, હજી હાથેથી મીંઢળ પણ છુટયા નહોતા. સરદારની ઉંમર ૧૮ થી ૨૦ વરસની હતી તેમજ હાડીરાણીની ઉંમર પણ ૧૬ થી ૧૭ વરસની હતી.

બંને દંપતિ રૂપરંગમાં રામ–સીતાની જોડી હતી, હાડીરાણીની સુંદરતા એવી હતી કે તેને જોતાંજ ભલભલાં અવાચક ને બેભાન બની જતા હતા. તેના શરીરની ચામડી ગૌરવર્ણી હતી, સ્તન આમ્રવૃક્ષના ફળ જેવાં હતાં તેનાં ચક્ષૂ જાણે મૃગનયણીની આંખો કરતાં સુંદર જણાતાં હતાં તેની નાશીકા જાણે શુક મહારાજની ચાંચ જેવી હતી, તેના ઓષ્ટ જાણે પરવાળાના રંગ જેવા સુંદર હતા, તેના શરિરના સ્નાયુઓ એવા સુંદર ને

ધાટીલા હતા, જાણે કોઈ દેવાંગના કે આકાશની પરી નહિ હોય?

ચૂડાવત્ સરદાર હાડીરાણીની સુંદરતા ઉપર ઘાયલ થઈ ગયો હતો. જ્યારે રાણાજી સાથે યુદ્ધમાં જવાનો હુકમ થયો ત્યારે તેના મનમાં ઘણોજ ક્ષોભ થયો, પણ કરે શું? પોતાની ફરજ પોતાને બજાવ્યા સિવાય છુટકો નહોતો.

ચૂડાવત્ સરદાર પણ એક શૂરવીર યોદ્ધાને શોભે તેવો હતો તેથીજ તેની નિમણુંક કરવામાં આવી હતી. યુદ્ધમાં જતાં પહેલાં પોતે પોતાની હાડીરાણીની આજ્ઞા લેવા ગયો.

ચૂડાવત્‌ને લોખંડી બખ્તર ને શસ્ત્ર સજેલ પોષાકમાં જોઇ હાડીરાણી બોલી, પધારો! મારા પ્રાણવલ્લભ, બોલો, આપની આ કીંકરીને શી આજ્ઞા છે?

આવા અમૃતમય પ્રિય વચનો સાંભળી ઘડીભર ચૂડાવત્ સ્તબ્ધ થઈ ગયો, અને મૌન ઉભો રહ્યો આખરે મૌન તોડતાં બોલ્યો, દેવી! આજે બાદશાહની સામે મારે યુદ્ધમાં જવાનું છે. પીઠ બતાવી પાછા આવવાની મારી ઇચ્છા નથી. કદાચ મારૂં મૃત્યુ થાય તો તમે તમારો ધર્મ ચૂકશો નહિં.

નાથ! સમુદ્ર મર્યાદા મુકે નહિં, પૂર્વનો સૂર્ય કદાપિ પશ્ચિમમાં ઉગે નહિં તેમજ આ આપની રાણી પ્રાણાન્તે પોતાનો ધર્મ ચુકશે નહિં તેની ખાત્રી રાખજો. નાથ! આપ સુખેથી પધારો અને યશકીર્તિ વરી આપની આ દાસીને આલીંગન આપવા અને અધરામૃતનો લ્હાવો લૂંટવા વહેલા પધારશો. નાથ, જ્યારે આપ વિજય પ્રાપ્ત કરીને પાછા આવશો ત્યારે આપને મારા બાહુપાશમાં જકડી વિજયમાળ પહેરાવીશ. કદાચ સંગ્રામમાંજ સ્વર્ગવાસી થશો તો આપની પાછળ આનંદથી સતિ થઈશ ને આપને સ્વર્ગમાં મળીશ. નાથ! ક્ષત્રિયાણીની રક્ષા

કરવી તે તો ક્ષત્રિયોનો ધર્મ છે. તો તેવા કામમાં જરાપણ વિલંબ કરવો ઠીક નહિં. દેવ, હવે પધારો?

વ્હાલી, ત્હારાં લગ્ન હજી હાલજ થયાં છે, જોને, હજી તારા હાથેથી મીંઢળ પણ છુટયા નથી તેથી તારી સુંદરતામાં હું વ્યાકુળ–પરવશ બન્યો છું.

એટલેજ હું કહું છું કે તમે તમારો ધર્મ ચુકશો નહિ.

જ્યારથી તમારી મૃદુભરી ભાષા તેમજ તારી રોણકદાર ચાલ જોઇ ત્યારથી મારૂં મન તારા માટે વિહ્વળ બન્યું છે.

નાથ! આજે આપ આ શું બોલો છો? તેનું તમને ભાન છે? સતિ કોઇપણ દિવસ પોતાના પ્રાણની પરવા કરતી નથી, પોતાનું શિયળ પોતાના પ્રાણથી પણ વધારે વ્હાલું ગણે છે. શું કાગડો હંસ બનશે? શું નેવાના પાણી મોભે પહોંચશે? શું કેશરીસિંહ કોઈકાળે ઘાસ ખાશે ખરો? શું વાઘણનું દુધ સોનાના ઠામ વિના ટકશે? તેમજ સતિ સ્ત્રી પોતાના પ્રાણપતિના વિયોગમાં પોતાનો ધર્મ સમજી પોતાની આત્મયાહુતિ આપશે પણ પોતાનો ધર્મ નહિંજ ચૂકે. માટે નાથ! તમો ખુશીથી પધારો ને વિજય વરી વ્હેલા પાછા આવો ને આપની આ દાસીને આપના ચર્ણોની સેવા કરવા ભાગ્યશાળી બનાવો.

તમે તમારો ધર્મ ચૂકશો નહિં. ચૂડાવતે જતાં જતાં કહ્યું.

દેવ, આપ નિશ્ચિંત રહેશો. સોનાને શ્યામ નહિં લાગે, તમારી ઇજ્જતને કલંક નહિં આવવા દઉં, કદાચ આપ સ્વર્ગવાસી થશો તો તમારી પાછળ હું સતિ થઇશ. મ્હારા શિરછત્ર શિરોમણિ આપ વિજયમાળ પહેરી વહેલા દર્શન દેવા પાછા આવશો.

સતિ ઉપર વિશ્વાસ લાવી ચૂડાવત્ ગયો તો ખરો પણ થોડેક દૂર ગયા પછી નોકરની સાથે સંદેશો મોકલાવ્યો ને કહ્યું કે જે જવાબ આપે તે લેતો આવજે. જેથી નોકર ત્યાંથીજ પાછો ફર્યો અને તરતજ ચૂડાવતની હવેલી પર આવવા નીકળ્યો. થોડીજવારમાં તે આવી પહોંચ્યો અને હાડીરાણીને કહ્યું કે સરદાર ચૂડાવતે કહાવ્યું છે કે "**તમો તમારો ધર્મ ચૂકશો નહિં.**"

આ શબ્દો સાંભળતાંજ હાડીરાણી ચમકી, તેઓને શું જવાબ આપવો તેના વિચારમાં પડી. તે સમજી ગઈ કે મારા સ્વામિને મારા પ્રત્યે મોહ ઉત્પન્ન થયો છે, જરૂર તે યુદ્ધમાં પરાજય પામી ઘેર આવશે અને પોતાના નામ પર કલંક લગાડશે. કારણકે પોતાનો જીવ યુદ્ધમાં નહીં રાખતાં મારા મોહમાં પલટાઈ જશે. એવો વિચાર કરી જવાબ આપ્યો. ભાઈ, તું ઉભો રહે, હું જે આપું તે સરદાર ચૂડાવતને આપજે અને સાથે સાથે એ પણ કહેજે કે સતિઓ તો પોતાની ફરજ બજાવી છે પણ તમે તમારી ફરજ અદા કરજો. આમ બોલતાંની સાથે એકદમ તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢી અને પોતાનું માથું ધડથી જુદું કરી આપ્યું.

તરતજ નોકર માથું લઈ સરદાર ચૂડાવત્ પાસે ગયો અને ચૂડાવતને માથું અર્પણ કર્યું અને સતિએ જે શબ્દો કહ્યાં હતા તે શબ્દો કીધાં. હાડીરાણીના માથાનેજ જોતાં ચૂડાવતને આનંદ થયો અને માથાના ચોટલાની ગાંઠ વાળી પોતાના ગળામાં હારની માફક પહેરી લીધું. જાણે શિવની રૂદ્રમાળા ધારણ કરી ન હોય? ધન્ય છે! એ વીરરમણી હાડીરાણીને!!!

વાંચક વર્ગ! જરા વિચાર કરશો તો જણાશે કે ભારતની વિરરમણીઓએ પોતાના શિયળ અને સ્વમાનને માટે પ્રાણના ભોગે સાચવી ઈતિહાસને શોભાવ્યો છે, ધન્ય છે! એ વીર રમણીઓને?

ચૂડાવતને પોતાની પ્રાણવલ્લભા હાડીરાણીના મસ્તકનો હાર પોતાના ગળામાં પહેરી પચીસ હજારની ફોજ સાથે બાદશાહના લશ્કર સામે મુકાબલો કરવા વીરકેશરીની માફક ચાલ્યો.

૨૮–પ્રભાવતિના લગ્નનો સમારંભ અને મોગલો સાથે યુદ્ધ.

રૂપનગરમાં આજે જ્યાં જુઓ ત્યાં લડાઈ, યુદ્ધ સિવાય બીજું કાંઈ દેખાતુ નથી. મ્લેચ્છો શું કરશે? જો કદાચ સોલંકી વિક્રમ હારી જાય તો પ્રભાવતિનું શું થશે? તેના વિચારમાં સોલંકી વિક્રમ હતાશ થવા લાગ્યો.

મહારાણા રાજસિંહના સમાચાર મળ્યા ત્યારે જરા શાન્તિ થઈ અને પોતાની પુત્રી પ્રભાવતિને સમાચાર પહોંચાડયા તેથી પ્રભાવતિને પણ અનેરો આનંદ પ્રાપ્ત થયો.

એવામાં સમાચાર મલ્યા કે રાણાજી તો લશ્કર લઈને સિધાજ બાદશાહની ફોજ પર છાપો મારી હજારો મુગલોને ત્રાહ ત્રાહ પોકરાવી જમીનદોસ્ત કરી નાંખ્યા. અને મહામંત્રી દયાળશાહ તો મુગલોની ફોજનો પીછો પકડી કુતરાની માફક હાંકવા મંડી પડયા છે.

વળી દિલ્હીથી બીજું લશ્કર આવ્યું હોય એવું જણાય છે અને આપણો ચૂડાવત્ સરદાર કેશરીસિંહ પણ આવેલા બાદશાહના લશ્કરને રોકવા ખડગની માફક ઉભો છે, કોની તાકાત છે કે ચૂડાવતની વિક્રાળ મૂર્તિ સામે જોઈ શકે? વળી પાટમદેને તો આપણે ભૂલી ગયાં, તે પોતાની ફરજ પુરેપુરી રીતે બજાવી રહી હતી. જે લશ્કર રૂપનગરમાં આવવાને ટાંપી રહ્યું હતું તે જેવું ખીણમાં પસાર થતાંની સાથે બે બાજુથી પત્થરનો મારો અને તીરના મારો ચલાવ્યો કે આખું લશ્કર ખીણમાં એવું સપડાઈ ગયું કે કોઇ જગ્યાએથી જઈ શકાય તેવી સ્થિતિ લશ્કરની રહી નહિં.

આખરે મુલસમાનો યા અલ્લાહ પરવર દી'ગાર, ક્યા હમ મર જાએંગે? મેરા બેટા હિન્દુઓએ ક્યા કમાલ કીયા! આ પ્રમાણે મુસલમાનો પોકે પોકે બૂમો પાડવા લાગ્યા પરંતુ તેઓની બૂમો સાંભળવા કોઈને નવરાશ નહોતી. કારણકે ચારે બાજુએથી બાદશાહનું લશ્કર ઘેરાઈ ગયું હતું કે તેમની સલામતિ ભયમાં આવી પડે તેવી સ્થિતિ હતી.

છેવટે ઔરંગઝેબે પોતાની પ્રચંડ ફોજને તોપનો મારો ચલાવવા હુકમ આપ્યો. આ વખતે આપણા રણઘેલા ચુડાવત્ સરદારે ગાંડાની માફક ઘોડેસ્વાર થઈ શમશેર ફેરવવા માંડી અને ભાલો વીંઝતો મ્લેચ્છોના લશ્કરમાં દાખલ થયો. તે ચૂડાવત્ એકલો વીરપુરૂષની માફક છેક બાદશાહના હાથી સુધી જઇ પહોંચ્યો.

બરાબર તેજ વખતે પાટમદેએ પહાડ પરથી જોયું તો ચૂડાવત્ સરદાર એકલો હોવાથી તેનો પ્રાણ જોખમમાં છે તેમ સમજી તે તુરતજ પુરૂષના પોષાકમાં સજ્જ થઈ ઘોડેસ્વાર બની

પહાડની ખીણ વટાવી બાદશાહના લશ્કરમાં દાખલ થઈ. રણ-ચંડિકાની માફક કત્લેઆમ ચલાવતી શૂરવીરને શરમાવે તેવી રીતે શમશેર ફેરવતી હાથમાંનો ભાલો દુશ્મનો પર વીંઝતી વીંઝતી છેક ચૂડાવત્ નજીક આવી પહોંચી. બરાબર તેજ સમયે ચૂડાવતે બાદશાહ જે હાથી ઉપર બેઠો હતો તે હાથીની સુંઢ પોતાના ઘોડાના બે પગ વચ્ચે ભીડાવી દીધી અને ભાલો બાદશાહની છાતી ઉપર ટેકાવ્યો એટલે તુરતજ પાટમદેએ પોતાનો ભાલો બાદશાહની પીઠ ઉપર ટેકાવ્યો.

નરપિશાચ, પિતૃઘાતક, ચંડાળ–નિચ પ્રતિજ્ઞા લે, કે કોઈ ક્ષત્રિયની બ્હેન–બેટી ઉપર હવે કોઈપણ દિવસ કુદૃષ્ટી કરીશ નહિં, અને દશ વર્ષ સુધી ઉદયપુર–મેવાડપર આક્રમણ કરીશ નહિં. ચૂડાવત્ ક્રોધાવેશમાં બોલી ઊઠયો.

ચૂડાવત્ના કહેવા મુજબ બાદશાહ ઔરંગઝેબે કુરાનની સાક્ષીએ પ્રતિજ્ઞા લીધી. આ યુદ્ધમાં ચૂડાવત્ને શરીરે સેંકડો ઘાવ વાગ્યા હતા, લોહીની ધારાઓ વહેતી હતી. પાટમદે ચૂડા-વત્ની શૂરવીરતા અને નિડરતા જોઈ આભીજ બની ગઈ. સર-દાર ચૂડાવત્ ચૈત્ર સુદી પૂર્ણિમાના રોજ સ્વર્ગવાસ પામ્યો.

ચૂડાવત્ સરદારનું મૃત્યુ તો થયું પણ પોતાનું કાર્ય સિદ્ધ કરી ગયા. પચાસ હજાર રાજપૂતોમાંથી ભાગ્યેજ પાંચ હજાર બચ્યા હશે. આમ બધા સમાચાર સોલંકી વિક્રમના સાંભળવામાં આવ્યા. બચેલા રાજપૂતો ઉદયપુર ચાલ્યા ગયા, ચૂડાવત્ સર-દારનું મૃત્યુ થતાં બાદશાહે યુદ્ધ બંધ કર્યું, જીજ રાજપૂતોને મૃત સરદારોને અગ્નિસંસ્કાર કરવાને કહ્યું. અને બાદશાહ ઔરં-ગઝેબે દીલ્હી તરફ કુચ કરી.

આ બાજુ રાણાજી પણ બરાબર પૂર્ણિમાના દિવસેજ રૂપ-

નગર પહોંચી ગયા હતા. તે વખતે સોલંકી વિક્રમે પોતાની રાજકુમારી પ્રભાવતિની સાથે તેજ દિવસે રાણાજીના લગ્ન કરી વૈશાખ વદી પ્રતિપદાને દિવસે રૂપનગરથી વિદાય લીધી અને કોઇપણ જાતની અડચણ વગર સુખરૂપ ઉદયપુર પહોંચી ગયા. ત્યાં ગયા પછી તેમને ચૂડાવત્ સંબંધી સર્વ વર્તમાન યુદ્ધમાંથી બચીને આવેલા સરદારો તથા પાટમદેના કહેવાથી જાણ્યા.

સરદાર ચૂડાવતે કેવા પરાક્રમથી યુદ્ધ કર્યું હતું અને બાદશાહ પાસે કેવી પ્રતિજ્ઞા લેવરાવી હતી તે સર્વે સમાચાર મહારાણાના જાણવામાં આવ્યા ત્યારબાદ તેઓએ લગ્નવિધી સમાપ્ત કરી નવિન રાણી પ્રભાવતિ સાથે રાજભુવનમાં પ્રવેશ કર્યો.

૨૯—વણિકની મહત્તા.

પ્રભાવતિ અને રાણાજીના લગ્ન થયા બાદ રાણાજીને વીર મહામંત્રી દયાળશાહ માટે ઘણુંજ માન ઉત્પન્ન થયું. વાણિઆએ તો હદ કરી. યુદ્ધનો વ્યુહ કેવો સુંદર ગોઠવી આખરે મેવાડને યશ અપાવ્યો. કહેવતમાં કહ્યું છે કે "**વાણિઆ વગર રાજા રાવણનું રાજ ગયું**" જો મેવાડને વણિક **ભામાશાહની** ઉદારતા ન મળી હોત તો આજે હસ્તી ન હોત. રાણા પ્રતાપની આત્મશ્રદ્ધા અને ટેક ન હોત તો આજે મેવાડનો જ્વલંત ઇતિહાસ ન હોત તેમજ મહારાણાશ્રી રાજસિંહના વખતમાં મંત્રી દયાળશાહ વણિક ન હોત તો હજારો આફતો આજે મેવાડ ઉપર ઝઝુમી રહી હોત. એક વખતના સમયમાં વાણિઆની ઘણીજ કદર હતી, તેમજ વણિકની બુદ્ધિ ઉપર રાજ્યના પાયા મજબૂત હતા. જૈનોએ તો ઘણાખરા રાજ્યોને પોતાના પ્રાણના ભોગે સુંદરમાં સુંદર સેવાઓ સમર્પી છે. અને જૈનોનું નામ ઉજ્જવલ કર્યું છે.

આજે ઉદયપુર રાજ્યમાં પણ જૈનોનુંજ રાજ્ય હતું તેમ કહેવું ખોટું નથી કારણકે દયાળશાહ મંત્રીશ્વર ઘણો સાહસીક અને શૂરવીર હતો તેમજ ચાણક્યબુદ્ધિવાળો મુત્સદી હતો તેથી દયાળશાહે રાજ્યની આબાદી ઘણીજ મજબૂત બનાવી હતી. મહામંત્રી દયાળશાહના વખતમાં ઉદયપુરનું રાજ્ય એક આદર્શ ગણાતું હતું.

બાદશાહ ઔરંગઝેબ દયાળના નામથી ચમકતો હતો અને ડરતો પણ હતો તેથી બાદશાહ દયાળશાહનો ખાતમો કરવા આકાશપાતાળ એક કરી રહ્યો હતો પણ જેણે રામ રાખે તેને કોણ ચાખે તેમ હતું. જૈન વિરાંગના પાટમદે પણ એક બહાદુર આદર્શ સન્નારી હતી.

આ પ્રમાણે પાટમદે અને દયાળશાહ આજે ઉદયપુર રાજ્યના એક સ્થંભ તરીકે હતા. આજે મેવાડની જાહોજલાલી ભલભલાને ઈર્ષા આવે તેવી સુંદર ગૌરવવંતિ હતી પણ ભાવિને તે ગમતું નહોતું.

સંવત ૧૭૧૭ ની મહાગોઝારી આવી, આ સમયે પ્રજામાં ત્રાસ, ભુખમરો અને તોફાન ચાલુ થયા તેનું કારણ ફક્ત એકજ હતું કે મેવાડપર આજે કુદરતનો કોપ ઉતર્યો હતો. મેઘરાજા રીસાઈ ગયો હતો, ખેડુતો મહા ઘોર વિમાસણમાં આવી પડયા. આખા મેવાડમાં ગોઝારા દુષ્કાળે પોતાનો પંઝો લંબાવ્યો અને પ્રજામાં દરેક બાબતે દુખનો દાવાનળ સળગ્યો. જ્યાં જુઓ ત્યાં અશાન્તિ દેખાતી હતી. દરેક મનુષ્યો પોતાની આજીવિકાની શોધમાં ભટકતાં હતા, કોઈ કોઈને સહાય આપી શકે તેમ નહોતું. કોઈની સ્થિતિ નહોતી. રાજા અને પ્રજા બંને

મહાન આપત્તિમાં આવ્યા હતા, હવે શું કરવું? તેના વિચારમાં રાણા રાજસિંહ અને દયાળશાહ પડયા હતા.

આજે મેવાડનું ભાવિ કુદરતના હાથમાં તોળાઈ રહ્યું હતું. મનુષ્ય ગમે તેટલું પોતાના સ્વબળ ઉપર મુસ્તાક રહેવા પ્રયત્ન કરે પણ જ્યાં કુદરત અનુકુળ ન હોય તો ભલભલો પણ લાચાર બને માટે ભાવીના ભીતરમાં શું સમાયું છે તે તો જ્ઞાનિ સિવાય કોણ જાણી શકે?

દયાળશાહે પોતાના બાહુબળથી તેમજ પોતાની નિડરતાથી રાજા અને પ્રજા બંને તરફથી પ્રેમ મેળવ્યો હતો. મેવાડી પ્રજામાં દયાળ પ્રત્યે ઘણુંજ સુંદર સન્માન હતું તેમજ દયાળના નામ ઉપર લોકો પોતાના પ્રાણના બલિદાન આપવા તૈયાર હતા. દયાળના વખતમાં મેવાડની પરિસ્થિતિ ઘણીજ સારી પંકાતી હતી. પરંતુ જ્યારે ઉપર વર્ણવ્યા મુજબ સંવત ૧૭૧૭ ના ભયંકર દુષ્કાળમાં મેવાડ ઝડપાયું ત્યારે મેવાડની પરિસ્થિતિ ઘણીજ દયાજનક–કમકમાટ ઉપજાવે તેવી થવા લાગી.

જ્યાં જુઓ ત્યાં ભૂખમરો, લુંટફાટ અને ત્રાસ સિવાય કંઈપણ દેખાતું નહોતું. જે મેવાડ થોડા વખત પહેલાં સુખ-શાન્તિના સાગરમાં સ્નાન કરતું હતું તે આજે કુદરતના કોપ આગળ લાચાર બની ગયું હતું.

(૧)

આવ્યો ગોઝારો કાળ, પ્રજા જ્યાં દુઃખી થાતી,
જ્યાં જુઓ ત્યાં ત્રાસ ત્રાસ, પ્રજા ગભરાતી,
પાપી ભરવા પેટ, માતા પિતા બદલાતા;
વેચી પોતાના બાળ, પેટનું પુરૂં કરતા,
પતિ તજે નીજ નારને, પત્નિ પતિ તજી જાય છે;
કાળના વિકાળ મૂખમાં, મેવાડ હોમાઈ જાય છે.

(૨)

ત્રાંબાપિત્તળના ઠામ, સોના ચાંદી વેચાતી;
ગરિબ બિચારા ભીલ, ભૂખે કાયા લથડાતી.
કોઈ આપો કોઈ આપો, દીનમૂખે બૂમો પાડતા;
મૂજ દિકરાને લ્યો વેચાતા, અનાજ સાટે માગતા,
આવી સ્થિતિ મેવાડની, કહેતાં કલેજું થરથરે;
કહે 'ભોગી' ભાવી મેવાડનું, જુદી દિશાએ સંચરે.

આવી અઘોર પરિસ્થિતિમાં મેવાડનું ભાવિ ઘેરાયેલું હતું. જ્યાં જુઓ ત્યાં ભૂખ ભૂખ અને ભૂખ. એ સિવાય બીજું કશું જણાતું નહોતું. સૌ કોઈ પોતપોતાની આજીવિકાની શોધ-ખોળમાં પડયા હતા. પિવાને પાણી તેમજ ખાવાને અનાજ મળતું નહોતું. આવી વિકટ પરિસ્થિતિમાં પણ આપણો મહા-મંત્રી વીર દયાળશાહ કાંઈ બેસી રહે તેમ નહોતો. જો કે તે પણ વિચારમાં પડી ગયો હતો છતાં તે પોતાના રાજ્યમહેલનો ત્યાગ કરી તરતજ રાણાજી પાસે ગયો અને તેઓને આખા મેવાડની પરિસ્થિતિથી પુરેપુરા વાકેફ કર્યા. અને રાણાશ્રીના હુકમથી મેવાડભૂમિના બચાવ માટે રાજ્યના કોઠાર ખુલ્લાં મુકાવ્યાં. હજારો નિરાધાર પ્રજાજનોએ તેનો લાભ ઉઠાવ્યો, લાખ્ખો મણ અનાજ રાણાશ્રી રાજસિંહે આપવામાં કચાશ રાખી નહોતી. પરંતુ જ્યાં મેવાડનું ભાવિજ વિકાળ બન્યું હોય ત્યાં મનુષ્ય બિચારો શું કરે? આખરે દયાળ પણ હતાશ થયો, રાણાશ્રી પણ નિરૂપાય થયા. હવે શું કરવું? તેના વિચારો કરતાં બંને મહારથીઓ પોતપોતાના નિવાસસ્થાન તરફ ગયાં.

શું કરવું? એ વિચારો બંને મહારથીઓને સતાવવા લાગ્યાં. પરંતુ તેઓ એમ સાવ નિરાશ થઈ બેસી રહે તેમ ન હતા.

૩૦–દયાળ અને પાટમદે.

જ્યારે દયાળશાહ મહારાણા પાસેથી પોતાના નિવાસસ્થાને આવ્યો ત્યારે તે ઘણોજ ઉંડા વિચારમાં ગરકાવ થએલો જણાતો હતો. મેવાડના ભાવી ઉપચાર માટે શું કરવું? મેવાડને ડુબતી કેમ બચાવવી? તેનીજ વિચાર-માળા તેના અંતરહૃદયમાં ચાલી રહી હતી.

પોતે પોતાના મહેલ પાસે આવ્યો પણ પોતાને કાંઇજ ભાન નહોતું. જ્યારે પોતાના નોકરે આવી ઘોડાની લગામ પકડી ત્યારેજ તેને ખ્યાલ આવ્યો કે મારૂં નિવાસસ્થાન આવી ગયું છે.

ત્યાં પાટમ બોલી. નાથ! આપ આજે આમ એકાએક ગમગીન કેમ બન્યા છો? શું આ દાસીનો કંઈ અપરાધ થયો છે? બોલો, બોલો, મ્હારા વ્હાલા, શ્યામ, બોલો, પરંતુ દયાળને અત્યારે પ્રેમચેષ્ટા સાંભળવાનો પણ ઉમંગ ન આવતાં બીલકુલ જવાબ આપ્યો નહિં. અને મૌનજ રહ્યો.

ભૂમિની અજોડ સેવા એ વૃદ્ધ મહાપુરૂષે ઓછી કરી છે? પોતાની સર્વંશ મિલ્કત અને પોતાનો વ્હાલો પ્રાણ મેવાડના ચર્ણે ધરી મહારાણા પ્રતાપને સહાયતા આપી મેવાડની જાહો-જલાલી કાયમ રાખી અમરનામના કરી ગયાં. તો શું આપ પણ ભામાશાહનાજ બાળક છો. તો આવા ભયાનક સમયમાં તમે તમારી મિલ્કત અને વૈભવ વ્હાલો ગણશો? ના, ના, નાથ તે કદાપિ નહિં બને. આપ આજે પ્રભાતનો પહોર થતાંનીજ સાથે અન્નક્ષેત્રો અને સદાવૃતો ચાલુ કરી ભૂખ્યાને અન્ન આપી ગરીબોની દુવા મેળવવા ભાગ્યશાળી બનો. સાંભળો! સાચા જૈનોનું કર્તવ્ય તો એજ છે. સાંભળો!

સાચો જૈન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.
પરદુ:ખમાં દુ:ખીઓ બનીને, મનમાં માન ન આણે રે. ૧
મન, વચ, કચ્છ મજબૂત કરી જે, સંયમનો રસ સમજે રે,
લક્ષ્મી મળતાં મોહ ન રાખે, પરદુ:ખમાં જે ખરચે રે. ૨
અનેક મુશીબત આવે તોપણ, ટેક પોતાની ન છોડે રે,
સદાય મસ્ત બની પરસેવામાં, પ્રેમ પ્રભુથી જોડે રે. ૩
આવો અવસર ફરી ન આવે, માટે કરીએ ભૂખ્યાની સેવા રે,
'પાટમ' કહે સુણો મુજ સ્વામિ, પામવા અમૃત મેવા રે. ૪

પાટમદેએ પોતાના મીઠા સૂરથી મધુરૂં ભજન ગાઈ સંભળાવ્યું અને પોતાની સેવા પ્રત્યેની ભાવના શું છે તે સમજાવી દીધી.

ધન્ય છે! તારી સેવા પ્રત્યેની ભાવનાને! ને તારા વિચારોને? દેવી, હવે રાત્રી ઘણી ગઈ છે માટે પ્રભુનું સ્મરણ કરી નિદ્રાવશ બનો.

જેવી પતિદેવની આજ્ઞા.

થોડીજવારમાં બંને નિદ્રાવશ બન્યા.

૩૧–ભયંકર દેખાવ.

પ્રભાતનો પહોર થતાંજ ઉદયપુરના બજારમાં જ્યાં જૂઓ ત્યાં હજારો માણસો અનાજ માટે ભીખ માગવા આવ્યા છે પણ કોઈ જગાએથી તેઓને અનાજનો એક પણ દાણો મળતો નથી. રાજભંડારમાં પણ અનાજ નથી તેમજ કોઈપણ જગાએથી અનાજ આવી શકે તેમ નથી, કેવી રીતે પ્રજાને જીવાડવી તે એક મોટો સવાલ થઈ પડયો છે.

માતા પોતાના વહાલશોયા બાળકને તરછોડી ચાલી જાય છે, ઘણા બાળકોને પોતાના માતાપિતાએ જીવતાં મારી નાંખ્યા, ઘણી સ્ત્રીઓ પોતાના પતિને તજી ચાલી ગઈ, આવો મહા-ભયંકર ક્રુર વિકાળ કાળના ઝપાટામાં નાના–મોટા સૌ કોઈ આવી રહ્યા છે. શહેરના મકાનો ઉપર સેંકડો માણસો માગવા ઉભા છે, કોઈ જગાએ શાન્તિ શાન્તિ કે આરામ જણાતો નથી.

કુદરતના કોપ આગળ ભલભલા રાજ્યો ત્રાસી ગયાં છે તો

આ મેવાડના શા ભાર. આજે પ્રભુ ગરિબોની કસોટી કરી રહ્યો છે. તેના હૃદયમાં પણ દયાનો છાંટો દેખાતો નથી. બિચારા નોંધારા લોકો પોકારી પોકારી કહે છે કેઃ–"હે! પ્રભુ! અમારૂં આ પાપી પેટ ભરવા માટે કાંઈક દયા કર, કાંઈકિ તો દયાળુ થા. ઓ, ઇશ્વિર! તારા આ રંક બાળકો આજે ભુખના ત્રાસથી તોબા થઈ રહ્યા છે. શું પ્રભુ? તારા દેવમંદિરમાં લાખ્ખો રૂપીઆનો વૈભવ આજે આ તારા ભૂખ્યા બાળકોના કામમાં નહિં આપે? તું કયારે આપીશ? હે પ્રભુ! શું તું પણ આવો નિષ્ઠુર થઈ ગયો છે? તારામાં પણ હવે કળયુગ આવ્યો છે? હાય! હાય! હાય! આજે અમારા ગરીબોનું કોઈ નથી. આમ લોકો કલ્પાંત કરી રહ્યાં છે. જ્યાં જૂઓ ત્યાં ભૂખ અને ભૂખ, ભૂખ સિવાય બીજું કાંઈપિણ દ્રશ્ય જોવામાં આવતું નથી.

આવા સમયે ઉદયપુરમાં બિરાજતા આચાર્ય મહારાજશ્રી માનસૂરિશ્વરજી ગોચરી જવા માટે ઉપાશ્રયમાંથી નીકળ્યા, તેવામાં બજારમાં એક વૃદ્ધ પોતાના ત્રણ બાળકોને લઈ મહારાજશ્રીના પગ પકડી ઘુંટણીએ પડયો, "હે ગુરૂદેવ! મારા બાળકોને ખાવા આપો, બિચારાને આઠ દિવસથી ભૂખના કડાકા છે. છાંટો દુધ કે એક દાણો અનાજ તેના પેટમાં ગયું નથી, આપ કૃપા કરી મને ન આપો? મને ન આપો તો ખેર! પણ મારા આ નાના બાળકો ઉપર દયા લાવી આપ જે ખાવાનું લાવો એમાંથી કંઈકિ આપી આ દુઃખી ભૂખ્યા બાળક ઉપર રહેમ કરો."

વૃદ્ધની આંખમાંથી નીકળતાં આંસુ, તેની દર્દભરી કહાણી સાંભળી ગુરૂમહારાજની આંખમાંથી ચોધારે આંસુ નીકળ્યા. "હે, પ્રભુ! હે શાશનદેવ! શામાટે આ નિરપરાધી આત્માઓને દુઃખ આપે છે. હે! આકાશના દેવો!

કંઈક તો આ ગરીબ ઉપર દયા લાવો? હે! પ્રભુ! અત્યારથી મારી આ ભિષ્મ પ્રતિજ્ઞા છે કે જ્યાંસુધી આ ભૂખ્યા ગરીબો માટે અનાજનો પ્રબંધ નહીં થાય ત્યાંસુધી હું પણ **અપવાસ** કરીશ અને મારી ફરજ અદા કરીશ.

આ પ્રમાણે ભિષ્મપ્રતિજ્ઞા લઈ ગુરૂમહારાજ પાછા ઉપાશ્રયમાં ચાલ્યા ગયા. આ વખતે બીજા માણસો દ્વારા નગરશેઠ સોહનલાલજી તથા મહાજનના બીજા અગ્રેસરોને બોલાવ્યા, થોડા વખતમાં તો ઉપાશ્રયમાં હજારો માણસની મેદની ઉભરાઈ ગઈ હતી. ઘણી બ્હેનો પણ આવી હતી. તેમાં પાટમદે પણ આ વાત સાંભળી સત્વર આવી પહોંચી હતી. અત્યારે આખા ઉપાશ્રયમાં ગમગીનતા જણાઈ રહી હતી. સૌ કોઈના મૂખ ઉપર ઉદાસીનતા ને નિરાશા છવાઈ રહી હતી. આજે મેવાડની પરિસ્થિતિ ઘણીજ વિષમ અને દયાજનક હતી. આ વખતે મહામંત્રી દયાળશાહ મહારાણાશ્રીની પાસે અગત્યની વાતચીત માટે રોકાયો હતો.

ઉપાશ્રયમાં મૌન છવાઈ રહ્યું. જાણે કોઈના મૂખમાં જીભજ નથી. એવો દેખાવ થઈ રહ્યો હતો. પરંતુ એ શાંતી બહુ લાંબો ટાઈમ ટકી નહિં. મૌનનો ભંગ કરતાં મૂનિ મહારાજ આચાર્યશ્રી માનસૂરિશ્વરજીએ પોતાની લાક્ષણીક વાણીદ્વારા પ્રવચન આપવા ઉભા થયા અને બોલવું શરૂ કર્યું.

"મહાનુભાવો! આજનો આ ભયંકર સમય તમારી સામે આવી ઉભો છે. હજારો માણસો ભૂખ–તરસના ત્રાસથી પોતાના પ્રાણનો ત્યાગ કરી રહ્યા છે, આવા સમયમાંજ આપણે આપણી લક્ષ્મીનો મોહ ઉતારવો જોઈએ અને તેનો ઉપયોગ લોક કલ્યાણને માટે કરવો તેજ મનુષ્યનો સાચો ધર્મ છે."

"તમો પૂજા–અઠ્ઠાઈ–મહોત્સવો–ઉજમણા વિગેરેમાં હજારો ખર્ચો છો તે પણ કેટલીક દ્રષ્ટીએ ઉપયોગીતા છે, પરંતુ સાચી સેવા તો મનુષ્યના દુઃખમાં ભાગ લઈ આપણી લક્ષ્મીનો સદ્‌વ્યય કરવો તેના જેવો ધર્મ બીજો એક પણ ઉત્તમ નથી."
"મનુષ્યો જીવતા હશે તોજ તમારો ધર્મ શોભી શકશે. ઉપાશ્રયમાં બેસનારા હશે તોજ તમારૂં ધર્મસ્થાનક શોભશે, પૂજા કરનાર શ્રાવકો હશે તોજ ભગવાનના મંદિરો જાહોજલાલી ભર્યાં દેખાશે. પણ જ્યાં કોઈપણ ન હોય અને કેવળ શૂન્ય હોય ત્યાં કઈ વસ્તુ શોભી શકશે? તેનો જરા આત્માથી વિચાર કરો." ભાઈઓ! મને ગુરૂ તરીકે ગણના ગણો કે તમારા અન્નથી પોસાતો સમાજના સેવક તરીકે ગણો પણ મારી અત્રે આવેલા સર્વ સદ્‌ગૃહસ્થોને! સન્નારીઓને! આગ્રહપૂર્વક દર્દભરી વિનંતી છે કે આપ સર્વે આવા સમયમાં તમારા ભાઈ–ભાન્ડુ તેમજ મેવાડની સમગ્ર પ્રજાના માટે કંઈક કરો! કરો અને કરોજ.

મહારાણા પ્રતાપનાં સમયમાં આપનામાંનાજ એક જૈન બાળકે આખા મેવાડને ગુલામીમાંથી બચાવવા પોતાની કરોડોની વ્હાલી દોલત માતૃભૂમિના ચર્ણે ધરી મહારાણા પ્રતાપને ઉત્સાહ આપ્યો હતો, તે વિરનર કોણ હતો? તે તમારી ધ્યાન બહાર નહિંજ હોય!

હા! હા! તે વિરનર ભામાશાહ હતો. સભામાં બેઠેલા સર્વેજણા એકદમ પોકારી ઊઠયા.

તો તમો સર્વે એ વીરનરના પગલે પગલે ચાલી તમારા વહાલા વૈભવને લાત મારો, તમારા સુખ ભોગવવાના મનોરથોને તિલાંજલી આપો પણ તમારા દુઃખી મેવાડની પ્રજા માટે કાંઈ કરો, કરો અને કરોજ. ગુરૂદેવની વાક્યધારા ચાલી રહી.

ગુરૂમહારાજની આંખમાંથી મેવાડનું વર્ણન કરતાં આંસુની ધારા વહેવા માંડી, તમામ શ્રોતાવર્ગ ગુરૂમહારાજની અલૌકીક વાણીથી ઉત્સાહીત થયા, ગુરૂમહારાજ એ શ્રોતાઓને અદ્દભ્ય બોધ આપવો ચાલુ રાખ્યો. પોતે ગોચરી જતા હતા તે વખતે જે વૃદ્ધ માણસ પોતાના ત્રણ બાળકોને ફક્ત એક ટંકના ભોજન માટે વેચી રહ્યો હતો તે વૃદ્ધ માણસને બતાવ્યો અને કહ્યું: ભાઇઓ! આજે તમારા ઉપર ભયંકર આફત ઉતરી રહી છે. આવા હજારો વૃદ્ધો માતાઓ પોતાના કુમળાં બાળકોને વેચવા તત્પર થઈ રહ્યાં છે. આવા વિકટ સમયમાં તમારી લક્ષ્મીનો મોહ ત્યજી દયો. લક્ષ્મી તો ક્ષણભંગુર છે, તે કોઈ દિવસ કોઈની થઈ નથી અને થશે પણ નહિં. તેનો સ્વભાવ ચંચળ છે. તો તેને જેમ જેમ વાપરશો તેમ તેમ તમારી લક્ષ્મીના ભંડારો ભરપૂર બનશે. અને તમારી કીર્તિનો સૂવર્ણ કળશ ઇતિહાસમાં વખણાશે. ભાઇઓ! જરા દયાળુ થાઓ, દયા લાવો, અને તમારા દુઃખી ભાઇઓને કાળના કારમા પંઝામાંથી ઉગારો. પ્રભુ! સર્વને શાન્તિ સમર્પો! ઓંમ્ શાન્તિ! શાન્તિ!! શાન્તિ!!!

ગુરૂમહારાજ આચાર્યશ્રી માનસૂરિશ્વરજી જ્યારે બોલતા બંધ પડયા તે વખતે નગરશેઠ સોહનલાલ પોતે ઉભા થયા અને આવેલા ગૃહસ્થો તેમજ અન્યજનોની પાસે ભિક્ષાની ઝોળી ધરી, પોતે પોતાની તરફથી એક લાખ રૂપીઆ જેવી અપૂર્વ રકમ આપવાનું જાહેર કર્યું. અહીંઆ આવેલા સભાજનોમાંથી લાખ્ખો રૂપીઆની સખાવતો સૌ સૌની શક્તિ કરતાં પણ વધારે જાહેરાત થઈ. આ સમયે જાણે આકાશના દેવો આશિર્વાદ વર્ષાવતા ન હોય! તેવો દેખાવ થઈ રહ્યો હતો.

આ સમયે દેવી પાટમદે ગુરૂમહારાજની આજ્ઞા લઇ પોતાની

બ્હેનો સમક્ષ બે શબ્દો કહેવા ઉભી થઈ.

"મારા વડીલો, મારી માતાઓ અને બ્હેનો!

"આજનો વિકાળ-ભયાનક કાળના મૂખમાં આપણે આવી પડ્યા છીએ, આપણે આપણી ફરજ ન ભૂલવી જોઇએ! જેમ પુરૂષો પોતાનો હિસ્સો આપી કૃતાર્થ થયા તેમ આપણે આપણો હિસ્સો આપી આપણા દુઃખી ભાઈ-બ્હેનોના દુઃખમાં ભાગ લેવા તત્પર થવું તે આપનો ધર્મ છે,

"બ્હેનો! ગાડીના બે પૈડા હોય તોજ ગાડી ચાલી શકે છે, જગતમાં જ્યાં જોશો ત્યાં બે વસ્તુનું બંધારણ બંધાયેલું છે. જેમ સ્ત્રી અને પુરૂષ એ સંસારની ગાડીના બે પૈડાં છે. તેમાં જેટલો પુરૂષનો હક્ક છે તેટલોજ સ્ત્રીઓનો હક્ક છે. તેમ આપણને પણ સેવા કરવાનો તેમજ તેઓના સુખદુઃખમાં ભાગ લેવાનો સરખોજ અધિકાંર છે.

"શું આવા વિકટ સમયમાં તમો સોના ચાંદીના ઝવેરાતની મોહદશા રાખી શકો ખરાં? ના, ના, તે નાજ રાખી શકાય! જ્યાં પોતાનો દેશ દુઃખના દાવાનળમાં સળગતો હોય! હજારો મનુષ્યોના પેટનો સવાલ હોય! એક તરફ પાપી મ્લેચ્છોનો ત્રાસ અને બીજી તરફ પ્રજા પોતાના જીવનમરણના કાંઠા ઉપર ઉભી હોય! ત્યાં શું આપણે તેઓના માટે કાંઇપણ ન કરી શકીએ! તો આપણને નાહનમ છે, આપણે જીવવા માટે પણ લાયક નથી.

"બ્હેનો! આજે તમારી દિકરી તમારી પાસે ખોળો પાથરી કરજોડી વિનવી રહી છે. તમારા શણગારો, તમારા હીરામોતીના દાગીનાઓ આપો, તમારા ભૂખ્યા ભાઈ-બ્હેનો માટે દયા લાવી તેઓને ખાવા અનાજ આપો! આવો સેવા કરવાનો અણમોલો

અવસર જીંદગીમાં એકજવાર આવે છે, માટે આવો આવેલો સેવાનો સુંદર અવસર જો ગુમાવશો તો બ્હેનો તમે તમારી માતૃભૂમિને લજવશો, મારી બ્હેનો સતિ પદ્મણીને યાદ કરો, પોતાના દેશની આઝાદી માટે તેઓ પોતાના પ્રાણનું બલિદાન આપી અમર બની ગઇ. તમો પણ પદ્મણી છો. તમો પણ સીતા છો, તમો સાવીત્રી છો, માટે તમો તમારા વૈભવ વિલાસને છોડી આજે દેવાના કર્તવ્યપંથે વળો એજ મારી તમોને નમ્રતાભરી વિનંતી છે.

"બ્હેનો! શું ગુરૂમહારાજના આટલા ઉપદેશથી પણ આપણા આત્મામાં દયાના અંકુરો સ્ફૂર્યા નથી? શું તેમની વાણીથી આપણે ક્ષણિક સુખનો ભોગ આપી શકીયે તેમ નથી. જો આપણે મનુષ્ય તરીકે સમજતા હૈયે તો આજે આવો સેવાનો સોનેરી સમય જરાપણ ગુમાવવો પાલવે તેમ નથી અને જો ગુમાવશો તો આપણામાં અને પશુમાં ફેર શું?"

પાટમદેની વાણીનો શ્રોતાજનો ઉપર સંપૂર્ણ પ્રભાવ પડયો અને દરેક ભાઇ–બ્હેનો પોતાનું કર્તવ્ય સમજ્યા. દરેક મેવાડની સેવા કરવા માટે ઉત્સાહી બન્યા. બ્હેનોએ પોતાના અંગ ઉપરના તમામ દાગીના ઉતારી પાટમદેની ભિક્ષાની ઝોળી ભરી આપી. પાટમદેએ પણ પોતાના શરીર ઉપરના તમામ અમૂલ્ય અલંકારો લાખ્ખોની મિલ્કતના ઉતારી આપી દીધાં. સિવાય, પોતે તન, મન અને ધનથી મેવાડની સારી પ્રજાની સેવા કરવાનું વ્રત લીધું.

આ પ્રમાણે આચાર્યશ્રી માનસૂરિશ્વરશ્રીના બોધથી તેમજ પાટમદેની દર્દભરી વાણીથી આજે નવું ચેતન આવી રહ્યું. સૌ કોઇએ પોતપોતાનાથી બનતું બધુંજ કરવાની પ્રતિજ્ઞા લીધી.

આ સમયે આપણા મહામંત્રી દયાળશાહે જ્યાં ગુરૂમહારાજશ્રી માનસૂરિશ્વરજીનું સ્થાન હતું ત્યાં થઈને ઘોડા ઉપર પસાર થતાં હતા. નગરશેઠ સોહનલાલના જોવામાં આવ્યા એટલે તેઓએ બહાર નીકળી મંત્રીજીને વિંનંતી કરી, આપ પધારો!

દયાળ તુરતજ નિચે ઉતરી ગુરૂમહારાજની પાસે જઈ વંદન કરી નીચે બેઠા, પ્રજાજન સૌકોઇ પોતપોતાના સ્થાન ઉપર ચાલ્યા ગયા.

આજથી પ્રજાને રાહત આપવાનું કાર્ય શરૂ થયું. હજારો લોકોને ખાવાનો પ્રબંધ કરી આપ્યો અને મેવાડની પ્રજામાં કોઈ અનેરો સેવાભાવ પ્રેરાયો.

૩૨–દયાળશાહની ઉદારતા.

મહામંત્રીના આગમનથી સૌ શ્રોતાજનો ઘણા ખુશી થયા. ગુરૂદેવે સૌને વિદાય કર્યાં ફક્ત ગુરૂમહારાજ, દયાળશાહ અને પાટમદે એ ત્રણ સિવાય કોઇ ન રહ્યું એટલે ગુરૂદેવે દયાળશાહને મેવાડની દર્દભરી સ્થિતિની વાત કરી. દયાળશાહે તે બહુજ ધીરજથી સાંભળી અને પોતાને ઘણોજ આઘાત થયો.

ગુરૂમહારાજ! લાખ્ખો માણસોના હુમલાથી આ દયાળ ડરતો નથી પણ આજે ગરીબોપર જે કુદરતનો કોપ ઉતર્યો છે તે મારાથી જોઈ શકાતો નથી. જ્યાં આભ ફાટયો ત્યાં થીગડું ક્યાં દેવું? આપજ કાંઈક રસ્તો બતાવો! અને તે એવો બતાવો કે પ્રજાને ઉદ્યમ મળે અને તે ઉદ્યમની આવક વડે પોતાના પેટનું ગુજરાન ચલાવે. કારણકે પ્રજા જો બેઠાં બેઠાં ખાતાં શીખશે તો તેઓના હાડકાં હરામ થઈ જાશે. અને ભવિષ્યમાં

પ્રજાના હ્રદયમાં એક જાતની ભીખ માગી ખાવાની ટેવ પડી જશે. તો મેવાડની પરિસ્થિતિ આથી પણ વધારે બગડશે. માટે આપશ્રી એવો રસ્તો બતાવો કે જેથી પ્રજા અને રાજ્યનું બન્નેનું કલ્યાણ થાય.

દયાળશાહની વ્યાજબી ને વિચાર ભરેલી વાત સાંભળી આચાર્યશ્રી ઘણાજ ખુશી થયા. દયાળશાહ, સાંભળો! તમારી ઇચ્છા કેટલી લક્ષ્મી વાપરવાની છે?

અન્નદાતા! આપના ફરમાન મુજબ.

જો ઓછામાં ઓછા વીસ લાખ રૂપીઆ ખરચવામાં આવે તો પ્રજામાં ઘણીજ રાહત મળે.

ગુરૂદેવની નિઃસ્વાર્થ વાણી સાંભળી દયાળશાહના આત્માને ઘણોજ આનંદ થયો અને પોતાની લક્ષ્મીનો આ સુંદર વ્યય કરવાનો અવસર પ્રાપ્ત થયો જાણી પોતાના આત્માને ધન્યવાદ માનવા લાગ્યો.

નાથ! ગુરૂમહારાજની રસપ્રદ વાણીથી આપ આકર્ષાઈ હ્રદયથી જે વિચાર મેવાડના ભાવી માટેનો કર્યો તેના માટે આપને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. પાટમદે બોલી.

દેવી! શું આપની ફરજ આપના દુઃખી ભાઈબ્હેનોને મદદ કરવાની નથી? જે લોકો પાસે અઢળક લક્ષ્મી છે તેનો ઉપયોગ જે લોકો પોતાના વૈભવ વિલાસમાં અને સુરા સુંદરીમાં કરી હજારો પાપના ભાગીદાર બની પોતાના આત્માને અધોગતિએ મૂકે છે તેનાં કરતાં તો વ્હાલી, પાટમ! મારો વિચાર મારા ભાઈ–બ્હેનોના દુઃખ મિટાડવામાં મારી લક્ષ્મીનો ઉપયોગ કરવાનો મેં નિશ્ચય કર્યો છે. અને મને આશા છે કે તેમાં તું તારો સંપૂર્ણ સહકાર આપીશ.

મંત્રીજી! તમારી પાટમે તો આજે વ્યાખ્યાન સમયે મારા ચાલતા પ્રવચનમાં હદ કરી! પોતે પોતાની અપૂર્વ તેજસ્વી વાણી વડે આખી મેવાડની પ્રજાનું દીલ જીતી લીધું છે. અને સાથે સાથે પોતાના તમામ અલંકારો ઉતારી આપ્યા છે. અને મેવાડના દુઃખનો અંત ન આવે ત્યાંસુધી તન, મન અને ધનથી સેવા કરવાનું વ્રત સ્વિકાર્યું છે. હજારો બ્હેનોને પોતાના કર્તવ્ય પંથનું ભાન કરાવ્યું છે સમજ્યા!

દેવી! ધન્ય છે તારા ત્યાગને! એમ કહેતાં દયાળનું મસ્તક પાટમ આગળ નિચું વળ્યું.

ગુરૂમહારાજની સુચના અનુસાર દયાળે એક **મહા ભવ્ય શ્રી આદિશ્વર ભગવાનનું મંદિર** ભવ્ય કારીગરી સાથે નવુંજ કરાવવાનો નિશ્ચય કર્યો અને તે માટે ગુરૂદેવ પાસેથી સઘળી માહિતી મેળવી જેમ બને તેમ જલ્દી કામ કરાવવા જણાવ્યું. અને પોતે તથા દેવી પાટમ બંને જણા ગુરૂશ્રી માન-સુરિશ્વરશ્રીના આશિર્વાદ લઈ પોતાના નિવાસસ્થાને આવવા ઉઠયા.

૩૩–રાજ્યની વ્યવસ્થા.

દયાળ અને પાટમ પોતાના નિવાસસ્થાને આવ્યા બાદ તુરતજ પાટમે કહ્યું : નાથ! આવા દર્દભર્યા સમયની અંદર રાજ્ય તરફથી કંઈપણ વ્યવસ્થા, ગરિબો, ભૂખ્યાઓ માટે રાહતના પગલાંઓ ભરાય તો સારૂં.

દેવી! તમારી સૂચના તો મને અત્યારેજ મળી પણ મેં નામદાર મહારાણાશ્રીને મેવાડની પરિસ્થિતિ સમજાવી ત્યારે તે ઉદાર મહારાણાએ પોતાની તમામ મિલ્કત પ્રજા માટે ફના કરવાનું નક્કી કર્યું છે. પરંતુ હાલમાં અશક્ત અને અપંગ માણસોને રાજ્ય તરફથી ખાવા–પીવાનો બંદોબસ્ત કરવામાં આવશે અને કામ કરી શકે તેવા માણસોને માટે રાજ સમુદ્ર કરાવવાનું નક્કી કર્યું ને તે જગા ઉપર મજુરી મળી રહે તેવો પ્રબંધ કરવામાં આવ્યો છે. દરેક મજુરોને સ્ત્રી, પુરૂષ યા તો બાળકને વ્યાજબી મજુરી આપવામાં આવશે. જેથી તે લોકોને પોતાના

નિર્વાહ ચલાવવા માટે અનાજની ગોઠવણ અને તે સિવાય જે જરૂરીયાત જણાશે તે બધી રાજ્ય તરફથી કરવામાં આવશે. રાજ્ય તરફથી સસ્તા ભાવે અનાજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સિવાય જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં સદાવ્રતો અને અન્નક્ષેત્રો ખોલવાનો પણ પ્રબંધ કરવામાં આવશે. જેમ બને તેમ પ્રજાને તમામ જાતની સગવડો પોતાની સલામતી સચવાય તેવા દરેક ઉપાયો યોજવા પ્રજાને રાહત આપવાની યોજના લગભગ નક્કી કરવામાં આવી છે. તેમાં નામદાર! કૃપાળુ પ્રજાપ્રિય મહારાણાશ્રીએ ઘણીજ મોટી રકમ આપવાની ઉદારતા બતાવી છે. તે લગભગ **સાઠથી સીત્તેર લાખ રૂપીઆની થશે.**

દયાળની પાસેથી રાજ્ય વ્યવસ્થાની વાતો સાંભળી પાટમનું હૃદય હર્ષથી ઉભરાઈ રહ્યું.

નાથ! ધન્ય છે! આવા પ્રજાપ્રિય મહારાણાને! ધન્ય છે! આપ જેવા મહામંત્રીને! જેણે પ્રજાના સુખ–દુઃખ પોતાનાં ગણ્યાં!! નાથ! મ્હારી એક વિનંતી છે તે આપ સાંભળશો અને આ આપની કીંકરીની અભિલાષા પૂરી કરશો.

દેવી! શું તું તારા દયાળને તારાથી ન્યારો ગણે છે? શું તને મારા પર કિંચીંત પણ વિશ્વાસ નથી? બોલ, તારી જે ઈચ્છા હશે તે તમામ તારો દયાળ જરૂર પૂરી કરશે.

નાથ! આપના તરફથી થોડા સદાવ્રતો અને અન્નક્ષેત્રો ચાલુ કરીએ તો કેમ?

ધન્ય છે! વિરાંગના પાટમ!!! ધન્ય છે! તારી લાગણીને!! ભલે! ઘણી ખુશીથી ચાલુ કરો. તેના માટે જેટલું ખરચ થાય

તેટલું કરશો; જરાપણ કોઈપણ પ્રજાજનમાં ભેદભાવ ન ગણતાં સમાન રીતે સેવા ધર્મ બજાવી તમારા હૃદયની અભિલાષા પૂરી કરો!

પતિની આજ્ઞા મળતાંજ તરત રણજીતને બોલાવ્યો કારણકે રણજીત દયાળશાહનો સાચો અંગરક્ષક અને વિશ્વાસુ સરદાર હતો. રણજીત આવ્યો એટલે દયાળે કહ્યું. ભાઈ રણજીત, દેવી, પાટમદે જે જે પ્રમાણે કહે તે તમામ વ્યવસ્થા તાત્કાળીક–સત્વર કરો. અને આ મેવાડની દુઃખી પ્રજાને જેમ બને તેમ વહેલી–પહેલી તકે બચાવો! સેવાધર્મની શુદ્ધ ભાવના નિસ્વાર્થ-પણે બજાવો.

જેવો મહામંત્રીનો હુકમ!

રણજીતે પાટમદેની સુચના મુજબ તમામ વ્યવસ્થા કરવાનું માથે લીધું અને પોતપોતાના કર્તવ્યમાં સૌ લાગી ગયાં. ધન્ય છે! વિર દયાળ! અને ધન્ય છે દેવી પાટમને! જેણે પોતાની આખી જીંદગી ગરીબોનેજ અર્પી!!!

૩૪–માતાપિતાનો સ્વર્ગવાસ.

શેઠ રાજાજી અને માતુશ્રી રયણદે પોતાના પુત્રની ઇજ્જત, માન અને આબરૂ જોઈ પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા અને રાજાજી તો પોતાના એકના એક પુત્રને જોઈ ઘણોજ સંતોષ માનતા, પ્રભુએ મારા પુત્રને જે બળ, ન્યાય, પરાયણતા અને નિરાભિમાની સ્વભાવ આપ્યો તેના માટે શાસનદેવ તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે!

માતા રયણદે પણ પોતાના પુત્રની સાહસિકતા અને નિડરતા જોઈ ઘણોજ સંતોષ અનુભવતી. તેમાં વળી વહુ પણ દિકરાથી સવાઈ હતી. સાસુ સસરાની સેવા કરવામાં જરાપણ ઉણપ આવવા દેતી નહોતી. આ પ્રમાણે માતા–પિતા પ્રભુ ભક્તિમાં પોતાનું બાકી રહેલું શેષજીવન ગાળતા હતા. અહરનિશ પ્રભુનાજ ધ્યાનમાં તલ્લીન રહેતા.

જેમ જેમ માતાપિતાની ઉંમર થતી ગઈ તેમ તેમ તેમના

શરીરની શક્તિ શિથીલ થવા માંડી. અને રોગે શરીરમાં પ્રવેશ કર્યો. ચાકરી કરવામાં પુત્ર અને પુત્રવધુએ જરાપણ કચાશ રાખી નહોતી. ચોવીસે કલાક બન્ને આત્માઓ માતા–પિતાની સેવામાંજ હાજર રહેતા હતા. પિતા–પૂત્રની ભાવના કોઈ અજબ હતી, પિતા તો પૂત્રનો પ્રેમ અને પિતૃભક્તિ જોઇ મનમાં ને મનમાં પોતાના પૂત્રને માટે પ્રભુનો આશિર્વાદ માગતાં, હે દયાળુ પરમાત્મા ? આ મારા બાળકને સદા સુખી રાખજે અને મારી પૂત્રવધુને પણ સદા સુખી રાખજે. માતા પણ ઘણીજ આનંદ માનતી હતી.

આ પ્રમાણે પિતાની માંદગી દિવસે દિવસે વધવા માંડી, કોઈ દવા લાગુ ન પડવાથી દયાળે પોતાના પિતાના જીવનની આશા છોડી. આ વખતે આચાર્યશ્રી માનસૂરિશ્વરશ્રી પધાર્યા. અને ધર્મબોધ સંભળાવ્યો. પોતાના આત્માને પ્રભુના સ્મરણમાં રાખવો એવી એવી શીખામણો આપી. જગત આખું ક્ષણ-ભંગુર છે, દેહનો ભરૂસો કોઇનો કાયમ રહ્યો નથી અને રહેશે નહિં. જીવ જન્મ્યો તે જરૂર જવાનો જ છે. આત્માના ખોળે કલેશ કરી આત્માને અધોગતિના પંથે લઇ જવો તેના કરતાં તો પ્રભુ નામમાંજ મશગુલ રહી પ્રભુ પરાયણ જીવન ગુજારવામાંજ આત્માનું કલ્યાણ સમાયેલું છે. હે નાથ ! હે જીવ ! તું તારૂં ન ચૂકીશ, આવો અદ્વીતિય બોધ ગુરૂદેવનો સાંભળી છેવટની અંતિમ ઘડીએ ગુરૂદેવના ચર્ણોની રજ લઇ પોતે પોતાના ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સંચર્યા.

પિતાના અવસાન થતાંજ દયાળના શીરપર જાણે વિજળી ત્રુટી પડી ન હોય ! એવો આગાધ થયો. પોતે બહાદુર હોવા છતાં પણ પૂ૦ પિતાના વિયોગથી ઘણોજ કલ્પાંત કરવા લાગ્યો.

પિતા! પિતા! પિતા! કરી પોકે પોકે રોવા લાગ્યો. દયાળની માતાશ્રી રયણદે પણ પોતાના પતિના અવસાનથી અતિશય આક્રંદ કરવા લાગ્યાં, પાટમદેએ પોતાની સાસુને ધર્મ અને શાન્તિના શબ્દો સંભળાવી શાંન્ત કરવા પ્રયત્ન કર્યો પણ તેની જરાપણ અસર રયણદે ઉપર થઈ નહિં.

રાજાજીની સ્મશાન યાત્રામાં આખુંય મેવાડ સામેલ થયું હતું. હજારો ગરીબોને દાન આપવા સારૂ દયાળે પોતાની લક્ષ્મીના ભંડારો ખુલ્લા મૂકી દીધાં હતાં. એક રાજા મહારાજાના મૃત્યુને છાજે તેવી રીતે પિતાની પાછળ રૂપિયા વાપરી હજારો ગરીબોના આશિર્વાદ મેળવ્યા હતા.

પિતાના વિયોગથી દયાળને ઘણોજ આગાધ લાગ્યો અને પોતાના જીવનમાં કોઇ અનેરો વિચાર ઉદ્ભવ્યો. પિતાના અવસાન બાદ દયાળને પોતાના આત્મ-કલ્યાણનું ભાન થયું અને તેના સમજવામાં આવ્યું કે "જેમ જીવન કાયમ કોઇનું ટકતું-રહેતું નથી તેમ લક્ષ્મી પણ કોઈની કાયમ રહેતી નથી તો પછી શા માટે મારી લક્ષ્મીનો સદ્ઉપયોગ મારા પિતાની પાછળ ન કરૂં?"

પૂ૦ આચાર્ય મહારાજશ્રી માનસૂરિશ્વરશ્રીની સલાહ મુજબ તેણે મેવાડની પ્રજાની રાહત માટે "શ્રી જીનેશ્વર ભગવાનનું મંદિર" બનાવરાવવાનું નક્કી કર્યું હતું. પરંતુ પિતાના મૃત્યુ બાદ દયાળને કોઇ પણ વાતનું ચેન પડતું નહોતું. વળી પોતાની પૂ૦ માતાશ્રીને ક્લેશ કરતી જોતાં તેનું હૈયું ભરાઇ આવતું હતું. પોતાના પિતાના અવસાન બાદ થોડાજ દિવસોમાં પોતાની માતા પણ માંદી પડતા તેના હૃદયમાં ઘણુંજ દુઃખ થયું; પણ તે દુઃખ ઓછુંજ હોય તેમ થોડા દિવસની માંદગી ભોગવી

પિતાની પાછળ પોતાની માતા સ્વર્ગે સીધાવી તે વખતે દયાળના દુઃખની કલ્પના કરવી પણ મુશ્કેલ બનતી.

આમ થોડાજ દિવસોના અંતરમાં માતા અને પિતા બંન્નેનો વિયોગ થતાં તે પોતાની ધીરજ ગુમાવી બેઠો. ભલભલા કઠિણ છાતીના મનુષ્યને પણ રડવું આવે તો પછી દયાળનું શું ગજું ? સારીય મેવાડની પ્રજાના ચક્ષુમાંથી અશ્રુ :સરી પડયાં હતાં. દયાળ અત્યારે બહુજ વિચારમાં પડી ગયો હતો.

આ વખતે પાટમદે આવી અને દયાળને ચિંતામગ્ન જોઈ સમજાવવા લાગી. આ સંસારની ઘટના કેવી વિચિત્ર છે તે સમજાવતી, કોઈ પણ રીતે દયાળને શાન્તવન્ આપવા પોતાથી બનતા તમામ ઉપાયો યોજતી.

આખરે દયાળ માતાપિતાનો વિયોગ ધીમે ધીમે ભૂલવા લાગ્યો અને પોતે પાછો પોતાના કામકામજમાં પણ ધ્યાન આપવા લાગ્યો.

૩૫—મહારાણાશ્રીની ઉદારતા.

કામ કામનું કામ કર્યે જાય છે. સૂર્યોદય થતાં ખૂશનૂમા પ્રભાત ખીલી નીકળે છે. હજારો પક્ષીઓ પોતાના માળામાંથી નીકળી કીલકીલ્લોલ કરતાં ઉડતાં જણાય છે. પશુઓ સારો ચરવા જતાં દેખાય છે. મનુષ્યો પણ ઝીણો ઝીણો કોલાહલ કરતાં સંભળાય છે. સૌ કોઈ પોતપોતાના કામ-કાજમાં લાગી રહ્યાં છે. આવા સુંદર આકર્ષક મધુરા પવનની લહેરીમાં રાજગઢમાં પાણીનો છંટકાવ થઈ રહ્યો છે. પાસેના બાગ–બગીચામાં અનેક જાતના સુંદર સુગંધી પુષ્પો ખીલી રહ્યાં છે. અને તેની સુવાસ ચોમેર પ્રસરી રહી છે. ઘડીભર મનને પ્રફુલ્લીત બનાવવા કેટલાય મનુષ્યો ફરવા અને આરોગ્ય મેળવવા આવી બેઠાં છે.

આવા સમયે હજારો નોકર–ચાકરો મહારાણાશ્રીના હુકમની રાહ જોઈ ઉભા છે. સૌ પોતપોતાના કામની જવાબદારી સંભા-ળવા કાળજી રાખી રહ્યાં છે.

સોનેરી પ્રભાત થતાંજ મહારાણાશ્રી અને મહામંત્રી દયાળ રાજબગીચામાં આવી આસન પર બિરાજમાન થયા એટલે હજારો દુઃખી નર-નારીઓના ટોળેટોળાં આવવા માંડયા અને મહારાણાશ્રીની જય! મહારાણાશ્રીની જય! વીર મહામંત્રીની જય! ના પોકારો કરવા માંડયા. જેમ જેમ પોકારો થવા લાગ્યાં તેમ તેમ ટોળું વધવા માંડયું. એટલે મહારાણા ઉભા થઈ દરેકને શાંત્વન આપવા લાગ્યા અને આશ્વાસન આપતાં નિચે બેસાડયાં.

પ્રિય! પ્રજાજનો! આપ સૌ જાણો છો કે મેવાડમાં આવેલી દુર્દશા દુઃખદાયક તે મહા ભયંકર છે. તેને પહોંચી વળવા માટે રાહતના જે જે પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે તે આપ સર્વેની સમક્ષ મહામંત્રી દયાળ જાહેર કરશે.

દયાળશાહ ઉભા થયા અને બોલ્યા. પ્રિય! પ્રજાજનો! આપ શાન્તિ જાળવશો. આપણા મહારાણાશ્રીએ આપ સર્વેની સમક્ષ જે કાંઈ કહ્યું તે આપે સાંભળ્યું છે. પરંતુ રાહતના શું પગલાં લેવાયા છે. તે સાંભળવા આપણામાંથી કેટલાય ઉત્સુક થતાં હશેજ. આપણા પ્રિય મહારાણાશ્રીએ આપણા ઉપર જે ઉદારતા દાખવી છે તેવી ભવિષ્યમાં કોઈપણ રાજવી બતાવી નહીંજ શકે. મને આશા છે કે આપ સર્વે જરા શાંન્તીથી સાંભળશો!

૧. મેવાડ રાજ્યમાં જેટલા ખેડૂતો છે તે બધાયની પાસેનું જે કાંઈ રાજ્યનું "**લ્હેણું તેમજ વિઘોટી**" હોય તે બધું રાજ્ય તરફથી માફ કરવામાં આવે છે, અને રાજ્યનું લ્હેણું માંડી વાળવામાં આવે છે.

૨. આજથીજ "**જય સમુદ્ર**" તળાવ ખોદાવવાનું કામ

ચાલુ કરવા મહારાણાશ્રીએ હૂકમ આપ્યો છે, અને તેમાં હજારો સ્ત્રી–પુરૂષોને પેટ પુરતી મજુરી આપવામાં આવશે. જેથી દરેક કુટુંબીઓનું પોષણ થઈ શકશે.

૩. દરેક મજુરોને રાજ્ય તરફથી " **સસ્તા ભાવે અનાજ** " આપવામાં આવશે. અને જેઓને રહેવાનું સાધન નહીં હોય તેઓને રાજ્ય તરફથી રહેવાની સગવડ કરી આપવામાં આવશે.

ભાઈઓ!

આજે નામદાર શ્રી મહારાણાશ્રીએ જે ઉદારતા ભરી લાગણી બતાવી પોતાની વ્હાલી પ્રજાને પોતાની ગણી જે આત્મભોગ આપી રાજ્યની તિજોરી ખુલ્લી મૂકી છે, તે માટે તેઓશ્રીને હજારોવાર ધન્યવાદ છે. ભાઈઓ! આપ સૌકોઇ પોતપોતાના કામ પર લાગી જાઓ અને આ આવી પડેલી આફતમાંથી પરમાત્મા સૌને ઉગારે! અને આપણી મેવાડ જેવી હતી તેવી ફરી નવપલ્લવ થાય! બોલો! મહારાણાશ્રી રાજસિંહની જ...ય, પ્રજાજનોએ! મહારાણાશ્રીની જ......ય એવી બોલાવી કે તેની ધ્વની આકાશમાં પહોંચી પાછી ગર્જના સંભળાઇ રહી.

મહારાણાશ્રીને આશિર્વાદ આપી સર્વે પ્રજાજન પોતપોતાના કામ પર જવા વિખૂટાં પડી ઘર તરફ ચાલ્યા.

૩૬—દયાળશાહની વાત્સલ્યતા અને પાટમદેની સેવા.

રાજસભામાંથી દયાળ પોતાના નિવાસસ્થાને આવવા નીકળ્યો. ચોમાસાની ઋતુ હતી છતાં પણ વા-વંટોળ અને ધીખતી ગરમીના ઉના અગ્નિ ઝરતા પવનનો સુસવાટો વાઈ રહ્યો હતો. આ વખતે દયાળના મનમાં એક વિચાર ઉદ્દ્ભવ્યો કે સાધનસંપત-શક્તિવાળા તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ પોતાનું નિભાવી લેશે, પરંતુ બિચારા તદ્દન નિરાધાર લાચાર અને ચોમાસામાં વરસાદના આધાર ઉપરજ ખેતીવાડીથી ગુજરાન ચલાવનાર ફીસાનોની કેવી દુર્દશા થશે.

હે પ્રભુ! આવો ભયંકર દાવાનળ તેં મેવાડ ઉપર કેમ મોકલ્યો? મેવાડે એવું તો તારૂં શું બગાડયું હતું? હે દયાળુદેવ! જરાક દયા કર, અને બિચારી ગરિબ પ્રજા પર રહેમ લાવી.

દીનોનો દીનાનાથ થા. આ પ્રમાણે દયાળ પોતાના મન સાથે વિચારોની હારમાળા ચલાવે રાખે છે. અને તલ્લાલીન બની ગયો છે.

યુક્તિથી કામ લે; આતો કસોટી છે, સંયમ અને ચારિત્રની કિંમત છે, માટે હતાશ થઈશ ના. ઉઠ ઉભો થા, કામની શરૂઆત કર ને દુ:ખી દીનોની દુવા લે. આવો ગેબી અવાજ અંતરઆત્મા સાથે દયાળને અથડાયો. એ અવાજ અથડાતાંની સાથેજ દયાળ એકદમ જાગૃત થયો અને રાજ્યમાર્ગના રસ્તા ઉપર ચાલવા માંડયો. પણ રાજમાર્ગ સુનસાન ભાસે છે. જાણે રસ્તા ખાવા ન ધાતા હોય! જ્યાં જુઓ ત્યાં પ્રજા ઉપરનું નુર ઉડી ગયું ન હોય તેવી પરિસ્થિતિ નજરે જણાઈ આવે છે. અનેક વિચારોના વમળમાં દયાળ પોતાના નિવાસસ્થાને આવી પહોંચે છે.

હજી દયાળ પોતાના આસન ઉપર બેઠો નથી ત્યાં તો પાટમદે, પ્રાણેશ! પધારો! આવકાર આપતાં સામે આવીને ઉભી રહે છે.

પાટમદેને કાંઈપણ જવાબ ન મળતાં ફરી બોલી પ્રાણાધાર! કઈ મુશાબતમાં આવ્યા છો કે આ દાસીના બોલવા ઉપર પણ ધ્યાન નથી આપી શકતા. બોલો, બોલો તો ખરા. એમ કહેતી દયાળના ખભા ઉપર હાથ મૂકયો.

આમ અચાનક ખભા ઉપર હાથ અડતાં દયાળ ચમકયો. કોણ? વ્હાલી પાટમ!

હા, નાથ!

બંને દંપતિ પ્રેમી યુગલ પોતાના માતા-પિતાના વિયોગથી દુ:ખી થતાં હતાં, તેમાં વળી કાળના પંજામાં સપડાએલી પ્રજાની

ચીંતા વધી પડી તેથી બંનેના હૃદયમાં મહા દુઃખ થવા લાગ્યું.

વહાલી પાટમ ! હું તમારી એક સલાહ લેવા ઇચ્છું છું. પુછું ?

નાથ ! તેમાં મને પુછવાનુંજ શું હોય ! ખુશીથી પુછો.

આપણે આપણી દુઃખી પ્રજાના કલ્યાણ માટે શું કરવું જોઈએ ?

વ્હાલા ! લક્ષ્મી ક્ષણભંગુર છે, નામ તેનો નાશ અવશ્ય હોયજ છે. તો આપણી પાસે લાખ્ખોની દોલત છે. તે આવા સમયમાં કામમાં નહિ આવે તો ક્યારે આવશે. વળી આચાર્યશ્રી માનસૂરિશ્વરશ્રીનો પણ બતાવેલો સુંદર રસ્તો છે. તો તેને કાં ભૂલી જાઓ છો ? માટે આપ સત્વર સારૂ અને સુંદર એક ભવ્ય મંદિર બનાવી આત્માનું કલ્યાણ અને પ્રજાનું કલ્યાણ સાધો ! તેમાં હવે એકપણ ક્ષણ જવા દેવી તેના જેવું બીજું એકપણ પાપ નથી. કહેવતમાં કહ્યું છે કે "કાલ કરવું તે આજ કર. આજ કરવું તે અબ કર." માટે વ્હાલા ! માતા–પિતાના આત્માને પણ શાંતી મળશે અને ગુરૂમહારાજના ઉપદેશનું સમર્થન થશે.

વાહ ! વ્હાલી ! ! વાહ ! ! ! તારી સલાહ અને તારી બુદ્ધિને ! તારી બુદ્ધિએ તો મને આજે મારા જીવનમાં નવી રોશની પ્રગટ કરાવી દીધી. દેવી ! હું તારાં શાં વખાણ કરૂં ?

જાઓ, જાઓ, હવે બહુ થયું. તમે તો જાણે હજુ ગાંડાને ગાંડાજ રહ્યા. આવી બાળક જેવી વાતો કરવી તે મારા મહા-મંત્રીને ન શોભે ? બોલો, તમને શોભે છે ?

આ પ્રમાણે બંનેનો એકજ વિચાર થતાં તરત પોતાના વિશ્વાસુ સરદારો અને ગામના આગેવાન સદ્‌ગૃહસ્થોને, વળી

નગરશેઠ સોહનલાલજીને બોલાવી પોતાનો સ્તુત્ય વિચાર જણાવ્યો અને એક નવું જૈન મંદિર સાદામાં સાદું અને સારામાં સારૂં બંધાવવા જેમ બને તેમ જલ્દી શરૂઆત કરવાનું સુચવ્યું. ને તેની તમામ જવાબદારી પોતાનો વિશ્વાસુ સરદાર રણજીતને સોંપવામાં આવી, અને જેમ બને તેમ જલ્દી કામ ચાલુ કરવા હુકમ ફરમાવ્યો.

હુકમ મળતાંજ તુરતજ કામ કરવાની રીતસરની કચેરીઓ સ્થપાઈ અને સારા સારા કારીગરોને બોલાવવા માણસો રવાના કરવામાં આવ્યા. શુભ દિવસે સુમંગળ પ્રભાતે શુભ ચોઘડીએ પાયો નાંખવા સારૂં ખાતમુર્હુતનો દિવસ નક્કી કરવામાં આવ્યો. અને તે પવિત્ર ધામનું ખાતમુર્હુત આચાર્યશ્રી માનસૂરિશ્વરશ્રીના શુભ આશિર્વાદ સાથે મહારાણાશ્રી રાજસિંહના હસ્તે કરાવવાનું નક્કી કરી સૌ વિખરાયા.

આ શુભ પ્રસંગો માટે સેવા કરવાનું કાર્ય પાટમદેએ પોતાના શીરે લઈ લીધું અને સેવા કરવાનું કાર્ય શરૂ કરવા માંડયું. સેંકડો બ્હેનોનો સાથ મેળવવા સ્વયંસેવિકા એકઠી કરવાનું કાર્ય હાથ ધર્યું. અને કામ કેમ કરવું તેની સુચના આપવા લાગી. દરેક જીલ્લામાં નિરાધાર, અપંગ, આંધળા, લુલા, લંગડા અને ભુખ્યાની તપાસ કરાવવા લાગી દરેકને જોઈતું સાધન પુરૂ પાડવા એક મજબૂત સંગીન યોજના કરી અને તે દ્વારા કોઈપણ જાતના ભેદભાવ વગર સૌ કોઈને આર્થીક મદદ મોકલવામાં આવતી. શસક્ત શરીરવાળાને પોતાના મંદિરના કામ સારૂ મજુરીમાં દાખલ કરવા પ્રબંધ કર્યો.

આ પ્રમાણે દરેક પ્રજાજન માટે આવેલી આફત માટે આશ્વાસન મળે અને શાન્તિથી પ્રજા પોતાનો જીવનનિર્વાહ

કર્યા કરે એવી વ્યવહારૂ યોજના ચાલુ કરી દુષ્કાળનું દુ:ખ કોઈ પણ પ્રજાજનને દેખાતું બંધ કરવા પ્રયત્ન આદર્યો. આથી દરેકને પોતાનું દુ:ખ હળવું થવા માંડયું.

સારીય પ્રજાજન નામદારશ્રી મહારાણાશ્રી, મહામંત્રી દયાળ અને ગરીબોની માતા પાટમદેને આશિર્વાદ આપવા લાગ્યાં. તેઓનો જયજયકાર બોલાવવા લાગ્યા. મેવાડની ચારે દિશાએથી હજારો માણસોના ટોળેટોળાં આનો લાભ લેતાં અને આશિર્વાદ આપતાં જયસમુદ્રનું કાર્ય અને દયાળકિલ્લાનું કાર્ય સાથેજ થોડાકજ દિવસોના અંતરે શરૂ કરી દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ કાર્ય આગળ ધપાવ્યે રાખ્યું. અને હજારો માણસોની રોજી ચાલુ થઈ.

ધન્ય છે! વિરાંગના દયાની દેવી પાટમદેને! ધન્ય છે! દયાના સાગર મહામંત્રી વિર દયાળને!

૩૭–પ્રભુની મહેર.

જેમ સમય સમયનું કામ કરે જાય છે તેમ માનવીઓ પોતપોતાનું કામ કર્યે જાય છે. જયસમુદ્ર અને દયાળકિલ્લાનું કામ સુંદર રીતે શુભ મુહૂર્તે કરવામાં આવ્યું. રાત દિવસ દરેક સ્ત્રીપુરૂષો ઉમંગથી અને હૃદયની ભાવનાથી જરાપણ આળસ યા પ્રમાદ કર્યાં વગર પુરી મહેનતથી કામ કરે જાય છે. કારીગરો પોતાની તમામ કારીગરી પથ્થર ઉપર કોતરી રહ્યા છે. આમ શિલ્પશાસ્ત્રના નિયમે આજે બન્ને કામ તાબડતોબ કરવા તાલાવેલી લાગી રહી છે.

રાજા અને મંત્રી પણ પ્રજાનો ઉત્સાહ જોઈ ફુલ્યાં સમાતાં નથી, જયસમુદ્ર ઉદયપુરથી થોડા માઇલ ઉપર પહાડની ખીણમાં બાંધવામાં આવ્યું છે. સામસામા ચંદ્રમહેલ અને સૂરજમહેલ એવી સુંદર રીતે બાંધવામાં આવેલ છે. જાણે સ્વર્ગના વિમાન સમા સમુદ્રના કિનારા ઉપર ડાબા જમણી બંને ઈમારતો શોભી રહી ન હોય !

આ સિવાય જયસમુદ્રની બાંધણી એટલી બધી વિશાળ બાંધી છે કે તમામનો ઘેરાવો લગભગ બાર ગાઉના વિસ્તાર જેટલો છે. વળી જેમાં નાનામાં નાના ગામડાં પણ વસેલાં છે. ગામમાં જવા માટે નાવડામાં બેસી જવાય છે. સમુદ્રમાં ઉતરવાના પગથીઆના આજુબાજુ બે મોટા સુંદર હાથી ઉભા રાખ્યા છે. જાણે કે કોઈ જીવતા ગજરાજ જેવા લાગે છે. આ તલાવ બાંધવામાં લગભગ આશરે આઠથી નવકરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ પ્રમાણે રાજ્યે પોતાની પ્રજા તરફ જે સહાનુભૂતી જણાવી પ્રજાને બચાવી લેવા સ્તુત્ય પગલું ભરી પ્રજાનો આશિર્વાદ લીધો તેના માટે હજારોવાર ધન્યવાદ છે

પ્રજાકલ્યાણના કાર્યથી પ્રભુના ચોપડે રાજ્ય અને પ્રજાની સત્યનિષ્ટાનું પાનું ઉકેલવામાં આવ્યું, વળતા ચોમાસામાં વરસાદ ઘણોજ સારો આવ્યો અને રાજ્ય અને પ્રજા બન્નેની આબાદી થઈ અને પ્રભુએ મહેર કરી.

૩૮—દયાળ અને પાટમ.

સંધ્યાના સમય વખતે સુન્દર પુષ્પો જેમ સુવાસ પ્રસારે તેમ બન્ને પ્રેમી આત્માઓ વાડીમાં એક હિંચકા ઉપર આરામ કરી રહ્યા છે, તે વખતે બન્ને પ્રેમી દંપતિ પોતપોતાના હૃદયની વાતો કરી પોતાના જીવનને આનંદ માની રહ્યા છે. આ વખતે પાટમ બોલી કે નાથ! શું તમે આવા છેક નિષ્ઠુર હશો તે હું નહોતી જાણતી? શું તમને તમારી વ્હાલી પાટમ ઘડીભરના માટે પણ યાદ આવતી નથી?

વ્હાલી પાટમ! આજે તારા આ શબ્દો સાંભળી મારા આત્માને કંઇક જુદો વિચાર થાય છે કે ક્યાં મારી વ્હાલી પાટમ, એક શૂરવિર વિરાંગના! અને ક્યાં એક ઉદાસીન ગમગીન. વ્હાલી! વિરાંગના! મારા તરફથી કંઈ અસંતોષ પેદા થયો છે કે શું? આટલી બધી ઉદાસીનતાનું શું કારણ છે,

વ્હાલા! આપ જરાપણ આપણા શરીરને આરામ આપતા

નથી તેમજ આટલો આટલો વૈભવ છતાં પણ સંસારીક સુખનો લ્હાવો લેતા નથી. પાટમનો સહેવાસ જાણે તમને કંટકના માફક ખૂંચતો હોય તેમ લાગે છે, નાથ હું જ્યારે ત્યારે આખા દિવસમાં ફક્ત ગેરહાજરી સિવાય કશું પણ જોતી નથી. જ્યારે પુછું. ત્યારે કામ ને કામ. ત્યારે આ વ્હાલીને ક્યારે આરામ આપશો. મારા પ્રાણેશ. સ્ત્રીને પતિના સુખની મીઠી છાયા સિવાય બીજી કશી અભિલાષા નજ હોય. પતિના પ્રેમની પ્યાસી પાટમદેને ક્યાં સુધી ઝુરાવશો. મારા વ્હાલા દયાળ ! શું મારી આટલી પણ લાગણી આપના હૃદયમાં નથી, વધારે શું કહું, વ્હાલા, આ સુંદર વાડીમાં આજે આપણે બેઠા છીએ, તે બગીચાને જો ચાર દિવસ પાણી પાવામાં ન આવે તો તે બગીચાની શું સ્થીતિ થાય ? માછલીને જળ બહાર કાઢીએ તો બિચારી માછલીની કઈ સ્થિતિ થાય ? વળી અબળાને જો પ્રેમવાસનાના સિંચણથી ન સિંચીયે તો તે અબળાની શું દશા થાય ? આપ તો જાણે કોઇ ત્યાગી કે સન્યાસીના જેવાજ સહેવાસમાં રહેવા માગો છો, તો નાથ ! આમ શું મને તમારા બાહુપાશમાં લપેટી, લપેટીને તરછોડવી હતી તો નહોતી પરણવી. વ્હાલા, દયાલ ! હવે તો તમને એક ક્ષણભર પણ રાજ્ય કચેરીમાં કે રાજ્યદરબારમાં જવા નહિ દઉં.

વ્હાલા ! હવે મને આપનો વિયોગ પળવાર પણ સહેવાતો નથી, આખો દિવસને રાત રાજકાર્યમાં તમે જરાપણ આરામ લેતા નથી. માટે હવે તો આપ વચન આપશો કે તારા કહ્યા પ્રમાણે ચાલીશ.

વ્હાલી પાટમ. આજે મારી ફરજ રાજ્ય અને પ્રજાના બન્નેના હિત બજાવવા માટે મને હાકલ કરી રહી છે,

જ્યારે તું છેક તારા દયાળને તારા એકલાનોજ કરવા માગે છે, તો સાંભળ, દયાળ તો તારો છે તે તારોજ રહેવાનો, પણ આજે દયાળનો આત્મા બાદશાહ ઔરંગઝેબ જેવાના જુલ્મો સામે ટક્કર કેમ ઝીલી શકે? તેને કેવી રીતે મહાત કરી શકે? અને લાખ્ખો માણસો જે તેના જુલ્મોના ભોગ થઈ પડેલા છે તેને કેવી રીતે બચાવી શકાય. આ સિવાય તારા દયાળને બીજું કંઈપણ સુઝતું નથી. આજે પવિત્ર આર્ય-ભૂમિ વીરોનું બલિદાન માટે પોકાર કરી રહી છે, તેવા વખતે તું મને તારા પ્રેમપાશના બંધનમાં બાંધી લેવા માગે છે તે શું તારા જેવી દેશભક્ત વિરાંગનાને શોભે છે?

વ્હાલી પાટમ. આ ક્ષણિક સુખના માટે આટલી બધી તલસી કેમ રહી છે? તે મને સમજાતું નથી. સાચી વિરાંગના અને સાચી પત્નિ તો એજ કે પોતાના પતિના કાર્યમાં સાથ આપે અને ઉત્સાહ આપી દેશ કાર્યના કામમાં ફરજ બજાવવા ઉત્સાહી રહે. શું આગળના ઈતિહાસો ભુલી ગઈ? દેવી પદ્મિણીએ શું કર્યું. દાસી પત્નીએ શું કર્યું. શું તારાથી એ અજાણ્યું છે?

વ્હાલી? સાચું જૈન તત્ત્વ તો મનની સાથે દરેક વૈભવ-વિલાસના સુખને લાત મારી ઈન્દ્રીઓ વશ રાખે તેમાં રહેલું છે. આજે સમગ્ર મેવાડની પ્રજા. આખા હિંદની પ્રજા પોતાનો છુટકારો માગી રહી છે. જુલ્મી બાદશાહના જુલ્મથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે, તેવા વખતમાં સાચા આર્ય સંતાને પોતાના વૈભવનો મોહ ન રાખતા, કર્તવ્ય પરાયણ કરી પોતાના દેશ બાંધવની સેવા કરવી તેના જેવો એક પણ ધર્મ નથી. સમજી, મ્હારી વ્હાલી પાટમ.

ધન્ય છે! નાથ! તમારી ત્યાગવૃત્તિ અને દેશભક્તિને,

તમારા કાર્યમાં મારે સહાયતા આપવી તે મારી ફરજ સમજું છું. અને આપની આજ્ઞા એજ મારો ધર્મ. એજ મારો નિશ્ચય.

વ્હાલી, તારૂં દેશભક્તિનું જે ગીત છે તે તો બોલ.

નાથ! જેવી આપની આજ્ઞા. સાંભળો?

શૂરવીર મેવાડી વીરા જાગો હવે તો જાગો,
તમ માતૃભૂમિ કહે છે વૈભવ સઘળો ત્યાગો.
જ્યાં દેશબાંધવા દુઃખી, ન કોઈ આજે સુખી,
તેથી કહું છું બહાદુર બનીને જાગો.
જ્યાં જુલ્મી શાહના જુલ્મો સુણી હૃદય કંપે છે,
એ જુલ્મોને દુર કરવા જાગો હવે તો જાગો.
જનેતાની કુખ દિપાવો, માતૃભૂમિ શોભાવો,
સૌ એક સંપ થાઓ, જાગો હવે તો જાગો.
કાયર ન બનશો બાપુ રાખો ન બિક મરવાની,
એ છે પાટમની વાણી, જાગો હવે તો જાગો.

આ પ્રમાણે ગીત ગાયા પછી બન્ને દંપતિ પોતાના શયનખંડમાં આવે છે. અનેક જાતની પ્રેમગોષ્ટી કરી જીવનનો થાક ઉતારવા નિંદ્રાવશ થાય છે.

૩૯—શાહ સામે દયાળનો પડકાર.

સવારના પહોરમાં મહામંત્રી દયાળ દંતધાવન કરવા બેઠો છે, ત્યાં રાજ્યના અનેક કર્મચારીઓ દયાળની પાસે મુજરો કરવા આવે છે. રાજ્યની તમામ હકીકત કર્મચારીઓ પાસેથી સાંભળી. દયાળ તેના જવાબ આપી રહ્યા છે, તેવામાં દરવાને આવી કહ્યું કે મહામંત્રીજી! કોઈ બ્રાહ્મણ આપશ્રીને મળવા માટે આવેલ છે. હુકમ હોય તો બોલાવું.

બોલાવો.

બ્રાહ્મણે આવતાં આવતાં આશિર્વાદ આપ્યા.

બ્રહ્મદેવ, કેમ! આવવાનું થયું છે.

નામદાર! ઓરંગઝેબ બાદશાહના જુલ્મે તો હદ કરી છે. ત્યાં દયાળે આશ્વાસન આપી દીધું કે આપ જરાપણ સંકોચ રાખ્યા સિવાય વિગતવાર હકીકત મને જણાવો.

બ્રહ્મદેવ બોલ્યા કે, હું મારા કુટુંબ સાથે યાત્રાએ જવા

નીકળ્યો હતો. વચમાં બાદશાહના સિપાઈઓએ મારી પાસે જજીઆ વેરો માંગ્યો, મેં કાલાવાલા કર્યાં કે ભાઈ હું તો ગરીબ માણુસ છું માટે કૃપા કરી મને જવા દો. ત્યાંતો તે પાપી પીશાચોએ મને તથા મારા દિકરાને જેરબંધના માર માર્યા. અને દોરડે બાંધ્યા, મેં કગરવામાં બાકી રાખી નહિ પણ તે પાપી પીશાચ જલ્લાદોને મારી જરાપણ દયા ન આવી. તે વખતે મારી બન્ને પૂત્રવધુ ઉપર બદનજર કરી. પાપીઓએ પોતાની પીશાચ લીલા ચલાવી. નામદાર! મને કહેતાં શરમ આવે છે! આખરે પાપીઓએ તે બન્ને સ્ત્રીઓની સાથે નાલાયક વર્તન ચલાવ્યું. અને મારી આખી જીંદગી નકામી કરી. નામદાર, આજે આ પવિત્ર ભૂમિમાં અમારા ગરીબોનો બેલી કોઈ નથી. ભગવાન પણ કોણ જાણે ક્યાં સંતાઈ ગયો છે તે સમજાતું નથી. હે! ભગવાન્ !!! અમારા ગરીબોની શી દશા થશે. શું પ્રભુ પણ અમારી દાદ નહિં સાંભળે.

આજે કોઇ "માઈનોપુત" બાદશાહના જુલ્મોનો સામનો કરે તેવો નથી. બ્રાહ્મણની આપવિતી સાંભળી દયાળના શરીરમાં કંપવા છૂટયો. આખરે પોતે દરવાનને બોલાવ્યો અને હુકમ આપ્યો કે દરેક લશ્કરના અધિકારીઓને હાલને હાલ બોલાવો. આ હુકમ થતાંની સાથેજ દરેક અધિકારીઓ, સરદારો, સામંતો વિગેરે ભેગા થયા. તે વખતે દયાળશાહે ઉંચા સ્વરે બુલંદ અવાજે બાદશાહના જુલ્મની કહાણી કહેવા માંડી. મારા શૂરવીર સરદારો અને ભાયાતો, હવે બાદશાહના જુલ્મોનો સામનો કર્યા સિવાય અને પાપી શાહને તેના પાપની શિક્ષા આપ્યા સિવાય કોઈ હિસાબે છૂટકો નથી. સાંભળો! એ પાપી ઔરંગઝેબે આપણી રાજ્યમાતા પ્રભાવતિ રાણી સાહેબાને પોતાની બેગમ

બનાવવા ધારી હતી. છતાં તે પાપીની ધારણા પ્રભુએ ધૂળમાં મેળવી. વળી તે પાપી શાહે આપના બે હિંન્દુ મહારાજા. એક જયપુરના જયસિંહ અને બીજા મારવાડના રાજા જસવંતસિંહ, બન્ને શાહના જમણા હાથ હતા. તેઓના હાથમાં અસંખ્ય સૈન્યનું બળ હતું. આખરે એ પાપી શાહે બન્ને ભડવીરોને પોતાના ગુપ્ત દૂતો દ્વારા ઝેર આપી મારી નંખાવ્યા હતા. આ રાજાઓ વિશ્વાસપાત્ર અને ધર્મપરાયણ હતા. તેઓ પણ અકાળ મૃત્યુ પામ્યા. ધર્મના મસ્તક ઉપર અધર્મે લત્તાપ્રહાર કર્યો. તેમને સ્વામિભક્તિ અને કૃતજ્ઞતાનું વિપરીત ફળ મળ્યું. આ હૃદયભેદક પિશાચિક કૃત્યો કર્યા પછી દુષ્ટાત્મા પાછો યુદ્ધ કરવા તૈયાર થયો, પણ તેનો સંકલ્પ સિદ્ધ ન થયો, સ્વદેશપ્રેમી વીરકેશરી રાણા રણજીતસિંહની ભિષણ વિરતાની આગળ તેનો સંકલ્પ સિદ્ધ થઈ શકયો નહિ. માટે મારા સરદારો હવે તો આ પાપી શાહના જુલ્મે તો હદ કરવા માંડી છે. આ આવેલા બ્રાહ્મણના સામું જુઓ ? જેનો અંતરઆત્મા આજે તમારી પાસે ગરિબોનું રક્ષણ માગી રહ્યો છે. રાણાકુળની ઈજ્જત સાંભળી અતરે આવ્યો છે, માટે બોલો; સરદારો ? આ કાર્ય માટે તમારો શો વિચાર અને શું સલાહ છે. હવે એક ઘડીનો પણ વિલંબ કરવો પાલવે તેમ નથી. માટે જે વિચાર હોય તે સત્વર જણાવો !!!

સૌ આવેલા શૂરવીરો એકે અવાજે બોલ્યા કે "જે આપણો હુકમ તે અમારી ફરજ." આ ક્ષણભંગુર શરીરનો અમને જરાપણ મોહ નથી. જ્યાં અમારી બ્હેન બેટીથી ધોળે દિવસે ઈજ્જતો લૂંટાતી હોય, જ્યાં ન્યાયના નામથી હજારો ગરીબોના જાન લેવાતા હોય, તેવા અન્યાયના સામે હવે તો સામનો કર્યે જ છૂટકો. કાંતો આ પાર કે પેલે પાર.

આ બધી ધમાલ અને કોલાહલ સાંભળી પાટમદે આવી જુએ છે તો મનમાં આનંદ પામી. ધન્ય છે ! મારા પ્રાણેશ, ભલે પ્રભુએ મને આપના ચર્ણોની દાસી બનવાનું ભાગ્ય આપ્યું.

ત્યાંતો દયાળ ફરી પાછો બોલ્યો કે આજે મારો છેવટનો સંદેશ એટલોજ છે કે જેને પોતાનો પ્રાણ વ્હાલો કરવો હોય અને કાયરપણું બતાવવાની ઇચ્છા હોય તેને ખુશીથી હું રજા આપું છું. અને જેમને પોતાના દેશની તેમજ પોતાની માતૃ-ભૂમિની લાગણી અને દાઝ હોય, જેને સ્વર્ગની અપ્સરા સાથે આનંદ લેવાની ઇચ્છા હોય અને મરતાં સુધી પણ ખાંડાના ખેલ ખેલવામાં પાછી પાની ન કરે તેવાજ મારી સાથે આવશો.

ત્યાંતો ગગનભેદી અવાજ થયો કે અમે બધાએ અમારી માતૃભૂમિ માટે યાહોમ કરવા અને બલિદાન આપવા તૈયાર છીએ. બોલો, શ્રીમહારાણા રાજસિંહની જય, બોલો, શ્રીએકલીં-ગજીની જય ! બોલો શ્રીમહાવિરસ્વામિ ભગવાનની જય ?

સરદારો અને મારા વ્હાલા શૂરવીરો ! તમે હવે તમારી તમામ તૈયારી કરો તેટલીવારમાં હું મહારાણાની આજ્ઞા મેળવીને આવું છું.

દેવી પાટમ, તમે પણ તમારી ફરજ બજાવવા કટીબદ્ધ થાઓ અને તમારા મેવાડની વિરાંગનાઓને સચેત કરો અને વખત આવે રણચંડિકા બની માતૃભૂમિની સેવા કરવા તૈયાર થાય.

જેવી મારા પ્રભુની આજ્ઞા. પાટમદે જતાં જતાં બોલી.

૪૦—દયાળ અને રાણા.

મહારાણા રાજસિંહની તબીયત બરાબર નહિ હોવાથી રાણી પ્રભાવતિ મહારાણાની સેવા કરે છે. પાસે દાસ દાસીઓ મહારાણાની સેવા (ચાકરીમાં) સામેલ થયા છે. રાણાજીને અત્યંત પરિશ્રમના લીધે તેમને હાલમાં તાવની બિમારી લાગુ પડી હતી, તેવા ટાઇમમાં દયાળ આવ્યો. રાણાજીની તબીયતના સમાચાર પુછ્યા. ત્યાં રાણા બોલ્યા કે દયાળ! કેમ આવ્યો છું? બાદશાહ ઓરંગઝેબના કંઈ સમાચાર છે. નામદાર આપણો હુકમ અને આજ્ઞા લેવા માટે આવ્યો છું. અને બાદશાહ ઔરંગઝેબના સામે યુદ્ધ ખેલવા જવાનો છું. દયાળ, દયાળ તું આ શું બોલે છે? શું તારા એકલાથી એ પાપી મહાત થશે?

નામદાર, આપના આશિર્વાદથી આપનો સેવક યશકીર્તિ વરતાવશે. નામદાર, હવે તો બાદશાહે તેમજ તેના અધિકારીઓએ હદ કરવા માંડી છે. ધોળે દિવસે સ્ત્રીઓના શિયળ લુંટાય

છે. ગરિબો માર્યા જાય છે. હજારો જન દુઃખના ન્યાયમાં હોમાઇ રહ્યા છે. આ વખતે નામદાર જો આપણે આપણો હાથ બતાવવામાં જરાપણ ગફલત ખાઇશું તો ભવિષ્યનું પરિણામ સારૂં નહિ આવે, યાદ તો હશે આપણા રાજકુમાર જયસિંહ. કુમાર સાહેબે તે પાપીના શાહજાદા અકબરને બચાવ્યો હતો. છતાં તે પાપીએ ઉપકારના બદલામાં અપકાર આપવા જરાપણ પાછી પાની કરી નથી. તો હવે તો આપ જરાપણ ચિંતા ન કરતાં મને આજ્ઞા આપો તે માટે આપશ્રીના ચર્ણોમાં આવ્યો છું.

અન્નદાતા, જ્યાં પ્રજાના રક્ષક થઇ જ્યારે પ્રજાનાજ ભક્ષક કરવામાંજ શુરાતન અને મોટાઇ માને ત્યારે શું કરવું.

જ્યાં પશ્ચિમમાં સુર્ય ઉગે, જ્યાં સમુદ્ર મર્યાદા મુકે, જ્યાં રાજા થઈ પ્રજાને દુઃખી કરે ત્યારે શું આપણે નમાલા બની ચુડીયો પહેરી જોયા કરવું. ના, ના, તે કોઈ હીસાબે નહિ બને. આપ જરાપણ ચિંતા કરશો નહિં. હું આપની મારા પ્રત્યેની લાગણી અને પ્રેમ જાણું છું. પણ આ વખતે જો આપ મેવાડના સિંહાસનને શુરક્ષીત રાખવા માગતા હો તો જરાપણ વિલંબ કર્યા સિવાય આપ મને આજ્ઞા આપો.

ત્યારે રાણા બોલ્યા કે ભાઈ હું પણ તારી સાથેજ આવવા તૈયાર થાઉં છું. ના, નામદાર? આપણી તબીયત ઉપર અને આપના જીવન ઉપર તો આખા મેવાડનો આધાર છે. આપણી આવી સ્થિતિમાં પળવાર પણ લઇ જઇ શકાય તેમ નથી. માટે આપ કૃપા કરી હઠવાદ ન કરતાં મનેજ આજ્ઞા આપો. અને હાલ મેવાડનો ભાર કુમાર જયસિંહ અને માતા પ્રભાવતિને સોંપો અને બાકીનું કામકાજ મારી પાટમદે સંભાળશે. બોલો નામદાર, દયાળની વાત ઉપર વિશ્વાસ આવે છે?

દયાળ, દયાળ, ધન્ય છે!!! તારી વિરતા અને દેશભક્તિને! ધન્ય છે! તારી જનેતાને!!! તેં પણ સમગ્ર તારી જૈનકોમને દિપાવી છે. પ્રભુ મહાવિરના ધર્મને દિપાવ્યો છે. તેમજ શાશનની શોભા વધારનાર તું એક નર રત્ન છે. રાણા બોલતા બોલતા ગભરાઇ ગયા. હાય, હતભાગી ભારત, કયા પાપની શિક્ષા તું આજ ભોગવે છે. મહારાણા પ્રતાપના વખતમાં વિરનર ભામાશાહે મેવાડના ઉદ્ધાર માટે પોતાનું સર્વશ અર્પણ કર્યું. અને જૈનોનું નામ શોભાવ્યું. મારા વખતમાં દયાળ તું તારૂં સર્વશ સોંપવા તૈયાર થયો છે! ધન્ય છે તારા આત્મભોગને અને તારી રાજ્ય-ભક્તિ અને નિડરતાને!!! જાઓ, ભગવાન એકલીંગજી સહાય કરશે. જાઓ ફત્તેહ કરો, ગરીબોની દુવા તને યશ અપાવશે. જાઓ, ભગવાન સહાય કરશે.

ત્યાં રાણી પ્રભાવતિ આવ્યા, અને બોલ્યા કે ભાઇ દયાળ, રાણાજીની જરાપણ ચિંતા ન કરશો. તેમજ સમગ્ર મેવાડની જરાપણ ચિંતા કરશો નહિ. પ્રભુ સારા વાનાં કરશે.

જેવો માતાનો આશિર્વાદ, માતા, આપનો દયાળ જાય છે. જાઓ, બાપુ જાઓ, પ્રભુ તમારૂં કલ્યાણ કરે.

૪૧–પાટમદેનો પ્રચાર.

દયાળશાહ રાણાશ્રીની પાસે જતાં પાટમદેને જે આજ્ઞા આપતા ગયા હતા તે પ્રમાણે પાટમદેએ પોતાની સખીઓ અને અન્ય બ્હેનોને બોલાવી પોતાના નિવાસસ્થાનના ચોકમાં હજારોની સંખ્યા ભેગી કરી. ત્યાં આગળ પાટમદે બોલી કે બ્હેનો! આજે હવે ઘરમાં બેસી રહેવાનો જમાનો નથી. જ્યારે પાપીઓ પોતાની પિશાચલીલાઓ ગરિબોના ઉપર અને આપણી નિરાધાર બ્હેનો ઉપર ચલાવ્યા કરે છે અને તે આપણે મૂંગે મોઢે સહન કરીએ ? આપણને શરમ છે. હવે તો બ્હેનો, તમે તમારા પતિદેવોને, તમારા દિકરાઓને, તમારા ભાઈઓને, સર્વ વાતનો બોધ આપો કે તમારી માતૃભૂમિ માટે મરી ફીટો. તમારા પ્રાણની આહુતિ આપો, અને હજારો દિન દુ:ખી ભાઈઓ અને બ્હેનોની એ પાપી ઔરંગઝેબના જુલ્મોથી છોડાવીને આશિષ લ્યો. બ્હેનો, આ ક્ષણભંગુર દેહની માયા થોડા વખતને માટે દુર કરો. બ્હેનો, પતિદેવના સુખની ઇચ્છા

થોડા વખતને માટે બંધ રાખો અને તમે તમારી માતૃભૂમિ ખાતર, તમારા દેશની ખાતર પણ સર્વંશ બલિદાન આપવા તૈયાર થાવ. ત્યાં હજારો બ્હેનો બોલી કે દેવી તમારો બોલ તે ઈશ્વરનો બોલ. હે! ગરીબોની માતા, તમારા બોલ ઉપર અમે અમારૂં સર્વંશ આપવા પ્રતિજ્ઞા લઈએ છીએ. અમે કાયર પતિની પત્નિઓ નથી. અને નાલાયક દિકરાઓની માતાઓ નથી. અને નમાલા ભાઈઓની બ્હેનો નથી. અમે તો શૂર-વીરોની પત્નિઓ છીએ. અને શૂરવીર પુત્રોની માતાઓ છીએ, અમે માતૃભૂમિના માટે પ્રાણના બલિદાન આપનારની બહેનો છીએ. માટે આપ જરાપણ ચિંતા ન કરતાં, જ્યારે આપનો અને મહામંત્રી દયાળશાહનો હુકમ થતાંની સાથે અમે અમારૂં સર્વંશ આપના ચર્ણોમાં રજુ કરી હાજર થઈશું. ત્યાં પાટમ બોલી કે, શાબાશ, મારી વ્હાલી મેવાડની વિરાંગના, બ્હેનો, ધન્ય છે તમારી માતૃભૂમિના પ્રેમને !

જનની જણજે ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિતો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

બ્હેનો, હવે તમે તમારા કાર્યમાં લાગી જાઓ. પાડોશી ધર્મ બજાવો. એક એકની સાથે હાથ મિલાવી રહો. અંતરના પાપને દુર કરી, સત્યનીતિના રાહ પર ચાલી આપણે આપણી કીર્તિ ઉજ્જવળ કરવાની છે.

સ્ત્રી પોતાના ચારિત્રથી શોભે છે,
પુરુષ પોતાના સંયમ પર શોભે છે,
રાજા પ્રજાની સેવાના કાર્યમાં શોભે છે,
દેવોનો પણ સાથ સત્ય અને નીતિ કાર્યોમાં છે,

માટે પ્રભુ મહાવીર ઉપર ભરોંશો રાખો, અને આપણા મહા-

રાણાની કીર્તિ પર સૂવર્ણ કલશ ચઢાવો. આ પ્રમાણે પાટમદેની વાત સાંભળી દરેક બ્હેન, પોતપોતાના કર્તવ્યમાં મશગુલ રહેવાનું નક્કી કરી પાટમદેની આજ્ઞા લઈ સૌ પોતપોતાના સ્થાન પર જવા લાગી. અને મેવાડની ઇજ્જત માટે સૌ સમર્પણ કરવાની પ્રતિજ્ઞા લેતી ગઈ.

દયાળ આવ્યો. દેવી પાટમ, મહારાણાશ્રીએ આજ્ઞા આપી. કાલે ઉગતી પ્રભાતના પહોરમાં તારો દયાળ પ્રભુના ભરોંસે યુદ્ધમાં પ્રયાણ કરશે. તે વખતે તારે સમગ્ર રાજ્યનો અને મેવાડનો તેમજ રાજ્યમાતા પ્રભાવતિનો ખ્યાલ રાખવાનો છે. તે ભૂલીશ નહિ.

નાથ, આ પાટમદે પણ આપશ્રીની અર્ધાંગના છે. આપણી દરેક આજ્ઞાને પ્રભુનો બોલ સમજીને પાળીશ. અને જીવનના અંત સુધી નિભાવીશ. દેવ ? સુખે આપ પ્રભાતના ઉગતા સમયમાં પ્રયાણ કરી યશકીર્તિ વરી આ આપની નમ્રદાસી પાટમને ભેટશો.

ત્યાં દયાળે દરેક બાબતની માહિતી પાટમદેને આપી, શું કરવું ને શું ન કરવું, કેવી રીતે કરવું, કેવી કેવી યોજનાઓ અમલમાં લાવવી તે દરેક બાબતની ઘણીજ કુનેહબાજી સમજાવી, અને બન્ને દંપતિ પોતપોતાના કર્તવ્યમાં નિદ્રાદેવીને આધિન થયાં.

૪૨—પ્રજાનો ઉત્સાહ.

આજે પ્રભાતનો સમય થતાની સાથે સૌ કોઈ પોતપોતાના કાર્યમાં મશગુલ બન્યા છે. જ્યાં જુઓ ત્યાં તલવાર, બરછી, ભાલા, તમંચા અને બંદુકોના દર્શન થઈ રહ્યા છે. સૌ કોઈ પોતપોતાના હથીઆરો અને શસ્ત્રો બરાબર સાફ કરવાની તાલાવેલીમાં લાગી રહ્યા છે. ઉદય-પુરની વિરાંગનાઓ પોતાના પતિને શૂરવીરતાના શબ્દો સંભળાવી ઉત્સાહી કરી રહી છે. માતૃભૂમિના માટે સર્વંશ સમર્પણ કરવાના જયઘોષો ગુંજી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં એકજ નાદ, દેશના ખાતર, માતૃભૂમિની ખાતર અને હિન્દુ ધર્મના ખાતર, પ્રાણનું બલિદાન આપીશું અને આપીશું. નાના મોટા, બાલ, અબળા, વૃદ્ધ, સૌ કોઈના મનમાં એક હૃદયનો શૂર, જૂલ્મીઓના સામે ટક્કર ઝીલવી અને પાપીઓને તેના પાપની શિક્ષા બરોબર આપવી.

આ વખતે આપણો મહામંત્રી દયાળ પણ પોતાની સર્વશ-તૈયારી કરવામાં પોતે પણ પ્રમાદ રાખ્યા વગર દરેક જાતની યુદ્ધની સામગ્રી દારૂગોળો, હથીયારો, ગજરાજ, (હાથી) અશ્વો વિગેરે સંપૂર્ણ તૈયારી કરવામાં તલ્લીન બન્યો છે. શૂરા સરદારોને પણ પોતાનું કર્તવ્યનું ભાન કરાવતો જાય છે.

મહારાણાશ્રી પણ પથારીમાંથી બિમાર અવસ્થામાં પણ પોતે પોતાના સૈનિકોને શૂરાતન અને ઉત્સાહભર્યાં શબ્દો સંભળાવી રહ્યા છે. દેવી પ્રભાવતિ પણ પોતાના તરફથી મેવાડની વિરાંગનાઓને પોતાની ફરજ અદા કરવા હાકલ કરી રહી છે. અને આપણી પાટમદે પણ દરેકને ખાંડાના ખેલ ખેલવા તૈયાર રહેવા ભલામણ કરી રહી છે. આવું ઉત્સાહભર્યું વાતાવરણ આજે મેવાડની પવિત્ર ભૂમિમાં શૂરાતનના શબ્દોથી ઝળહળી રહ્યું છે. અને તેની સુવાસ લેવા હજારોની સંખ્યામાં મેવાડીઓ શસ્ત્રોથી સજ્જ થઈ પોતાના નાયકની આજ્ઞાની રાહ જોઈ રહ્યા છે. ત્યાં તો શરણાઈનાં શૂર ગાજવા લાગ્યા. શૂરાતનના વાજીંત્રો વાગવા માંડયા. કવિઓ અને ચારણો ભૂતકાલમાં થઇ ગએલા વીર-નરોના યશોગાનની કવિતાઓ બોલવા માંડયા. મેવાડની વિરાં-ગનાઓ પોતાના પતિદેવોને પ્રેમભરી વિદાય આપવા સારૂં વિજયમાળ લઇ ઉભી રહી છે.

આજનો મેવાડની ભૂમિનો દેખાવ કોઈ અદ્વીતીય અને અનેરો ઉત્સાહભર્યો નજરે આવી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં હથીઆરોના ખણખણાટ અને ઘોડાઓના પગનો અવાજ એકજ તાલમાં ચાલી રહ્યો છે. હાથીઓ પણ પોતાના માલીકની ફરજ બજાવવા આજે તાલાવેલીથી નાચી રહ્યા છે.

આવું ચારે બાજુ ઉત્સાહભર્યું વાતાવરણ જોતાં આપણો

મહામંત્રી દયાળ આજે આનંદમાં ફુલ્યો સમાતો નથી, તેના મુખાર્વિંદ ઉપર કોઈ અજબ રોશની ચમકી રહી છે, જેનો કદાવર લોખંડી કેશરીસિંહ જેવો બાંધો છે. જેની મૂછનો મરોડ પણ ભલભલાને ચમકાવે તેવો છે. જેની આંખમાંથી આજે ભયંકર અગ્નિની જ્વાલાઓ વરસી રહી છે. જેના શરીરની નસો નસમાં લોહીના ઉછાળા ચમકી ઉઠયા છે. ભારતમાતા પર થતો અત્યાચાર જોઇ આપણો વીર દયાળ આજે નિશ્ચય ઉપર આવ્યો છે. "કાં તો જૂલ્મી સત્તા નહીં કે હું નહિં."

આ પ્રમાણે વિચારોની અને કાર્યપદ્ધતિની તમન્નામાં દયાળ પોતે શસ્ત્રોથી સજ્જ થઈ શરીરપર લોખંડી બખ્તર પહેરી દરેક જાતના હથીઆરો સાથે રાખી મહા તેજસ્વી ઘોડાપર સ્વાર થતાંની સાથે દેવી પાટમ ત્યાં આવે છે, અને પોતાના પ્રાણેશને કુમકુમ તિલક કરી અને મોતીથી વધાવી પુષ્પની માલા પહેરાવે છે, અને કહે છે કે નાથ યશકિર્તીની સાથે આપ વહેલા પધારશો, અને ભારતમાતાને પાપીઓના જુલ્મોથી બચાવશો. પ્રાણ સાથે ખાંડાના ખેલ ખેલી સાચું જૈનતત્વ બતાવશો. મારા દેવ! તે વખતે હજારો નરવીર યોદ્ધાઓ સૌ પોતપોતાના દરજ્જા પ્રમાણે શસ્ત્રોથી સજ્જ થઈ રાજ્યગઢના ચોગાનમાં આવી ઉભા રહ્યા છે. હજારો વિરાંગનાઓ પોતાના પ્રિય પતિને તેમજ બેટાને તેમજ ભાઈને વિજયમાળ પહેરાવવા સારૂ આવી ઉભી રહી છે. અત્યારનો દેખાવ જાણે કોઈ મહાન અવસરનો દિવસ ન હોય તેવો દેખાવ દેખાવા લાગ્યો.

આકાશના દેવો પણ આ યુદ્ધના પ્રયાણને પોતાના આશિર્વાદ આપતા હતા. હજારો બ્હેનો પણ પોતાના હૃદયના આશિર્વાદ આપતી હતી. અરે! દિનદુઃખી આત્માઓ પણ અંતઃકરણથી

યુદ્ધમાં જનારાઓ યશકિર્તી વરીને આવે અને પાપી બાદશાહનો પરાજય કરે, એજ ભાવના અને એકજ ટેક. મારો યા મરો. બોલો શ્રી મહારાણાશ્રી રાજસિંહ મહારાજની જય. બોલો શ્રી એકલીંગજી ભગવાનની જય. બોલો શ્રી મહામંત્રી વીર દયાળ અને દેવી પાટમદેની જય. પ્રચંડ અવાજથી આકાશમાં પડઘો પડી રહ્યો. તે ઉત્સાહભર્યા વાતાવરણમાં દયાળે પોતે માળવા તરફ કુચ કરવા હુકમ કર્યો.

છપ્પો.

દયાળ સાચો જૈન, ખરેખર સિંહ સમ લાગે,
જોઈ શાહનો જુલ્મ, હૃદયમાં આગજ જાગે;
કરવા શાહને મહાત, સૈન્ય લઈ પોતે ચાલ્યો,
યોદ્ધો એ રણવીર, કેશરી જાણે મહાલ્યો;
દયાળ સેનાપતિ થયો, લીધું લશ્કર સાથમાં,
કહે "ભોગી" દયાળની, બાજી પ્રભુના હાથમાં.

(૨)

પ્રજા મેવાડની સૌ, દયાળને આશીષ અર્પે,
દયાળ માટે સૌ, મેવાડી શિર સમર્પે;
દયાળ યુદ્ધમાં જાય, પ્રજા પુષ્પોથી વધાવે,
આવે પાટમ ત્યાંય, વિજયમાળ પહેરાવે;
કહે પાટમ સૂણો પતિ, શાહને હંફાવજો;
કહે "ભોગી" દયાળવીર, યશ લઈ વહેલા આવશો.

(૩)

નીકળ્યો જ્યાં ભડવીર, કેશરીસમ જેની કાયા,
તજ્યાં વૈભવને સુખ, તજી પત્નિની માયા;

હિંન્દુ કેરી લાજ, સાચવવા દયાળ ચાલ્યો,
સાચો એ રણધીર, મસ્ત થઈ જાતો મહાલ્યો;
કહે "ભોગી" યમરાજ, દયાળથી બીતો ફરે,
નામ દયાળનું સાંભળી, દુશ્મન લોકો થરથરે.

(૪)

ચાલ્યો એ શૂરવીર, શસ્ત્ર સજ્જ થઇને,
મેવાડી અશ્વાર, તણું એ સૈન્ય લઈને;
ધરી ઢાલ તલવાર, હાથમાં ભાલો ધરતો,
શૂરવીર સાચો વીર, શાહને પડકાર કરતો;
સૈન્ય લઈ ચાલે એકલો, જેનું મનોબળ મજબુત છે,
કહે "ભોગી" જાણે દયાળ, સાચો જૈન રજપુત છે.

જે વખતે દયાળ પોતે મહારાણાશ્રીના આશિર્વાદ સાથે દેશકલ્યાણના શુભકાર્યના પંથે પડયો તે વખતનો દેખાવ જાણે ધરતી માતા પણ પોતાના પુત્રનો ભાર બહુજ વ્હાલથી સહન કરતી ખુશ થતી હતી.

આકાશના દેવો પણ દયાળની સાહસીકતા જોઇ આફ્રીન થતા હતા, આ વખતે મેવાડની તમામ વિરાંગનાઓની અગ્રેસર દેવી પાટમદે હતી નિશાનડંકાના અવાજ સાથે શરણાઈઓના શૂર સાથે રણયોદ્ધો ભડવીર દયાળ પોતાના લશ્કરને લઈ માળવા તરફ કુચ કરી.

૪૩–દયાળ માળવામાં.

મહામંત્રી દયાળશાહને એકજ વિચારની અભિલાષા તેના હૃદયમાં ઘેરાઈ રહી હતી? અને તે એજ હતી કે હિન્દુઓપર થયેલા જૂલ્મોનો બદલો આના પાઇ વ્યાજ સાથે હિસાબ ચુકવવો, દયાળશાહ પોતાના ઘોડેસ્વારો સહિત નર્મદા ત્થા બિટવા નદિ પર્યંત વિસ્તાર પામેલા માળવા રાજ્યને સામે યુદ્ધનો પડકાર કરી, પોતાનું બાહુબળ બતાવતો રણકેશરીની માફક દુશ્મનો પર તૂટી પડયો. કોની તાકાત છે કે દયાળના સામે કોઈ હાથ ઉંચો કરી શકે, એ મહા રણવીર હિન્દુઓના પર થએલા ઘાતકી જુલ્મોનો વ્યાજ સાથે હિસાબ ચુકવવા પોતાની શમશેર દુશ્મનો પર ચલાવતો ગયો, તેના સૈનિકો પણ દયાળશાહનાજ પગલે ચાલી ઘોર યુદ્ધ લડી રહ્યા છે. દુશ્મનો ત્રાહ ત્રાહ પોકારી ગયા. દુશ્મનના સૈન્યમાં ભંગાણ પડયું, સૌ કોઇ પોતપોતાનો જીવ બચાવવા લાગ આવ્યો ત્યાં ભાગી ગયા.

મંત્રી દયાળના, પ્રચંડ બાહુબળની સામે કોઇપણ ટકી શક્યું નહિ, સારંગપુર, દેવાસ, સરોંજ, માંડુ, ઉજ્જન તથા ચંદેરી આ સર્વ નગરો તેને પોતાના બાહુબળથી જીતી લીધાં. અને લુંટી લઇને ત્યાંથી સર્વ શત્રૂ સેનાનો સંહાર કર્યો. આ પ્રમાણે તેના હાથથી અનેક નગરો તથા ગામો ઉજ્જડ થઇ ગયા. મંત્રીના ભયથી મુસલમાનો એટલા બધા ભયભીત થઇ ગયા હતા કે તેમને પોતાનાજ જાતિભાઈ ઉપર કે પોતાના સગાભાઈ ઉપર કે શાહઝાદા ઉપર કિંચીત પણ પ્રેમ રહ્યો નહિ. મુસલમાનો પોતાની પ્રિય પત્નિ અને સંતાનોનો ત્યાગ કરી પોતાનો પ્રાણ બચાવવા સારૂ ફાવે તેમ નાસી જવા લાગ્યા. વસ્તુઓ પોતાની સાથે લઇ શક્યા નહિ તે સર્વને તેને અગ્નિમાં ભસ્મીભૂત કરી દીધી. અત્યાચારી ઔરંગઝેબ હૃદય પર પાષાણ મૂકી નિરાધાર રાજપુતો પ્રત્યે હિંસક પશુના જેવું આચરણ કરતો, તેથી આ વખતે રાજપુતો પણ, ઉત્તમ યોગ મળેલો હોવાથી તેમને તેમના પર વેર લેવામાં કિંચિત્ પણ ત્રૂટિ કરી નહિ, અરે! તેમણે હિન્દુ પ્રત્યે દ્વેષ રાખનાર પાદશાહના ધર્મ પર પણ વેર લીધું. મહામંત્રી દયાળે કાઝીઓના હાથ પગ બાંધી તેમની દાઢી મૂછ મૂડાવી નાંખી અને તેમના કુરાનોને કુવામાં ફેંકી દીધા. વીર દયાળશાહનું હૃદય એટલું બધું કઠોર બની ગયું હતું કે તેને બનતાં સુધી મુસલમાનને ક્ષમા કરી નહિ. તેણે મુસલમાનોના માળવાના રાજ્યને તો એકવાર મરૂભૂમિ સપાટજ બનાવી દીધું. આ પ્રમાણે માળવા પ્રદેશને લૂંટીને તેને જે વિપૂલ ધન સંચિત કર્યું હતું તે સઘળું ધન તથા યુદ્ધમાંથી મળેલો તમામ સરંજામ પોતાની સાથે લાવ્યો અને મેવાડના રસ્તે પાછો ફર્યો, દયાળશાહને પ્રભુ કૃપાથી તેમજ ગરીઓની દુવાથી વિજયલક્ષ્મી વરી

હતી. તેમજ પોતાની સાથેના સૈનીકોનો અપાર ઉત્સાહ હતો. જ્યારે દયાળશાહ અઢળક લક્ષ્મી તથા યુદ્ધનો ઘણોજ સરંજામ મહારાણાશ્રીની પાસે જ્યારે ઉદયપુર લઈ આવ્યો તે વખતે રાણા રાજસિંહ અને સમગ્ર પ્રજાએ મહામંત્રી દયાળ ત્થા વીર સામંતોને હર્ષનાદથી વધાવી લીધા. મહારાણા તો દયાળને જોતાંજ ભેટી પડયા.

આખું નગર આજે દયાળની શૂરવીરતા ઉપર આફ્રિન હતું. દયાળનું જ્યારે સ્વાગત કરવામાં આવ્યું તે વખતે આપણી પાટમદે દયાળની અર્ધાંગના તો આચાર્યમહારાજશ્રીમાનસૂરી પાસે વ્યાખ્યાન શ્રવણ કરી રહી હતી.

પાટમદે જાણતી હતી કે મંત્રી યશ લઈ આવે છે, છતાં તેને પોતાનો જે નિયમ હતો તે નિયમ બરાબર જાળવવા સારૂ પાટમદેએ પોતાની ધર્મશ્રદ્ધા અડગ નિશ્ચયથી વાળી હતી.

માનસૂરિ પાસેથી પાટમ વિદાય લઈ પોતાના નિવાસસ્થાને આવી ત્યાં તો શૂરવીર સરદારો અને સામંતોનો ધસારો પાટમદેના નિવાસસ્થાન આગળ થવા લાગ્યો. પોતાનો પતિ યશકિર્તી વરી આવ્યો, છતાં સતિદેવીને જરાપણ અભિમાન નથી કે જરાપણ મોટાઈ નથી. તે જાણતી હતી કે જગતમાં મનુષ્ય માત્ર પોતાની ફરજ બજાવવાજ જન્મ્યો છે, ત્યાં તો જયઘોષણાના અવાજ સાથે મહામંત્રી પોતાના સ્થાને આવ્યા અને આવતાંજ બોલ્યા કે દેવી પાટમ! પધારો નાથ, મેવાડની વિરાંગનાઓ આપનું સ્વાગત કરે છે અને સાથે સાથે કહે છે કે હજુ આતો શરૂઆત છે.

કરી માળવા સર, ઘણા દેશ જીતી આવ્યો,
શૂરવીર સાચો જૈન, વિજયલક્ષ્મીને લાવ્યો;

મેવાડવાસી સૌ, ખરેખર અચરજ પામે,
બચાવી હિન્દુ જાત, હિન્દુઓ ગૌરવ માણે;
લોહી તરસી તલવાર, મોગલપર ખૂબ ચલાવી,
હિન્દુ જાતીપર જુલ્મો, મીટાવવા શોધી ચાવી;
જજીઆવેરાનો કર, તણો તે બદલો લેતો,
શાહ તો ચમકી જાય, દુરાચારી પસ્તાતો;
પાણી ઉતાર્યું શાહનું, ધન્ય એ જૈન બાળને!
કહે "ભોગી" ધન્ય! ધન્ય! એ મંત્રી વીર દયાળને.

૪૪—પિશાચિક શાહની ચાલબાજી.

દયાળના પરાક્રમથી શાહ ઔરંગઝેબ ઘણોજ ખીજવાયો અને ક્રોધે ભરાયો, કોઈ હીસાબે હિન્દુઓની જડ નાબુદ કરવી એ એકજ નિશ્ચય ઉપર આવી રહ્યો. આ પ્રસંગે તેને બીજી બાજી ગોઠવવા માંડી. તે બાજી એ હતી કે શાહ ઔરંગઝેબ કાયર પુરૂષની પેઠે અત્યંત નીચ કામ કરી ભારતવર્ષના બે મુખ્ય રાજાઓના રૂધીરથી, પોતાના બે હાથો કલંકિત કર્યાં પરંતુ તેથી તે નરપિશાચનું હૃદય કિંચિત પણ શાંન્ત થયું નહિ. આ મહા અનર્થકારક પાપ કર્યાં પછી, તેને જસવંતસિંહના નિરપરાધિ અને નિઃસહાય નાના બાળકોને કેદ કરવાની અભિલાષા થઈ. પોતાની આ નીચ ભાવના પુરી કરવા માટે તે શિઘ્ર પોતાનાથી બનતા ઉપાયો કરવા લાગ્યો, પરંતુ તેની પૈશાચિક ભાવના પુરી થઈ નહિ, કારણકે રાઠોડ રાજા જસવંતસિંહના સામંતો જુલ્મી બાદશાહની મનોવૃત્તિ સંપૂર્ણ જાણી ગયા હતા. રાઠોડના સામંતો, પોતાના માલિકના બાળકોની

ઉત્તમ પ્રકારે રક્ષા કરવાનો નિશ્ચય કર્યો. વળી સામંતો પણ જાણતા હતા કે, તીવ્ર ઉત્સાહ અને આત્મબલિદાન વગર જસવંતસિંહની વિધવા રાણી અને તેના અનાથ બાળકોની રક્ષા દુષ્ટ બાદશાહના હાથમાંથી થઈ શકનાર નથી, તેથી દરેક રાઠોડ સામંતોએ તેઓની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપવાનો નિશ્ચય કરી લીધો હતો. મારવાડના રાજા જશવંતસિંહને ઘણા પુત્રો હતા, તેમાં સૌથી મોટાનું નામ અજીત હતું, જે વખતે મહારાજા જસવંતસિંહનું બાદશાહની અધમ વૃત્તિથી અકાળે મૃત્યુ થયું તે વખતે અજીતની વય નાની હતી, પરંતુ તેની વિધવા માતાએ દૃઢ નિશ્ચય કર્યો હતો કે હું મારા અજીતને મારવાડના રાજ્યના સિંહાસન પર અભિષિક્ત કરીને રાજ-કારભાર ઉપર દેખરેખ રાખીશ, આવી હૃદયની ભાવનાથી તે મહારાજા જશવંતસિંહની પાછળ સતિ થઈ નહોતી, પરંતુ વિધાતાની કઠોર દૃષ્ટીથી તેની એ આશા મનની મનમાં રહી; બાદશાહની દુષ્ટ ભાવનાના સમાચાર તેને મળતા તે વિધવા માતા પોતાના અજીતને બચાવવા માટે અઘોર ભયંકર આફતમાં આવી પડી. હજુ પોતાના પતિના મરણનો શોક તો શમ્યો નહોતો તે પહેલાં પોતાના પુત્રથી પોતાનો વિયોગ થશે કે શું થશે, તે ચિંતામાં તેને રાત દિવસ ચેન પડવા ન માંડયું; જે પુત્રના માટે પતિના ભયંકર શોકને હૃદયમાં દાબી મુકયો છે તે પુત્રને પણ શું ખોવો પડશે કે શું ? હજુ પણ નિર્દય વિધાતાને શાંન્તિ થઈ નથી. આવી આવી અનેક ચિંતાઓથી, અજીતની માતા દગ્ધ થવા લાગી; તેની વ્યાકુલતાનો પાર રહ્યો નહિ ત્યારે ઔરંગઝેબ પણ અજીતને કોઈ હિસાબે પકડી જેલમાં જંજીરોથી જકડી લેવાના મનસુબા ગોઠવવામાં તલ્લીન બન્યો હતો, તેના

મળતીયાઓ સાથે મસલત કરી હજારો મોગલોનું સૈન્ય ફક્ત અજીતને પકડવા માટે રવાના કરવામાં આવ્યું. અજીતની માતાએ આ વાત સાંભળી કે નીચ બાદશાહનું લશ્કર મારા કુમારને પકડવા આવે છે, અને લોહીની સરિતાઓ વહેવડાવવા માગે છે. તેથી તો તેનો આત્મા આકુળ વ્યાકુળ થવા માંડયો. એક પણ દિશા પોતાના બચાવ માટે દેખાઈ નહિ. આવા સમયે કોની પાસે પોતાના તેમજ પોતાના દિકરાના બચાવ માટે મદદ માંગવી, આ વખતે વિધવા રાજ્યમાતાએ પોતાના તમામ વિશ્વાસુ સામંતો અને સરદારોને બોલાવ્યા અને સગિર રાજાના બચાવ માટે કોની મદદ માગવી તે બાબત સર્વને પૂછયું.

બધા સામંતો સરદારો હાજર થયા. આખરે બધાનો મત એકજ થયો કે જો આ બાદશાહ સામે ટકી રહ્યો હોય તો એકજ વિરનર મહારાણા રાજસિંહ અને તેના મંત્રી દયાળ-શાહજ છે; કદાચ મદદ આપે તો એજ આપી શકે તેમ છે. માટે આપણે આપણી પરિસ્થિતિ સમજાવવા સારૂં આપણા વિશ્વાસુ દૂતને મોકલી તેમની મદદની માગણી કરવી સૌ એક મત થયા, વિધવા માતાને પણ એ વાત રૂચી, અને ખાસ વિશ્વાસુ દુત હતો તેને રાજ્યમાતાએ કાગળ લખી ઉદયપુર તરફ જલ્દી રવાના કરવાનું નક્કી કર્યું.

બીજી બાજુ રાઠોડોએ પણ બાદશાહના સામે હવે છેક સુધી હિસાબ ચુકાવી લેવાનું નક્કી કર્યું, અને સૌ પોતપોતાના સ્વમાનની કિંમત સમજવા લાગ્યા, અને પોતાના પ્રાણના જોખમે અને ગમે તેવા સંજોગોમાં પણ હવે તે નરપિશાચના અત્યાચારને જમીનદોસ્ત કરી તેને તેના પાપનો બદલો જરૂર આપવો. દૂતને કાગળ આપી રાજ્યમાતાએ ઉદયપુર તરફ મહા-રાણાશ્રી પાસે રવાના કર્યો.

૪૫–રાણા રાજસિંહનો રાજ્ય દરબાર.

મહામંત્રી વિર દયાળ, વિજય કરીને આવેલ હોવાથી, તેની ખુશાલીમાં આજનો દરબાર ભરવામાં આવ્યો હતો, રાજ્યગઢમાં આજે રંગ બેરંગી ધ્વજા–પતાકાઓ શોભી રહી હતી, આજે ઉદયપુરમાં એક અનેરો મહોત્સવ આખી પ્રજા ઉજવી રહી છે, હજારો નરનારીઓ ગાનતાન ગાઈ રહ્યા છે, બંદિજનોને આજે મુક્ત કરવામાં આવ્યા છે, લુલા–લંગડા અને અપંગોને મીઠા ભોજન આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે, શરણાઇઓ અને વાજીંત્રોના મધુરા સ્વરથી આજે સીશોદીયાનું સિંહાસન શોભી રહ્યું છે, તમામ સરદારો, ભાયાતો, પટાવતો સૌ કોઈ પોતપોતાના દરજ્જા પ્રમાણે સુંદર પોષાકો પહેરી ઢાલ, તલવાર સહિત હાજર થયા છે, અંતઃપુરની રમણીઓ પણ રાજ્યગઢમાં ચક નાંખી શૂરવિરોની શૂરવિરતાના વખાણ સાંભળવા અને મહોત્સવ ઉજવવામાં પણ સામેલ થઈ

છે, રાજ્યમાતા પ્રભાવતિ પણ રાજ્યદરબારમાં પધારી ગયાં છે. વળી દયાળ વિરની વિરાંગના પાટમદે પણ આ મહોત્સવમાં જોવા માટે આવી છે; નૃતિકાઓનું નૃત્ય શરૂ કરવામાં આવતાંજ મહારાણાશ્રી રાજસિંહજી પણ ઠાઠમાઠથી પોતાના સિંહાસનપર આવી બિરાજ્યા છે; પ્રજાજનો ગગનભેદી અવાજોથી મહારાણાની જય જયકાર બોલાવી રહ્યા છે, આખી મેવાડની પ્રજા આજે કોઈ અવનવા આનંદમાં વિજયઘેલી બની ગઈ છે, મેવાડની વિરાંગનાઓ પણ, પોતાના પતિના શૂરાતનની પાછળ દિવાની બની ગઈ છે, જ્યાં જુઓ ત્યાં આનંદ આનંદ સિવાય કોઈના મોં પર ગ્લાની જણાતી નથી. આકાશના દેવ દેવીઓ, અપ્સરાઓ પણ આ મહોત્સવ જોવા પોતાના વિમાનમાં આકાશ માર્ગે આવી ગયા છે, અને પુષ્પવૃષ્ટી વરસાવી આશિર્વાદ આપી રહ્યા છે,

તેવામાં વિર દયાળ પણ આખી પ્રજાને નમસ્કાર કરતો કરતો મહારાણાની નજીક પોતાના આસન પર પોતાની બેઠક લેતા પહેલાં મહારાણાના ચર્ણોમાં નમન કર્યું તે વખતે મેવાડની વિજય ઘેલી પ્રજાએ સુંદર સુગંધિમય પૂષ્પોના હારનો વરસાદ વર્ષાવ્યો અને આખું વાતાવરણ કેવલ સુગંધિમય બનાવી મુકયું.

રાણારાજસિંહે મહામંત્રી દયાળની સેવાના વખાણ કર્યાં, અને એટલે સુધી રાણા બોલ્યા કે આજે સીશોદીયાના પવિત્ર સિંહાસનના રક્ષણ માટે બીજો ભામાશાહ આપની સામે વિર દયાળ શોભી રહ્યો છે.

સામંતો, સરદારો અને પ્રજાજનો, હું કયા શબ્દોમાં મંત્રી વિર દયાળનો ઉપકાર માનું ? તેને જે પોતાના પ્રાણની, તેના વૈભવની, તેમજ તેની પત્નિના પ્રેમની પણ દરકાર રાખ્યા વગર આજે

જે તેને હિંમત ભરી જુલ્મી બાદશાહના સામે પડકાર કરી જે હિંમત બતાવી છે, તેના માટે તો તેને હજારોવાર ધન્યવાદ છે. પ્રભુ દયાળને હર હંમેશ દિર્ઘાયુ રાખો, અને દેવી પાટમદેને પણ મારી દિકરી તરીકે ગણી આશિર્વાદ આપું છું કે એ દંપતિ યુગલ હમેશાં યશકીર્તિ મેળવે અને પોતાની નામના અમર કરે.

આ સિવાય દયાળશાહના પરાક્રમથી આજે મેવાડની સારી પ્રજા ઉત્સાહમાં આવી ગઈ છે તેની ખુશાલીમાં રાજ્ય તરફથી કિંમતી પોષાક અને સોનાની મૂઠની તલવાર દયાળને ભેટ આપવામાં આવી, અને દેવી પાટમદેને પણ સુંદર પોષાક આપવામાં આવ્યો, તે વખતે સારો દરબાર ખુશ થયો અને તાલીઓના અવાજથી સૌએ મહારાણાના બોલને વધાવી લીધો. અને ખુશાલીમાં સુંદર નૃત્ય ગાન શરૂ થયા. સંગીતના મધૂરા શૂરના આંદોલનો ચાલવા લાગ્યા, તેવામાં છડીદારે આવી સમાચાર આપ્યા કે, નામદાર, જોધપુરથી રાઠોડ રાજાનો દૂત સંદેશો લઈને આવ્યો છે અને આપ નામદારની મુલાકાત માગે છે,

ત્યાં રાજાએ હુકમ આપ્યો કે આવવા દો. આ વખતે સર્વ સભાજનો આવેલા દૂતનો સંદેશો સાંભળવા ઉત્સુક થઈ રહ્યા છે.

ત્યાંતો હુકમ મળતાંની સાથે આવેલા રાઠોડના દૂતને સન્માનપૂર્વક અંદર બોલાવ્યો અને તેના મોભા પ્રમાણે આસનપર બેસવા મહારાણાએ સુચના કરી. ત્યાં મહારાણા બોલ્યા કે, રાઠોડ, રાઠોડના રાજવંશીએ મારા માટે શી આજ્ઞા ફરમાવી છે? જરાપણ સંકોચ રાખ્યા વગર ખુલાસો કરશો.

જ્યાં દૂતે વિધવા માતાએ આપેલા સંદેશાનો કાગળ મહા-

રાણાની આગળ રજુ કર્યો ત્યાં મહારાણાએ મંત્રિ દયાળને કહ્યું કે, કાગળ વાંચો શું લખ્યું છે ?

પત્ર.

ક્ષત્રિયકુળ શિરોમણિ મહારાણાશ્રી રાજસિંહની સેવામાં, લી. રાઠોડ રાજા જસવંતસિંહની અભાગી રાણીના આશિષ. પાપી બાદશાહે, મારા પતિને ઝેર આપી મારી નંખાવ્યા હવે તેના બાળક અજીતને પકડવા સારૂ હજારોનું સૈન્ય રવાના કર્યું છે, આજે આ વિધવાના બાળકને બચાવવાનો કોઈ ઉપાય નથી. આજે ભારતવર્ષમાં કોઈ રાજા બાદશાહના સામો થાય તેવો રહ્યો નથી. ફક્ત આપ એકજ છો મારા પુત્રના જીવતદાન માટે અને તેની રક્ષા કરવા માટે સહાયતાની ભિક્ષા માગું છું. આશા છે કે આપના સીશોદિયા બાપ્પારાવલના કુળમાંથી કોઈ ભિક્ષુક નિરાશ થઈને હજુ સુધી પાછો ગયો નથી તો આ અભાગી પતિ વિયોગી વિધવાના બાળક અજીતને બચાવવા માટે આપ મદદ આપશો એજ પ્રાર્થના.

લી. રાઠોડ રાજાની અભાગી
વિધવાના આશિષ.

જ્યાં દયાળે કાગળ પુરો કર્યો. ત્યાંતો દરબારમાં પહેલા જે આનંદની છોળો ઉડી રહી હતી, તે દરબારમાં એકદમ ગમગિની છવાઈ ગઈ, સૌ કોઈ વિચારમાં પડયા, બાદશાહની નીચતા ઉપર શ્રાપ વર્ષાવવા માંડયા. આખો દરબાર મહારાણા શું જવાબ આપે છે તે સાંભળવા અધિરા બન્યા; ત્યાં મહારાણા બોલ્યા કે મારા શૂરવીર સરદારો બોલો, તમારા બારણે આજે રાઠોડ રાજ્યની રાજ્યમાતા પોતાના દિકરા અજીતકુમારને બચાવવા માટે તમારી મદદની ભિક્ષાની માંગણી કરે છે. તો મારા વ્હાલા

સરદારો હવે આ પાપી શાહને તો કોઈ હિસાબે મહાત કરવોજ પડશે અને તેને તેના પાપની શિક્ષા અવશ્ય કર્યા વગર છૂટકોજ નથી. માટે આપણે તો પરકલ્યાણના માટે બલિદાન આપતા આવ્યા છીએ અને આપીશું, માટે આપ જે જવાબ આપો તે વિચારીને આપશો, કારણકે સામો દુશ્મન મહાવિકાળ અને ભયંકર યમરાજ છે, તો બોલો હવે શો ઉત્તર આપવો.

ત્યાં સૌ સભાજનો બોલ્યા, આપ નામદારનો જે જવાબ, તેજ અમારો જવાબ, ત્યાં રાણાએ મંત્રી દયાળને પૂછ્યું કે, ત્યાંતો દયાળે જવાબ આપ્યો કે આપણા એવા ભાગ્ય ક્યાંથી કે આવા ભાગ્યશાળીના પુનીત પગલાં આપણી મેવાડમાં થાય માટે આવેલા દૂતને આપ કહો કે,

સીશોદિયાના દ્વાર હમેશના માટે મદદ માગનારાઓ માટે ખુલ્લા છે, ખુશીથી આપ રાજ્યમાતાને કહેશો કે આપણા કુંવર અજીતસિંહને તરત મોકલવા. વિલંબ ન કરે, અને મારા તરફથી કુંવરના બચાવ માટે બધી તૈયારી કરાવું છું.

ત્યાંતો પાટમદે બોલી કે ધન્ય છે! પ્રજા પાલક મહારાણા, ધન્ય છે! તમારી હિંમત અને ઉદારતાને, વિધવા રાજ્યમાતાની બચાવની આપની દિકરી પાટમદે જવાબદારી લે છે. રાજ્ય-દરબારનો જે આનંદ અને ખુશાલીનો દેખાવ હતો તેવોજ આ જોધપુરના રાઠોડના ગાદિવારસ અજીતની પરિસ્થિતિ સાંભળી, આખો રાજ્યદરબાર ગમગિન અને ઉદાસિનતાના રૂપમાં ફેરવાઈ ગયો અને બાદશાહની કુટિલ રાજનીતિથી તેમજ તેનાં પિશાચક ઘાતકી જુલ્મોથી સમગ્ર ભારતવર્ષ ગુંગળાઈ ગયો છે, તે વખતે સભાજનોમાંથી બુલંદ અવાજનો જબરો શોર થવા માંડ્યો, અને એકજ શૂર નીકળ્યો કે, નામદાર, હવે તો આ પાપીના

જુલ્મો સહન કરવા જેવું હીચકારાપણું રાખવું યોગ્ય નથી. માટે અમો અમારી કુળદેવીના સોગન લઇએ છીએ કે રાઠોડના કુમારને અભયવચન આપો અને આપણા મેવાડના મહેમાન બનાવો, વળી અમારામાં પ્રાણ છે ત્યાં સુધી પ્રાણના ભોગે રક્ષણ કરીશું ?

ત્યાં મહારાણા બોલ્યા કે, શાબાસ, મારા રાજ્યભક્ત સરદારો, આજે તમારી લાગણી અને હૃદયભેદક વાણી સુણી મારો આત્મા ઘણોજ ફૂલ્યો સમાતો નથી.

પ્રભુ આપણા સર્વની ધારેલ મુરાદ પાર પાડે.

દરબાર વિસર્જન કરવાનો હુકમ કર્યો, અને આવેલા મહેમાન રાઠોડના દૂતની સગવડ કરવાનું મહામંત્રી દયાળને સોંપી મહારાણા પોતાના રાજ્યમહેલમાં પધાર્યા.

૪૯—મહામંત્રી દયાળની કુનેહ અને પાટમની ઉદારતા.

આખા દિવસના કામકાજથી થાકી ગયેલો દયાળ પોતાની સહચરી પાટમદે સાથે વાર્તાલાપમાં આનંદ લઈ રહ્યો છે, ત્યાં પાટમદે બોલી કે, વ્હાલા, પ્રાણેશ! આપે કરવા માંડેલું જીનેશ્વર ભગવાનના મંદિરનું કામ ક્યાં સુધી પહોંચ્યું? અને હવે કેટલું બાકી રહ્યું છે? દેવી; પ્રભુ કૃપાથી એ મંદિર હવે પુરૂ થવા આવવાની તૈયારી છે. થોડાજ વખતમાં જીનેશ્વર ભગવાનના પ્રતાપથી ગુરુદેવ માનસૂરિના શુભ હસ્તેજ પ્રતિષ્ટા થશે, અને મેવાડના ગામોગામના સંઘના આગેવાનો ત્થા યાત્રાળુઓ પણ હજારોની સંખ્યામાં પધારશે અને શાશનદેવની છાયા તળે એ ભવ્યમંદિરની યાત્રા કરી પોતાના જીવનની ધન્ય ઘડી માનશે, વ્હાલી, શુભ આશયથી આરંભવામાં આવેલું કાર્ય કોઈપણ રીતે પાર પડ્યા સિવાય રહેતુંજ નથી. જગતના સૌ આત્માઓ પોતે પોતાના મનુષ્ય જન્મની સાર્થકતા સમજીને

જો નિતીમય રીતે વિચારશે અને નિતીથી લક્ષ્મી ઊપાર્જન કરે તો જરૂર લક્ષ્મીનો ઉપયોગ સન્માર્ગેજ થાય, તે સન્માર્ગે વપરાએલી લક્ષ્મીનો લાભ હજારો આત્માઓ લે, અને તેમાંથી અનેક સત્કર્મનું ફળ પ્રાપ્ત કરે.

જૈન કૂળમાં ઉત્પન્ન થઈને મનુષ્યે પોતાનો ધર્મ અને પોતાનો કુળાચાર હંમેશાં સંભાળવો જોઇએ, એ સાચા જૈન તરીકેની ફરજ છે, કારણ કે જૈનધર્મમાં ત્યાગ અને આત્માની ઉન્નતિ કરવાના જે આચાર વિચારો બતાવ્યા છે તેવા વિચારો કોઈ ધર્મમાં નથી; વ્હાલી! મહા પુણ્યનો યોગ હોય તોજ જૈનધર્મ અને ઉચ્ચ કુળ મળે છે, માટે દરેક મનુષ્યે જીવનનો સદ્દપયોગ કરી આ ભવ, અને પરભવનું કલ્યાણ સાધવામાં કટ્ટીબદ્ધ થવુંજ જોઈએ.

પ્રભુ મહાવિરનો ત્યાગ; તેની દયા, અને તેના ધર્મિકતત્વો એટલા બધા મનનીય છે કે જો એ સદ્દગુણો પ્રમાણે મનુષ્ય તેમાંથી કંઈપણ સાચો ઉપયોગ કરે તો, જરૂર તેનો આભવ; અને પરભવ, બન્ને સુધરી જાય. પણ વ્હાલી! દરેક મનુષ્યનો આધાર અને વહેવાર સુખ અને દુઃખ! તે બધું પોતાના પાપાનુંબન્ધી અને પુણ્યાનુંબન્ધી કર્મોના ઉપર આધાર રહેલો છે, સુરીશ્વરમાનસૂરીનો ત્યાગ; તેની શાશન પ્રત્યે લાગણી અને પવિત્ર મહાવિરપ્રભુ પર અચળ શ્રદ્ધા, તેઓ એટલા બધા નિશ્ચયવાળા છે કે વ્હાલી! તેવા મહાન; ગુરુનો જરાપણ ઉપદેશ; જો આપણે આપણા જીવનમાં, ઉતારીએ તોપણ આપણા મહા ભયંકરમાં ભયંકર પાપોનો નાશ થાય, અને આત્માંની ઉન્નતીનો સરલ માર્ગ આપણને સુઝે.

પ્રાણેશ! જ્યારે જૈનધર્મ આટલો બધો ગહન અને

આત્માની ઉન્નતિ કરવાવાળો છે તે છતાં પણ તે ધર્મના અનુયાયીઓ શ્રાવકો પણ પોતાના સ્વાર્થને માટે ખોટો ધર્મનો ડોળ કરી, ધર્મિ થવાનો ઢોંગ કરી જનતાને છેતરી રહ્યા છે તે બાબતનું મને કેટલીક વખત મહાદુઃખ થાય છે.

બ્હાદી! પર અવગુણ જોવા કરતાં તો આપણે આપણા અવગુણ સુધારવા અને પરમાં કયા સદ્‌ગુણો છે તે જાણવાની ખરી મહત્તા તો એમાં છે કે દરેક માણસના ગુણ લેવા, કોઈની પણ નિંદા ન કરવી.

આ પ્રમાણે ધાર્મિક વિચારોની આપલેની વાતો ચાલે છે, ત્યાં દરવાન કહેવા આવ્યો કે બહાર કોઈ દુઃખી આત્મા આપશ્રીની મુલાકાત માગે છે, ત્યાં પાટમદે બોલી કે તેને અંદર બોલાવી લાવો.

દરવાન આવેલા ગૃહસ્થને જ્યારે દયાળ પાસે, લઈ આવ્યો તે વખતે મેવાડના મહામંત્રીએ ઉભા થઈ ઘણા વિવેકથી માન આપ્યું.

બેસવા આસન આપીને બેસાડ્યો.

ત્યાં દયાળે પુછ્યું, કે આપને આવવાનું શું પ્રયોજન છે? આવનાર ગૃહસ્થ એક વખતનો ગર્ભશ્રીમંત હતો. ભાગ્યના યોગે અત્યારે તેની પરિસ્થિતિ લાચાર દશામાં હતી. કુળવાન, અને આબરૂદાર હતો, તે વખતે આવનાર ગૃહસ્થની આંખમાં ચોધારે આંસુ વહેવા માંડયા.

ભાઈ, આમ છેક હતાશ કેમ થાઓ છો. તમો કોઈ જાતનો સંકોચ રાખો તો તમને પ્રભુ મહાવિરના સોગન છે.

તે ગૃહસ્થે પોતાની પરિસ્થિતિ સમજાવી. તેની સ્થિતીનું વર્ણન સાંભળી દયાળનું હૃદય ભરાઈ આવ્યું? તે

વખતે પાટમદે આવી. તો કંઈપિણ ન પુછતાં આવેલા ગૃહસ્થને એટલું બધું આશ્વાસન આપ્યું કે, તે ગૃહસ્થ તો બન્ને પતિપત્નીના ચર્ણોમાં આળોટયો, ધન્ય છે ! જૈનકુળમાં ઉત્પન્ન થએલા વિરનર ત્થા બ્હેન પાટમદે ? આપે તો આજ મારા સારા કુટુંબને જીવતદાન આપી, મારી ઈજ્જત બચાવી, મને હસ્તા મોઢે રાખ્યો છે, પ્રભુ તમારૂં ભવોભવ કલ્યાણ કરો.

આવેલા ગૃહસ્થના માથે વીસ હજારનું દેવું હતું, તેમજ તેના પર બીજી પણ ઘણી મુશ્કેલી હતી. તે તમામ મુશ્કેલી દૂર કરી વ્યાપાર કરવા સારી રકમ આપી વિદાય કર્યો. અને ઉદારતા તો એટલી બધી બતાવી કે જે રકમ આવેલા ગૃહસ્થે લીધી તે ફક્ત દયાળ, કે પ્રભુ સિવાય કોઈ જાણતું નહોતું, આવા આવા તો અનેક કુટુંબોના, દુઃખ દૂર કરી, પર દુઃખભંજન વિક્રમની માફક પોતે પોતાના જીવનનો વ્યય કરતો હતો. તે વખતે એક (૬૦) વરસની અન્યકોમની બાઈએ આવીને માગણી કરી, મારો દિકરો મરણ પથારીમાં છે, કોઈપિણ જાતનો આધાર નથી, મને કંઈ સહાય કરો. તે વખતે પાટમદે બોલી પધારો મા, તમારા દિકરાની ચાકરી કરવા હુંજ આવું છું, અને આપ કોઈ જાતની ફીકર કરશો નહિ. પાટમદે તે બાઈના મકાનમાં ગઈ. મકાન એવી જગ્યાએ હતું કે જ્યાં દુર્ગંધનો પાર નહિ. ઘરમાં કોઈ વસ્તુ એવી નહોતી કે કાંઈપિણ ઉપયોગમાં આવે. પાટમ ત્યાં ગઈ, દવાના ઉપચાર કરવા માંડયા અને રૂપીયા એક હજારની મદદ આપી.

દયાળની દેવીના પગલાંથી તેના પુત્રને તો આરામ થયો, બન્ને મા-દિકરો તેના પગનું પુજન કરવા લાગ્યા. આવા આવા તો હજારો દાખલા છે કે જેના ઉપર દયાળ કે પાટમદેનો

ઉપકાર નહિ હોય, આવા, આવા અનેક ઉપકારના કાર્યોનો અનુભવ લેતા હતા.

આવા પવિત્ર જીવનવાળા બન્ને દંપતિ પાછા વાર્તાલાપ કરવા લાગ્યા. તે વખતે પાટમદે બોલી કે, નાથ! ગઈ કાલના દરબારમાં જોધપુર રાઠોડની રાજમાતાનો કાગળ વાંચી મારા હૃદયને ઘણોજ આગાધ થયો. નાથ! કોઈપણ જોખમે જરૂર તેના કુંવરને આપણે બચાવવોજ જોઈએ.

એ પાપી જલ્લાદ બાદશાહ ઔરંગઝેબને પગ ધસતો કરવો અને પાપીના લશ્કરને જમીનદોસ્ત કરી, પાપીને પાપની ભયંકરમાં ભયંકર શિક્ષા આપવી જોઈએ.

શાબાશ, વ્હાલી પાટમ! જેવી તું દયાળની દેવી છે તેવીજ તું રણચંડીકા પણ છે. જરૂર, વ્હાલી! ત્હારી ઈચ્છાને માન આપવામાં આવશે, રાઠોડ રાજકુમાર જરૂર મેવાડના મહારાણાનો મહેમાન થશે. અને બાદશાહને તેના કૃત્યનો બદલો આપવામાં આવશે, ત્યાં પાટમ બોલી કે નાથ! મારી માગણી એક કબુલ કરશો? વ્હાલી! શું છે બોલો, દયાળે કીધું કે શું વ્હાલી; મારા બોલ પર વિશ્વાસ નથી. ત્યાં પાટમદે તેના બાહુપાશમાં વિંટળાઈ ગઈ, ને બોલી કે, પુરુષના પોષાકમાં મને લશ્કરમાં જવાની આજ્ઞા આપશો.

ત્યાં દયાળ બોલ્યો, ધન્ય છે જૈન વિરાંગના! સોહનલાલ શેઠની બેટી. તારી હિંમત, ચતુરાઈ તેમજ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જોઈ દયાળ જેવા મહામંત્રીનું શીર તારા આગળ આજે ઝુકે છે, જરૂર વ્હાલી, તારી વિનંતિને માન આપીશ.

ત્યાં પાટમદે બોલી, કે જરા આમ તો જુઓ, પેલો ચંદ્રમા આપણા બેજણનું હેત જોઈ કેવો છુપાઈ જાય છે.

ચંદ્ર પણ મારૂં અને તમારૂં મિલન જોઈ શકતો નથી. નાથ! બોલો, જરાતો હસો. આજની આનંદની રાતમાં આપની વ્હાલીની અનામત થાપણ આપી, વ્હાલીના વિહ્વલ આત્માને શાન્ત કરો. મારા વ્હાલા પ્રાણેશ! બન્નેજણાના આનંદમાં ચંદ્રે પણ પોતાની મર્યાદા સાચવી. બન્ને પ્રેમી યુગલના મીલનને આશિર્વાદ આપ્યા.

૪૭–મહારાણા રાજસિંહની ઘોષણા.

દરબાર વિસર્જન કર્યા પછી મહારાણા પોતે રાણી પ્રભાવતિ પાસે ગયા; પ્રભાવતિ રાણીને બધી વાત જણાવી રાઠોડવંશની સ્થિતિ સમજાવી. ત્યાં પ્રભાવતિ બોલી કે નાથ, સીશોદિયાવંશ તો હરહંમેશ પારકાના દુઃખમાં સર્જાયલો છે, અને કાયમ સુધી સૂર્યદેવની માફક હંમેશ હજારો કળાથી શોભાયમાન રહેવાનોજ છે. નાથ, જ્યાં રાણાશ્રીના નામથી જે મ્લેચ્છ બાદશાહ પણ ચમકી જાય છે, આખો ભારતવર્ષ પણ આપણા શૂરાતનની વાતો સાંભળી વાહવાહના પોકારો કરે, હજારો મોગલો પણ આપના નામથી ધ્રુજી જાય; તે મહારાણાશ્રીને મારે કહેવાનુંજ શું હોય? જેવી રીતે આપની આ દાસી પ્રભાવતિને બચાવી બાદશાહને બતાવી આપ્યું, તેવીજ રીતે આ વખતે પણ તેમજ થાય તો સીશોદિયાકુળની

ઉજ્વળ કીર્તિ ઇતિહાસના પાને ઉજ્વલ સુવર્ણ અક્ષરે છવાએલી રહેશે.

શાબાશ! રાજપુતકુળ વિરાંગના! ધન્ય છે દેવી પ્રભાવતિ, રાણાજી પોતાની રાણીની વાત સાંભળી ઘણાજ પ્રસન્ન થયા, તેજ વખતે સરદારને બોલાવી હુકમ આપ્યો કે, મહામંત્રીને ખબર આપો કે મહારાણા હાલને હાલ બોલાવે છે. સરદાર મહારાણાના હુકમ પ્રમાણે મહામંત્રી દયાળશાહને બોલાવી લાવ્યો, અને મહારાણાશ્રીએ દયાળને આસન ઉપર બેસવા સંજ્ઞા કરી. મહામંત્રી, જોધપુરથી આવેલા દૂત મહેમાનને આજને આજ વિદાય કરો, અને કહો કે રાઠોડવંશના અજીતકુમારની સેવા કરવા અને તેનો બચાવ કરવા તેમજ રાઠોડવંશનું સિંહાસન શોભાવવા અને કાયમ રાખવા સીશોદિયા રાણો તન, મન, ધનથી સેવા કરવા વચનથી બંધાય છે, અને સાથે રાજ્યમાતાને પણ સમાચાર આપો કે આપ બિલકુલ ગભરાશો નહિ. મારી ફોજ આપના અજીતકુમારને લેવા માટે અરવલ્લિના પહાડના રસ્તાથી આવશે.

મહામંત્રી દયાળશાહે આવેલા રાઠોડના દૂતને બોલાવી મહારાણાની સુચના પ્રમાણે હકીકત કહી. અને જે આપવી ઘટે તે આપી. કેવી રીતે કુમારને લાવવા અને કયા રસ્તેથી આવવું તે બધી બાબતની માહિતી, તેમજ અમારૂં સૈન્ય પણ તમને કઈ જગ્યાએ મળશે તે પણ વાત કરી જોધપુર વિદાય કર્યો.

દૂત જોધપુર જવા વિદાય થયો તે વખતે દયાળશાહે બાદશાહની શું શું હીલચાલ ચાલે છે તેની ખબર લાવવા માટે ઘણાં જાસુસો રોક્યા હતા. તેમાંનો એક જાસુસ કંઇક બાદશાહની હીલચાલના સમાચાર લઈને બાતમી આપવા સારૂં દયાળશાહ પાસે આવ્યો.

મહારાણા સમક્ષ તે જાસુસને બોલાવ્યો અને શું હકીકત છે તે જણાવવા હુકમ કર્યો, ત્યારે જાસુસે જે જે હકીકત જાણી હતી તેનું નિવેદન કર્યું, બાદશાહ ઔરંગઝેબે, કુમાર અજીતસિંહને પકડવા માટે કુટગિરી પહાડના સાંકડા રસ્તે લગભગ પાંચ હજારનું મોગલ સૈન્ય રવાના કર્યું છે. અને રસ્તામાં જ્યાં જ્યાં પાપીઓનું રહેઠાણ થાય છે, ત્યાં ત્યાં કોઈપણ જાતની દયા અને રહેમ વગર જુલ્મ કરવામાં બાકી રાખતા નથી, અને બાદશાહનો એવો જલ્લાદ હુકમ છે કે, કોઇપણ હિન્દુ મલે તો તમોને ગમે તે પ્રમાણે જુલ્મ કરવો અને તેને મુસલમાન બનાવવો, અને ન થાય તો તેને ઠાર મારવો.

આ રીતે સૈન્ય રવાના થયું છે, થોડાજ વખતમાં તે રસ્તાપર આવી પહોંચશે. માટે આપ નામદાર ગફલતમાં ન રહેતાં આપણે આપણી તૈયારી જેમ બને તેમ તાકીદે કરવી અને અરવલ્લિની દુર્ગમાં શૈલમાલાના રસ્તા ઉપર પહોંચી જવું?

આવેલા જાસુસની વાત જાણી તેજ વખતે સલુંમ્બરના સરદાર તેમજ ગોગુંદાના સરદાર તેમજ અન્ય સરદારોને એકદમ બોલાવવાનો હુકમ કર્યો. તાબડતોબ તરતજ બધા સરદારો હાજર થયા. મહારાણાએ જોધપુરના કુમાર અજીતસિંહના બચાવ માટે ટુંકમાં વાત કરી, અને તેનો કેવી રીતે બચાવ કરવો અને તે માટે આગેવાનીની જવાબદારી કોણ લે છે તેનો ખુલાસો મહારાણાએ સરદારો પાસે માગ્યો. ત્યાંતો મેવાડવાસી સરદારોને ખુલાસો પુછવાનોજ શાનો હોય. તે તો એકજ વસ્તુ સમજેલા કે મેવાડની ઈજ્જત અને તેની સ્વતંત્રતા હંમેશને માટે જીવંત છે, માટે નામદાર આપશ્રીનો હુકમ તેજ અમારો ખુલાસો. ત્યાં મહામંત્રી દયાળ બોલ્યા કે, મહારાણાશ્રીની આજ્ઞા છે કે એ

હજારનું ચુનંદા સૈનિકો લઈ આપ સવારના પહોફાટતાંજ પ્રભુ નામ લઈ કુચ કરવાની તૈયારી કરો, અને તમારી સાથે એક નવયુવાન સરદાર અભયસિંહને મોકલું છું તેને પણ સૌ સૈનિકોનો આગેવાન બનાવશો, જેવો નામદાર મહારાણાશ્રીનો હુકમ; બોલો શ્રી ભગવાન એકલિંગજીની જ...ય !!

નોંધ.—પિતાનું સિંહાસન સિદ્ધ કરવાની ઇચ્છાથી ચારે ભ્રાતાઓએ સમગ્ર ભારતવર્ષમાં ફેલાવ્યો હતો. તેનું વર્ણન અત્રે અપ્રસ્તુત છે. મેવાડના ઇતિહાસમાં તેનું વર્ણન અપ્રયોજનીય જણાયાથી તે સંબંધે વિસ્તાર કરવો બંધ રાખ્યો છે. આ વૃત્તાંત ઇતિહાસના સર્વ પાઠકો જાણતાજ હશે. ઔરંગઝેબના ક્રોધાગ્નિમાં હતભાગી દારાની મહત્તા મુરાદની તેજસ્વિતા અને સુજાનું રાજ-ચાતુર્ય ભસ્મીભૂત થઈ ગયું. આ વાત સર્વ ઇતિહાસુઓને સુવિદિત છે.

૪૮–રાઠોડવંશના કુમારનું પ્રયાણ.

રાઠોડ રાજ્યનો આવેલો દૂત મહારાણાનો લાગણી ભરેલો સંદેશો લઈ તડામાર મુસાફરી કરી આઠ દિવસમાંજ જોધપુર આવી પહોંચ્યા, ને મહારાણા તથા મહામંત્રીએ વિવેકભર્યો જે જવાબ આપ્યો હતો તે જવાબ રાજમાતાને કહી સંભળાવ્યો.

આ સાંભળતાંજ અજીતકુમારને મેવાડના રાણાની પાસે મોકલવા જરાપણ વખત ગુમાવ્યા વગર તુરતજ તૈયાર કરવામાં આવ્યો. અને કુંવરની સાથે બેહજાર યોદ્ધાઓ, સામંતો અને સરદારોને અંગરક્ષક તરીકે મોકલવા નક્કી કરવામાં આવ્યું.

બાદશાહ ઔરંગઝેબના જાસુસોએ આ સમાચાર થોડે છેટે જ્યાં મોગલ સેના હતી ત્યાં પહોંચાડયા, અને તેઓને આ સમાચાર મળતાંજ લશ્કરને કુચ કરવાનો હુકમ આપવામાં આવ્યો અને યુદ્ધનો તમામ સરંજામ લઈ અજીતકુમારને પકડવાનો

વિચાર કરી પાંચ હજારનું મોટું સૈન્ય અરવલ્લીના પહાડના રસ્તે રવાના થયું. રસ્તામાં અનેક જૂલ્મો વર્તાવતું અજીતકુમારના સૈન્ય લગભગ આવી પહોંચ્યું.

આ સમયે લાગ જોઈ ને અજીતકુમારના સૈનીકોએ તીરકામઠાં અને ગોફણુ ગોળાનો વર્ષાદ વરસાવવા માંડયો અને સેંકડો મુગલોને જમીનદોસ્ત કર્યાં. જેમ જેમ યુદ્ધ ભયંકર સ્વરૂપ લેતું ગયું તેમ તેમ શૂરવીર રાઠોડો અને મુગલોની સામસામી હરીફાઇ ચાલવા લાગી. કોઈ કોઇને હંફાવી શકે એવું દેખાયું નહીં. આખરે બંન્ને સૈન્યમાં હજારો માણસોનો સંહાર થવા લાગ્યો. લોહીની સરિતાઓ વહેવા માંડી, પૃથ્વીમાતાએ નવયુવાનોના લોહીની ખપ્પર ભરવા માંડી, પિશાચીક દેવો પણ લોહીની નદિમાં સ્નાન કરવા લાગ્યા, આવી ભયંકર કટોકટીના સમયમાં કુમાર અજીત અને તેના અંગરક્ષકો મહાન આફતમાં આવી પડયા, હવે કેવી રીતે બચાવ કરવો અને કઈ રીતે આ આફતમાંથી સહીસલામત બચી જવાય તે યોજના સૌ કોઈ વિચારવા લાગ્યા અને તેના વિચારોમાં ગમગીન બન્યા.

શું વિધાતા આવી ક્રૂર અને નિષ્ઠુર હશે? શું નિરપરાધિ માણસોને દુ:ખ આપી ખુશી થવું? શું આ બધું વિધાતાને ગમતું હશે ખરૂં?

ભારતવર્ષનું ભાવિ આટલું બધું કંગાલ અને નિસ્તેજ હશે કે ચારે તરફની આફતો આજે ભારતવર્ષના તમામ હિન્દુજાતી ઉપર આવી પડી છે. આવી આફતો આવવામાં પણ કંઈ કુદરતનો જુદો વિચાર હશે. "કોણ સારૂં અને કોણ ખોટું" તેની કસોટી કરવામાં આ અવસર કુદરતે ગોઠવ્યો હશે. છતાં કુદરત તેવી આફત લાવે પણ સૂર્યવંશના તેજ આગળ કોઈની

પણ તાકાત નથી કે જરાપણ નમાવી શકે. જેનો મંત્રી બાહોશ, જેની રાજ્યનિતિ સત્યપરાયણ હોય તેની પ્રજાનો આશિર્વાદ હંમેશાં રાજાના ભલાના માટેજ ફળતો હોય. ગમે તેવા ક્રુર અને ઘાતકી રાજા હોય પણ ન્યાય અને નિતિના સદ્‍ગુણો આગળ તેની અસર જેમ એક સાગરના અનંત જળપ્રવાહ અગાડી એક બિન્દુ જેટલી પણ અસર થતી નથી. આખરે સત્યનોજ જય થાય છે.

રાઠોડ સૈનીકોએ એવી તો બહાદુરી બતાવી કે યવનો ત્રાસ ત્રાસ પોકારી ગયા, લોહીની સરિતાઓ પલવારમાં વહેવા લાગી, સેંકડો લાશો રસ્તા વચ્ચે રખડતી પડી રહી, છેવટે રાઠોડોનું સૈન્ય પણ ઘણું કપાઈ ગયું. એટલે અજીતકુમાર હતાશ થવા લાગ્યો. શું વિધાતા! હજી મારા માથે દુઃખ આપવા સારૂં નિર્માણ થઈ છું? આમ વિચાર કરે છે એટલામાં...**જય એકલીંગજી** કરતી સીસોદીયા રાજપૂતોનું સૈન્ય ઝપાટાબંધ આવતું જણાયું. ને જોતજોતામાં સૈન્ય સામું આવી ગયું. મોગલો પણ પુરજોશમાં **અલ્લાહુ-ઓ-અકબર** કહીને ખાંડાના ખેલ ખેલવામાં જરી કચાશ ન રાખતાં લડવા માંડયાં. સામેનું રાણાજીનું જે સૈન્ય હતું તેણે પણ પોતાની તમામ બહાદુરી બતાવવા માંડી આખરે સામસામા બંન્નેના લશ્કરો લડવામાં રોકાયા તે તકનો લાભ લઈ અજીતકુમાર પોતાના અંગરક્ષકોને લઈ સીધો મેવાડના રસ્તે સુગમતાથી પસાર થઈ ગયો.

આજે મહાપ્રતાપી રાણાના અને રાઠોડના સૈનીકોએ યવનોને એવો તો સખ્ત હાથ બતાવ્યો કે અજીતકુમારની પૂંઠ પકડવી પડતી મૂકી પોતાનો જીવ બચાવવા તમામ મુગલફોજ પીછેહઠ કરી ચાલી ગઈ.

આ પ્રમાણે રાણા રાજસિંહે પોતાની બહાદુરી, તેમજ બાદશાહના જુલ્મથી રાઠોડવંશને બચાવવા જે નિશ્ચય કર્યો હતો તે પાર પાડ્યો. અને રાઠોડકુમારનું આગમન થતા મહારાણા રાજસિંહે પ્રસન્નતાપૂર્વક આદરમાન સહિત સ્વાગત કર્યું અને સુશોભીત મહેલમાં ઉતારો આપ્યો. એક રાજવંશીના મોભા પ્રમાણે ખરચનો તમામ બોજો પોતે ઉપાડી લીધો અને તે ખરચના સારૂ મેવાડમાં આવેલા કૈલવાનું રાજ્ય તેમને અર્પણ કર્યું. અને તેમના અંગરક્ષક તરીકે "વીર દુર્ગાદાસ" નામના બહાદુર સરદારની નીમણુંક કરી.

આમ અજીતકુમાર સુરક્ષિત સ્થળે આવી પહોંચ્યાના સમાચાર તેની વિધવા માતાને અભયસિંહ નામનો એક યુવાન સરદાર મારતે ઘોડે આપવા સારૂ ગયો. અને તે સમાચાર પોતાની વિધવા માતાને મલ્યા તે વખતે તેના આનંદની અવધી ન રહી, ને આવનાર સરદારનું ઘણીજ સુંદર રીતે સ્વાગત્ કરી સુંદર પોષાક બક્ષીસ આપી તેની કદર કરી નવાજ્યો.

વાંચકવર્ગ! ઉતાવળ ન કરશો. અભયસિંહની ઓળખાણ આગળના પ્રકરણમાં આપીશું. અધીરા ન બનશો. હાલમાં તો આપણે અભયસિંહને નામથીજ ઓળખીશું. તે યુવક ઘણોજ સાહસીક તેમજ વીરયોદ્ધો હતો અને નિશાનબાજીમાં તેની જોડ જડવી મુશ્કેલ છે. તેમજ તે મુસલમાનોનો કટ્ટો વિરોધી હતો.

બાદશાહના આવા ભયંકર જૂલ્મો સાંભળી તેની રગેરગમાં અગ્નિ સળગી રહ્યો હતો. તેજ યુવક વિધવા માતાની પાસેથી વિદાય લેતાં કહેતો ગયો કેઃ—"માતાજી, આપ કુમાર સાહેબની જરાપણ ચીંતા રાખશો નહિં અને મારી આપશ્રીને વિનંતી છે કે આપ હવે જરાપણ આળસ-પ્રમાદ રાખ્યા વગર આપણા

બહાદુર રજપૂતોનું સંગઠન કરવાનું જારી રાખી બધાય રાજપૂતોને પોતાનો ધર્મ સમજાવી એક છત્ર નીચે ભેગા કરી બાદશાહ ઔરંગઝેબના સામે સામનો કરવા સમજાવો."

અભયસિંહ! તે પ્રમાણે કરવા જરૂર મહેનત 'કરી' બધા રાજપૂતોનું સંગઠન કરવા કટીબદ્ધ થઈશ. અને મારાથી જેમ બનશે તેમ સંગઠનનું કાર્ય જેટલું જલ્દી બનશે તેટલું જલ્દી પાર પાડીશ. રાજમાતાએ સરદારની સલાહ વ્યાજબી લાગતાં જવાબ વાળ્યો.

આ પ્રમાણે અભયસિંહે રાઠોડની રાજમાતા સાથે વાતચીત પુરી કરી મેવાડ જવા તૈયારી કરી. એટલે રાજમાતાએ ફરીને કહેવડાવ્યું કે મારાવતી રાણાશ્રીને આશિર્વાદ કહેશો અને મહામંત્રી દયાળશાહને આશીશ કહેશો. રાજમાતાએ સરદારને જવાની રજા આપી એટલે સરદાર અભયસિંહ ઘોડેસ્વાર થઇ જે રસ્તે આવ્યો હતો તે રસ્તે પલાયન થઈ ગયો. એટલે રાજમાતા પોતાના કાર્યક્રમમાં ગુંથાયા.

૪૯–બાદશાહની કુટીલ નિતિ.

જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ બાદશાહ ઔરંગઝેબની જૂલ્મ નિતિ વધતી ચાલી. ચારે તરફ પ્રજાને દુઃખ પીડા અને ત્રાસનું ભયંકર વાતાવરણ છવાઈ રહ્યું હતું. કોઈપણ પ્રજાજનની માલ–મિલ્કત સલામત ન હતી, પ્રજાની બ્હેન–દિકરીઓની ઈજ્જત પણ સલામત નહોતી, આવા ત્રાસદાયક સમયમાં પ્રજાને બચાવનાર ભગવાન પણ દૂર છુપાઈ ગયો હતો. ભારતદેશમાં ચારે દિશાએ અંધકાર છવાઈ રહ્યો હતો. ન્યાય–નીતિનું નામનિશાન કોઈ જગ્યાએ દેખાતું નહોતું. દયાનો છાંટો એ પિશાચીક બાદશાહના હૃદયમાં હતોજ નહિં.

જે જે રાજાઓએ મોગલ સૈન્યને મજબૂત કરવા, પોતાના હજારો સૈનિકોના પ્રાણના બલિદાન આપી ભારતદેશના દ્રોહી બન્યા હતા, પોતાની બ્હેન દિકરીઓને બાદશાહોને પરણાવી

હતી છતાં પણ એ નરપિશાચ ઔરંગઝેબે જરાપણ લાગણી રાખ્યા વગર જોધપુર અને જયપુરના બે મહાન રાજાઓને ઝેર અપાવી મારી નંખાવ્યા હતા. આ ભયંકર કૃત્ય અલ્પ સમયમાંજ લોકોની જાણમાં આવ્યું અને તે અકૃત્ય માટે પ્રજાનો રોષ ચારે તરફથી થવા લાગ્યો. ક્યારે દેશમાં દાવાનળ ફાટી નીકળશે તે સમજાય તેવી સ્થિતિ રહી નહીં.

તે છતાં આવા ઘોર અંધકારના સમયમાં* ભારતવર્ષમાં ફક્ત જો અંધકારને વિદારી, અજવાળું કરનાર હોય તો એકજ વીર હતો અને તે વીર રાણા રાજસિંહ હતા. અને બાદશાહ પણ ડરતો હોય તો રાણા રાજસિંહથી અને મહામંત્રી દયાળ વાણીઆથી. બાદશાહનો જૂલ્મ એકલી પ્રજા ઉપર નહોતો.

---

* ભારતવર્ષના આઠ ભાગોમાં વિભક્ત થએલા વિશાળ રાજસ્થાનમાં પ્રત્યેક રાજ્યમાં એક એક સાહસીક અને પરાક્રમી રાજપૂત રાજા બિરાજમાન હતા. આ સર્વે રાજાઓ તેજસ્વી, વીર્યવાન અને રાજ્યકળામાં ચતુર હતા. અંબરના રાજા જયસિંહ, મારવાડના જશવંતસિંહ અને તેમના તાબાના બુન્દીકોટના હાડાવંશીરાજા, બિકાનેરરાજ રાઠોડ ઊર્છા તથા દતિયાના રાજાઓ આ સર્વ અત્યંત બળવાન હતા. જો અહંકારી ઔરંગઝેબ ધર્માંધ બની રાજપૂતોના પ્રાચીન રિતરિવાજોની આડે ન આવ્યો હોત, જો તેણે હિતાહિતનો વિચાર કરી રાજ્યપ્રબંધ ચલાવ્યો હોત તો મોગલોનું સામર્થ્ય અવશ્ય અગ્લ રહેત. તેમની દુર્દશા આટલી શીઘ્ર થાત નહિં. પરંતુ અહંકાર અને ધર્માંધતાથી તેનો નાશ થઈ ગયો. એટલુંજ નહિં પણ તેના વંશજોનો પણ નાશ થઈ ગયો. તેણે પોતાનાજ પગ ઉપરજ કુહાડી મારી પોતાના માર્ગમાં અનેક કંટકોરૂપી શત્રુઓ ઉભા કર્યા.

સમગ્ર ભારતવર્ષના સાધુ, સન્યાસી અને યોગીઓ ઉપર જુલ્મ કરવા બાકી રાખતો નહોતો. ક્યાં તેની પહેલાંનો બાદશાહ અકબર. જે અકબર વીરનો પુજારી હતો, દરેક ધર્મને સન્માનથી જોતો હતો, **પ્રજા સુખી તોજ રાજ્ય સુખી છે** તેમજ પ્રજાના માટે શાહ અકબર એક આદર્શ અને લાગણીવશ બાદશાહ હતો. કહેવતમાં કહ્યું છે કે "**દેવતાના દિકરા અંગારા**" એ પંક્તિ અનુસારે પાપી ઔરંગઝેબ પોતાના ભાઇઓની હત્યા કરનાર, પોતાના પિતાને અસહ્ય દુઃખ આપનાર, એક જલ્લાદ સમાન હતો.

આવા અનેક કુકૃત્યોથી બાદશાહ ઔરંગઝેબ ધિક્કારપાત્ર અને નાલાયક હતો. પરંતુ આ જુલ્મના સમય વખતે પ્રજાને પોતાની રક્ષા કેમ કરવી ? તેઓ પોતાના બાહુબળથી જીવવા સારૂ અનુભવ લેવા કટીબદ્ધ થયા.

બાદશાહના અસહ્ય મારાથી આજે ભારતમાતાના બાળકોની ચીસ સાંભળનાર પણ કોઈ હતો નહિ.

બાદશાહ ઔરંગઝેબની ભાવના તો એટલી બધી નીષ્ઠુર હતી કે મેવાડને જમીનદોસ્ત કરી, રાણારાજસિંહને, અને મંત્રી દયાળને જીવતા પકડીને પોતાની સત્તા જમાવવી નક્કી કરી હતી. પણ ભાવી કોઈ જુદીજ દિશાએ કામ કરતું હતું. મનુષ્યનું ધાર્યું કામ આવતું હોય તો દુનીયામાં કોઇને કોઈની જરૂરજ ન પડત. કુદરતે તો પોતાની બાજી પોતાના હાથમાં રાખી છે. સમય આવે કુદરત પોતાનું કાર્ય બજાવતીજ રહે છે ?

ઔરંગઝેબે સેંકડો જૈનમંદિરો–શિવમંદિરોનો નાશ કર્યો હતો અને ધર્મપરાયણ પ્રજા ઉપર કારમો ત્રાસ ગુજાર્યો હતો ?

આવા ભયાનક વાતાવરણથી દેવોના આસનો પણ કંપાય-

માન થતા હતા, બાદશાહની કુટીલ નીતિને જમીનદોસ્ત કરવા મહામંત્રી દયાળશાહ સમયની રાહ જોઈ રહ્યો હતો.

હિન્દુસ્તાનમાં આજે દિવસ છતાં પણ કેટલાક ગામ, નગરોનો દેખાવ અંધકાર સમાન થઈ ગયો હતો, કોઇના મોંઢા ઉપર તેજ નહોતું, પ્રજા બિચારી દિવસે દિવસે દુર્બળ બનતી જતી હતી. વેપાર રોજગાર પણ પાયમાલ થઇ ગયા હતા. આટલા જૂલ્મથી પાપી શાહને સંતોષ ન થયો તેથી તેને દરેક હિન્દુ ઉપર તેમજ સાધુ સંન્યાસી ઉપર જલ્લાદમાં જલ્લાદ જજીઆવેરો નાંખ્યો હતો. જ્યારે જજીઆવેરો દાખલ કર્યો ત્યારેજ ભારતદેશમાં જાગૃતિ આવી અને દરેક હિન્દુ રાજા, હિન્દુ પ્રજા સમજ્યા ! કે હવે આપણે હિસાબ ચુકાવ્યા સિવાય છૂટકો નથી. ત્યારથીજ શાહ ઔરંગઝેબની પડતીના નગારાં વાગવાં શરૂ થયાં.

પાપી મનુષ્યની જ્યારે પાપલીલા દિવસે દિવસે વધતી જાય છે ત્યારે "**ખૂએ છે શાન ને શુદ્ધિ, વિનાશકાળે વિપરીત બુદ્ધિ.**" આ પ્રમાણે ઘોર અત્યાચારી પાપી ઔરંગઝેબની કુટીલ નીતિ હવે તો નાશ થાય તોજ પ્રજામાં શાંન્તિ અને સંતોષ રહે, તેથી આજે ભારતવર્ષના રાજાઓમાં કોઇપણ રાજા, બાદશાહ ઔરંગઝેબના સામો થાય તો એકજ એ, વિરનર રાણા રાજસિંહજ છે.

૫૦—પાટમદેની ધર્મપર શ્રદ્ધા.

ગત પ્રકરણોમાં પાટમદેની શક્તિનો ખ્યાલ વાંચકોને જરૂર આવી ગયો હશે. રાજ્યકાર્યોમાં અને લડાઇના કાર્યોમાં જેવી નિષ્ણાત હતી તેથી પણ વિશેષ પોતાની ધાર્મિક ક્રિયાની પાછળ મજબૂત હતી. પાટમદેનો હંમેશનો કાર્યક્રમ એ હતો કે સવારે પાંચવાગે ઉઠી, સામાયક કરી, જીનેંદ્ર ભગવાનના દર્શન કરતી, તે પછી સવારના જેટલા અભ્યાગત, દુ:ખી, ગરીબો જે દ્વાર પર આવ્યા હોય તેને પોતાની શક્તિ અનુસાર દાન દેતી, અને પોતાના પતિની તમામ સગવડ સાચવી પોતે પોરસીના ટાઇમે દંતધાવન કરતી હતી. આ પ્રમાણે પાટમદેનો દરરોજનો કાર્યક્રમ હતો.

બપોરના ટાઇમે નાની બાળાઓને અને મોટી બ્હેનોને ધાર્મિક તેમજ વહેવારિક અભ્યાસ કરાવતી હતી?

સંધ્યા સમયે દિવસ છતાં જમી લેતી, અને પ્રતિક્રમણ કરી

દરેક બ્હેનોને પોતાના મકાનમાં બોલાવતી અને સારી સારી ધાર્મિક તેમજ ઐતિહાસિક વાતો કહેતી. અને સ્ત્રીઓની શું શું ફરજો છે તેનું બરાબર જ્ઞાન આપતી, આફત વખતે કેવી રીતે જીવનને મજબુત બનાવવું તેના પણ ઘણા દાખલાઓ–દલીલો આપી સમજાવતી અને દરેક બ્હેનોને નિડર બનાવવા માટે પ્રયાસ ઘણીજ ઉન્નત રીતે કરતી હતી.

આવા અનેક સદ્‌ગુણો પાટમદે ધરાવતી હતી અને પોતે પોતાના ગૃહસ્થાશ્રમના જીવનમાં ત્રણ હકીકત બરાબર સમજતી હતી. પહેલું ઘરકાર્યમાં મંત્રીસમાન બુદ્ધિ ચલાવી સંતોષ આપતી. બીજું ભોજન સમયે માતા સમાન બની આગ્રહપૂર્વક પતિને જમાડતી, અને ત્રીજું. રાત્રિ સમયે રંભાસમો સ્વાંગ ધરી પતિની પ્રેમની પ્યાસ બુઝાવતી ને શાંન્તિ આપતી. પોતાના જીવનમાં અનેરો આનંદ લુંટતી અને લુંટાવતી ?

આ સિવાય પોતાના જ્ઞાતિજનમાં તેમજ બીજી ગમે તે અન્ય કોમમાં કોઈ બિમાર હોય, અશક્ત હોય, તેમજ કોઇપણ દુઃખી હોય, તો પાટમદે કોઈપણ જાતનો જાતિભેદ રાખ્યા સિવાય તેની સેવા કરવા ખડે પગે તૈયાર રહેતી હતી. અને તે સિવાય તેણે મહિલામંડળ સ્થાપન કર્યું હતું. તેમાં દરેક બ્હેનને સેવા કેમ કરવી અને તે કેવી રીતે કરવી તે બાબત પાટમદે દરેકને સમજાવતી હતી. આ સિવાય પોતાનો ધાર્મિક નિયમ તો ખાંડાની ધાર માફક સાચવતી હતી. તેમજ ધાર્મિક અભ્યાસ પણ સાથે સાથે કરતી હતી ?

આવા અનેક સદ્‌ગુણોથી પાટમદે સુશોભિત હતી. વળી ગમે તેવા વિકટમાં વિકટ સંજોગોમાં જરાપણ હતાશ થતી નહોતી. અને હંમેશાં આશાવાદી બનીનેજ પોતાનું કાર્ય આગળ

ધપાવે જતી હતી, પાટમદેની કિર્તિ મેવાડમાં ચારે દિશાએ પ્રસરી રહી હતી, માતા, પિતા, તેમજ પોતાના વડિલોની સુંદર સેવા બજાવતી હતી. પાટમદેમાં આટલા ઊંચા સંસ્કાર, વિનય, વિવેક, અને વ્યવહારની ભાવના જો કંઈપણ હૃદયમાં જાગી હોય તો તેનો પ્રતાપ ગુરુદેવ શ્રી આચાર્ય શ્રીમાનસૂરીશ્વરશ્રીનોજ ગણાય !

મહારાજશ્રીની લાગણી પાટમદે ઉપર ઘણીજ સુંદર હતી. પોતે જાણતા હતા કે પાટમદે એક વિરાંગના છે, તેમજ મેવાડનું નામ દિપાવે તેવી જૈન ગૃહસ્થની દીકરી છે.

તે સિવાય પોતાના પતિના કાર્યમાં પણ સંપૂર્ણ સહકાર આપતી અને પતિને હરહંમેશ આનંદમાં રાખતી અને ઉત્સાહ પ્રેરતી હતી.

ગ્રહસ્થાશ્રમને સ્વર્ગ સમાન શોભાવી રહી હતી. સ્વસૂર અને પીયરનું બંન્ને બાજુનું નામ ઉન્નત કર્યું હતું. ધન્ય છે! એ પાટમદેને!!! ધન્ય છે! દયાળશાહને!!!

પોતાના પુણ્યયોગે તેને તેના જીવનમાં એક સુંદર સ્ત્રીરત્ન મલ્યું છે. બંન્ને દંપતિ યુગલ ઘણાજ સંતોષથી પોતાનું જીવન ગુજારે છે, પ્રભુ! બંન્નેના આત્માને સદા સુખી રાખો!!! અસ્તુ.

૫૧—ભયંકર યુદ્ધ

ચારે દિશાએ પ્રસરી રહેલી સુવાસથી મહારાણા રાજસિંહે રૂપનગરની કન્યાનું હરણ કરીને ઔરંગઝેબના હૃદયમાં ગુપ્ત રહેલા ક્રોધાગ્નિને પ્રદીપ્ત કરી મુક્યો હતો, તે ઉપરાંત કુમાર અજીતસિંહને આશ્રય આપીને તેમાં ઘી હોમ્યું હતું, વળી ગત્ પ્રકરણમાં વાંચ્યા મુજબ મોકલેલા પત્રથી તેને વધારે ક્રોધાયમાન કર્યો હતો.

આટલા કારણથી ઔરંગઝેબ પોતાના ક્રોધને રોકી શક્યો નહિ. તેનાથી રાણા રાજસિંહનું વર્તન સહન થઈ ન શક્યું. આટલા દિવસ મહા મુશ્કેલીએ પોતાનો ક્રોધાગ્નિ દાબી રહ્યો હતો પરંતુ હવે તેની જ્વાળાએ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું.

ગમે તે ઉપાયે મેવાડને પાયમાલ કરવું અને મેવાડના દરેક ગામની હસ્તિ મિટાવી દેવી, અને આખા મેવાડને સ્મશાન જેવું બનાવી દેવા ઔરંગઝેબે ભયંકર પ્રતિજ્ઞા કરી. અને જેમ બને

તેમ જલ્દીમાં જલ્દી સંગ્રામ કરવાને પોતાની સેનાને તૈયાર થવા હુકમ ફરમાવ્યો.

જાણે કોઈ બળવાન રાજાને જીતવા જવાનું હોય નહીં તેવી રીતે પોતે અગણિત લશ્કર તૈયાર કર્યું, ઔરંગઝેબના રાજ્ય આગળ રાજસિંહનું રાજ્ય એક જાગીર સમાન હતું. રાજસિંહ પાસે સેનાનું બળ જોઈએ તેટલું નહોતું.

ઔરંગઝેબની સેના સામે રાણાની સેના સાગરમાં બિંદુ સમાન હતી. ઔરંગઝેબે એક સાધારણ રાજાને કબજે કરવા સારૂ મહાપ્રચંડ સેના તૈયાર કરી હતી. આ સિવાય બાદશાહે પોતાના વઝીરને હુકમ કર્યો કે "જ્યાં જ્યાં આપણી ફોજ લડાઈના મેદાનમાં હોય ત્યાંથી સત્વર દિલ્હી પાછા બોલવવા તાકીદ કરો, તેજ વખતે વજીરે બાદશાહના ફરમાન મૂજબ સમસ્ત મોગલ સામ્રાજ્યની સર્વ સેના એકત્રિત કરી. મોગલ સામ્રાજ્યમાં જેટલા સામંતો અને સરદારો હતા તેટલા બધા શાહી પતાકાની નીચે ભેગા થયા. રાણા સામે દારૂણ યુદ્ધ કરવા સારૂ શાહજાદા અકબરને બંગરાજ્યમાંથી, અઝીમને કાબુલરાજ્યમાંથી બોલાવવામાં આવ્યો.

પાદશાહનો ઉત્તરાધિકારી દક્ષિણ—મહારાષ્ટ્રમાંથી શિવાજીની સાથે યુદ્ધ કરવાનું બંધ કરી પોતાની પ્રચંડ સેના લઈને દિલ્હી આવ્યો.

આ સર્વ સૈન્ય એકઠું કરી દુષ્ટ ઔરંગઝેબે મેવાડ તરફ કુચ કરી.

ઉપલેટા સમુદ્રના જેવી અસીમ મોગલ સેનાની ભયંકર ગર્જનાનો કોલાહલનો ધ્વની દુરથીજ મહારાણાના સાંભળવામાં આવ્યો. તે સાંભળતાંજ રાણા રાજસિંહના હૃદયમાં કોઈ અનેરો ઉત્સાહ પ્રકટયો, તેઓએ તરતજ પોતાની લાક્ષણિક ભાષાથી

પોતાના સામંતો અને સરદારોને ઉત્તેજીત કર્યા, અને મોગલોની સામે યુદ્ધ કરવા સારૂ પોતાની તમામ સેનાને સજ્જ કરવાની આજ્ઞા આપી. પોતાની પાસે સૈન્યબળ થોડુ હોવાથી ગિહ્લોત કુળની પ્રાચીન રીતિ અનુસાર પોતાના સૈનીકોને પહાડી સ્થાનોમાં સ્થિત કરી દીધા. તદ્‌ઉપરાંત મેવાડની પ્રજા પણ નીચેનો સપાટ પ્રદેશ છોડી અરવલ્લીની તળેટીમાં જઈ વસી, આ પ્રમાણે મેવાડનો સપાટ પ્રદેશ તમામ ખાલી થઈ ગયો.

દુષ્ટ ઔરંગઝેબે તમામ સપાટ પ્રદેશ પોતાના અધિકારમાં લઈ લીધો, અને ઘણાજ થોડા સમયમાં ચિત્તોડ, મંગળગઢ, મંદસૌર, તથા જિરણ વિગેરે કીલ્લાઓ અને પ્રાંતો મોગલોના હાથમાં ચાલ્યા ગયા. બાદશાહે તરતજ કબજે આવેલા કિલ્લા અને પ્રાંતોમાં પોતાની હકુમત ઠોકી બેસાડી; અને રાણા રાજસિંહને પકડવા માટે બાદશાહ ઔરંગઝેબે અરવલ્લિના પહાડની ખીણોમાં પ્રવેશ કર્યો, યવનોની સેનાના ભારથી મેવાડભૂમિ વારંવાર કંપાયમાન થવા લાગી, મેવાડવાસીઓ અત્યાચાર અને જુલ્મોના ભયથી જ્યાં ત્યાં નાસવા લાગ્યા, જેથી રાણા રાજસિંહને ભય ઉત્પન્ન થયો કે "આ વખતે બાપ્પાકુળના વંશજોની ઈજ્જત રહેવી મુશ્કેલ છે. એટલુંજ નહિ, બલ્કે ગૌરવ અને સીસોદીયા કુળનું માન, બંન્ને નાશ થશે, સિવાય રાજપૂત જાતીનો પ્રાચિન ધર્મ અને રીતરિવાજ પણ નાબુદ થશે.

વળી જે ધર્મનું મ્લેચ્છોના ભયંકર ત્રાસમાંથી રક્ષણ કરવા માટે મારા પૂર્વજોએ પોતાના પ્રાણના બલિદાનો આપ્યા છે, તે શુદ્ધ પવિત્ર ધર્મનો આ પ્રસંગે લોપ થશે?

રજપુતોના "ગૌરવનું જીવન" અને "સ્રીઓનું સ્વર્ગીય રત્ન જે સતીત્વ" તે પાપી દુરાચારી મોગલોથી શું ખંડિત થશે?

આવા પારાવાર સંકટ સમયે શું રાજપૂતો મોતની બીક રાખી ઘરમાં બેસી રહેશે? જેના શિષ્ટાચારમાં કિંચિત પણ ત્રુટી થાય તો તેમના હૃદયમાં વજ્રઘાત થતો હતો, મ્લેચ્છોના કઠોર સ્પર્શથી રક્ષા કરવાને માટે જેમણે તેઓ પોતાના હાથથીજ મારી નાંખતા હતા; અથવા અગ્નિજ્વાળામાં હોમી દેતાં કિંચિત અચકાતા નહોતા, તે વિરબાળાઓનું સતીત્વ દુરાચારી શત્રુના હાથથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ કયો રાજપૂત પોતે જીવંત હોવા છતાં મૌન ધારી બેસી રહેશે? આવા પ્રસંગમાં કોઈપણ મેવાડી બેસી રહેજ નહિ. ઔરંગઝેબના પ્રચંડ બળને ફોડવાને માટે સમસ્ત રાજપૂતવીરો મહારાણાની લાલ પતાકા નીચે એકત્રિત થયા; મેવાડના પશ્ચિમ ભાગમાં રહેતા જંગલી પલિંદ અને પલિપત લોકો પણ ધનુષ્યબાણ ગ્રહણ કરી, મહારાણાશ્રીને સહાય કરવાને માટે આવ્યા. મેવાડના ગૌરવની રક્ષા કરવાને માટે સમસ્ત દેશના સર્વ શૂરવીરો ઉત્સાહિત થઈ રાણા રાજસિંહ પાસે આવ્યા, થોડા સમય વ્યતિત થયા પછી વીરશિરોમણિ બાપ્પારાવલની પ્રચંડ ઝંડી પ્રચંડ દર્પસોહત ગિહલોત રાજના મસ્તક ઉપર શોભિત થઈ. તેમની તેજસ્વી કાન્તિ જોઈ અત્યંત હર્ષથી ઉત્સાહિત થઈ સર્વ દેશભક્ત રાજપૂતો ગંભીર સ્વરથી તેમનો જયજયકાર બોલવા લાગ્યા. આ જય ધ્વનિ અરવલ્લિના પર્વતની ગુફાઓમાં પ્રતિધ્વનિત થઈ ઘણા દુર સુધી પહોંચ્યો.

મોંગલસેનાએ પણ "અલ્લાહહો અકબર" એવો ધ્વનિ કરી રાજપૂતોને પ્રત્યુત્તર આપ્યો. આ પ્રમાણે રાજપૂત અને મોંગલ-સેના અત્યંત હર્ષથી ઉત્સાહિત થઇ એકબીજાની સામે દારૂણ યુદ્ધ કરવાને આગળ કુચ કરવા લાગી.

વિચારશીલ મહારાણા રાજસિંહે પોતાની સેનાના ત્રણ

વિભાગ પાડયા, અને યોગ્ય સેનાધિપતિના અધિકારમાં સોંપી ભિન્નભિન્ન સ્થાનપર સ્થાપિત કરી દીધી, તે પછી મોટા કુમાર જયસિંહની સેનાને અરવલ્લિના શિખર પર ઉભી રાખી. તેનું કારણ એ હતું કે "દુશ્મનની સેનાને બંન્ને બાજુથી રોકવામાં સફળતા મળે."

ભીમાસહને ગુજરાતના તથા આસપાસના ગામોમાં રહેતા ભીલલોકોનો સંબંધ સ્થાપી રાખવા માટે અને તે લોકોનો ઉત્સાહ કાયમ રહે તેના માટેની તમામ જવાબદારી સોંપવામાં આવી.

રાણા રાજસિંહ અને મહામંત્રી દયાળ સ્વયં પોતાની સેના લઈ ગિરિ પ્રદેશમાં આવી બીરાજમાન થયા. આ સ્થાન અભેદ હતું, રાણા રાજસિંહ તથા મંત્રી દયાળશાહે બહુજ વિચાર પૂર્વક સેનાની ગોઠવણી એવી મજબુત રીતે કરી હતી કે ગમે તે બાજુથી દુશ્મન આવે તોપણ તેને ઘેરી શકાય અને બંન્ને બાજુથી તેનાપર મારો ચલાવી શકાય.

આ પ્રમાણે રાણાજીએ અને દયાળે યુદ્ધનો વ્યુહ બરાબર ગોઠવ્યો હતો. એ વખતે જો ઔરંગઝેબે પોતાની સેના લઇને જો પહાડી પ્રદેશમાં પ્રવેશ કર્યો હોત તો તે જરૂર માર્યો જાત. અને તેની સેનાનો પણ ઘણોજ કરૂણ અંજામ આવી જાત. પરંતુ તેના સદ્ભાગ્યે તે ગિરિ માર્ગમાં ગયો નહિ. તે બહારના ભાગમાં કુચ કરી દેવારીમાં નાયક ભીલના રાજ્યમાં થોભ્યો.

બુદ્ધિમાન તહેરાનખાનની સલાહથી તેને પચાસ હજાર સૈનિકો સહિત પોતાના શાહજાદા અકબરખાંનને ઉદયપુર તરફ રવાના કર્યો. અને પોતે પોતાની સેના સહિત જે ઠેકાણે હતો ત્યાંજ રહ્યો.

ઉદયપુરના ઉચ્ચ મહાલયો પર ચઢીને જોવાથી તેની અંદાજ કૃતિ ઉત્તમ પ્રકારે જોઈ શકાય છે. તે સ્થાન ઉત્તર દક્ષિણુ લાંબું અને પૂર્વ પશ્ચિમ સંકડાયેલો છે, તેની લંબાઈ ચૌદ માઈલ છે અને પહોળાઈ આસરે અગિઆર માઇલની છે.

અરવલ્લિના પર્વતના વિશાળ શરીરમાંથી નીકળેલી અનેક શાખાઓએ આ ચંદ્રકાર ગિરિ પ્રદેશના દેહને પૂષ્ટ કર્યો છે. આ શાખાઓ પૈકી કોઈનું શિખર ૬૦૦ હાથ અને કોઈનું શિખર ૮૦૦ હાથ ઉંચું છે. પેશોલા નદી પ્રવાહિત થઇને તે પ્રદેશની સુંદરતાને સહસ્ત્ર ઘણી વધારી રહી છે.

૫૨—શાહજાદો અકબર.

પોતાના પિતા ઔરંગઝેબની આજ્ઞાનુસાર શાહજાદા અકબરે પોતાની પચાશ હજારની સૈના લઈ મેવાડની રાજધાની ઉદયપુર તરફ કુચ કરી તે વખતે તેને રસ્તામાં કોઈપણ વ્યક્તિ રોકાણ કરી શક્યું નહિ. રસ્તામાં અનેક મહાલયો, ઉદ્યાનો, સરોવરો, દષ્ટીગોચર થયા પરંતુ કોઈપણ પ્રાણીનું ચિન્હ સુદ્ધાંત જણાયું નહિ. જ્યારે અકબર પોતાની સૈના લઈ જતો હતો તે વખતે આખી મેવાડની ભૂમિ તદ્દન નિર્જન અને સ્મશાન જેવી ઉજ્જડ બની ગઈ હતી. આ વખતે અકબરે પોતાની કુચ થોભાવી.

અત્યાચારી શત્રુસેનાના પ્રચંડ આક્રમણથી પોતાની રક્ષા કરવાને માટે મેવાડની સારીય પ્રજા પોતાના ઘરબારનો ત્યાગ કરી પર્વતની ગુફાઓમાં જઈને વસી હતી. આ વાત અકબર જાણતો હતો તેથી તેને કંઈ નવાઈ લાગી નહિં. અને પોતાના

માર્ગમાં તેને કોઈ રોકાણ કરી શકે તેવું હતુંજ નહિ તેવું તે જાણતો હતો તેથી પોતે નિશ્ચિત થયો. અને થોડા વખત માટે વિશ્રાંતિ લેવા વિચાર કરી હુકમ કર્યો, પરંતુ તેની નિશ્ચિતતા દીર્ઘકાળ પર્યન્ત કાયમ ન રહી શકી. થોડાજ વખતમાં મહારાણાજીના પાટવી કુંવર જયસિંહે પ્રચંડ પરાક્રમથી છાપો માર્યો. આ સંબંધનું વર્ણન કરતા કેટલીક જગાએ ભટ્ટ કવિઓ લખે છે કે "આ વખતે કેટલાક લોકો નિમાઝ પઢી રહ્યા હતા." "કેટલાક લોકો ભોજન જમતા હતા, કોઈ કોઈ શેત્રંજ ખેલતા હતા, કેટલાક લોકો ચોરી કરવા આવ્યા હતા." પરંતુ એ તો ચોક્કસ હતું કે તે લોકો આળસ અને પ્રમાદમાં નિમગ્ન થઈ ગયા હતા.

આ વખતનો લાભ લઈને વિરનંદન જયસિંહે મુગલ સૈન્ય ઉપર અચાનક છાપો મારી તે લોકોનો પૂર્ણ રીતે પરાજય કર્યો હતો. અનેક યવનો, રાજપુતોની તલવારથી રામશરણ થઈ ગયા હતા, પચાશ હજાર સૈન્યમાંથી જે થોડા ઘણા બચવા પામ્યા તે પોતાનો જીવ બચાવવા જેમ ઠીક લાગે તેમ ભાગવા માંડયા હતા; પણ ચારે બાજુથી રાજપૂતોએ સૈન્યની એવી તો ગોઠવણ કરી હતી કે એક પણ યવન ભાગી જવા ન પામે, અને બહાર નીકળી શકે નહિ. તેથી રાજપુતોના તિક્ષ્ણ પ્રહારથી તે લોકોનો જબરજસ્ત નાશ થવા માંડયો હતો.

આ વખતે અકબર ભયભિત બન્યો. પોતાનો પ્રાણ બચાવવા તેમજ બાદશાહની મદદ કોઈ હિસાબે મેળવવામાં આવે તેજ બચાવ થઈ શકે તેમ હોવાથી મદદ મેળવવા માટે આકાશપાતાળ એક કરવા લાગ્યો પણ તે તેની ધારણા પુરી કરવા માટે લાચાર બની ગયો, અને રાજપુત સેનાએ તમામ મહેનત નિષ્ફળ કરી

હતી. હવે કોઈ હિસાબે અકબરને પોતાના બચવાનો ઉપાય રહ્યો નહિ તેમ તે સારી પેઠે સમજી ગયો તેથી તેણે ગોગુંદા પ્રદેશમાં પ્રવેશ કરી મારવાડના રસ્તે થઈ નાસી જવાનો વિચાર કર્યો, પરંતુ તેણે વિપત્તિથી મૂઢ બની જઈ ભયંકર વિષમય વૃક્ષનો ભ્રમથી ચંદનનું વૃક્ષ જાણી તેનો આશ્રય લીધો પણ તેને પુષ્પોના બદલે ભયંકર કંટકનીજ પ્રાપ્તિ થઈ તેને સંકટમાંથી મુક્ત થવાની અભિલાષાથી જે માર્ગ ગ્રહણ કર્યો હતો તેણે કરૂણમાં કરૂણ દારૂણ સંકટથી ભરેલો હતો. પર્વતની આજુબાજુના પ્રદેશમાં રાજપૂત સામંતો પોતાની તમામ સેના સહિત અકબરનો માર્ગ રોકી ઉભી હતી.

કેટલાક રાજપૂત સૈનિકો સાંકડા ગિરિમાર્ગ ઉપર કાષ્ટનો કોટ બનાવી પર્વત શિખરપર ચઢી જઇને શત્રુઓના ઉપર પથ્થરોની અને તીક્ષ્ણ તીરોની વૃષ્ટિ કરવા લાગ્યા હતા.

રાજકુમાર જયસિંહે અકબરની પુંઠ પકડી તેને પાછો ફરતાં અટકાવ્યો. આ પ્રમાણે ચારે તરફથી ઘેરાઇ જવાથી સમ્રાટ પૂત્ર અકબર મહાન સંકટમાં આવી પડયો. અકબર જે બાજુ નજર કરતો હતો તે બાજુ તેને પોતાનું ભયંકર સ્વરૂપમાં મૃત્યુ દેખાતું હતું. આ પ્રમાણે અકબરે આવી શોચનિય દશામાં કેટલાએ દિવસો પસાર કર્યાં. વળી જેમ જેમ દિવસો વ્યતિત થવા લાગ્યા તેમ તેમ તેની ચિંતામાં વધારો થવા માંડયો અને ભયંકર દુર્ભિક્ષની વિકટ મૂર્તિ તેની સમક્ષ ખડી થઇ. પોતાના બચાવનો કોઇપણ ઉપાય જ્યારે જોવામાં ન આવ્યો ત્યારે તેણે જયસિંહકુમારને પોતાના પર દયા બતાવવા વિનંતિથી પ્રાર્થના કરી અને કુમારને સંતુષ્ટ કરવાને માટે પોતાના પિતા પાસે યુદ્ધ બંધ કરાવવા પણ જણાવ્યું.

ઉદાર હૃદયવાળા જયસિંહે તેના વચન ઉપર વિશ્વાસ મૂક્યો, અને શાહજાદાની દુર્દશા જોતાં તેના પર દયા બતાવી તેને છોડી મૂક્યો, અરે! એટલુંજ નહિ, પણ તેને માર્ગ બતાવવા માટે કેટલાક સેવકો જિલવાડાના ગિરિમાર્ગ પર્યંત સુધી મોકલ્યા; આ પ્રમાણે કુમાર જયસિંહની દયાથી તેમજ તેની સહાયથી, બાદશાહનો શાહજાદો અકબર અગમ્ય ગિરિ માર્ગમાંથી બહાર નીકળી નિર્વિઘ્ને ચિત્તોડના કિલ્લામાં આવ્યો.

આ વખતે પ્રસિદ્ધ યવનવીર દિલેરખાંએ મોગલસેના પોતાની સાથે લઇ દુર્ગમ દૈશૂરી ગિરિમાર્ગમાં પ્રવેશ કર્યો હતો, તેનું કારણ એજ હતું કે શાહજાદા અકબરના બચાવ માટેજ પોતે તે પ્રદેશમાં ગયો હતો, પ્રથમ તો કોઇપણ તે મુગલ સેનાપતિની ગતિ રોકી શકયું નહિ, પરંતુ જ્યારે તે ઉક્ત પ્રચંડ ગિરિ-માર્ગના મધ્યભાગમાં પ્રવેશ્યો, ત્યારે વિક્રમ સોલંકી અને ગોપી-નાથ રાઠોડે પ્રચંડ પરાક્રમપૂર્વક આક્રમણ કર્યું, તે સ્થળે દીર્ઘ-કાળ પર્યંત હિન્દુ મુસલમાન બન્ને વચ્ચે ઘોર સંગ્રામ ચાલ્યો, પરંતુ હતભાગી દિલેરખાં રાજપુતવિરોની પ્રચંડ ગતિ રોકી શક્યો નહિ, તે પોતાની સેના સહિત તે સ્થળેથી નાસી ગયો, પરાજય પામેલા મોગલોના તમામ હથીયાર તેમજ યુદ્ધનો ઘણોજ મોટો સરંજામ તેમજ તંબુઓ વિગેરે અસંખ્ય સંખ્યામાં રાજપૂત વિરોના હાથમાં આવ્યો. અને દિલેરખાં પોતાના બચેલા સૈનિકોને લઇ અરવલ્લીના પહાડના રસ્તે રવાના થયો.

૫૩–ઔરંગઝેબનો પરાજય.

જેમ જેમ દિવસો પસાર થવા લાગ્યા, તેમ તેમ રજપુતોએ એ પરમ રણનિપૂર્ણતા બતાવી હતી, અકબર અને દિલેરખાંનો પરાજય થયા બાદ તરતજ રાણાશ્રી રાજસિંહ અને વીર દયાળે બાદશાહ ઉપર યુદ્ધનો મોરચો ચાલુ કર્યો, ઔરંગઝેબ પોતે અકબર અને દિલેરખાંના યુદ્ધના પરિણામની રાહ જોતો પોતે પોતાના મનમાં હવાઈ કિલ્લા બાંધતો હતો, અને અનેક આશાની લહરીમાં પોતે ખુશ મીજાજમાં પોતાના આલિશાન તંબુમાં આરામથી શાહજાદા અજિમની સાથેજ દેવારી ગામમાં રોકાયો હતો, તેના હૃદયમાં અનેક ભાવનાની આશાઓ ઉભરાતી હતી, અને તે આશાઓના અનેક સુખના સ્વપ્નોનો અનુભવ લેતો હતો,–પરંતુ તે હવાઈ કિલ્લાના સ્વપ્નો અલ્પ સમયમાંજ નાશ થઇ ગયાં, અને તરતજ તે વીરકેશરી ગજરાજ રાજસિંહના આક્રમણથી ભયભિત થઇ,

પોતાનો બચાવ શોધવા લાગ્યો, દેવારીના ગિરિમાર્ગમાં બંન્ને પક્ષ વચ્ચે મહા ઘોર યુદ્ધસંગ્રામ ચાલ્યો, અને રૂધીરની સરિતાઓ વહેવા લાગી, રાજપુતો રાણાજીના અપૂર્વ ઉત્સાહથી બમણાવેગે, મહાપ્રચંડ યુદ્ધ જીતવા માટે પ્રચંડ પરાક્રમથી, તેના તરફ કુચ કરવા લાગ્યા, સાહસિક રાઠોડ દુર્ગાદાસે પોતાની ભયંકર વેરતૃષ્ણા શાંન્ત કરવાને માટે પોતાના મહાપરાક્રમી વીર રાઠોડોને, બાદશાહની સામે મોકલ્યા, જે દુષ્ટાત્માએ રાઠોડકુળનો સર્વંશ નાશ કર્યો હતો, જે પિશાચે પરમશાંન્તિ શ્રેષ્ઠ ધાર્મિક રાઠોડ રાજાને વિષ દઇ મારી નાંખી રાઠોડોના હૃદયમાં ભયંકર શોકાગ્નિ પ્રદીપ્ત કર્યો હતો, તે નરરાક્ષસ પર વેર લેવા માટે અને હૃદયમાં પ્રદિપ્ત થએલા અગ્નિને શાંન્ત કરવા માટે રાઠોડ વીરો મોગલોના પ્રચંડ યુદ્ધ સામે ધસવા લાગ્યા, તે વખતે મોગલોની સેનાનો ઘણીજ મોટી સંખ્યાઓમાં નાશ થયો, અને જ્યાં જુઓ ત્યાં લોહીની નદીઓ ઉભરાવા લાગી હતી, આ વખતે બાદશાહ ઔરંગઝેબ મહા સંકટમાં સપડાઇ ગયો.

જેણે પોતાના હૃદય ઉપર પથ્થર મૂકી નિષ્ઠુર અને દુરાચારી બની હિન્દુઓના લોહદંડથી શાશન કર્યું હતું, જેણે તેમનું સત્યાનાશ વાળવાને દ્રઢ પ્રતિજ્ઞા લીધી હતી જેણે હિન્દુકુળપતિ મેવાડ રાજ્યને પાદક્રાંત કરવાને માટે આ ભયંકર યુદ્ધ શરૂ કર્યું હતું, તે દુષ્ટ ઔરંગઝેબને તેના નીચ કૃત્યોનું યોગ્ય ફળ આપ્યા સિવાય શું મેવાડીવિર રાજપુતો શાંન્ત થશે?

ના, ના, કદાપિ નહિ. જે બાદશાહની સેના હતી તેના કરતાં હજાર ઘણી વધારે હોત તોપણ શું થયું! જ્યાં સુધી રાજપુતના જીવમાં જીવ છે ત્યાંસુધી તે પોતાના સામર્થ્ય અનુસાર બાદશાહપર વેર લીધા વિના કદીપણ રહેશે નહિ.

આ પ્રમાણે ધીમે ધીમે સામસામી મહા ભયંકર યુદ્ધ ચાલવા માંડયું, રણવિશારદ મુસલમાનો તરફથી ફિરંગી ગોલંદાજોએ તોપો છોડવા માંડી, તેમાંથી મહાપ્રચંડ ધુમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા, અને તે તોપોના અવાજથી સમગ્ર મેવાડ-ભૂમિ ધ્રુજવા લાગી, હૃદયને પણ સ્થંભિત કરી નાંખે તેવા અવાજોને શ્રવણ કરતા રાજપુતો પણ પોતાના પ્રાણની દરકાર રાખ્યા વગર રણોન્મત થઇ ઘોર સિંહનાદ કરી અપૂર્વ બહાદુરીથી મોંગલ સેનાપર ત્રુટી પડયા; તોપમાંથી નીકળેલા ધૂમાડાથી સમસ્ત આકાશ પણ આવૃત્ત થઈ ગયું, તોપોના હિંસક ગોળાઓ દ્વારા અનેક શૂરવીર રાજપુતોનો નાશ થયો, અનેક રાજપૂતો અલ્પ સમયમાં અનંત આકાશમાં મળી ગયા, પરંતુ આવી ભયાનક પરિસ્થીતિ હોવા છતાં, રાજપુતોનો ઉત્સાહ કિંચિત્ પણ મંદ પડયો નહિ સામો ઉત્સાહ બમણા વેગથી વૃદ્ધિગત થવા માંડયો, તોપમાંથી નીકળેલા ધૂમાડાના વિસ્તૃત આવરણને ભેદીને રાજપૂતો મહા પરાક્રમથી મુસલમાનો ઉપર ત્રુટી પડયા.

રાજપુતોની તીક્ષ્ણ તલવારના ભયંકર પ્રહારથી ફિરંગી ગોલંદાજો કપાઇ મુઆ, તેમની સાંકળો છીન્નભીન્ન કરી નાંખી; આખરે મોંગલોનો મજબુત વ્યુહ ત્રુટવા માંડયો, રણવિર રાજપુતો છીન્નભીન્ન થઇ ગયેલી; મોગલ પર જયએકલીંગજી કહીને મરણીયા થઇને ત્રુટી પડયા; મદોન્મત્ત ગજરાજની પેઠે તેને દલિત અને ત્રાસિત કરવા લાગયા; જ્યારે આવા ભયંકર યુદ્ધમાંથી જે જૂજ ભાગ મોગલ સેનાનો બચ્યો હતો, તે પણ આ વખતે રાજપુતોની ભયંકર શમશેરના પ્રહાર વડે નાશ પામ્યો, હવે બાદશાહને બચવાનો કોઇપણ ઉપાય નહિ સુઝવાથી પોતાના બચેલા જૂજ સૈનીકોને લઇ બાદશાહ ઔરંગઝેબ રણયુદ્ધમાંથી

પરાજિત થઈ નાશી ગયો, તેની અસંખ્ય તોપો, શસ્ત્રો, ધ્વજાઓ, હાથીઓ, અને શિબિરમાંથી રહી ગયેલું પુષ્કળ દ્રવ્ય, એ સર્વ સામગ્રી વિજયી રાજપુતોના હાથમાં આવી. આ મહાન ભયંકર યુદ્ધ રાજપુતોના ધર્મ અને ગૌરવનું મહાન સ્મૃતિ ચિન્હ સંવત ૧૭૭૭ ના ફાલ્ગુન માસમાં ઇ. ૧૬૮૦ ના માર્ચમાં (વસંત રૂતુમાં થયું હતું) જો કે વિરશ્રેષ્ટ રાજસિંહનો આ યુદ્ધમાં વિજય થયો હતો, પણ તેના બદલામાં તેને મેવાડના અસંખ્ય શૂરવિર રાજપુતોના બલિદાન આપવા પડયાં હતાં.

આ વખતે સેનાપતિ દિલેરખાં પોતાનું લશ્કર અરવલ્લીના પહાડના રસ્તે લઈ ગયો; અને મેવાડના યુદ્ધની જે મુખ્ય ટેકરી હતી તે ટેકરી કબજે કરી; તેથી સીસોદીયા રાજપૂતો અને દયાળ વિચારમાં પડયા કે હવે આપણે શું કરવું?

૫૪–દયાળની જીવસટોસટ બાજી.

જયારે બાદશાહ ઔરંગઝેબ પોતાના દાવમાં નિષ્ફળ ગયો, જેમાં જીત ધારેલી તેમાં હાર મળવાના તમામ રસ્તા દેખાયા, ત્યારે તેના બહાદુર સેનાપતિએ એક ભયંકર યુક્તિ મગજમાં ઉતારી, અરવલ્લિના પહાડની ઉંચી ટેકરી કબજે કરી, પોતાના સૈન્યનો જમાવ કરવા માંડયો; આ વખતે આપણો દયાળ રાણાજી ઘાયલ થએલા હોવાથી; તેમને પાછા મોકલવાની વ્યવસ્થા કરી, પોતે પાછો પોતાની મુળ જગ્યા ઉપર આવી પહોંચ્યો, અને તેના ગુપ્ત-ચરોથી જાણવા મળ્યું કે, બાદશાહના સેનાપતીએ અરવલ્લિના પહાડની ટેકરી જે ઉંચામાં ઉંચી છે તે કબજે કરી છે, અને ત્યાંથી તે હલ્લો લાવી પાછો યુદ્ધમાં ઝંપલાવવા માગે છે?

આ વખતે દયાળ પોતે ગંભીર વિચારમાં પડયો. કોઈપણ ઉપાયે એ ટેકરીનો કબજો લેવોજ જોઈએ, અને જો ન લેવામાં

આવે તો આપણી જીતાએલી બાજી ધુળધાણી થઈ જશે, આખરે આત્મબળ મજબૂત કરી, દયાળે ઘણીજ યુક્તિઓ અજમાવવા માંડી, પણ કોઈપણ યુક્તિ કામમાં ન આવી. જ્યારે વિચાર કર્યો કે હવે શું કરવું? ત્યારે પોતાને એક યુક્તિ યાદ આવી; કે તરત પોતાના વિશ્વાસુ સરદાર રણજીતને જગાડી કાળા બુરખા ધારણ કરી; કોઈને પણ કીધા વગર ચુપચુપ, ચાલ્યા ગયા, ફક્ત એંશી યોદ્ધાઓ સાથે રાખ્યા હતા, આ સઘળી હીલચાલ અભયસિંહ નામનો સૈનિક જોઈ રહ્યો હતો, તેથી તેને વિક્રમ સોલંકીને જગાડી બીજા યોદ્ધાઓ સાથે લઈ, દયાળની પાછળ પાછળ ચાલવાનું નક્કી કરી ચાલવા લાગ્યા!

દયાળશાહની આ બાજી જીવસટોસટની હતી!

મહાન કસોટીની ઘડી હતી, પોતાના જીવનમાં અનેક યુદ્ધ કરી વિજયો મેળવ્યા હતા; પણ આ વિજય મેળવવા માટે, આજે મેવાડના ઉદ્ધારને માટે મોતની બાજી ખેલી રહ્યો હતો, અને તે આત્મબળની મજબુતાઈ સિવાય બની શકે તેમ નહોતી, અઘોર રાત્રિના સમયે વાઘવરૂની ત્રાડ પણ સંભળાય એવા ભયંકર રસ્તા ઉપર દરેક સૈનિકે ચાલવા માંડયું, આત્મબળની પરીક્ષા આજે કારમી કસોટી કરી રહી હતી, જેમ રાત્રિ વિતી જતી હતી તેમ તેમ આશાભરી ભાવનામાં નિરાશાના ચિન્હો જણાતાં હતાં; છતાં દયાળ જરાપણ નીરાશ ન થતાં, પોતાની કુચ ચાલુ રાખતો હતો, આખરે ધારેલા રસ્તા ઉપર આવી પહોંચ્યા; ત્યાંથી આગળ જવાનો રસ્તો નહોતો, તેથી દયાળે માનવસીડી બનાવી, અને તેજ માનવસીડી ઉપર રણજીત ચઢયો, ટેકરીપર જવા માટે સામસામી સાત હાથનું અંતર રહેતું હતું, વચમાં જો જતાં ચૂકી જાય તો તેના સોએ સો વરસ

પુરા થઈ જાય, એવી મહા ભયંકર મોતની ખીણ હતી? તે છતાં આપણો બહાદુર સરદાર પોતાની માતૃભૂમિની ખાતર, પ્રભુના ભરૂસે, ટેકરી ઉપર જવા સારૂ તૈયાર થયો, દયાળે આશિર્વાદ આપ્યા; આખરે રણજીત પોતાની બહાદુરીથી સાત હાથની ટેકરી પર જવા કુદ્યો, અને પ્રભુએ સહાય આપી; ધારેલા ઠેકાણે પહોંચી શકયો, તે ટેકરીપર જતાંની સાથે, લાંબા મજબુત દોરડાં વતી સામસામી બંધનો બાંધ્યાં, અને તમામ સૈનિકો દોરડાને વળગી; ધારેલી ટેકરીપર આવી પહોંચ્યા, અને પહોંચતાની સાથેજ અચાનક દયાળે હુમલો શરૂ કર્યો, અને મુસલમાનોનો ઘાણ વાળવો દયાળે શરૂ કર્યો.

દયાળ પોતાના બન્ને હાથમાં તલવાર ઘૂમાવતો, જાણે વિરકેશરીની માફક દુશ્મનોનો નાશ કરતો કરતો આગળ ધપે જતો હતો, યવનો દયાળના વિકાળ ચહેરાને જોઈ નાશભાગ કરવા લાગ્યા; અને બોલતા કે જાણે કોઈ યમરાજનો અવતાર ન હોય!

આ પ્રમાણે દયાળ પોતાના પ્રાણની પરવા રાખ્યા વગર યવનો સામે ટક્કર ઝીલવા લાગ્યો, પણ રાજપૂતોનું સૈન્ય ઓછું હોવાથી ઘણા માણસો માર્યા ગયા; ફક્ત દશજ જીવતા બાકી રહ્યા હતા, તેથી યવનોની સંખ્યા વધારે હોવાથી; આખરે દશે જણને યવનો ઘેરી વળ્યા; અને દયાળને પણ પકડવામાં આવ્યો, ત્યાંતો બાદશાહનો સેનાપતિ બોલ્યો કે, મહામુશીબતે, અલ્લાહની મહેરબાનીથી આજે મેવાડનો મહારથી આપણા પંજામાં આવ્યો છે, તો તેને હવે એવી શીક્ષા આપું કે તે પણ યાદ કરે.

ત્યાં સેનાપતિ બોલ્યો કે! કોણ છે હાજર?

શો હુકમ છે નામદાર? સૈનિક બોલ્યો.

જાઓ, જલ્દી બે સોયા અગ્નિમાં ખૂબ લાલચોળ તપાવી લાવો, અને આ વાણીયાની આંખોમાં ખોશી તેની આંખો ફોડી નાંખો.

સેનાપતિનો હુકમ થતાંજ યવન સૈનિક સળગતી સઘડી લાવ્યો અને બે સોયાને તપાવવા મૂક્યા.

દયાળ, હવે તું તારા ઈશ્વરને યાદ કરી લે, તારૂં મોત આજે મારા હાથમાં છે. અને ઘડી બેઘડીમાં તું યમરાજના હાથમાં પહોંચી જઈશ. માટે તું તારા ઈષ્ટદેવને સંભાળી લે. સેનાપતિ બોલ્યો.

સેનાપતિ આપ મારી ચિંતા જરી ન કરશો. તું તારી ચિંતા રાખ, કારણકે મેવાડમાં એક દયાળ નથી, પણ હજારો દયાળ જીવતા જાગતા છે, માટે તું મારા બચાવની જરાપણ કાળજી ન કરતાં તું તારૂં સંભાળી લે. આ પ્રમાણે નિડરતાથી દયાળે જવાબ આપ્યો.

જ્યારે દયાળ નિડર માણસ તરીકે મોતને ભેટવા પત્થરની માફક અડગ ઉભો રહ્યો, તે વખતે ફરી પાછું, સેનાપતિએ ઈષ્ટ દેવનું સ્મરણ કરવા દયાળને કીધું?

તે વખતે દયાળે જવાબ આપ્યો કે, તું કઈ બહાદુરી ઉપર આટલો બધો ઘમંડ રાખે છે, તારો બાદશાહ ઔરંગઝેબ અને તારો શાહજાદો અકબર, પરાજય પામી ક્યારનાએ પોતાનો પ્રાણ બચાવવા પલાયન થઈ ગયા છે, અને તારા પણ પરાજયના નગારાં વાગી રહ્યાં છે, માટે જરા ધીરો પડ,—તારી બહાદુરી કેટલી છે તે આ દયાળથી અજાણી નથી; દયાળશાહ ગૌરવથી બોલ્યો.

સેનાપતિ દયાળની વાણી સાંભળી જાણે વિજળી પડી હોય તેની માફક ચમકયો, અને પત્થરના પુતળાંની માફક સ્થિર થઇ ગયો, તે વખતે એક યવન સૈનિક બે સોયા ઉના ધગધગતા લઇ સેનાપતિ પાસે આવ્યો, અને તે સૈનિક જેવો આવ્યો તેજ વખતે, તરતજ અભયસિંહે સડસડાટ કરતું તીર છોડયું, અને સોયા લાવનાર સૈનિકની છાતીમાં આરપાર ઉતરી ગયું, અને તેના સોએ વર્ષ પુરા થયા; તે વખતે સેંકડો તીરોનો મારો સામી બાજુથી આવવા માંડયો, અને સેંકડો યુવનસૈનિકો જમીન દોસ્ત થઇ ગયાં.

તે વખતે વિર વિક્રમસિંહ સમશેર લઇ સેનાપતિની સામે આવી ઉભો રહ્યો, અને બોલ્યો કે, બચ્ચાજી. સેનાપતિસાહેબ, તું તારા ખુદાને યાદ કરીલે, તે વખતે જય એકલીંગજીની જય. એકલીંગજીની જય. બોલાવતું બોલાવતું રાજપૂત સૈન્ય યવન સૈન્ય ઉપર ત્રુટી પડયું અને ઘાસની માફક હજારો સૈનિકોને ભોંય-ભેગા કર્યા.

ત્યાંતો સેનાપતિની ધારેલી બાજી પલવારમાં ઉંધી પડી, અને સેનાપતિ વિચારમાં પડયો, અને સમજ્યો કે હવે આવી બન્યું.

ત્યાં દયાળશાહ બોલ્યા કે, કોણ! ગોપીનાથ! અભયસિંહ! વિક્રમસિંહ?

ત્યાં અભયસિંહ બોલ્યો કે, હા. મંત્રીશ્વર, બોલતાં અભય-સિંહ દયાળને ભેટી પડયો, અને બોલ્યો કે, તમારી આંખો ફોડવાજ સેનાપતિ માગતો હતો. તેના સોએ વર્ષ પુરા કરવા દો.

તે વખતે સેનાપતિ બોલ્યો કે, મને માફ કરો, તમારી દયા યાચું છું?

આખરે બધાની નામરજી છતાં દયાળશાહે સેનાપતિને માફી આપી; દયાળશાહ જાણતો હતો કે સેનાપતિ ભલે મુસલમાન છે પણ વચનનો સાચો છે, માટે અપકારનો બદલો ઉપકારથીજ આપવો તે મનુષ્યનો ધર્મ છે.

સેનાપતિને છૂટો કર્યો તે વખતે સેનાપતિ અભયસિંહની પ્રસંશા કરતો કરતો ગયો, તે વખતે અભયસિંહના માથાપરનો ફેંટો છૂટી જવાથી નીચે પડી ગયો, તે ઝડપથી લેવા જતાં માથાનો ચોટલો છૂટી ગયો, તે વખતે પોતાની ચાલાકી પકડાઇ ગઇ. ત્યાં દયાળ બોલ્યો કે કોણ ? પ્રિય પાટમદે, હા. પ્રાણેશ. પાટમ બોલી. દયાળ બોલ્યો કે, વ્હાલી તું ક્યાંથી, અને આ શું કર્યું,—પાટમ બોલી કે, નાથ ! જ્યાં કાયા ત્યાં છાયા, અને જ્યાં છાયા ત્યાં કાયા; તેજ વખતે દયાળે પાટમદેને, પોતાના બાહુપાસમાં વીંટી દીધી; અને બોલ્યો કે તું ઘણીજ ચબરાક છે.

પાટમ બોલી કે, મારા દયાળ, ક્યાં ઓછા ચાલાક છો.

આ પ્રમાણે પ્રભુએ દયાળના આત્મબળમાં બળ આપી, ધારેલી ધારણા પાર પાડી, અને દયાળનો બચાવ પણ પોતાની પત્ની પાટમદેના હાથેજ થયો, તે પણ કુદરતનીજ લીલા.

મનુષ્ય પોતાના સાચા ધ્યેયથી કામ આરંભે છે તો જરૂર તેમાં કુદરત સહાય આપે છે; આ પ્રમાણે ગોપીનાથ, સોલંકી વિક્રમ, દયાળ, અને પાટમ, અને સૈનિકો, સૌએ વિજય હાંસલ કરી મહારાણા પાસે જવા સારૂ રવાના થયા.

૫૫–રાણા રાજસિંહનો વિજય.

અનેક શૂરવિર ક્ષત્રીઓના બલિદાન આપી અનેક વિપત્તિઓનો સામનો કરી, મહારાણા એ પાપી બાદશાહના ઉપર વિજય મેળવી બાપ્પારાવલની કિર્તીમાં ઉજ્વલ તેજસ્વી સિતારો ચમકાવ્યો. પરંતુ રાણા રાજસિંહને આ યુદ્ધમાં પોતાના શરીર ઉપર અસંખ્ય ઘા વાગેલા હોવાથી રૂધિરની ધારાઓ વહેતી હતી ! અને શરીર તદ્દન અશક્ત થઇ ગયું હતું આ વખતે રાણા રાજસિંહને પોતાના માટે હવે ઝાઝો સમય પોતે જીવીત રહેશે તેનો પોતાને ભરૂંસો હવે ઓછો દેખાતો હતો. આ વખતે અંતઃપુરમાં રાજ્ય રાણી પ્રભાવતી પોતાના સ્વામીના વિજયના કુશળ સમાચાર દાસીને પુછવા લાગી.

ત્યાંતો દાસીએ સમાચાર આપ્યા કે, બા. રાણાજીનો તો વિજય થયો અને બાપ્પા રાવલની ક્રિર્તીમાં તો આપના પ્રાણનાથે વધારો કર્યો. આ પ્રમાણે વાત ચાલે છે તેજ સમયે

રાણાજીને ચાર માણસો ડોળીમાં લઇ રાજ્યમહેલમાં દાખલ થયા તે વખતે શરીરની અશક્તિ એટલી બધી નાજૂક હતી કે રાણાજીથી પાસું પણ ફેરવાતું નહોતું. આ સ્થિતિમાં મહામંત્રી દયાળ પણ તે સૌની સાથેજ હતો.

રાણાજીના વિજયની વાતથી રાણીને ઘણોજ આનંદ થયો અને પોતે અપૂર્વ ઉત્સાહમાં આવી ગઇ પણ જ્યારે રાણાજીની દશા પોતાની નજરે નીહાળતાં તેના હૃદયનો ઉત્સાહ અને આનંદ તરતજ અલુપ્ત થઇ ગયો. કેવળ પોતાના સ્વામીના સામું જોતાંની સાથે તો રાણીની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વહેવા લાગ્યો.

આ વખતે પાટમદે પણ રાજ્યમહેલમાં હાજર હતી. મહામંત્રી દયાળશાહે રાજ્યમાતા પ્રભાવતિને ઘણીજ હિંમત અને આશ્વાસન આપ્યું. આ વખતે દયાળે મહારાણાશ્રીની તબીયત સારી થાય કે તરતજ ગત પ્રકરણ ૩૬ માં દયાળશાહે જે ગરીબોની રોજી માટે અને જૈનશાશનની શોભા માટે દયાળ કિલ્લો બંધાવવા શરૂ કર્યો હતો, તે કિલ્લો આજે આપ નામદારશ્રીના આશિર્વાદથી પુરો થવા આવ્યો છે તો આપ જરા થોડો વખત આરામ લઇ, તબીયત સારી થતાં આપ મારા આરંભેલા કામનો તેમજ પ્રભુ ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ટાના ભવ્ય મહોત્સવમાં પધારવા કૃપા કરી આભારી કરશો.

દયાળની વિવેકભરી વિનંતી સુણી, રાણાજીએ સત્વર આવવા માટે હા પાડી. દયાળ ! સારા કામમાં ઢીલ ન કરવી. તું જેમ બને તેમ જલ્દીથી તે કામ પુરૂં કરવા માટે તાકીદ કર. અને તું જ્યારે કહીશ ત્યારે હું ગમે તેવી સ્થિતિમાં હઇશ તોપણ જરૂર આવીશ.

ધન્ય છે! નામદાર આપની ઉદારતા ભરી લાગણીને! દયાળ બોલ્યો.

ત્યાં પાટમદે બોલી કે રાજ્યમાતા આપને પણ આવવાનું છે, ભુલશો નહિ, નહિતો પાટમ આપણાથી રીસાશે.

પ્રભાવતિ બોલી કે, જારે જા ઘેલી, હુંતો તારા રાણાજીના પહેલાંજ ત્યાં આવીશ અને મારા પતિદેવનું સ્વાગત કરીશ.

આ પ્રમાણે વાતચીત કરતા સૌ-સૌના સ્થાન પર ગયા અને રાણાજી આરામમાં નિંદ્રા લઇ અને રાજ્યમાતા પ્રભાવતિ રાણાજીના ચર્ણોની સેવા કરવા લાગ્યા.

૫૬—"જયસમુદ્ર"—સરોવર.

બાદશાહ ઔરંગઝેબ, સેનાપતિ દિલેર, અને અકબર, હાર ખાધા પછી, દુષ્ટ ઔરંગઝેબે, પોતાનો જાતિસ્વભાવ તજ્યો નહિ. જ્યાં જ્યાં હિન્દુ કે જૈનના મંદિરો જોતો તેને તરતજ તોડી પાડી જમીનદોસ્ત કરતો. એ સિવાય પોતાની પિશાચીક વૃત્તિથી જુલ્મ પણ ગુજારવામાં હિન્દુઓપર બાકી ન રાખી. આખરે દરેક બાબતે નીચ બાદશાહે પોતાની જાતને ધિક્કારને પાત્ર બનાવી. અને મેવાડમાં ખાધેલી હારથી પોતાનું થયેલું અપમાન તેને હાડોહાડ લાગતું હતું અને ગમે તે ભોગે મેવાડને જમીનદોસ્ત કરવા માટે હવાઈ કિલ્લાઓ બાંધવા બાકી રાખતો નહોતો. તે છતાં આખરે પોતાના હાથેજ પોતાનો પરાજય પામ્યો, આ પ્રમાણે સામંતોની વાત સાંભળતાંજ મહારાણાની તબીયત બરાબર સારી નહિ હોવાથી પોતે પથારીવશ હતા તે છતાં બાદશાહના આચરણ

અને અત્યાચારની વાતો સાંભળતાં સાંભળતાં તેના હૃદયમાં જોશ ઉભરાઈ આવતું હતું. આ વખતે સોલંકી વિક્રમે પાટમદેની બહાદુરી ભરી જે હકીકત બની હતી, તેનું નીવેદન રાણાશ્રીના સન્મુખ કર્યું, તેજ વખતે રાણાજીને પાટમદે માટે અપૂર્વ વાત્સલ્યભાવ ઉત્પન્ન થયો, અને બોલ્યા કે, મેવાડમાં જ્યાં સુધી પોતાના દેશને માટે, મરી ફીટવા વાળી પાટમદે જેવી વિરાંગનાઓ છે ત્યાંસુધી મારૂં મેવાડ હંમેશના માટે આબાદ છે, અને મગરૂર છે. તે વખતે દયાળ આવે છે, અને રાણાજી પૂછે છે, દયાળશાહ, જયસમુદ્રનું કામ હવે કેટલું બાકી છે.

દયાળે જવાબ આપ્યો કે, નામદાર! જયસમુદ્ર તૈયાર થઈ ગયું છે, અને તેને તૈયાર કરતાં કરતાં સાત વર્ષ થવા આવ્યા. વળી તેનો ખર્ચ પણ લગભગ એક કરોડ રૂપીઆના આશરે થયો છે.

નામદાર! જયસમુદ્ર, લગભગ ૭ પાકા કોષના ઘેરાવાવાળું બાંધવામાં આવ્યું છે, અને તેની બાંધણી સામસામા મહેલો તથા બીજી અનેક કૃતિઓથી ઘણુંજ સુશોભિત બન્યું છે, પણ નામદાર! જે ખર્ચ મેં બતાવ્યું તેના કરતાં ડબલ ખર્ચ થતાં પણ પુરૂં થાત નહિ, પણ આટલા ખર્ચમાં પુરૂં થવાનું કારણ કે, મેવાડની રત્નપ્રભા નામની ખાણમાંથી સંગેમરમરના પથ્થરો મળી આવવાથી ખર્ચ ઘણુંજ ઓછો આવ્યો છે.

રાણાજી બોલ્યા કે, દયાળ! તમારા જૈનમંદિરની પ્રતિષ્ટાની કેટલી વાર છે, નામદાર! આપના આશિર્વાદથી તે પણ લગભગ તૈયાર થઈ જવા આવ્યું છે, અને તેની પ્રતિષ્ટા પણ નજીકમાંજ છે. તે વખતે રાણાજી બોલ્યા કે, દયાળ! તારા માટે મને ઘણુંજ માન આવે છે. તેં તારા જૈનકુળને દિપાવ્યું છે.

પ્રભુ મહાવીરના સાચા શ્રાવક તરીકેના ગુણને તેં તારા જીવનમાં ઉતાર્યા છે.

જે વખતે પ્રતાપરાણાના વખતમાં જ્યારે પ્રતાપરાણા બધી રીતે નિરાશ થયા હતા અને એકપણ આશાનું કિરણ તેઓને જ્યારે જણાયું નહિ, તેજ વખતે પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી સિંધ દેશમાં જવા પ્રયાણ કર્યું. તે વખતે વિર ભામાશાહે પોતાની તમામ મિલ્કત મેવાડના ચર્ણે ધરી મહારાણાશ્રીને પાછા બોલાવી મેવાડનો પુનરોદ્ધાર કર્યો. તે વિર ભામાશાહ પણ જૈન વાણિયો હતો અને તું પણ મારા વખતમાં મને સહાય આપવામાં મારા મેવાડના કલ્યાણ અર્થે મોતના ખેલ ખેલી તેં તારૂં ગૌરવ દિપાવ્યું છે અને વણિકકુળને શોભાવ્યું છે.

તારી ધર્મપત્નિએ તો એક વિરાંગના તરીકે શૂરવીરતા બતાવી આખી સ્ત્રી જાતિનું ગૌરવ વધાર્યું છે. અને આખા મેવાડમાં નવચેતન આણ્યું છે?

ઠીક, દયાળ! હવે તું જા. આરામ કર. પ્રભુ તને સદા દીર્ઘાયુ રાખે. રાણાજીએ આશિર્વાદ આપ્યા.

૫૭–પાટમદે અને દયાળ.

પાટમદે રાજ્યમહેલમાંથી વહેલી પોતાના નિવાસસ્થાનમાં આવી હતી, અને પોતાના મનની સાથે અનેક વાતોનો વિચાર કરતી કે આજે મારા નાથ આવે તો બોલાવુંજ નહિ.

પાટમદેનો સ્વભાવ જરા જક્કી તેમજ ઉગ્ર પણ હતો. તેની સાથે પ્રેમાળ અને સેવાભાવિ પણ હતાં?

જ્યારે જ્યારે પોતાના પતિ દયાળ સાથે વાદવિવાદ કરે ત્યારે તો પોતાનોજ કક્કો ખરો કરાવવા સારૂ આકાશ પાતાળ એક કરતી, આખરે દયાળ પણ તેને રાજી રાખવા માટે પોતાની હાર કબુલ કરી તેને ખુશી રાખતો હતો.

પાટમદે પોતાના વ્હાલાની વાટ જોતી ઉભી છે. ઉભી ઉભી તો આખરે થાકી પણ દયાળ તો આવ્યોજ નહિ?

ત્યારે પાટમદેએ વિચાર કર્યો કે આવવાદે મહામંત્રીજીને

આજ તો એવા ધમકાવું કે કોઈ દિવસ મોડા આવવાનુંજ ભૂલી જાય.

એટલામાં દયાળને આવતા જોતાંની સાથે પાટમદે બબડતી ચાલી ગઈ અને દયાળને ચીડાવવા ખાતર ઉદાસ મુખ કરી એક વૃક્ષની પાસે ગઈ અને દયાળને ચીડવવા ખાતર ઉદાસ મુખ કરી એ વૃક્ષની છાયા તળે બેસી રહી.

દયાળે આવતાંજ બુમ પાડી કે, વ્હાલી પાટમ! કયાં છે? પણ જવાબ ન મળવાથી આખા મહાલયમાં તપાસ કરી પણ પાટમનો પત્તોજ ન લાગ્યો.

ઘણી શોધ કરી છતાં પાટમ ન જડી, તેથી થાકીને વિચા-રમાંને વિચારમાં બગીચામાં આવ્યો.

આ વખતે દયાળશાહે સુંદર ગીત સાંભળ્યું ને ચમકયો કે, આતો મારી પાટમ બોલે છે. દયાળ, છાનોમાનો સાંભળી રહ્યો.

પાટમદે, પતિના વિયોગનું ગીત ગાતી હતી.

આવ્યો નહિ મારો દયાળ,
મારી લેતો નથી, સંભાળ; આવ્યો.
રાજકાજમાં બહુ મુંઝાયો, ભૂલ્યો ઘર જંજાલ,
પતિ વિયોગે હું ઝુરી મરતી, કોને કરૂં ફરીયાદ. આવ્યો.
ઘરમાં ગમે નહિ, પાટમ, ગમે નહિ, કોને કહું મુજ વાત,
જરી ન શાંન્તિ લેતો જીવનમાં, મારી વૈભવને લાત. આવ્યો.
અનેક વિપત્તિમાં મજબુત, કમરે ઢાલ તલવાર,
ભલભલા ડરતા તેનાથી, પણ મને ન સુખ લગાર. આવ્યો.
પીયુ રીઝાવવા માટે, આજે સજ્યા સોળ શણગાર,
તોએ દયાળ નિષ્ઠુર થાતો, ધ્યાન લાવે લગાર. આવ્યો.

પ્રેમની પ્યાસ બુઝાવો, વ્હાલા! કરશો નહિ નિરાશ,
કહે "ભોગીલાલ" દયાળશાહને! પુરો પાટમની આશ. આવ્યો.

આ ગીત પુરૂં થતાંજ દયાળે છાનામાના આવી પાટમની આંખો પોતાના હસ્ત વડે દાબી દીધી.

આવા નિષ્ઠુર સ્વભાવના, કોણ છે એ? જરાપણ દયા નથી આવતી? પાટમદે આવેશમાં આવી બોલી.

નિષ્ઠુરને દયા હોયજ ક્યાંથી?

કોણ, નાથ!

હા, પાટમ!

શા ઘેલા ઘેલા બોલ બોલતા'તા? દયાળે પૂછ્યું.

પાટમ બોલી, અમે ગમે તેમ અમારો જીવ ખુશ કરવા કરીએ તેમાં તમારે શું? તમારે ક્યાં ઘર છે? કે, પત્ની છે? તમારે તો મહામંત્રીની પદવી એ તમારી પત્નિ, અને તમારી શમશેર એ તમારી બીજી પ્રિયત્તમા.

જ્યારે આવું નિષ્ઠુર બનવું હતું તો પરણ્યા શું કરવાને? બ્રહ્મચારી રહેવું હતુંને?

વ્હાલી! તમારૂં કહેવું તો તદ્દન વ્યાજબી છે, જરૂર બ્રહ્મચારી થાત. પણ કેટલીક વખત કેટલીક વ્યક્તિઓ એવી નિષ્ઠુર હોય છે કે, જરા પુરૂષને રૂપાળો કે બહાદુર જોયો કે તરત લપસી પડે અને પોતાની ચાલાકી બતાવી બિચારા ભલા પુરૂષોને પોતાના નયનના બાણુથી વિંધી નાંખી તેને સંસારની જાળમાં નાંખી પોતાની ધારણા પુરી કરે છે.

કહો! તેવી સ્થિતિ તમે મારી ન કરી હોત તો, આજે

હું જરૂર બ્રહ્મચારી હોત. પરંતુ મારૂં જીવનજ તમે બગાડયું. માટે પહેલાં ગુન્હેગાર તમે. છતાં મારી ફરજ તમારા કહ્યા પ્રમાણે ચાલવું અને સુખ આપવું, તેજ મારો પતિ તરીકેનો વહેવાર.

લ્યો. મહાદેવી! આ બ્રહ્મચારીના તમને પ્રણામ છે!

હવે આપ પધારો છો કે નહિં.

૫૯—દયાળશાહના મંદિરની પ્રતિષ્ઠા.

આજે મેવાડની પવિત્ર ભૂમિમાં એક અનેરા આનદનો દિવસ ઉગ્યો છે, જ્યાં જુઓ ત્યાં આનંદ અને મંગળ મહોત્સવો ઉજવાય છે. ઘેર ઘેર આસોપાલવના તોરણો બંધાયા છે, રાજ્યમહેલમાં પણ સુંદર વાજીંત્રો વાગી રહ્યા છે, ઘેર-ઘેર સુંદર સ્ત્રીઓ પણ મંગલ, અને વિજય ગીતો ગાઈ, આત્માને આનંદ આપી રહી છે, ગામોગામથી પણ હજારોની સંખ્યામાં આ મહોત્સવ પ્રસંગે લોકો આવી રહ્યા છે, જ્યાં જુઓ ત્યાં માનવસમુદાય સાગરની માફક ઉભરાઈ રહ્યો છે. મહેમાનોની આવક જાવકનો આજે હિસાબ નથી, આપણો દયાળ અને પાટમ તો આજની પવિત્ર પ્રતિષ્ટા મહોત્સવમાં ફૂલ્યા સમાતા નથી, પોતાના માતા-પિતાની અમર નામના માટે આજે તેને બંધાવેલા શ્રી રૂષભનાથ ભગવાનના સુંદર ભવ્ય મંદિરની પ્રતિષ્ઠા **સૂરિશ્વર માનસૂરિજીના** શુભ હસ્તે થવાની

હોવાથી, નાના મોટા, રાય અને રંક, સૌ કોઈ આ મહોત્સવમાં જવા માટે ઉપડી રહ્યા છે.

ઉદયપુરની પાસે કાંકરોલીની નજીકમાંજ આપણા મંત્રી દયાળે દુષ્કાળના સમયમાં ગુરૂદેવ શ્રીમાનસૂરિશ્વરશ્રીના શુભ ઉપદેશથી જે જિનાલય બંધાવવો શરૂ કરેલ, તે જીનાલય ભવ્ય આકૃતિ અને કારીગરી સાથે મેવાડમાં અજોડ બાંધણીવાળું લગભગ નવાણું લાખ રૂપીઆ ખરચી તૈયાર કરેલું હોવાથી, તેની પ્રતિષ્ઠાના કારણથી આજે મહાન પૂણ્ય દિવસ ઉજવાઈ રહ્યો છે, આ વખતના મહોત્સવના પ્રસંગમાં મેવાડી પ્રજા કોઈ અગ્રગણ્ય ભાગ લેવા આનંદીત જણાતી હતી?

પાટમદેના હૈયામાં હરખ માતો ન હતો, પોતાના પતિની પવિત્રતા, તેના શૂરાતનથી આજે મેવાડની જનતા ગૌરવશાળી ગણાતી, દુશ્મન બાદશાહ પણ મેવાડના મહામંત્રીના શૂરાતનથી મહાત બની ગયો છે, એવા પતિની પત્નિને આજે આનંદ ન હોય તો શું હોય? દરેક યાત્રાળુઓ મહોત્સવમાં ભાગ લેવા આવેલા, સ્ત્રી પુરૂષોની સગવડતા; તેમના માટે ભોજનની સામગ્રી બરાબર રીતે પાટમદે સાચવતી હતી. તેમજ નાના મોટાનો ભેદ જરાપણ ગણતી નહોતી, આજે પાટમદે પોતાના શાશનદેવના શુભ કાર્યમાં એક સાચી જૈન શ્રાવિકા તરીકે જૈનત્વ શોભાવી રહી હતી.

"જ્યાં જુઓ ત્યાં" પાલ, તંબુઓ નંખાઈ ગયા હતા, "જ્યાં જુઓ ત્યાં" ખેલ તમાસા ચાલી રહ્યા હતા. સૌ કોઈ પોતપોતાના મનની ઉદારતા પ્રમાણે નિર્દોષ આનંદ કરી, આજના અપૂર્વ દિવસનો લ્હાવો લેતા હતા.

આ વખતે આપણો દયાળ પણ આવેલા સામંતો, સરદારો,

જાગીરદારો તથા પટાવતોની પુરેપુરી સંભાળ રાખી દરેકને રહેવા, ન્હાવા અને ખાવા, પીવાની સગવડતાની પુરેપુરી સગવડ કરી રહ્યો હતો.

નામદાર મહારાણા પોતાની નાદુરસ્ત તબિયત છતાં પણ દયાળના પ્રતિષ્ઠા મહોત્સવમાં સંપૂર્ણ રીતે ભાગ લેવા માટે આવવાના હતા, આવા શુભ પ્રસંગે આજે મેવાડની પ્રજા કોઈ અનેરો આનંદ માની રહી હતી. મહામંત્રી દયાળ એક સાચા વીર સંન્યાસી જેવો લાગતો હતો, જેના શાસનથી આજે સમગ્ર હિન્દુ સમાજ ગૌરવ લેતું હતું; નાલાયક બાદશાહના જુલ્મને નાબુદ કરવામાં જેણે પોતાના પ્રાણની પણ આહુતી આપવા સુધીની તૈયારી કરી હતી તેવો વીરદયાળ આજે પોતાના માતા-પિતાના સ્મારક રૂપે અનેરો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી રહ્યો હતો.

આ બધી ધામધુમમાં આચાર્યશ્રીમાનસૂરિશ્વરશ્રી પણ વખત થતાં આવી પહોંચ્યા. એ મહાન ત્યાગમૂર્તિના મૂખકમળ ઉપર કોઈ મહાન અનેરો આનંદનો પ્રવાહ જોવામાં આવતો હતો, પોતાના જૈન શાશનની શોભા માટે આજે પોતે પોતાના હૃદયમાં ગૌરવ માનતા હતા.

લક્ષ્મી ક્ષણભંગુર છે; તેવું સમજનાર મહામંત્રી દયાળના આત્મભોગથી તેઓશ્રી દયાળ પર મુગ્ધ હતા. આવા પવિત્ર ગુરૂદેવના ચર્ણો પ્રતિષ્ઠાના સ્થાનપર થતા હજારોની લોકમેદનીએ ગુરૂદેવની જય બોલાવી. આકાશમાં ગર્જના ગજાવી મૂકી, અને હજારો લોકો ગુરૂના ચર્ણોમાં નમી પડયાં !

તે પછી થોડીજવારે, રાણાશ્રી રાજસિંહ પણ પોતાના રસાલા સાથે, અશક્ત શરીરે રાણી પ્રભાવતિ, સાથે આવી

પહોંચ્યા. દયાળે પોતે મહારાણાશ્રી અને ગુરૂદેવનું સુંદરમાં સુંદર સ્વાગત કરી પોતાના સ્થાનપર લાવી, સ્વાગતની વિધિ પુરી કરી ?

પ્રતિષ્ટાનું કામ શરૂ કર્યું, વિધિસર પ્રતિષ્ટા શ્રી ગુરૂદેવે શુદ્ધ ક્રિયા સહિત, દયાળશાહ, અને પાટમદેના શુભ હસ્તે કરાવી; આ વખતે લક્ષ્મીની નદીઓ વહેવા લાગી, હજારો જીવોને અભય-દાન; આપવામાં આવ્યાં, હજારો બંધીજનને મુક્ત કરવામાં આવ્યા, અને જે ઘણા વર્ષોમાં નહિ બનેલી તેવી ધામધુમ દયાળની શુભ ભાવનાથી આજે મેવાડની પવિત્ર ભૂમિમાં સંવત ૧૭૨૯ માં બની હતી ?

ધન્ય છે? મહામંત્રી દયાળને, અને ધન્ય છે વિરાંગના પાટમદેને ?

આ પ્રમાણે ધામધુમ પુર્વક, પ્રતિષ્ઠા મહોત્સવ, બહુજ આનંદમય, નિર્વિઘ્નપણે પાર પડયો, સૌ કોઈ પોતપોતાના નિવાસસ્થાને જવા તૈયારી કરવા લાગ્યા; રાણાશ્રી રાજસિંહ પણ પોતાની તબીયત વધારે બગડવાથી, તેઓશ્રીએ પણ એકદમ જવાની તૈયારી કરી ?

દયાળ અને પાટમદે સૌ કોઈ આવેલા મહેમાનોને સંપૂર્ણ રીતે સંતોષ આપી રહ્યા હતા ? સૌ સૌના દરજ્જા પ્રમાણે પોષાકો પણ આપવામાં, જરાપણ કચાસ રાખી નહોતી ? લગભગ બે લાખ, રૂપીયા તો ભાટ ચારણોને આપવામાં આવ્યા હતા ?

પ્રતિષ્ઠાના અંગે લગભગ દયાળશાહે પંદરલાખ રૂપીયાનો ખર્ચ કર્યો હતો, અને નવાણુંલાખ રૂપીઆ તો મંદિર બંધા-વવામાં ખર્ચ થયા હતા; આ સિવાય બીજી અનેક સખાવતો કરી, પોતે પોતાનું આત્મકલ્યાણ સાધવામાંજ સાર્થકતા સાધી

હતી. પાટમદેનો તો એકજ ધ્યેય હતો. દુઃખી, દીન, અપંગ, અંધ, અને નીરાધારની તેતો માતા સમાન હતી, તેઓના દુઃખમાં સંપૂર્ણપણે તન, મન અને ધનથી સેવા કરતી હતી; તેમજ હજારો નિરાધારને આશ્વાસન આપી તેના આશિર્વાદ લેતી હતી.

આવા બન્ને પવિત્ર આત્માઓનો એકજ ધ્યેય; અને એકજ શ્રદ્ધા, દેશ ભક્તિ, અને માનવસેવા. સંવત ૧૭૧૭ ની સાલમાં મંદિરની શરૂઆત કરી, અને સં. ૧૭૧૯ ની સાલમાં પ્રતિષ્ઠા કરી હતી!

૬૦—રાણા રાજસિંહની આખર સ્થિતિ.

દયાળશાહ અને પાટમદે, પોતાના બંધાવેલા દયાળ-કિલ્લા ઉપર પ્રભુના મંદિરની પ્રતિષ્ટા કરી, ઘણાજ આનંદ અને ઉત્સાહથી પોતે પોતાના નિવાસસ્થાનમાં આવી પહોંચ્યાં. મેવાડમાં આ પ્રતિષ્ટા મહોત્સવ ઘણોજ અજોડ અને સુંદર થયો હતો, ગુરૂદેવ માનસૂરિ આચાર્ય મહારાજ પણ પોતાની ફરજ બજાવી. પોતાના ધર્મસ્થાનકમાં આવી પહોચ્યા ?

મહારાણાશ્રી પણ પોતાના રસાલા સાથે અંતઃપુરમાં આવ્યા; રાણાજીની તબીયતમાં અશક્તિ ઘણીજ જણાવવા લાગી. "તેથી રાણી પ્રભાવતિ મહા અઘોર ચિન્તામાં આવી પડી. ઘણા ઉપાયો કર્યાં છતાં, રાણાજીની બીમારીમાં જરાપણ ફેર ન પડયો, અને જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ અશક્તિ વધવા લાગી."

રાણાજીએ પોતાના જીવનની આશા છોડી. દયાળ મંત્રી પાસે બેઠા હતા; તેમને રાણાજીએ અશક્ત શરીરે ઇસારો કરી પોતાના નજીક બોલાવ્યા. અને પોતાની જે અંતીમ ઇચ્છા હતી તે જણાવી. અને કહ્યું કે, મંત્રી દયાળ, આજથી તમામ રાજ્યની જવાબદારી તમો બન્ને જણાંને સોંપું છું. કુમાર જયસિંહને બોલાવો ?

તેટલામાં તરત કુમાર જયસિંહ આવ્યા, જયસિંહ બોલ્યો, કેમ પિતાજી આપે બોલાવ્યો, ત્યાં રાણાજી બોલ્યા કે, બેટા, મારા જીવનની આશા હવે જણાતી નથી; માટે રાજ્યનો ભાર તને અને મહામંત્રી દયાળને સોંપું છું, માટે પ્રજાનો આશિર્વાદ લેશો !!! અને સીસોદીયા રાણાકુળની ઇજ્જત વધારશો ? આ સિવાય મારે કંઈપણ કહેવાનું નથી, માટે પ્રજાની આબાદીમાંજ રાજ્યની આબાદી.

તે વખતે જયસિંહ બોલ્યો કે, પિતાજી, પિતાજી, આપ આ શું બોલો છો, આપશ્રીની તબીયતને થોડાજ વખતમાં આરામ થઈ જશે, માટે આપ આવી વાતો કહી મારા આત્માને આગાધ ન આપો.

ત્યાં રાણા બોલ્યા કે, કુમાર! જગતમાં જન્મ્યા તે બધાને જવાનું છે, માટે તેમાં હરખ કે શોક કરવાનો હોયજ નહિ, તારી બન્ને માતાઓ પર પ્રેમ રાખજે ? અને તારી બહાદુરીથી, જરૂર તું તારા પિતાના પગલે ચાલી પ્રજા વાત્સલ્ય બનજે, વળી જયસિંહ ! “ બેટા ! દયાળમંત્રી જેવો મંત્રી નહિ મળે. ” “ પાટમદે જેવી વીર વિરાંગના નહિ મળે.” માટે તેઓની આજ્ઞા, હમેશાં શીર સાટે માનજે ? ત્યાં જયસિંહે પિતાની આજ્ઞા શિરપર ચઢાવી. તે પછી મહારાણાની તબીયત જેમ જેમ ખરાબ થતી જોઈ

તેમ તેમ કુંવર તો તદ્દન હતાશ, અને નિરાશ બની ગયો? કારણ કે, મહારાણાશ્રીને, જયસિંહકુમાર પર પ્રેમ ઘણોજ હતો?

આ વખતે દયાળશાહે પણ કુમાર જયસિંહને ઘણો સમજાવ્યો, અને આશ્વાસન આપ્યું, ધીરજ રાખો ભાઈ, તમો જ્યારે નાહિમ્મત થશો તો કુટુંબીને આશ્વાસન કોણ આપશે?

દિવસે દિવસે રાણાજીની તબીયત બગડવા લાગી, વૈદો, હકિમોએ પણ રાણાજીના જીવવાની આશા છોડી, વિર શ્રેષ્ટ પ્રતાપસિંહે સ્વદેશપ્રેમ અને ત્યાગને મૃત્યુની પરાકાષ્ટા બનાવી આ લોકમાંથી વિદાય થયા, તે દિવસથી મેવાડભૂમિ જે વિષાદ રૂપી ભયંકર અંધકારથી આવૃત્ત થઈ ગઈ હતી, તે અંધકારને અમરકણી અને જગતસિંહ એમાંનો કોઈ મહારાજા દૂર કરી શક્યો નહોતો. પરંતુ વિરકેશરી રાજસિંહ પોતાના અદ્દભૂત પરાક્રમને અને સૌજન્ય, સ્વદેશ પ્રેમના બળથી તે અંધકાર સંપૂર્ણ રીતે દૂર કરી, મેવાડના નષ્ટ થએલા ગૌરવનો પુનરોદ્ધાર કર્યો. વળી અવિશ્રાંત પરિશ્રમ અને અપૂર્વ પરાક્રમથી તેણે દુષ્ટ ઔરંગઝેબના વિરૂદ્ધ ખડગ ધારણ કરીને તેનો અંધકાર ચૂર્ણ કર્યો હતો."

રાણા રાજસિંહ. અપૂર્વ બલિદાન આપી **વીર શ્રેષ્ટ રાણા પ્રતાપસિંહને યોગ્ય બન્યા હતા!!"**

રાણા રાજસિંહે ભારતના ભયંકર પ્રલયકાળના વખતે સેવા આપીને બાદશાહ ઔરંગઝેબને જે શિક્ષા આપી તેથી સારી હીન્દુ જાતિનું ગૌરવ વધાર્યું છે? એવા નેક દિલનો રાણો આજે ભયંકર માંદગી ભોગવી, સ્વર્ગગમન કરી રહ્યો છે, સંવત ૧૭૩૭ ઇ. સ. ૧૬૮૧ માં રાણાશ્રીનો સ્વર્ગવાસ થયો. એ વખતે આખા

મેવાડની સારીયે પ્રજા રાણાના સ્વર્ગગમન વખતે ચોધાર આંસુએ રડવા લાગી ?

આજે મેવાડનો તેજસ્વી સૂર્ય અસ્ત થઈ ગયો, ચારે બાજુએ રોકકળ, અને નગરજનોના મોં ઉપર ગ્લાની છવાઈ રહી, મહામંત્રી દયાળ, અને પાટમદે, પણ મહારાણાના અવસાનથી ઘણાજ દુઃખી થયા.

જે મહારાણાએ પોતાનું સર્વસ્વ મેવાડની પ્રજા માટે સમર્પણ કરી, નીચ બાદશાહના સામે ખડગ ધારણ કરી, સારી ભારતના ઉદ્ધાર માટે જેણે કમર કસી, પોતાની સીસોદીયા કુળની કિર્તીને ઉજ્જવળ કરી, આજે એ મહાન સીતારો " આ દુનીયાનો ત્યાગ કરી પરલોક સીધાવી ગયો. પ્રભૂ! ધન્ય હો એ વીર આત્માને, જરૂર એ આત્માને જ્યાં હોય ત્યાં શાંન્તિ મળો ! રોતી કકળતી પ્રજાને આજે આશ્વાસન આપનાર કોઈ હોય તો, ફક્ત આપનો મંત્રી વિર દયાળ અને પાટમદે સિવાય કોઈ નહોતું ?

મહારાણી પ્રભાવતિ પણ પતિના સ્વર્ગગમનથી ચોધાર આંસુએ રડવા લાગી. ચિતા તૈયાર કરાવી, એ સાચી ક્ષત્રિયાણી, પોતાના પતિ પાછળ, સતી થવાની તૈયારી કરવા લાગી. રણ-ચંડીકાની માફક જોગમાયા આજે પતિની સાથેજ સ્વર્ગગમન કરી જવા ઉત્સુક થઈ રહી છે, હજારો દાસદાસીઓ રાણીજીના આશિર્વાદ લઈ તેના પગની રજ માથે ચઢાવી રહી છે.

સામંતો, સરદારો અને ભાયાતો, પણ મેવાડના શીરતાજ મહારાણા રાજસિંહના અવસાનથી છાતીફાટ રૂદન કરવા લાગ્યા, આ વખતનો દેખાવ મહા શોકજનક હતો, ભારતનો ઉદ્ધાર કરનાર વીરનર આજે બીજી દુનિયામાં અદૃશ્ય થયો ?

આ વખતે હજારોની માનવ મેદની વચ્ચે મહારાણાશ્રીના શબને ચંદનના કાષ્ટપર સુવાડયું. મહારાણી પ્રભાવતિ પણ પોતાના પતિદેવની ચિતા આગળ આવી પહોંચ્યાં. સારી પ્રજાને બાલ, અબાલ, વૃદ્ધ, નાના મોટા; સર્વને આશિર્વાદ આપી, "જય એકલિંગજી" ની જય, જય. મહારાણા રાજસિંહની જય, બોલતા કે, તરત ચિતામાં હસતા વદને પ્રવેશ કર્યો, તે વખતે સારી પ્રજાની માનવ મેદનીમાં કેટલાક અવાચક થઈ ગયાં! કેટલાક બેભાન બની ગયાં! કેટલાક લોકોના હૃદયને આઘાત લાગવાથી ચાલવાની શક્તિ પણ ના રહી! આવા ગમગીન દેખાવ વચ્ચે અગ્નિદેવની જ્વાલામાં બન્ને આત્માઓ, સ્નાન કરી સ્વર્ગવાસી થયા, પરમાત્મા મહારાણા અને મહારાણી બન્નેના આત્માને શાંન્તિ અર્પો, વાંચકવર્ગ! રાણા રાજસિંહ ભલે સ્વર્ગવાસી થયા પણ તેનો જ્વલંત ઈતિહાસ આજે અમર છે!!!

૬૧–રાણા જયસિંહનો રાજ્યાભિષેક.

રાજપૂતોના ગૌરવ, પરાક્રમ, અને પ્રયાણની મહાન કૃતિ આ રાજસરોવર છે, આ સરોવર રાજધાનીથી બરાબર સાડાબાર કોષ દુર ઉત્તરદિશામાં છે, તે અરવલ્લિ પર્વતની તળેટીથી એક કોષના અંતરપર છે, ગોમતી નામની સરિતાને પ્રચંડ બાંધાથી મજબુત પહાડની તળેટીમાં બંધ બાંધી દેવામાં આવ્યો છે, અને તે પાણીનો પ્રવાહ આ સરોવરમાં આવી જાય જેથી આ સરોવરમાં પાણી અખંડ રહ્યા કરે, તેનો ઘેરાવો લગભગ પાકા છ કોશ જેટલો, અને એનો બંધ સંગેમરમરના સુંદર આરસથી બાંધવામાં આવેલો છે.

જો મહારાણા રાજસિંહ થોડો વખત વધારે જીવંત રહ્યા હોત તો ? મેવાડ દેશની સુરત જરૂર બદલાઈ જાત. મહારાણાએ આ સરોવરની દક્ષિણ દિશામાં નગર વસાવી કિલ્લો બંધાવ્યો છે, તે નગરનું નામ રાજનગર પાડયું છે.

આ સંગેમરમરના સુંદર પાષાણો, મેવાડની રત્નપ્રભા નામની પત્થરની વિશાળ ખાણુમાંની નીકળ્યા હતા.

આ પ્રમાણે રાણાજીએ પોતાના જીવનમાં અનેક પ્રશ્નોનો ઉકેલ, રાજ્ય અને પ્રજાની આબાદી માટે કર્યો હતો ? અને તેનો સલાહકાર પણ એક મહામંત્રી દયાળશાહ અને તે જાતે જૈન, મહાવિરપ્રભુનો ઉપાસક હતો.

રાણાજીના અવસાન પછી રાજ્યસિંહાસન ઉપર રાણાજીના દ્વીતીય પુત્ર જયસિંહનો સંવત ૧૭૧૭ ઇ. સ. ૧૬૮૧ ની સાલમાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો, તે વખતે આપણી વાર્તાની નાયીકા પાટમદે પણ આવી; રાણા જયસિંહને આશિર્વાદ આપી પ્રજાવાત્સલ્યની ભાવના મજબૂત કરવા અને દીનદુઃખીની સેવા કરી તેઓની દુવા લેવાની સલાહ આપી, અને પિતાનું આરંભેલું અધુરૂ કાર્ય પુરૂં કરી, પિતાના સદ્દગત આત્માને શાંન્તિ આપવાની પણ સુચના કરી ?

રાજ્યાભિષેકની સંપૂર્ણ ક્રીયા પુરી થયા પછી દીનદુઃખી જનોને દાન આપવાની વીધી થઈ. પ્રજાજનોને પણ કેટલીક રાહત આપવામાં આવી, અને તે મર્હુમ મહારાણાની યાદગિરિમાં પણ બીજા અનેક પ્રજાકલ્યાણના કાર્યોની શરૂઆત કરી.

જેમ જેમ જયસિંહ રાજ્યકાજમાં ભાગ લેતા ગયા, તેમ તેમ તેમનામાં આચરણ અને પ્રમાદના અનેક દુર્ગુણોનો વાસ થવા લાગ્યો, જયસિંહના ભાવીના ભીતરમાં શું સમાયલું છે ? તેતો કોઈ ભવિષ્યવેત્તા જાણે ! પણ આનું પરીણામ ઘણુંજ અનિષ્ટ આવશે. એ વાત મહામંત્રી દયાળ નક્કી જાણતા હતા, તેથી તે દરેક બાબતે મહારાણાને સુચના આપતા હતા, આજે ભવિષ્યમાં આ પ્રમાણે ન કરવામાં આવે તો ઠીક. આવી અનેક

બાબતો પર ધ્યાન રાખવાનું કહેતો; વાંચકવર્ગની જાણ માટે ભૂતકાળની ઘટના જે મર્હુમ મહારાણા સંબંધમાં બની હતી તે બીના એ હતી કે મહારાણા રાજસિંહનો નાનો પુત્ર તથા તેની માતા પર ઘણોજ અનુરાગ અને પ્રેમ હતો, તેથી તેમને નાના કુમારને અમરછત્ર પહેરાવ્યું, અને પોતાને હાથે આ ભૂલથી કાર્ય બન્યું છે એવો દેખાવ કરવા લાગ્યા, પરંતુ સાચી હકીકત તો પોતે સારી પેડે જાણતા હતા, બન્ને ભાઇઓ જ્યારે નાની વયમાંથી ઉંમર લાયક થવા આવ્યા, ત્યારે રાણાજીને નાના પૂત્ર પર અધિક પ્રેમ હતો. તેથી રખે મોટાભાઈ, નાના કુમાર સાથે ઝઘડો કરી ક્લેશમય વાતાવરણ જમાવશે. તેવી શંકાથી પોતે જેષ્ટકુમાર, ભીમને બોલાવ્યો ?

ભીમ આવ્યો, અને પોતાના પિતાના ચર્ણોમાં શીર ઝુકાવી ઉભો રહ્યો.

ત્યારે રાણાજી બોલ્યા કે, ભીમ લે, આ તલવાર, અને હું આજ્ઞા કરૂં છું કે, આ તલવાર વડે તારા, કનિષ્ટ "ભાઈનો શીરચ્છેદ કર."

તે વખતે પિતૃ આજ્ઞાકારી, વિરકેશરી ભીમસિંહ, જરાપણ ગુસ્સે થયા વગર વિવેકથી બોલ્યા કે, પિતાજી, આપ આ શું બોલો છો ? પોતાના પિતા કયા દુઃખથી આ વચનો બોલે છે તે ભીમસિંહ સારી પેડે સમજતો હતો, તેથી પોતાના પિતાના હૃદયનું દુઃખ નિવૃત્ત કરવા માટે ભીમે સ્થિર અને અડગ રીતે મક્કમતાથી જવાબ આપ્યો કે, હે પુન્ય પિતાશ્રી ! આપ લેશ માત્ર પણ શંકા રાખશો નહિ. હું આપના સિંહાસનને લેશ માત્ર ભોગવવાની ઈચ્છા નહિ કરૂં. અને સાથે સાથે પ્રતિજ્ઞા કરૂં છું કે, આ રાજ્યનો સર્વ અધિકાર આપી દઉં છું, અને

૧૭

આજથી આ રાજ્યનો પણ ત્યાગ કરૂં છું, વળી આપશ્રીના ચરણોનો સ્પર્શ કરી સોગન લઉં છું. કે "જો હું આજ પછી દેવારી ગીરી માર્ગના પાણીનું એક ટીપું પણ ગ્રહણ નહિ કરૂં." આ પ્રમાણે પિતાની પાસેથી વિદાય લઈ, પોતાના સૈનિકો અને સામંતોને બોલાવ્યા, અને ભાગ્યદેવી પર શ્રદ્ધા રાખી ભાગ્ય ઉપર ભરૂંસો રાખી ઉદયપુરમાંથી પોતાના સૈનિકો અને સામંતો સાથે ચાલી નીકળ્યો.

૬૧–શાબાશ ભીમકુમાર.

કુદરત કુદરતનું કામ કરે જાય છે, સમસ્ત સૃષ્ટીનો વહેવાર છે કે ચઢતી અને પડતી બન્ને બાબતોની બાંધણી, મનુષ્યના ભાગ્યને આધિન, કુદરતે પોતાના કબજામાં રાખી છે. જ્યારે મહારાણા રાજસિંહ પાસેથી જ્યેષ્ટ ભ્રાતા ભીમકુમાર પ્રતિજ્ઞા લઈ કંઈપણ બાબતની બીજી લાલસા રાખ્યા સિવાય પોતે પોતાના ભાગ્ય ઉપર આધાર રાખી, પ્રભુના ભરૂંસે ચાલી નીકળ્યો. ઉનાળાની રૂતુ છે, ગરમી પણ અસહ્ય પડે છે, દિવસે તો બહાર નીકળી શકાતું નથી તેવી સ્થિતીમાં પોતે પોતાના માણસોને લઈ ખરા બપોરે પ્રયાણ કર્યું? ગ્રીષ્મ રૂતુનો મધ્યાન્હકાળ મનુષ્યના હૃદયને ત્રાસ આપી રહ્યો છે! સૂર્યદેવ આકાશમાં બિરાજમાન થઈ પોતાના અગ્નિ સમાન કિરણો ફેલાવી પૃથ્વીને દગ્ધ કરી રહ્યા છે, પ્રકૃતિ સ્થિર ગંભિર અને નિશ્ચય છે. વૃક્ષનું એક પણ પાન હાલતું નથી.

ઉદયપુરની સામે આવેલા દેવારી માર્ગે મધ્યાન્હકાળના તિક્ષ્ણ સૂર્યના કિરણોથી તૃપ્ત થઈને એક મહાન વિશાળ અગ્નિકુંડ સમાન બની રહ્યો છે, આવા મધ્યાન્હ સમયે ભીમસિંહ પોતાના રસાલા સાથે મુસાફરી કરતો કરતો આગળ ચાલ્યો જાય છે, પરંતુ અત્યંત ગરમી અને તાપ હોવાથી તેઓનું સમગ્ર શરીર પરસેવાથી ભીંજાઈ ગયું, અને તેમનામાં આગળ જવાની શક્તિ રહી નહીં, તેથી તેમને વિશ્રામ કરવા માટે ઘટાદાર વૃક્ષ નીચે મુકામ કરવાનો હુકમ આપ્યો. ભીમસિંહ પોતે ઝાડની છાયા નીચે બેસી પોતાની અવસ્થાનો વિચાર કરવા લાગ્યો, તે વખતે તેનું હૃદય ભરાઈ આવ્યું અને દીર્ઘ નિશ્વાસ નાંખવા માંડયો, અને તેઓની આંખોમાંથી અશ્રુધારા પૃથ્વીપર પડવા લાગી!

તેઓ ગાદી વારસ હોવાથી મેવાડનું રાજ્ય કરી શક્યા હોત! પરંતુ વિધાતાની વક્ર દૃષ્ટિથી તેમને પોતાના દેશનો ત્યાગ કરવો પડયો, અને તેઓ સંસારરૂપી વમળમાં ગોથા ખાવા લાગ્યા; પરંતુ પરાક્રમી ભીમ પોતાની આવી નાજૂક સ્થિતિ હોવા છતાં લેશમાત્ર પણ હતાશ ન થતાં તેમને પોતાના બાહુબળ અને હૃદયની દ્રઢતા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો. તેઓ સારી રીતે જાણતા હતા કે, ગમે તેવા કપરા સંજોગોમાં આવ્યો હઈશ છતાં હું મારા બાહુબળથી તેમજ મારા નિશ્ચયથી ગમે તેવા સંકટમાંથી મુક્ત થઈશ, તેઓનું ધૈર્ય કોઈ અજબ હતું. મન પરનો કાબુ ઘણોજ મજબુત હતો, તેથી તેમને નિરૂત્સાહ અને નિરાશાને તો ઉંડી ખાઈમાં ફેંકી દઈ પોતે પોતાના મનપર વિજયની તેજસ્વી ભાવના ધરાવતા હતા, આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તેમને પાણીની તૃષા ઘણીજ લાગી હતી, તેથી તે

વખતે પોતાના અનુચરને કહ્યું કે, પાણી લાવો! અનુચર ચાંદીના ગ્લાસમાં પાણી લઈ આવ્યો. તે વખતે ભીમસિંહ જેવો પાણીનો ગ્લાસ મોંઢે મુકવા જાય છે, તેજ વખતે મનમાં વિચાર આવ્યો કે, મેં તો મેવાડની ભૂમિનું જળનું ટીપું પણ હરામ કર્યું છે, અને હું આ શું કરૂં છું?

તેજ વખતે પોતે પાણીનો ગ્લાસ ફેંકી દીધો, અને પોતાના સૈનિકોને કુચ કરવાનો હુકમ આપી મેવાડની ભૂમિને પ્રણામ કરી, ભીમસિંહ બોલ્યો કે, હે વનદેવી! મને ક્ષમા કરશો! મેં ભૂલ કરી હતી, મારી પ્રતિજ્ઞા ભંગ કરવાની અણી ઉપર આવી ગયો હતો. માટે મારી ભૂલની ક્ષમા કરશો?

આ પ્રમાણે બોલી તરતજ પોતાના અશ્વપર શ્વાર થઈ પોતાના રસાલા સાથે ચાલી નીકળ્યા, અને તરતજ મેવાડની હદ ઓળંગી ગયાં!

પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી, પોતે બાદશાહના શાહજાદા બહાદુરશાહ પાસે આવ્યા, બહાદુરશાહે ભીમસિંહને ઘણોજ આદર સત્કાર આપી સ્વાગત કર્યું, અને ભીમસિંહને ત્રણ હજાર ઘોડેશ્વાર લશ્કરના સેનાપતિ બનાવ્યા, વળી તેમના ખર્ચના માટે બાર ગામનો તાલુકો જુદો કાઢી આપ્યો, પરંતુ ભાગ્યદેવીની અનુકુળતા હોય એમજ થાય છે?

પોતે પોતાના હોદ્દા પર આરૂઢ થયા, તેજ વખતથી મોગલ સામ્રાજ્યના વડા સેનાપતિ સાથે તેમને કલેશ થયો, તેના કારણથી બાદશાહે તેમને સિંન્ધુની પેલેપાર મોકલી દીધા, પણ વિધાતાનું કોઈ જુદુંજ ભીમસિંહ માટે નિર્માણ હશે તેથીજ પોતે કાબુલ દેશમાંથી ફરીવાર ભારતવર્ષમાં આવી શક્યા નહિ, તેઓ સાહસિક સ્વભાવના હોવાથી તેમજ પોતાના બાહુબળના

માટે પોતાને ઘણુંજ માન હતું, તે કારણથી વિચાર કર્યા વગર ઘોડા ઉપર સ્વાર થઈને દોડતા, દોડતા, ઘોડા ઉપર ઉભા રહી, વૃક્ષ શાખાને પકડી ઝુલવા જાતા અકાળે મૃત્યુ પામ્યા, ભીમ-સિંહનો જીવનદીપક બુઝાઈ ગયો! ભાગ્યદેવીની કેટલી નિષ્ઠુરતા! ક્યાં મેવાડનો ભાવી મહારાણા થવાની, આશાનો ત્યાગ કરી પિતૃ આજ્ઞા શીરપર ચઢાવનાર.

ભ્રાતૃભાવની લાગણી ધરાવનાર, "વીર ભીમસિંહ" ધન્ય છે એવા નરવીરને! પ્રભુ ભીમસિંહના આત્માને અહરનીશ શાન્તી અર્પો!!!

૬૨—ગૃહકલેશ.

ભારત વર્ષની જો પડતીનું મુખ્ય કારણ હોય તો ફક્ત, અંદર અંદરના ઝઘડા. આ સિવાય બીજું કારણ પણ એ છે કે જ્યારે રાજાઓ એક કરતાં વધારે રાણીઓ પરણે છે, તેથીજ કલેશનું મૂળ વધારે થાય છે.

કારણકે રાજ્યલોભ, અને રાજ્યસત્તાનો મોહ એવો છે, કે બાપ–દિકરાને ન માને, કે દિકરો બાપને ન માને, આવી કફોડી સ્થિતિ રાણા જયસિંહના વખતમાં થઈ. રાણાજીને બે રાણીઓ હતી. એક તો રાણી બુંન્દીના હાડાકુળમાં ઉત્પન્ન થએલી હતી. તેને અમરસિંહ નામનો કુમાર હતો અને તે સૌથી મોટો હતો અને બીજી રાણી કમલાદેવી હતી. કમલાદેવીના ઉપર રાણા જયસિંહનો ઘણોજ પ્રેમ હતો, તેથી પોતે હાડીરાણીને બોલાવતાજ નહોતા, અને આખો દિવસ કમલાદેવીના મહેલમાં પડયા રહેતા હતા. આથી હાડીરાણીને ઘણીજ અદેખાઈ આવતી હતી,

કોઈપણુ રીતે કમલાદેવીને દુઃખી કરવી. અને રાજ્યસત્તા પોતાને લઇ લેવી. આવો વિચાર હાડીરાણીને થતો હતો, જ્યારે ક્લેશ વધતો ગયો ત્યારે રાણાજી કમલાદેવીને જયસમુદ્ર નામના સરોવર પાસેના સુંદર મહેલમાં રાખતો, અને પોતે પણ ત્યાંજ રહેતો.

જયસમુદ્ર મહારાણાએ અપૂર્વ કષ્ટ વેઠી બનાવ્યું છે. અને તે જયસમુદ્ર (મેવાડભૂમિ રત્નગર્ભા) પુષ્પસલીલા, ગિરિતરંગિની, વચ્ચે મહારાણાએ એક રસ્તો બાંધી બનાવ્યું છે. ભારતવર્ષમાં જેટલાં તળાવો છે, તે સર્વમાં શ્રેષ્ટમાં શ્રેષ્ટ તળાવ જયસમુદ્ર છે, લગભગ પંદર કોષનો ઘેરાવો છે, તે જયસમુદ્રના પાણીથી ખેતીવાડીને ઘણોજ ફાયદો મળે છે.

આ જયસમુદ્રની પાસે આવેલા મહેલમાં, રાણી કમલાવતી અને રાણા જયસિંહ ફક્ત ગૃહકલેશના કારણથીજ રહેતા હતા. છતાં રાણાને ત્યાં પણ શાન્તિ ન મલી; કમલાદેવી નાની હતી, છતાં તે સ્વામિની કૃપાપાત્ર થઇ હતી, તેથી તેની શોક્ય હાડી-રાણીથી આ દુઃખ ખમાતું નહોતું, અને કમલાદેવીનું સુખ તેનાથી જોવાતું નહોતું, કહેવતમાં કહ્યું છે કે **"ફાટયા મોંમાં પગ સૌ ઘાલે."**

આ બન્ને રાણીના વેરભાવને લઇ રાજ્યકુટુંબમાં મોટો ઝગડો ઉભો થયો. આ ઝગડાના કારણથી શત્રુઓ વિશેષ પ્રબળ થયા. મેવાડની દશા દિવસે દિવસે બગડવા માંડી.

મહામંત્રી દયાળશાહ પણ આ પરિસ્થિતિથી ઘણોજ દુઃખી થઈ કંટાળી ગયો હતો, છતાં પોતે પોતાની ચાણક્ય બુદ્ધિથી પોતાનું સંપૂર્ણ કાર્ય બજાવતો અને મેવાડને કોઈપણ જાતની આફત ના આવે તેવી રીતે કાળજી ધરાવતો હતો. આ

ગૃહકલેશની વાતો ગામોગામ થવા લાગી, છેવટે દિલ્હીના શાહ સુધી આ સમાચાર પહોંચ્યા. ત્યારે ઔરંગઝેબે પણ ફરી મેવાડ-પર છાપો મારવાની ઇચ્છા કરી, પણ તે તો વાત દિલ્હી રહી? પણ મહારાણા રાજસિંહને ઝેર અપાવી મારી નંખાવવા સારૂ તેમની પાસે જે પુરોહિત હતો તે પૂરોહિત મહારાણાશ્રીના સ્વર્ગવાસના સમાચાર જાણી, અને કમલાદેવી અને હાડીરાણીના કલેશની વાતો સાંભળી, હાડીરાણી સાથે ગુપ્ત સંદેશા ચલાવતો હતો, અને જ્યારે હાડીરાણી સમજી ગઈ કે, જો પૂરોહિત પાછો આવે તોજ મારા મનનું ધાર્યું થાય. તેથી તેણે સમાચાર મોકલાવ્યા કે:—

આથી પૂરોહિત મહાત્માના વેષમાં ઉદયપુરના ચોકમાં આવ્યો અને તે જગાએ ધુણી ધખાવી અજ્ઞાન પ્રજાની અજ્ઞાનતાનો લાભ લઈ પ્રજાને પોતાના વિશ્વાસમાં લાવવામાં ફળીભૂત થયો, અને હાડીરાણી પણ મહાત્માની પાસે આવવા લાગી.

આ કારસ્થાન એટલું બધું ગુપ્ત ચાલતું હતું કે કોઈપણ વ્યક્તિ આ ભેદ જાણી શકતી નહોતી. આખરે મેવાડનું ભાવી જોખમમાં આવવાનું હશે એવુંજ વિધિએ ધાર્યું હશે, તેથીજ આજે મેવાડના રાજ્યમહેલમાંથી "**ગઈ સાનને શુદ્ધિ, વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.**"

આ વેળા મહાત્માએ પોતાનો પગદંડો એવો જમાવ્યો હતો કે, ગામમાં દરેક ઠેકાણે તેનીજ પ્રસંશા થતી, અને હજારો લોકો તેની પાસે આવતા અને આશિર્વાદ લેતા.

"**જ્યાં લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે**" આ કહેવત અત્યારે મેવાડની રાજધાનીના શહેરમાં ચાલતી હતી, મહાત્માનો આખો દિવસ સમાધિમાંજ જતો હતો, જ્યારે

મહાત્માની પ્રશંસા છેક મહામંત્રી દયાળના મહેલ સુધી પહોંચી ત્યારેજ પાટમદેના જાણવામાં આવી. અને પાટમદે મહાત્માને જોવા નિમિત્તે ત્યાં આવી.

પાટમદેએ મહાત્માને દેખી પોતાની બુદ્ધિ અનુસાર નક્કી કર્યું કે જરૂર આ મહાત્મા નથી. પરંતુ આ કોઈ ધરભેદું છે! અને ત્યાંથી તરતજ પોતે પોતાના સ્થાનપર આવી. અને મનમાં વિચારવા લાગી કે, ક્યાં મહારાણા રાજસિંહ, અને ક્યાં પ્રમાદિ-વિલાસી જયસિંહ? હાય! ભાવિ, જેવી શાસન દેવીની મરજી?

મેં કર્યું, મેં આ કર્યું, એ માનવી મિથ્યા બકે,
ઈશની આજ્ઞા વિના, ના પાન પણ હાલી શકે.

૬૩–મહાત્માની કરામત અને કારસ્થાન.

મહાત્માની પ્રસંશા ઠામ ઠામ થવા લાગી. કોઈ બાધા લેવા, કોઈ આશિર્વાદ લેવા, તો કોઈ છોકરાં લેવા, કોઈ પૈસા લેવા. આ પ્રમાણે દરેકજણા પોતાની મતલબ માટે મહાત્મા પાસે આવતા હતા.

હાડીરાણીએ પણ વિચાર કર્યો કે, હવે મહાત્માને આપણા મહેલમાં બોલાવવામાં વાંધો નહિ આવે, અને તેઓને અત્રે બોલાવી બધી વાતચીત કરી, આગળ ઉપર શું કરવું તેનો વિચાર કરીશું ?

તેજ વખતે વિચાર કરી હાડીરાણીએ પોતાની દાસી દ્વારા મહાત્માશ્રીને પોતાના મહેલમાં આવવા માટે આમંત્રણ મોકલ્યું, તુરત મહાત્માજીએ દાસીના કહેવાથી આમંત્રણનો સ્વિકાર કર્યો ? બપોરના ટાઈમે આવીશ. આ પ્રમાણે સમાચાર લઈ દાસી ચાલી ગઈ. દાસીએ હાડીરાણીને સમાચાર આપ્યા કે,–બા ! મહાત્માશ્રી બપોરના ટાઈમે આપણા મહેલમાં પધારશે !

તેજ વખતે હાડીરાણીએ મહાત્માના માટે સ્વાગતની તૈયારીઓ કરવા માંડી. ખાવા માટે, બેસવા માટે, વિગેરેની તમામ સુંદર ગોઠવણો તૈયાર કરવામાં આવી. બપોરના ટાઈમે મહાત્મા પગે ચાલતા "ૐાંમ્, શીવ, ૐાંમ્, શીવ," કરતા કરતા પગમાં ચાકડીઓ, હાથમાં કમંડળ, ગળામાં રૂદ્રાક્ષની માળા, અને ભગવી રેશમી કફની, અને અંગપર ભભૂત લગાવી, કપાળે ત્રિશુળ કરી, રાજામહેલમાં પધાર્યા.

હાડીરાણીએ નમસ્કાર કરી, મહાત્માશ્રીને આશન આપ્યું, અને મહાત્માજી આપેલા આશન ઉપર બિરાજ્યા.

મહાત્મા જાણે સમાધીના સ્વરૂપમાં રહી બોલ્યા કે, મહારાણી તમો હમણાં ઘણીજ ઉપાધીમાં છો? ખરૂંને!

હા, મહારાજ! હાડીરાણી બોલી.

તમારી શોક્ય અને મંત્રી દયાળશાહ અને રાણાજી એ ત્રણે જણાને તમે તમારા માર્ગમાંથી દૂર નહિ કરો ત્યાંસુધી તમને કે તમારા કુમારને જરાપણ સુખ આવવાનું નથી. આ બધા દુઃખનું મૂળ ફક્ત એકજ તમારો વાણીયો મંત્રીજ છે. મહાત્માએ આગળ ચલાવ્યું.

મને આપના વચન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા છે, આપજ મારા હિતેચ્છુ છો, આપશ્રી આ દાસી ઉપર દયા લાવી આટલું કામ પાર પાડી આપો તો આપનો ઉપકાર કદાપી નહિં ભૂલું. હાડીરાણી બોલી.

આપનું કહેવું યથાર્થ છે, તે કામ તો મારા ડાબા હાથનું છે. કોની તાકાત છે કે આ મહાત્માના પંઝેથી કોઈ બચાવી શકે? માટે આપ મારી શરત મંજુર કરો એટલે તમારો બેડો પાર.

આપની તમામ શરતો મારે મંજુર છે, અને વધારામાં એટલુંજ કહું છું કે, આપ જો મારા અમરને રાણો બનાવો તો મંત્રીપદ મારે આપનેજ આપવું?

ત્યારે મહાત્મા લલચાયો—અને વિચાર્યું કે હવે આવેલો શીકાર હાથથી જવા દેવો તે ઠીક નહિ, મહામંત્રી દયાળે મારા ઉપર જે જુલ્મ ગુજાર્યો છે, તેનો બદલો લેવાનો સમય આવ્યો છે, માટે આવેલી બાજી ગુમાવે તેના જેવો મૂર્ખ કોઈ નહિં, માટે રાણીજીને બધી વાત સમજાવી તમામ હકીકત નક્કી કરી, મહાત્માજી ઉઠયા ને ચાલવા તૈયારી કરી."

આ વખતે હાડીરાણીએ મહાત્માના ચર્ણે સુંદર રકમની ભેટ ધરી, તેમજ બીજી પણ ઘણી ભેટો આપી પગે લાગી મહાત્માજીને વિદાય આપી. મહેલમાંથી મહાત્મા જેવા બહાર નીકળે છે, તેવોજ દયાળ સામે મલ્યો, ત્યાંતો તરતજ મહાત્મા નીચી નજરે દયાળના સામું જોયા વિના ચાલ્યો ગયો?

દયાળ વિચારમાં પડયો કે આ મહાત્મા અહિં ક્યાંથી? તરતજ દયાળને શંકા પડતાં પોતાના વિશ્વાસુ સરદાર રણજીતને કહ્યું કે આ મહાત્માની પાછળ જા અને તપાસ કર કે તેનો કઈ જગ્યાએ મુકામ છે, અને આપણા ગુપ્તચરોને ખબર આપો કે, મહાત્માની તપાસ રાખે?

તરતજ દયાળ હાડીરાણી પાસે ગયા?

બા! બા! મંત્રીજી પધારે છે, દાસીએ દોડતાં દોડતાં હાડીરાણીને સમાચાર આપ્યા.

આવો! આવો! મેવાડના મંત્રીશ્વર, પધારો! બેસવા આસન આપ્યું. કેમ? અમારા બ્હેન પાટમદે મજામાં છે ને? તબિયત તો સારી છે ને? આજે આપ જેવા મોટા માણસના પગલાં આ

અણુમાનીતી રાણીને ત્યાં ક્યાંથી ? ધન્ય ભાગ્ય! અમારાં! આપ ઘણા વખતે મરી ગએલી રાણીની ખબર લેવા આવ્યા! હાડીરાણી કટાક્ષમાં બોલી. માતાજી! વ્યંગમાં બોલવાની જરૂર નથી! ફક્ત પૂછું એટલોજ જવાબ આપો? દયાળ મક્કમતાથી બોલ્યો.

શું પુછવા માંગો છો ?

આવેલા મહાત્મા કોણ હતા? અને અહીં કેમ આવ્યા હતા, અંતઃપુરમાં આવવાનું શું કારણ હતું? તેનો જવાબ આપો? સમજ્યા! રાણીસાહેબ! દયાળે એકસામટા સવાલો પુછ્યા.

દયાળનો હાંકોટો સાંભળતાંજ હાડીરાણી ચમક્યાં, કે ભોગ મળ્યા. (સ્વગત) ક્યાંથી આ મુઓ સામો મળ્યો? હાડીરાણીએ મનપર કશો દેખાવ ન રાખતાં જવાબ આપ્યો કે, મહાત્મા ઘણાજ પવિત્ર અને ધર્મિષ્ટ છે તેથી મેં તેમને તેમનાં દર્શન કરવા માટેજ બોલાવ્યા હતા, (મનમાં-તારૂં નીકંદન કાઢવા સારૂંજ બોલાવ્યા હતા).

મહાત્માનો મુકામ કઈ જગા ઉપર છે? દયાળે પૂછ્યું.

ઉદયપુરમાંજ અને બજારના ચોગાનમાંજ પોતાનો મુકામ રાખ્યો છે, વળી દયાળભાઈ, મહાત્મા ઘણાજ ત્રીકાળદર્શની છે, અને ભૂત, ભવિષ્યના જાણકાર છે, ઘણાજ વિદ્વાન અને નિર્લોભી વળી નિર્લેપ છે. હાડીરાણીએ કહ્યું.

હવેથી જો કોઈ મારી રજા સિવાય કે સંમતિ સિવાય આવશે તો તે સખ્ત શિક્ષાને પાત્ર થશે, આટલો ગુન્હો માફ કરવામાં આવે છે, દયાળે નિડરપણે જણાવી દીધું.

આટલું બોલી દયાળ તરતજ ચાલ્યો અને પોતાના વિચારભુવનમાં આવ્યો, અને હાડીરાણીના બોલવાના શબ્દો ઉપર તોલ કરવા લાગ્યો, અને આખરે સમજ્યો કે જરૂર કંઈ કાવત્રું

છે, જેવી ભાવીની મરજી. રાણા જયસિંહની આવી દુઃખદ સ્થિતિ, વળી કુટુંબી કલેશના કારણથી મેવાડની પ્રજાની સુખ-શાંન્તિ માટે અણહદ કાળજી રાખતો, અને આખી મેવાડની પ્રજા મહામંત્રી દયાળનેજ મહારાણા સમજતી હતી ?

દયાળે પ્રજા માટે ઘણોજ આત્મભોગ આપ્યો છે! તરતજ દયાળ રાજમહેલમાંથી ગુરૂદેવ માનસૂરિશ્વર પાસે જવા નીકળ્યો.

૬૪–આચાર્યશ્રી માનસૂરિશ્વરજી.

ભૂતકાળમાં જે શાસનની તેમજ જૈનોની મહત્તા વધારી હોય તો, સેવાભાવી મહાપુરૂષોના પ્રતાપ છે, જેમ જેમ તમે ઉંડા ઉતરશો તેમ તેમ તમને સમજાશે કે આગળના આચાર્યદેવોએ શાસન માટે શો–શો ભોગ આપ્યો છે, આગળના વખતમાં માનતુંગ સૂરિશ્વર વિક્રમના વખતમાં સિદ્ધસેન દિવાકર, રાજા સિદ્ધરાજના વખતમાં હેમચંદ્રાચાર્ય, સમ્રાટ અકબરના વખતમાં હિરવિજયસૂરિ, જેઓના નામ આજે સુવર્ણ અક્ષરે ઇતિહાસમાં ચમકી રહ્યાં છે.

રાણા રાજસિંહના સમયમાં માનસૂરિશ્વર પણ એવાજ પ્રભાવશાળી અને પરમ ઉપકારી હતા, જ્યારે જ્યારે દયાળ મુંઝાતો ત્યારે દયાળ ગુરૂદેવ પાસે પોતાની મુંઝવણ ટાળતો હતો.

ગુરૂદેવ પોતાના ધ્યાનમાં હતા તે વખતે દયાળે વંદણા કરી ગુરૂદેવ સમક્ષ બેઠક લીધી, થોડીવાર પછી ગુરૂદેવે પોતાનું ધ્યાન

પુરૂં કર્યું અને દયાળ સામું જોતાં બોલ્યા, કેમ ? મંત્રીશ્વર, સુખ શાતામાં તો છો ને ?

હા, ગુરૂદેવ ! દયાળશાહે નમનતાથી જવાબ આપ્યો.

મંત્રીજી ! આજે બહુજ ગંભિર વિચારમાં લાગો છો ?

હા ! ઘણાજ અટપટા અને ન કલ્પી શકાય તેવા વિચારમાં છું.

હરકત ન હોય તો જણાવશો ?

ગુરુદેવ ! કોઈ મહાત્મા ત્રીકાળદર્શન આવ્યા છે ? તેમાં મને ભેદ લાગે છે ! આપ શું ધારો છો ? દયાળે વિનયથી પૂછ્યું.

ગુરૂદેવે જવાબ આપ્યો, દયાળશાહ મારે તને એટલુંજ કહેવાનું છે કે ઘણોજ સંભાળી ચાલજે, ઘણુંજ વીપરીત પરિણામ આવશે, પાપીઓના પગ ઉદયપુરમાં પેસી ગયા છે, તે છેક તારા રાજ્યમહેલ સુધી પાપી પીશાચોના પંઝા વાગી ચુક્યા છે, માટે સમય ઓળખી લઈ જે કરવું હોય તે જલ્દીથી કરજે.

પ્રભાતનો પોહ ફાટતાંજ તું આવેલા મહાત્માને નજરકેદ કર, અને હાડીરાણી તથા કોઈપણ માણસો, નોકર કે દાસી તારા હુકમ સિવાય મહેલની બહાર જવા ન પામે, જો મારી આટલી સુચના નહિ માને તો સમજજે કે જરૂર તારા માથે કોઈ ભયંકર આફત ઉતરશે.

ગુરૂદેવ ! " આપ તો કોઈ અજબ વ્યક્તિ છો, આપે તો મારા જીવનમાં નવું ચૈતન્ય રેડયું છે, આપે સમયસર મારી આંખ ઉઘાડી છે, જરૂર આપના હુકમ મુજબ પ્રભાત થતાંજ અમલ ચલાવીશ. " દયાળે પ્રત્યુત્તર આપ્યો.

હું થોડા વખત માટે, અરવલ્લિના પહાડના જંગલમાં તપશ્ચર્યા કરવા સારૂ જવાનો છું, વખતે કામ પડે તો મને ત્યાં મળશો,

હું સવારેજ વિહાર કરવાનો છું, માટે તને યાદ દેવરાવું છું, તું તારા કર્તવ્યમાં કિર્તી મેળવ અને પાપીઓના મોંઢા કાળા કર. જા તને મારો આશિર્વાદ છે! ગુરૂદેવ હિમ્મત આપતાં બોલ્યા.

"જેવી ગુરૂદેવની આજ્ઞા!" દયાળે ગુરૂદેવને વંદન કરી પોતાના નિવાસ તરફ પ્રયાણ કર્યું. જ્યાં પાટમ પોતાના વ્હાલા પતિની રાહ જોઈ રહી છે. દયાળને આવતાં દેખી આનંદ પામી અંદર ચાલી ગઈ.

૬૫—પવિત્ર દંપતિ યુગલ.

લગભગ રાત્રિના બાર વાગે ગુરૂદેવ માનસૂરિશ્વરની પાસેથી દયાળશાહ પોતાના નિવાસસ્થાને આવ્યો. પાટમદે વાટ જોતી હતી? તે પણ પેલા મહાત્માનોજ વિચાર કરતી હતી. ત્યાંતો દયાળશાહ મહા ગંભિર વિચારમાં હોય એવી દશામાં પોતાની મુલાકાતના હોલમાં બેઠો, તેટલામાં પાટમ આવી. અને બોલી?

નાથ! આજે આપ બહુ ઉંડા વિચારમાં છો ખરૂં?

હા! વ્હાલી, આજે હું જેટલા વિચારમાં છું તેટલા વિચારમાં કોઈ દિવસ પણ હતો નહિ, તેનું કારણ શું છે? તે મને સમજાતું નથી. વ્હાલી! તને ખબર છે કે આપણા શહેરમાં એક પ્રભાવશાળી મહાત્મા આવ્યા છે?

હા, નાથ! તે મહાત્માની મુલાકાત કરી આવી પણ મારા

મનમાં તો કંઈ ભેદી હીલચાલ ભરેલું કાવત્રું જણાય છે, ગમે તે હો પણ તે મહાત્મા માટે વિચારવા જેવો પ્રશ્ન છે?

હા! પાટમ, હું પણ તેજ વિચાર કરૂં છું, તેમજ આચાર્ય શ્રીમાનસુરિશ્વર મહારાજ પણ તે મહાત્માની બાબતમાં શંકા ધરાવે છે, ગમે તેમ હો પણ મને મેવાડના ભાવીમાં કોઈ મહાન આફત જણાય છે, મારો વીચાર છે કે સવારના પહોરમાંજ તે મહાત્માને ચોકસીમાં રાખવા. અને હાડીરાણીના ઉપર ચાંપતી દેખરેખ રાખવી.

નાથ! મારો પણ એજ વિચાર હતો કે, હું આપણુને આ બાબતમાંજ અરજ કરવાની હતી, તે વાત આપે પ્રથમજ નક્કી કરી છે, તેથી મારે હવે કંઈ કહેવાનું નથી? ત્યારબાદ કેટલોક વખત પોતાના જીવન સંબંધી સુખદુઃખની વાતો ચાલી.

નાથ! હવે આપ કૃપા કરીને આ રાજકાર્યની ઉપાધિ ત્યાગી કંઈક આત્મકલ્યાણનું સાર્થક કરો? પાટમદે બોલી. કારણ કે કાયાનો ભરૂંસો નથી, ક્યારે યમરાજનું તેડું આવશે તે કંઈ કહી શકાતું નથી, માટે મારૂં કહ્યું માની હવે આપ ધર્મકાર્ય-માંજ જીવનનો પાછલો ભાગ શાંન્તિમય ગુજારો.

પાટમ, તારૂં કહેવું યથાર્થ છે, મારી પણ એજ ભાવના અહરનીશ થયા કરે છે, પણ મર્હુમ મહારાણાશ્રીને આપેલું વચન મને મારી ફરજ બજાવવા માટે મજબુત કરે છે. આજે મહારાણા જયસિંહની બન્ને રાણીઓમાં મહાભયંકર કલેશ ઉભો થયો છે, સાજ સામગ્રી અને સત્તાનો મોહ લાગ્યો છે, કુમાર અમરસિંહ ક્યારે હલ્લો કરશે તે સમજી શકાતું નથી?

પાપી બાદશાહ ક્યારે પાછો મેવાડ ઉપર આવી ચઢશે તે

કલ્પી શકાતું નથી! કારણ કે જ્યાં કુસંપના વાતાવરણમાં સૌ કોઈ પોતપોતાનો લાભ ઉઠાવવા કટીબદ્ધ થયા છે, આવી સ્થિતિમાં મેવાડને મૂકી દઉં તો મર્હુમ મહારાણાનો આત્મા દુઃખી થશે, છતાં હવે પ્રભાત થતાંજ હું મારા નિશ્ચય ઉપર આવીશ.

આપનું કહેવું સત્ય છે! મનુષ્યનું મુખ્ય ભૂષણ પોતાના વચનપર મજબૂત રહેવામાંજ છે. આપશ્રીને તદ્દન નિવૃત્તી લેવા નથી કહેતી, પણ હવે નિવૃત્તી લેવાનો અભ્યાસ કરો, ધીમેધીમે કામનો બોજો ઓછો કરી થોડો ઘણો ટાઈમ બચાવી પ્રભુ-ભક્તિમાં તલ્લીન બનો. પાટમદેએ જણાવ્યું.

નાથ! મારા બોલવા ઉપર ખોટું લગાડશો નહિ, પણ આજે મારી વિનંતિ જરૂર માનવી પડશે. કારણ કે આજે આપ રાતના નગરચર્ચા જોવા જવાનું સાહસ ન કરશો; કારણ કે આજે મારી જમણી આંખ, અને જમણું અંગ ફરકે છે, મને આજની રાત ઘણીજ ભયંકર લાગે છે, માટે આપ આ દાસીના વચન ઉપર કૃપા કરી વિશ્વાસ રાખી આપ શાંન્તિથી ઘરમાં રહો. બહાર ન જશો.

ગાંડીરે, ગાંડી! તારા જેવી વિરાંગનાને, આવા નકામા વહેમના ખરાબ વિચારો ક્યાંથી આવે છે? માટે એવા વિચારોથી આત્માને ડરાવવો અને પોતાના કર્તવ્યમાંથી પાછો પાડવો તે ભૂલ છે, તારે કશી ચિંતા કરવાની નથી. સાચો જૈન તો પોતાના હાથમાંજ જીવન મરણના પ્રશ્નને રાખે છે. સાચો જૈન મોતથી ડરતોજ નથી, મોતથી ડરે તેને જૈન કહી શકાયજ નહિ. માટે વ્હાલી! આવો નકામો વહેમ કરી હૃદયને દુઃખી ન કરીશ.

નાથ! હું પણ તમારીજ સહચરી છું. તમારાજ શિખવેલા પાઠોથી મને ઘણોજ અનુભવ મલ્યો છે, શું પાટમને આપ કાયર અને કૃતઘ્ની માનો છો? ના, ના, મને મારા આત્મા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે તેથીજ બોલું છું કે આપ આ કીંકરીની સલાહ માનો તો ઉપકાર?

તારૂં કહેવું ઉચિત છે, જરૂર મારે તારા બોલ પર વિશ્વાસ રાખવો જોઇએ, પણ, આજની ફરજ મારી ઘણીજ વિચિત્ર છે કે મારે થોડો વખત પણ ગયા સિવાય અને પેલા આવેલા મહાત્માની તપાસ કર્યા વગર છૂટકો નથી? દયાળે જણાવ્યું.

જેવી આપ પ્રાણેશની મરજી, ભલે સુખેથી જજો પણ આપ જરા ઉદાસીમાં છો તો જરા આનંદ તો કરો?

તારી અમૃતમય વાણીથી મને જેટલો આનંદ થાય છે, તેટલો આનંદ મને જગતભરના વૈભવથી પણ થતો નથી, મારા અહોભાગ્ય! કે હું તારા જેવી પવિત્ર પરાયણ પ્રેમદા પામ્યો છું, વ્હાલી! મને ફક્ત તારા સહેવાસમાં અને તારા પવિત્ર વિચારોમાં અતિશય આનંદ અને આહ્લાદ આવે છે?

ચાલો, બહુ થયું. હવે ઝાઝા વખાણ કરવા બંધ કરો અને આ વ્હાલીની અંતિમ ઇચ્છાને આપ નીષ્ઠુર ન બનતા આશાભરી અબળાપર કૃપા કરી આપના પવિત્ર પ્રેમનો આનંદ આપી મારી અસ્થીર થયેલી વૃત્તિને સ્થીર કરવા ઉદારતા વાપરો! પાટમદે શરમાતા શરમાતા હાસ્ય કરતાં બોલી.

શાબાશ છે! મારી પાટમ, શું તારાં મર્મભેદક શબ્દો! શું તારો ગ્રહસ્થાશ્રમ? જેવી પાટમની મરજી? તારો દયાળ તારા સુખને માટે સદાય તારે આધીન છે.

ચાલો, વ્હાલા! થોડોક વખત આરામ કરીએ. બન્ને આત્માઓ એકબીજાના સહેવાસમાં આનંદ લેતા સંસારીક સુખનો લ્હાવો લેવામાં પડયા.

વાંચકવર્ગ! આપણે જરા ગંભિરતા ધારણ કરવી જોઈએ, અને બંન્ને દંપતિના સુખમાં ભંગાણ ન પાડવું જોઈએ એ દરેકની ફરજ છે. હવે આપણે મહાત્મા તરફ વળીએ.

૬૬–પિશાચ મહાત્માનો ભયંકર પ્રપંચ.

જ્યારે અર્ધરાત્રીના સમયે દયાળશાહ પોતે પોતાની પત્નિની સાથે પ્રેમગોષ્ટી કરી રહ્યો હતો. અને રાત્રિના બાર વાગતાં નગરચર્યા જોવા સારૂં અશ્વપર સ્વાર થઈ નગરમાં જવા તૈયારી કરી. તેજ વખતે બિલાડી આડી ઉતરી. નાથ! હજુ પણ આ દાસીનું કહ્યું માનો તો સારૂં! "જ્યાં વિધાતા અનુકુળ ન હોય ત્યાં કોઈનું કહ્યું ગમે તેવું સાચું હોય તોપણ ધ્યાનમાં ન આવે."

વ્હાલી! જઉં છું. અને હાલજ પાછો આવું છું? હસતાં હસતાં દયાળ બોલ્યો.

શાશનદેવ તમારૂં રક્ષણ કરો! દયાળ જવાબની રાહ ન જોતાં તરતજ ચાલ્યો ગયો, અને પાટમ ગમગીન ચહેરે પોતાના શયનભુવનમાં આવી. પરંતુ પાટમદેને જરાપણ ચેન ન પડ્યું. ઉંઘ ન આવી. અનેક જાતના વિચારો આવ્યા કરે, છતાં પોતે

શાંન્ત હ્રદયથી શાશનદેવનું સ્મરણ કરતી પોતાના વ્હાલાની વાટ જોતી પડી રહી.

દયાળશાહ બજારમાં રસ્તા ઉપર ચાલ્યો જાય છે, કોઈપણ માણસની અવરજવર દેખાતી નથી. અને આખું નગર શાંન્ત નિંદ્રાદેવીની ગોદમાં આળોટે છે.

તેવા સમયમાં અચાનક દયાળની પાછળથી ચાર પાંચ સશક્ત બાંધાવાળા માણસો આવ્યા. અને દયાળનાં મોં ઉપર કાળો બુરખો નાંખી એકદમ રસીથી બાંધી લીધો અને તેજ ઘોડા ઉપર બીજો શ્વાર થયો, અને દયાળને પહાડની ખીણના રસ્તે લઈ ગયો.

દયાળ બંધનમાં પડયો, કોઈ રીતે પોતાના છૂટવાની આશા હવે જણાઈ નહિ. જેવી ભાવીની મરજી.

પાટમદે વાત જોતી હતી. ત્રણ વાગ્યા પણ દયાળ આવ્યા નહિ, તેથી તેને અજંપો થવા લાગ્યો. તે વખતે પાટમે રણજીતને બોલાવ્યો, અને દયાળશાહની ખબર કાઢવાને મોકલ્યો પણ દયાળનો પત્તોજ ન લાગ્યો, અને રણજીત પાછો આવ્યો. તે વખતે પાટમે પૂછ્યું. પેલા મહાત્મા બજારના ચોકમાં છે કે નહિ? ત્યાં રણજીતે તપાસ કરી કે ત્યાં કોઇ મહાત્મા નથી, તેજ વખતે પાટમદેને વહેમ પડયો. જરૂર આ કાવત્રું એજ પાપી મહાત્માનું છે.

વિરાંગના પાટમદે તરત પુરુષના પોષાકમાં સજ્જ થઈ રણજીતને હુકમ આપ્યો કે આપણા ચુનંદા સૈનિકોને તરત બોલાવો. ત્યાંતો રણજીત શૂરવિર સૈનિકોને બોલાવી લાવ્યો, અને પાટમદેએ રણજીત અને સૈનિકોને સાથે લઈ દયાળની તપાસ કરવા સારૂ અરવલ્લિના પહાડની ખીણ તરફ જવા તૈયારી કરી.

તેવામાં બીજા ત્રણ ચાર સૈનિકો દોડતા દોડતા આવ્યા, અને સમાચાર આપ્યા કે, રાણા જયસિંહને પણ કોઈ પાપી પિશાચો પકડી ગયા છે, અને કેદ કર્યા છે.

આ સાંભળી પાટમદે વિચારમાં પડી. આ કોઈ ભયંકર કાવત્રું છે, કાચાપોચા હૃદયવાળાનું આ કામ નથી, માટે જેમ બને તેમ જલ્દી મંત્રી અને રાણાના બચાવ માટે બનતી મહેનત કરવી જોઈએ.

તેજ વખતે તરત પાટમદે પુરૂષના પોષાકમાં રણજીત અને સૈનિકોને લઈ, જેવી આગળ જવા તૈયારી કરે છે તેવાજ દશ-બાર ઘોડેશ્વાર મલ્યા.

તમો બધા ક્યાં જાઓ છો ? પાટમદેએ પૂછ્યું.

મહામંત્રી દયાળશાહના મકાનપર જપ્તી કરવા સારૂ.

કોના હુકમથી ?

હાડીરાણીના.

ભલે ! ખુશીથી જાઓ ! પાટમ સમજી ગઈ કે મામલો બગડેલો છે, હાલ તો પતિદેવના છુટકારાનો ઉપાય શોધ્યા સિવાય બીજી કોઈ બાબત હાથ ધરવામાં સાર નથી; વધારે વિચાર કરવા ન રહેતાં તરતજ પોતાના માણસો સાથે અરવલ્લિના પહાડના રસ્તે કુચ કરવા માંડી; આજે પાટમદેના ભાગ્યનો સિતારો રાખવો કે ન રાખવો તે પ્રભુના હાથમાં છે.

પાટમદેની સ્થિતિ આજે ઘણીજ વિકટ પ્રસંગમાં આવી પડી છે, પાટમદે સમજુ અને ગંભિરતાવાળી તેમજ આશાવાદિ હોવાથી પોતાના કાર્યમાં નિરાશાને સ્થાન આપ્યા વગર આગળ કુચ કરવાની ચાલુ રાખી.

બદમાશો દયાળને મુશ્કેટાટ બાંધી અરવલ્લિના પહાડની ખડક

ઉપર લઈ ગયા. પૂરોહિત–મહારાજ! લ્યો, આ તમારો શિકાર. જે કામ ભલભલાથી ન થાય તે કામ આજે અમે બજાવ્યું છે. માટે અમને અમારૂં ઇનામ આપો.

પૂરોહિત દયાળને બંધનમાં જોઈ ઘણોજ ખુશી થયો, જે બદમાશો દયાળને લઈ આવ્યા તે લોકોને પૂરોહિતે બક્ષિસ આપી. ત્યારબાદ થોડીજવારે મહારાણા જયસિંહને પકડી દશબાર બદમાશો આવ્યા; પૂરોહિતને! લ્યો; આ તમારો બીજો શિકાર!

શાબાશ! મારા શૂરવીરો, આજે તમે મારૂં જે કામ બજાવ્યું છે, તેના બદલામાં જ્યારે હું મંત્રીપદે આવીશ ત્યારે તમને એવું ઇનામ આપીશ કે, "તમારે જીંદગી સુધી કમાવવાની જરૂર નહિ પડે." જાઓ, તમે થોડીવાર વિસામો ખાઓ! પછી આપણે આ બે જણાનો નિકાલ લાવી મેવાડના સિંહાસન પર મહારાણા અમરસિંહને બેસાડી તેમની સેવા નિમકહલાલીથી બજાવીએ.

આ પ્રમાણે પૂરોહિતને તેના સૈનિકો સાથે જે વાતચીત થઈ તે તમામ વાતચીત બંધનમાં પડેલા દયાળે પોતાના બાહુ-બળથી બાંધેલા બંધ ઢીલા કરી જરા શુદ્ધિમાં આવી સાંભળી લીધી. અને પોતે પૂરોહિતને જોતાંજ સમજી ગયો કે આ મહાત્મા રાજ્યમહેલમાં હાડીરાણી પાસે આવ્યો હતો તેજ!

દયાળ ગુપચુપ બેભાન સ્થિતિમાં પડી રહ્યો અને તેજ વખતે મહારાણા જયસિંહના પકડાયાના સમાચાર વાતચીત પરથી જાણવામાં આવ્યા, આથી દયાળ તરત સમજી ગયો, "મહારાણાને મારી નાંખવા આ કાવત્રું મહાત્માએજ રચ્યું છે."

તે પછી બીજા સૈનિકો પૂરોહિતને ખબર આપવા આવ્યા કે, જે **રાજ્ય ભંડાર** "કામલનેરના" કિલ્લામાં રહેતો હતો.

તે ભંડાર કબજે કરવા સારૂં અમરકુમાર દશહજાર ઘોડેશ્વારનું લશ્કર લઈ ગયા હતા, પણું કોમલનેરના રક્ષક દ્રેપા સરદારને અમરસિંહની હીલચાલ ઉપર શક પડવાથી, જરાપણ નમતું ન આપતાં અમરકુમારની સામે બહાદુરીથી લડયો,

આખરે! અમરકુમારને હાર ખવડાવી, તેની ધારણા ધુળમાં મેળવી ?

પૂરોહિતજી! કુમારની ધારેલી આશાઓ ફળીભૂત થઈ નહિ.

મંત્રી દયાળ, આ વાત સાંભળી મનમાં ખુશી થયો, શાબાશ છે! સરદાર! દૂપાને!! પોતાના માલીકને ખાતર, મોતના ખેલ ખેલી પાપીઓની ધારણાપર પાણી ફેરવ્યું ?

થોડીવાર પછી, દયાળ શુદ્ધિમાં આવતાંજ, રાણાશ્રીને બંધનમાં જોઈ બોલ્યો. "કોણ ? મહારાણા જયસિંહ ? આપ પણ આ સ્થિતિમાં ?"

"દયાળ, કોઈ રીતે હવે આપણો છુટકો થાય તેમ લાગતું નથી ? મારા હાથનાં કર્યાંજ હૈયે વાગ્યાં. "હુંજ પાપી કે મેંજ હાથે કરી કલેશનું મૂળ, ઉભું કર્યું છે ?"

"નામદાર! હવે પસ્તાવવાથી શું ફાયદો ? હવે તો પ્રભુપર ભરૂંસો રાખો. "આ પાર કે પેલે પાર."

કેમ ? અલ્યા ! તું મારો નોકર, મારા ઘોડાનો એક વખતનો ખાસદાર. તેં મારૂં સત્યાનાશ વાળવામાં બાકી રાખ્યું નથી ? તેથીજ આજે તેનો બદલો તારી પાસેથી વ્યાજ સાથે ચુકવીશ. ત્યારેજ મને આનંદ થશે. "હવે તો તારા સોએ સો વર્ષ પુરા કરીશ." ત્યારે બેસીશ. સમજ્યો ? પૂરોહિતે ક્રોધાવેશમાં કહ્યું.

"મારવો યા જીવાડવો, તે શું તારા હાથમાં છે ? ના, ના, તે તો ભાવિની મરજી હશે તેમ થશે ? દયાળ શાન્તિથી બોલ્યો.

તું શું મોં લઈ બોલે છે? તારા જેવો નિમકહરામ કુતરો ગમે તેમ ભસે, તેથી મારે શું? હજી તારે જોવું છે? પૂરોહિત બરાડયો.

તારૂં ધાર્યું શું થાય તેમ છે? મને મોતની બીક આપીશ તેથી શું હું ડરી જઈશ. દયાળ મોતથી ડરતો નથી, દુષ્ટ! તારાથી થાય તે કર, લે." દયાળ મોટા અવાજે બોલ્યો.

દયાળે પોતાના બંધનો ઢીલા કરવા માંડયા. પણ મજબુત બંધ બાંધેલા હોવાથી છૂટો થઈ શકયો નહિ.

જરાપણ દયા વગર રાણા જયસિંહ અને મંત્રી દયાળને પહાડની ખીણમાં ફેંકી દો? પૂરોહિતે પોતાના માણસોને હુકમ કર્યો.

જયસિંહ બોલ્યો, નીચ! અધમ! મારા પિતાશ્રી મહારાણા રાજસિંહને પણ ઝેર આપી મારી નંખાવવાનું કાવત્રૂં કરનાર તુંજ હતો અને આજે પણ મારા લોહીનો તરસ્યો તુંજ બન્યો છે" "પાપી જરા તો પ્રભુનો ડર રાખ."

સારાસારનો વિચાર કરવાની મારી શક્તિ છે, મારે તમારી સલાહની જરૂર નથી! હવે તો આપ ઘડી બે ઘડીના મહેમાન છો, માટે આપના ઇષ્ટિદેવનું સ્મરણ કરી લો? આ લોકમાંથી પરલોક સિધાવી જાવ, એટલે મેવાડમાંથી એક પાપ જાય.

શાબાશ! પૂરોહિત શાબાશ!!! "પણ તુંતો ભૂલી ગયો લાગે છે, ક્ષત્રીઓ મોતથી ડરતાજ નથી, મોતને તો પોતાની મૂઠીમાં રાખે છે, પાપી! તારા જેવા નાલાયક સાથે વાત કરવી તે નકામી છે? પાપી! તારાથી થાય તે કરી લે? જયસિંહે નિડરપણે જણાવ્યું.

દયાળ અને રાણાને તે વખતે તે સ્થિતિમાં તેના નિમક-

હરામ નોકરો પહાડની ખીણ પાસે લાવ્યા. પહાડની ખીણ એટલી બધી ઉંડી હતી કે "જો માણસ કદાપી પડી જાય તો તેનું હાડકું પણ હાથમાં ન આવે!" પરંતુ આ બન્ને પવિત્ર આત્માનો બેલી **ભગવાન** સિવાય કોઈ નહોતું.

બરાબર આ વખતે સામી બાજુથી સડસડાટ કરતું એક તીર આવ્યું, અને પૂરોહિતના એક નોકરને છાતી ઉપર વાગવાથી તરત ભોંયભેગો થઈ ગયો.

આથી પૂરોહિત સમજી ગયો કે હવે વીલંબ કરવામાં સાર નથી એટલે તેજ વખતે પિશાચ પૂરોહિતે જરાપણ દયા કે રહેમ રાખ્યા વગર બન્ને જણને પહાડની ખીણમાં ફેંકી દીધા. પણ જેને બચાવનાર હજાર હાથનો ધણી છે તેને કોની તાકાત છે કે "**માથાનો એકપણ વાળ વાંકો કરી શકે?**"

૬૭—કુદરતની કૃપા.

જ્યારે મહારાણા જયસિંહ, ને દયાળશાહને પહાડ ઉપરથી ફેંકી દેવાની તૈયારી હતી, તેજ વખતે રણજીત અને પુરૂષના પોષાકમાં પાટમદે પોતાના માણસો સાથે શ્વાસભેર આવી પહોંચવાની તૈયારીમાં હતા, તે પાપીએ બન્ને જણને ખીણમાં નાંખ્યા. તે દ્રષ્ય જોતાંની સાથે પાટમદે બેભાન થઇને જમીનપર પડી ગઈ.

રણજીતે તરતજ તીર છોડયું પણ તે પહેલાં પાપીઓએ રાણાજી અને દયાળને ખીણમાં નાંખી દીધાં.

પાટમદે બેભાન થવાથી રણજીત ગભરાયો. તેને શુદ્ધિમાં લાવવા અનેક ઉપાયો કર્યાં, પણ પાટમદે શુદ્ધિમાં આવી નહિ?

રણજીત આ સ્થિતિ જોતાં ઘણોજ ગભરાયો, હવે શું કરવું? તેને કોઇ રસ્તો ન સુજ્યો, આખરે તે એક નિશ્ચયપર આવ્યો. કાં તો "હું નહિ કે, પાપી પૂરોહિત નહિ?"

પોતાના માણસો દ્વારા રણજીતે પાટમદેને સુરક્ષિત જગા ઉપર લઇ જઇ સુવાડી. અને રણજીત બદમાશોની સામે જવા સારૂ તૈયાર થયો.

રાણા અને દયાળને પાપીઓએ પહાડની ખીણમાં ફેંક્યા, પણ ઝાડને ઝાડી ઘણી હોવાથી નીચે ન પડતાં, ઝાડની ઘટામાં બન્ને આત્માઓ, બેભાન સ્થિતિમાં, જુદી જુદી ઝાડી ઉપરજ પડયા.

ગુરૂદેવ જૈનાચાર્યશ્રી માનસૂરિશ્વરજીનો નિવાસ આજ પહાડની ખીણમાં હતો, અને આ વખતેજ ગુરૂદેવશ્રી ખીણમાંથી જતા હતા. ત્યાં વૃક્ષ ઉપર તેમની નજર ગઇ. અને મનુષ્યને જોઇ તે ચમકયા ! અરે ! અહીં મનુષ્ય કયાંથી ? લાવ, તેને બચાવું. પોતે પોતાના બાહુબળથી વૃક્ષ ઉપર ચઢયા અને મહા મુશીબતે તેને નીચે લાવ્યા. જ્યાં તેનો ચહેરો જુએ છે કે તરતજ ચમકયા ! કોણ ? મહામંત્રી દયાળ ? અહીં કયાંથી ? અને આવી સ્થિતિમાં ?

ગુરૂદેવે તરતજ દયાળને જમીનપર સુવાડી જંગલમાંથી વનસ્પતિ લાવી તેનો રસ કાઢી તેના ઉપર છાંટયો કે તરતજ દયાળ શુદ્ધિમાં આવ્યો. ગુરૂદેવને જોતાંજ “ દયાળ બોલ્યો, કોણ ગુરૂદેવ ? આપ અહિં કયાંથી ? ”

આપ આ સ્થિતિમાં અહિં કયાંથી ?

બધી વાતો પછી કરીશું પણ મહારાણા જયસિંહને પાપીઓએ ખીણમા ફેંકયા છે, માટે તેમને સત્વર શોધવા જોઇએ !

ગુરૂદેવ અને દયાળ મહારાણાને શોધવા લાગ્યા, તો રાણા પણ વૃક્ષની ઘટામાં અદ્ધર પડેલા હતા, તરતજ તેમને પણ નીચે ઉતાર્યા અને શુદ્ધિના ઉપચાર કરવામાં આવ્યા અને થોડીવારમાંજ ચેતન આવ્યું.

કોણ ? દયાળ !

ગુરૂદેવ ! "ધન્ય છે ! ગુરૂદેવ આપે તો આજે અમોને જીવિતદાન આપ્યા છે." ગુરૂદેવ ! આપ ન હોત તો અમારી શું દશા થાત ? ગુરૂદેવ, દયાળ અને રાણા ત્રણેજણ ટુંકા રસ્તાથી પહાડ ઉપર આવ્યા.

પાપી પૂરોહિત પોતાના માણસો દ્વારા મંત્રણા કરતો હતો કે તરતજ ખબર પડી કે રાણા અને દયાળ બન્ને જણા બચી ગયા છે, તેજ વખતે મહાત્મા પૂરોહિત ત્યાંથી નાસવા લાગ્યો. પરંતુ તેને નાસતાં રણજીત જોઇ ગયો એટલે રણજીત પૂરોહિતની પાછળ દોડયો અને પાપીને પકડી લાવ્યો, જે દોરડાવતી રાણા અને દયાળને બાંધ્યા હતા તેજ દોરડાવતી પાપીને મુશ્કેટાટ બાંધવામાં આવ્યો. જેથી પૂરોહિત સમજ્યો "ખાડો ખોદે તે પડે."

મંત્રીશ્વર ! આપ ત્થા રાણાજી બચી ગયા, તે મેવાડના મોટા ધન્યભાગ્ય !!! રણજીતે કહ્યું.

દયાળે રણજીતને શાબાશી આપી. નજીકમાં એક માણસને જોતાં, રણજીત ! આ કોણ સુતું છે ? દયાળે પૂછ્યું.

નામદાર ! એ તો આપની અર્ધાંગના પાટમદે છે ! અને આપશ્રીને ખીણમાં ફેંકી દેતાં જોયાં કે તરતજ બેભાન થઈ ગયાં છે, ઘણા ઉપાયો કર્યાં, પણ હજુ સુધી શુદ્ધિમાં આવ્યા નથી. રણજીતે જવાબ આપ્યો.

દયાળ એ વાત સાંભળતાંજ પાટમદે પાસે આવ્યો, ઘણી બૂમો પાડી, ઢંઢોળી, પણ જવાબ ન મલ્યો તેથી દયાળ ગભરાયો. હવે શું કરવું ?

"વત્સ ! ગભરાશો નહિ" ગુરૂદેવ શાન્તવન આપી જંગલમાં ગયા, અને વનસ્પતિ લાવી તેનો રસ કાઢી, પાટમદેની

આંખો ઉપર ચોપડયો, કે થોડીવારમાંજ પાટમદે શુદ્ધિમાં આવવા લાગી અને બોલવા માંડી કે "મારો દયાળ મને મૂકીને ગયો!" પ્રભુ, મને પણ તેમની સાથે લઈ જા!

વ્હાલી, પાટમ! તારો દયાળ તારી સામેજ ઉભો છે? ગભરા નહિં. આંખો ઉઘાડ અને જો?

પાટમદેએ તરતજ આંખ ઉઘાડી અને દયાળને જોતાંજ "વ્હાલા! શું તમે બચ્યા?

હા! ભગવાને બચાવ્યો, બધો પ્રતાપ ગુરૂદેવ શ્રીમાનસૂરિશ્વરશ્રીનો છે.

આ સાંભળી પાટમદે બોલી "મને ખાત્રી હતી કે મારો દયાળ મને મૂકીને જાય નહિ."

પાટમ-પોતાના આત્માને ધન્ય માનવા લાગી અને ગુરૂદેવ શ્રીમાનસૂરિશ્વરના ચર્ણોમાં ઢળી પડી. ધન્ય છે! ગુરૂદેવ! આજે આપે મને મારૂં ગએલું સૌભાગ્ય પાછું આપ્યું છે.

દીકરી! તે તો ભાગ્યની લીલા છે! મનુષ્ય ધારે છે કંઈ અને થાય છે કંઈ; માટે હવે ગઈ ગુજરી ભૂલી જાઓ! હવે બધા ઉદયપુર જાઓ અને પ્રજાને શાન્તિ આપો!

જેવી ગુરૂદેવની આજ્ઞા!!! પાટમદે બોલી.

૬૮—ઉદયપુરમાં હાહાકાર અને આનંદ.

મહારાણા જયસિંહ, મંત્રી દયાળશાહ, અને પાટમદે વિગેરેને દુશ્મનોએ પકડયા છે, અને તેમાં હાડીરાણી અને પાપી પૂરોહિતનો હાથ છે, આ વાત પ્રજાની જાણમાં આવવાથી આખી પ્રજા ખળભળી ઉઠી.

કોઈ હિસાબે મહારાણાના સમાચાર મેળવવા અને ન મળે ત્યાંસુધી કોઈને પણ રાજ્યમહેલમાં દાખલ થવા ન દેવા. એવો વિચાર કરી હજારો પ્રજાજનો રાજગઢ ઉપર ગયા અને ત્યાં મજબુત પહેરો ઉભો કર્યો.

કુમાર અમરસિંહને કોમલનેરના કિલ્લા ઉપર હલ્લો કરવા સારૂ તેના મામાએ દશહજાર સૈનિકોની મદદ આપી, તેથી અમરસિંહે ખજાનો કબ્જે કરવા સારૂ કોમલનેરના કિલ્લા ઉપર હલ્લો કર્યો, પણ બહાદુર દૂપા સરદાર આ વાત જાણી જવાથી સાવચેત હતો, તેથી કુમાર અમરસિંહની ધારણા ધુળમાં મળી ગઈ.

આ વખતે બીજા સામંત, સરદારો, પણ જયસિંહના પ્રમાદથી અને ગૃહકલેશના કારણથી કુમારના પક્ષમાં ભળી ગયા હતા.

આજે ઉદયપુરમાં હજારો પ્રજાજનોના ટોળેટોળાં ઉભેલાં દેખાતાં હતાં.

હાડીરાણીએ આ સમાચાર જાણ્યા કે પોતાનો કુમાર પણ હાર્યો છે, અને ખજાનાનો કબજો લઈ શકયો નથી તેથી હાડીરાણી ઘણીજ ગભરાઈ ગઈ. હવે મારૂં શું થશે?

તેટલામાં તો, હજારો માણસો જયઘોષણા સાથે રાણા જયસિંહ, મંત્રી દયાળ, વિરાંગના પાટમદે, સરદાર રણજીત, વિગેરે. પ્રચંડ જયઘોષણાના અવાજ સાથે પાટનગરમાં આવ્યા.

પ્રજાજનો, મહારાણાશ્રી અને મંત્રી દયાળને જોઈ ખુશી ખુશીના પોકારો કરવા લાગ્યા અને મહામંત્રી, પાટમદે અને મહારાણાશ્રીની જય બોલાવતાં બોલાવતાં સરઘસાકારે રાજ્યદરબારમાં આવ્યા.

સાગરસમી પ્રજાજનની મેદની ઉભરાઈ રહી હતી, સૌ કોઈ આ બાબત શાથી બની તેની ઘટના સમજવા ખાતરજ ઉભા રહ્યા હતા?

પ્રજા સમક્ષ વિરાંગના પાટમદે આવી, અને પ્રજાજનોને શાંત રહેવા અપીલ કરી.

મારા વ્હાલા પ્રજાજનો! આજનો દિવસ આપણા મેવાડના માટે ઘણોજ ખુશી અને આનંદનો છે. કારણકે આપણા રાજ્યમાતા હાડીરાણી અને આપના મર્હુમ મહારાણા રાજસિંહના વખતના પૂરોહિત એ બન્ને વ્યક્તિઓએ રાજ્યસિંહાસનનો

કબજે લઈ અને કુમાર અમરસિંહને રાણાપદે સ્થાપવાના હેતુ-થીજ, આપણા રાણાજી, અને મંત્રી દયાળશાહને પકડયા હતા. અને તેમને અરવલ્લિના પહાડની ઉંડી ખીણમાં ફેંકી દેવામાં આવ્યા.

પરંતુ "જ્યાં હજાર હાથનો ધણી બચાવનાર હોય ત્યાં કોનું ચાલી શકે ?"

બંન્ને મહારથીઓ ઝાડની ઘટા ઉપરજ વિંટાઈ ગયા. તે વખતેજ ગુરૂદેવ આચાર્યશ્રીમાનસૂરિશ્વર મહારાજ 'આત્મસિદ્ધિ-તપની સાધના' તે ખીણની ગુફામાં કરતા હતા. બરાબર તેજ વખતે ગુરૂદેવને બહાર નીકળવું અને આ બનાવ જોવો.

"ધન્ય છે! આપણા ગુરૂદેવ શ્રીમાનસૂરિશ્વરશ્રીને!!!" ખરેખર! મહાત્માએ એવી સેવા બજાવી છે કે આજે જે કાંઈ આનંદ, ખુશાલી, ભોગવતા હોઇએ તો તેનો બધોજ યશ ગુરૂ-દેવને આભારી છે!

મહારાણાજીને ગુરૂદેવેજ મહામંત્રી દયાળને, જીવીતદાન આપી મેવાડની પ્રજા ઉપર ઘણોજ ઉપકાર કરી, આજે તેઓએ પોતાની ફરજ બજાવી મેવાડી પ્રજાને કૃતાર્થ કરી છે.

ત્યારબાદ આપના શ્રીમાન મહાત્મા પૂરોહિત ભાગી જતા હતા, તેને રણજીતે બહાદુરીપૂર્વક પકડી મુશ્કેટાટ બાંધી તમારી સમક્ષ હાજર કર્યો છે.

"બોલો પ્રજાજન! પૂરોહિતને શી શિક્ષા ફરમાવો છો?" ફાંસી! ફાંસી! ફાંસી! શૂળીએ ચઢાવો, કાપી નાખો, રીબાવી રીબાવી મારો, અને ભેગી હાડીરાણીને પણ સખત શિક્ષા આપો? પ્રજાજનો એકદમ બોલવા લાગ્યા.

આ સાંભળીને ઉદાર હૃદયી મહારાણા બોલ્યા કે "થયું તે

ખરૂં. જો પાપીને પોતાના પાપની શિક્ષા આપણે આપીએ તેના કરતાં તેના પાપની શિક્ષા પ્રભુ તેને આપશે?" માટે એ પાપી પૂરોહિતને આજના ખુશાલીના પ્રસંગે આપણે સર્વે જીવીતદાન આપો અને જીવતો છોડો. અને હું હાડીરાણીને જીંદગી સુધી કારાવાસની શિક્ષા ફરમાવું છું.

પ્રજાજનો મહારાણાશ્રીની જયઘોષણા કરતાં આનંદીત થઈ સૌ સૌને કામે લાગ્યા.

આ પ્રમાણે પાપીઓને પાપની શિક્ષા થઈ, પ્રજાજનોને પણ ઘણો સંતોષ થયો. એવામાં "અમરકુમાર મોટી ફોજ લઈ પોતાના પિતાના સામો યુદ્ધ કરવા આવે છે." એવા સમાચાર સાંભળવામાં આવ્યા.

આ સમયે મેવાડની કટોકટીભરી સ્થિતિ હતી, જેથી દયાળ ઘણો મુંઝાયો, અને મહારાણા ચિંતાતુર જણાવા લાગ્યા.

મહારાણાશ્રીની ચિંતાનું કારણ બાહોશ પાટમદેને સમજતા જરાપણ વાર લાગી નહિં. તેથી તે તુરતજ મહારાણાશ્રી પાસે આવીને વંદન કરી કહેવા લાગી.

"મહારાજ! આપ થોડા વખત માટે મેવાડમાંથી દૂર થાઓ, અમો બંન્નેજણા બધું કાર્ય પતાવી લઈશું." આપ

નોંધ:—શાહજહાંને નિચે મુજબ ઔલાદ હતી.

૧. મોટો શાહજાદો, મુહમંદદારા શિકો, જન્મ. વિ. સં. ૧૬૭૨ ના ચૈત્ર સુદ ૧ ને રવિવાર.

૨. શાહજાદો. મહમદ સુજાઅનો બહાદુર, ,, ,, ૧૬૭૩ ના શ્રાવણ વદ ૪

ચીંતા ન ધરશો. અને મેવાડરાજ્યની તમામ લગામ પોતાના હાથમાં લીધી.

કુમાર અમરસિંહ પોતાના પિતાનો ખજાનો લેવા સારૂં કોમલનેરના કિલ્લા ઉપર દશ હજાર સૈનિકો સાથે હલ્લો નાંખી પડયો હતો. પરંતુ દ્રેપાએ બહુજ બહાદુરીપૂર્વક સામનો કર્યો અને કુમારને હરાવ્યો, જેથી કુમાર પોતાના કાર્યમાં નિષ્ફળ

---

૩. શાહજાદી. રૌશનરાય બેગમ જન્મ વિ. સં. ૧૬૭૪ના ભાદરવા સુદ ૪

૪. શાહજાદો મહમદ ઔરંગઝેબ બહાદુર ,, ,, ૧૬૭૫ના માગશર વદ ૧

૫. ,, ઉમેદબક્ષ બહાદુર ,, ,, ૧૬૭૬ ના માગશર સુદ ૩

૬. ,, મુરાદબક્ષ ,, ,, ૧૬૮૧ ના કારતક વદ ૧૧

૭. ,, લુત્ફુલ્લા ,, ,, ૧૬૮૩ ના કારતક સુદ ૧૫

૮. ,, દોલતઅફજા ,, ,, ૧૬૮૫ના વૈશાખ સુદ ૫

આ પ્રમાણે બાદશાહ શાહજહાંને ઔલાદો હતી, શાહજહાં જ્યારે બિમાર પડયો, ત્યારે ચાર શાહજાદા જીવતા હતા, જ્યારે ઔરંગઝેબ ગાદીનશીન થયો, ત્યારે બે ભાઈની કત્લ કરી મારી નાંખ્યા હતા, ત્રીજો શાહજાદો નાશી છુટયો હતો, અને તે પણ મરણ પામ્યો હતો. પોતાના પિતાને મહેલમાંજ કેદ કર્યા હતા, "**ઔરંગઝેબ**" મહા નીચ અને કૃતઘ્ન સ્વભાવનો હતો.

નિવડવાથી વિચારવા લાગ્યો કે હવે મારા પિતાશ્રીની સાથે સંધી કરી નાંખવી તે સારૂં છે.

અમરસિંહના આ વિચારો મુત્સદ્દી દયાળશાહના સમજવામાં તુરતજ આવ્યા અને પાટમદેની સલાહથી તેઓએ નક્કી કર્યું કે તે તકનો લાભ લેવા આપણે હવે ચુકવું જોઇએ નહિં.

એ વાત સાંભળ્યા પછી દયાળ બેસી ન રહેતાં તરતજ મહારાણા જયસિંહને મારવાડમાંથી બોલાવી લીધા અને બાપ-દિકરા બેઉને સંધી કરાવવા મહેનત ઉઠાવવા માંડી. મેવાડમાં આવેલા સીશોદીઆના કુળવંશના ભગવાન શ્રી એકલીંગજીના મંદિરમાં બંન્નેને બોલાવવામાં આવ્યા અને પ્રભુ એકલીંગજીની સાક્ષીએ બંન્ને બાપ-દિકરાને સંધી કરાવી.

સંધીપત્રમાં એવી જાતની બાંહેધરી કરવામાં આવી. "જ્યાં સુધી મહારાણાશ્રી જયસિંહ સિંહાસન ઉપર બિરાજમાન હોય ત્યાંસુધી કુમાર અમરસિંહ કોઈપણ પ્રકારે કોઇપણ જાતના રાજ્યકાર્યમાં ભાગ લઈ શકે નહિં. તેમજ મહારાણાશ્રી જયસિંહ જ્યાંસુધી હયાત હોય ત્યાંસુધી કુમાર અમરસિંહે મેવાડમાં આવેલા **જયસમુદ્ર સરોવર** ઉપર આવેલા મહેલમાં એકલાએ રહેવું." આ પ્રમાણે સંધીપત્ર ઉપર એકબીજાએ સહીઓ કરી અને મંજુર થયા.

આવી રીતે ગૃહકલેશના પ્રકરણનો કાયમને માટે અંત આવ્યો.

આ કાર્ય પતાવ્યા પછી એક બીજું કાર્ય દયાળશાહે બહુજ બુદ્ધિપૂર્વક પાર પાડયું. વાંચકવર્ગ! તમો તે જાણવાને ઉતાવળા

થઈ રહ્યા હશો! પણ તમને તેની વધારે રાહ જોવડાવવી ઠીક ધારતો નથી.

"દયાળશાહે કુનેહ અને બુદ્ધિથી ઔરંગઝેબના શાહજાદા અજીમ અને સેનાપતિ દિલેરખાં સાથે માનપૂર્વક સંધી કરી હંમેશના માટે મેવાડ ઉપર આવતી આફત દૂર કરી પોતાની ફરજ બજાવી."

જ્યારે સંધીપત્ર લઇને શાહજાદો અજીમ અને સરદાર દિલેરખાં રાણાજી પાસે આવ્યા ત્યારે રાણાજીએ ઉત્તમ સત્કાર કર્યો. ત્યારબાદ સામસામા બંન્નેજણા મેવાડની સપાટભૂમિ ઉપર મળવા ભેગા થયા ત્યારે રાણાશ્રી દસહજાર ઘોડેશ્વાર અને ચાલીસહજાર પાયદળ સૈન્ય સાથે આવી ઉભા અને અજીમ તથા દિલેરખાંને મળ્યા.

આ દ્રષ્ય જોવા માટે અસંખ્ય મેવાડવાસીઓ હાજર હતા. ખરેખર! આ દ્રષ્ય અચરત પમાડે તેવું હતું.

આટલું મોટું સૈન્ય જોઈ શાહજાદા અજીમને વહેમ પડ્યો કે રાણાશ્રી દગો તો નહિં આપેને? પણ સરદાર દિલેરખાંએ તેનો ભ્રમ ભાંગી નાંખ્યો. "**રાજપૂતો કદિ પોતાના વચનનો ગેરઉપયોગ કરેજ નહિં**" જેથી અજીમનો વહેમ દૂર થયો અને સંધીનું કાર્ય પતાવી શાન્તિ અનુભવી.

વાંચકવર્ગ! તમોને એ જાણવાની જીજ્ઞાસા થતી હશે કે તેઓએ સંધીપત્રમાં શું લખ્યું હશે! કેમ? ખરૂંને! તમારી જીજ્ઞાસા હોય તે પણ સ્વભાવીક છે. સાંભળો! તેઓની સંધીપત્રમાં નિચેની શરતો કરવામાં આવી હતી.

૧. અકબરના વિદ્રોહી ચરણમાં જે સહાય કરી હતી તેના બદલામાં દંડ તરીકે બાદશાહને ત્રણ પરગણા આપવા.

૨. તમો અમારો લાલ ઝંડો અને છત્ર વાપરી શકશો નહિં (આ દંડ તો માત્ર નામનોજ હતો.)

આવી સાધારણ શરતો માટે આપણા મહામંત્રી દયાળશાહ અને સરદાર દિલેરખાંની મહેનતથીજ આ કાર્ય સંપૂર્ણ પાર પડી ગયું. ઉપરની શરતો મંજુર રાખવાથી મેવાડરાજ્યને કાંઈ ગુમાવવાનું નથીજ.

આ પ્રમાણે બંન્ને હિન્દુ—મુસલમાન વચ્ચે કડવાશના બીજ ઓછા થયા અને પ્રજામાં પણ અપૂર્વ શાંન્તિ ફેલાણી.

મહારાણાશ્રી જયસિંહે પોતાના બાહુબળ ઉપર વિશ્વાસ રાખી પાંચ વર્ષ તો તેમને કામેરી મોગલોના ભીષણ આક્રમણથી પોતાની રક્ષા કરવા અનેક પહાડ અને જંગલમાં કષ્ટો ભોગવી પોતે પોતાના સીસોદીઆ કુળને ઉજ્વલ કર્યું હતું અને પોતાની કીર્તિ ચારે દિશાએ ફેલાવી હતી.

મેવાડભૂમિ રત્નગર્ભા ભૂમિ છે. પૂણ્ય ને ગિરિતરંગિની વચ્ચે જયસમુદ્ર નામનું વિશાળ સરોવર બંધાવી પોતાની જયકીર્તિનો ધ્વજ ફરકતો રાખ્યો હતો.

મહારાણાશ્રીને પોતાના જીવનમાં અનેક સુખદુઃખના સંજોગો આવ્યા હતા અને પોતાના બાહુબળથી તેનો સામનો કરી નિવારણ કરતા હતા.

મહારાણાશ્રીએ પોતાના રાજકાર્યની પદ્ધતિમાં પ્રજાને ઘણોજ ફાયદો આપ્યો હતો. વળી ઘણા યુદ્ધમાં બહાદુરી બતાવી હતી. જો આ ગૃહકલેશનું પરિણામ ઉદ્ભવ્યું હોત તો મેવાડના

રાજ્યનો વિસ્તાર ઘણોજ વધ્યો હોત પરંતુ ભાવીની ભીતરમાં શું સમાયું છે? તે કોણ જાણી શકે?

પ્રભુની મરજી હોય તેજ પ્રમાણે થાય છે તેમાં કોઇનું ડહાપણ ચાલતું નથી. જો જયસમુદ્ર ન બંધાવ્યું હોત તો ઇતિહાસમાં તેનું નામ નિશાન રહેત નહિં. "**ભાવી જે કરે છે તે સારૂજ કરે છે.**"

મહારાણાશ્રી જયસિંહ બિમાર પડયા. મહારાણાશ્રીની આ માંદગી વખતે અનેક ઉપચારો કર્યાં પણ એકપણ ઉપાય કામમાં ન આવ્યો. અને આખરે મહારાણાશ્રીની માંદગી દિવસે દિવસે વધતી ચાલી.

૬૯–રાણાશ્રીની આખર સ્થિતિ.

મહામંત્રી દયાળ અને પાટમદે તેમજ સામંતો, અને સરદારો મહારાણાશ્રીની માંદગીના કારણથી ઘણા ઉદાસીન થઈ બેઠા છે.

દયાળ! આચાર્યશ્રી માનસૂરિશ્વરશ્રીને બોલાવો! મહારાણાશ્રી મંદ અને ધીમા સ્વરે બોલ્યા.

દયાળશાહે તરતજ આચાર્ય મહારાજશ્રીને બોલાવ્યા. આચાર્યમહારાજ પધાર્યા.

"**मत्थएण वन्दामि**!" મહારાણાશ્રી બે કર જોડી બોલ્યા.

"**धर्मलाभ**" કહી આચાર્યમહારાજ આવ્યા, અને જમીન પુંજી સંથારીયું પાથરી બેઠા.

"ગુરૂદેવ! આપે મારા મેવાડની તેમજ મારી પોતાની જીવન-મરણની સેવા બજાવી છે, તો આપ મારી આ ભેટ

સ્વીકારી લ્યો." આ વખતે લાખ્ખો રૂપીઆના ઝવેરાત અને શરપાવ આચાર્યમહારાજશ્રીને આપવા મંગાવવામાં આવ્યા.

"રાજવિ! અમો સાધુ, કંચન કામિનીના ત્યાગી, લક્ષ્મીનો સ્પર્શ, તેમજ સ્ત્રીનો સ્પર્શ એ અમારા જીવન સુધી કલ્પે નહિં." માટે આપનો પ્રેમ સદા કાયમ રહે અને શાસનની શોભા વધે તે માટે અનેક કાર્યો બજાવો. એજ! મારો આશિર્વાદ!!!

આ બધી ત્યાગની વાતો સાંભળી મહારાણાશ્રી અશક્ત હોવા છતાં તેઓશ્રીએ આચાર્યશ્રીને વંદન કર્યાં અને બીજું કાંઈ માગવા ફરી મહારાણાશ્રીએ કહ્યું.

મહારાણાશ્રીનો ઘણોજ આગ્રહ જોઇ આચાર્યશ્રીએ વિચાર્યું કે મારે કાંઇક માંગવું જોઈએ. પોંતાના માટે કાંઈપણ ન માંગતા ફક્ત નીચે મુજબ રાજ્ય પાસે માંગણી કરી.

૧. મેવાડમાં કોઈપણ નિરપરાધી જીવોની હિંસા ન કરે.

૨. ગાય કોઈપણ કસાઇને કોઈપણ વ્યક્તિ આપી શકે નહિ તેમજ વેચી શકે નહીં.

૩. પર્યુષણના પવિત્ર તહેવારમાં આઠે દિવસ હિંસા કરવી નહીં.

૪. ઉપાશ્રયમાં દાખલ થએલા ગુન્હેગારને રાજ્ય પકડી શકે નહિં.

૫. જૈન મન્દિરોની આશાતના કોઈપણ માનવી કરી શકે નહિં તેમજ જૈન મંદિરો નિભાવવા માટે રાજ્ય તરફથી યોગ્ય બંદોબસ્ત થવો જોઇએ.

૬. જૈનોના સાધુ, સાધ્વીના આચાર–વિચારમાં રાજ્ય તરફથી કોઈપણ જાતની ડખલ તથા સાધુના આહાર–વિહારમાં તકલીફ ન પડે, તેવો રાજ્ય તરફથી ઢંઢેરો થવો જોઇએ.

રાજવિ! જો આપ ખુશ થયા હો તો આટલી શરતો મંજુર રાખો!

ધન્ય છે! જૈનોના પરોપકારી આચાર્ય દેવોને! અને સાધુઓને! તેઓએ પોતાના માટે કંઈપણ ન માગતાં કેવળ પરોપકારનાજ કાર્યોમાં પોતાનું સારૂંય જીવન સમર્પણ કરી કેવળ ધર્મની ભાવના લોકોમાં કાયમ પ્રદિપ્ત રહે? તે સિદ્ધ કર્યું.

“આવીજ ભાવના જેને ઉદ્‌ભવતી હોય તેને અમારા કોટી કોટી વંદન હોજો! ધન્ય છે એવા મહાન આચાર્યોને!

આચાર્યશ્રીના કહેવા મુજબ દરેક વાતો રાણાશ્રીએ કબુલ રાખી અને તાંબાના પતરા ઉપર લેખ લખી જાહેરમાં મૂકવા કબુલ થયા. અને ઉપર મુજબ લખી તેમાં સહી કરી ગુરૂદેવને આપવામાં આવ્યો.

મહારાણાશ્રીની સ્થિતિ આખર હોવાથી ગુરૂદેવે ધર્મ સંભળાવ્યો. આ વખતે રાજકર્મચારીઓ પણ હાજર હતા, તેઓ સર્વેનાં મુખકમળ ઉપર ઉદાસીનતા પ્રસરી રહી હતી.

રાણાજીના જીવનની જ્યોત હવે થોડી પલકમાં બુઝાઈ જશે તેમ સર્વેને લાગવા માંડયું. આ વખતે રાણાજીએ મહામંત્રી દયાળને બોલાવવા ઈશારો કર્યો.

દયાળશાહ તુરતજ આવી પહોંચ્યા અને રાણાજી પાસે બેસી કહ્યું. “આપને જે કાંઈ કહેવું હોય તે ખુશીથી કહો.”

રાણાજીએ પોતાના કુંવર અમરસિંહને સિંહાસન ઉપર બેસાડવા ભલામણ કરી. આ વખતે મેવાડનો ભાગ્ય વિધાતા મહારાણા જયસિંહ, વિકાળ યમરાજનાં મૂખમાં હોમાઈ જવાની તૈયારી કરી રહ્યો હતો. આ વખતે રાજમહેલમાં રોકકળ થઈ રહી હતી.

રાણી કમળાવતિ પોતાના પતિની અંતિમ સ્થિતિ નિહાળી ઘણુંજ કલ્પાંત કરવા લાગી, હાડીરાણી પણ પોતાના કરેલા દુષ્ટ કર્મનો ઘણોજ પસ્તાવો કરવા લાગી અને રાણાજીની આખર સ્થિતિ જોઈ–જાણીને કલ્પાંત કરવા લાગી.

સર્વ પ્રજાજન રાણાજીના સદ્ગુણોનું સ્મરણ કરતાં અને પ્રભુ પાસે યાચના કરતા હતાં કે " હે પ્રભુ! અમારા રાજાને હંમેશાં દિર્ઘાયુષી રાખો."

પરંતુ જ્યાં આયુષ્યના બંધ પુરા થવા આવ્યા હોય ત્યાં કોણ બચાવી શકે તેમ છે. વખત વખતનું કામ કર્યેજ જાય છે, મનુષ્ય જ્યારે પોતાના કર્તવ્યનું ભાન ભુલે છે ત્યારે તેને સારાસારનો ખ્યાલ રહેતો નથી. તેવીજ રીતે મહારાણા જયસિંહને પણ બન્યું.

મહારાણાશ્રીના :પોતાના આદર્શ વિચારો ગમે તેટલા સુંદર હોવા છતાં પોતાના ગૃહકલેશના કારણથી કેવી સ્થિતિ થવા પામી હતી, તે હવે વાંચકવર્ગથી અજાણ નહિંજ હોય!

મહામંત્રી દયાળ અને પાટમહેતી ચાણક્ય બુદ્ધિથી દરેક કામ શાન્તિથી પાર પાડી રાજ્યની અગાઉ જેવી સ્થિતિ હતી તેવીજ કરી બતાવી.

મહારાણાશ્રી જયસિંહ વીસ વર્ષનું રાજય ભોગવી પોતે સ્વર્ગવાસ પામ્યા અને દુનિયામાંથી પોતાનો જીવનદિપક અસ્ત થયો. મહારાણાના આત્માને શાન્તિ બક્ષો !!!

મહારાણાશ્રીની અંતિમ ક્રિયા કરી હજારો ગરીબોને દાન–પુણ્ય કર્યાં. મહારાણા કુમાર અમરસિંહ બીજો **સંવત ૧૭૫૬ માં** રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

વાંચકવર્ગ ! મહારાણા જયસિંહની હકીકત ઉપરથી વિચાર કરશો તો જણાશે કે ગૃહકલેશનું પરિણામ કેવું ભયંકર આવે છે. જ્યાં કુસંપ અને કલેશ છે ત્યાં કોઈપણ દિવસ આત્માને શાન્તિ મળતી નથી.

શાણા અને સજ્જન પુરૂષોએ હંમેશાં કલેશ–કુસંપથી દુર રહેવું તેમાંજ ગૃહસ્થાશ્રમની શોભા અને આત્માની ઉન્નતિ છે.

"**સંપ ત્યાંજ જંપ**" એ કહેવત ધ્યાનમાં રાખશો તો કોઈપણ દિવસ કલેશ રહેવા પામશે નહિં અને તેમાં આત્માનું ધ્યેય છે.

તો ડાહ્યા મનુષ્યો **સંપ**ને કદાપી વિખુટો મુકશે નહિં. જ્યાં સંપ નથી ત્યાં હંમેશાં કલેશ રહેવાનોજ.

વાંચકવર્ગ ! જો જો તમો કોઈના કલેશમાં પડતાં નહિં. "**સંપ**" **એ મનુષ્યનો શણગાર છે.** એ ભૂલવું ન જોઈએ.

૭૦—દયાળશાહની નિવૃત્તિ.

મહારાણાશ્રી અમરસિંહ બીજાનો રાજ્યાભિષેક થયા પછી આપણા મહામંત્રી દયાળે વિનંતી કરી, કે હવે મારો વિચાર નીવૃત્તિ લેવાનો છે. અને મારે મારા આત્માનો વિકાસ સાધવાનો હોવાથી આપ કૃપા કરી રાજી-ખુશીથી મને નીવૃત્તિ આપી રજા આપો તો આપનો મોટો ઉપકાર !

મહારાણા પણ દયાળશાહને પોતાના વડીલની માફક ચાહતો હતો તેમજ પાટમદેને પોતાની જનેતા સમજતો હતો. જેથીજ મહારાણા અમસિંહે દયાળશાહને મંત્રીપદમાંથી મૂક્ત કર્યાં પરંતુ "જ્યાંસુધી દયાળ જીવંત હોય ત્યાંસુધી પગાર તથા રાજ્ય તરફથી સાબીયાણું મળતું તે કાયમ રાખ્યું. અને જ્યારે જ્યારે રાજ્યને સલાહની જરૂર પડે ત્યારે ત્યારે તેઓની સલાહ લેવી અને તે પ્રમાણે ચાલવું તેમજ અનુસરવું." એવું નક્કી કરી રાજ્ય તરફથી સુંદર ભેટ અને પોષાક આપી મંત્રીનું સ્વાગત કર્યું.

મહામંત્રીની માફક દેવી પાટમદેનું પણ સ્વાગત કરી બંન્નેનું સન્માન વધાર્યું હતું.

બન્ને યુગલ દંપતિ પોતાના નિવાસસ્થાને આવ્યા અને તમામ જાતની ઉપાધીનો ત્યાગ કરી ધર્મકરણી કરવા લાગ્યા. જેવો દયાળ યુદ્ધમાં શૂરવીર હતો તેવોજ ધર્મકાર્યમાં પણ પૂરો શ્રદ્ધાવાન હતો.

પોતે આખો દિવસ પોતાના આત્મ સાધનમાંજ મશગુલ રહેતો હતો અને દુઃખી, દીન, અપંગ, આંધળા અને અશક્ત જે કોઇપિણ મનુષ્ય આંગણે આવે તેની બરાબર સેવા કરી તેના આત્માનો આશિર્વાદ મેળવતા હતા.

પાટમદે પોતાના પતિદેવના ચર્ણોની સેવા કરતી હતી અને ધર્મધ્યાનમાં શ્રદ્ધાપૂર્વક વ્રત-પચ્ચકખાણ વિગેરે નિયમો પાળી પોતાના જીવનમાં આનંદ માનતી હતી.

બન્ને યુગલ દંપતિ મનુષ્ય જીવનમાં કર્તવ્ય-પરાયણ બની રાજ્ય અને પ્રજા તેમજ દીનદુઃખીજનોની સેવા કરી પોતાનું છેવટનું જીવન ઘણા સંતોષથી નિર્ગમન કરતા હતા, તેમજ પ્રભુ ભક્તિમાં તલ્લીન બની તમામ વૈભવોનો ત્યાગ કરી સાધુ જીવન ગાળી શાન્તિ અનુભવતા હતા.

ધન્ય છે! એ વીર દયાળશાહને! અને વિરાંગના દેવી પાટમદેને!

૭૧—ઉપસંહાર.

વિરાંગના પાટમદેએ જીવનમાં અને સેવાભાવી ભાવનામાં પોતાની ઝળકતી કારકીર્દી એવી અપૂર્વ બજાવી છે કે ભલભલાને તેના પ્રત્યે માન ઉપજ્યા વગર નજ રહે !

મહારાણા પ્રતાપસિંહના સમયમાં જેમ જૈન શિરોમણિ વીર ભામાશાહે તન, મન અને ધન આપી મેવાડનો **પુનરોદ્ધાર** કર્યો હતો, તેમ વિરાંગના પાટમદે અને મહામંત્રી દયાળે મહારાણા રાજસિંહના વખતમાં પોતાનો આત્મભોગ, ત્યાગ, તેમજ મેવાડ માટે, પ્રાણના જોખમે સેવા સમર્પી અને મહારાણા રાજસિંહ તથા સમસ્ત મેવાડી પ્રજાજનોમાં નવચેતન રેડયું હતું.

પાટમદે હરરોજ સાહસીકતાથી પ્રભાવતિ પાસે જતી, તેને હિંમત આપતી તેમજ જોધપુર રાઠોડની રાજ્યમાતા પાસે જઈ પોતાની બુદ્ધિવડે રાજકુમાર અજીતને બચાવ્યો હતો.

યુદ્ધમાં સેનાપતિ દિલેરખાંના જુલ્મથી તેમજ પાપી પૂરોહિતના પંજામાંથી પોતાના પતિને પુરૂષના પોષાકમાં રહી બચાવ્યો. અદ્વીતીય શૂરાતન બતાવી બાદશાહ ઔરંગઝેબનું પાણી ઉતાર્યું. ધન્ય છે ! દેવી પાટમદેને ! ધન્ય છે ! એ જૈન રમણીને ! ! ધન્ય છે ! વીર જૈન બાળાને ! ! ! અને ધન્ય છે ! જૈનાચાર્ય શ્રીમાનસૂરિશ્વરજીને !

જૈનાચાર્યની ગરીબો પ્રત્યેની દયા, શાસન પ્રત્યેનો પ્રેમ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, તેમજ તેમનો ત્યાગ કોઈ અનેરોજ હતો. તેઓશ્રી મુખ્યત્વે મનુષ્ય સેવા તથા જીવદયા એ બંન્ને વિષયોમાં સંપૂર્ણ ખ્યાલ રાખી કાર્ય પાર પાડતા હતા.

જ્યારે મેવાડભૂમિમાં ભયંકર દુષ્કાળ પ્રવર્તતો હતો. તેવા સમયે જૈનાચાર્ય ગોચરી (આહાર) લેવા જતા હતા ત્યારે રસ્તામાંજ ગરીબો તથા ભૂખ્યા મનુષ્યો નીહાળ્યા અને તેમની સ્થિતિ જોઈ દુઃખી થતાં તરતજ ગોચરી ન જતાં પાછા ફર્યાં અને ઉપાશ્રયમાં આવી ભિષ્મ પ્રતિજ્ઞા લીધી કે " જ્યાંસુધી ગરીબો અને ભૂખ્યા મનુષ્યોનો કાંઈપણ અનાજનો બંદોબસ્ત ન થાય ત્યાંસુધી મારે આહાર બંધ છે " આવો કડક નિયમ લેનાર પરોપકારી જૈનાચાર્ય શ્રીમાનસૂરિશ્વરશ્રોને અમારા કોટી કોટી વંદન હજો !

આજે તો કેટલાક મહાન ગણાતા આચાર્યો, પોતાના નામની આગળ કેટલાય વિશેષણો લખી પોતાની આત્મપ્રશંસા વધાર્યા સિવાય કોઈપણ જાતનું કાર્ય બજાવ્યું હોય તેવું જણાતું નથી.

કયા આચાર્યોએ તિર્થોના માટે આત્મભોગ આપ્યો ? કોણે જૈન સંઘની મહત્તા વધારી શાસનનું ગૌરવ વધાર્યું ? ક્યા

આચાર્ય મહારાજે ત્યાગની સાચી ભાવના બતાવી સાદાઈ અને સરલતાના પાઠો બતાવ્યા ?

ખરેખર ! આજે તો આચાર્યોને વરઘોડા, શાન્તિસ્નાત્રો, બેન્ડવાજાંઓ વગાડવાં છે અને પોતાની મહત્તા વધારવી છે. પોતાને માનનાર શ્રાવકો અને ધનવાનોને પણ આ સ્થિતિ પસંદ પડે છે.

આવી સ્થિતિ જૈનોના ઘરેઘરમાં પ્રવેશી છે તેમજ ઘર-ઘરના સાધુઓ અને ઘરઘરના ઉપાશ્રયો થવા લાગ્યા. એકજ મહાવીર ભગવાનના ભેખધારી સાધુઓમાં પણ મતભેદો એટલા બધા વધી પડયાં છે કે આજે કોને સાચા માનવા કે કોને ન માનવા એ એક પ્રશ્ન થઈ પડયો છે. કારણકે જ્યારે જુઓ ત્યારે "**નવો રાજા અને નવી પ્રજા**" આવી સ્થિતિથી તો આજે જૈન સમાજની દશા ઘણીજ શોચનીય અને નિસ્તેજ બની ગઈ છે. વળી કહેવાતા સંચાલકો તેમજ લક્ષ્મીનંદનો સંસ્થાઓ પર પોતાનો કાબુ જમાવી પોતાની સત્તા વાપરી રહ્યાં છે.

ક્યા સંચાલકોએ ગરીબોની વાત પર ધ્યાન આપ્યું? ક્યા ક્યા ધનવાનોએ પોતાના રસોડા ગરીબો માટે ખુલ્લા મૂક્યા ? આજે તો "**जीसके तडमें लड्डु, वहां हमारा काम.**" આવી શોચનીય દશા થઈ ગઈ છે તેથીજ જૈનોનું નુર તેજ તેમજ ધર્મની શ્રદ્ધા દિવસે દિવસે ઘટતી જાય છે. છતાં ભાવી પ્રતિકુળ હોવાથી આજે કોઈને પણ સાચી વસ્તુ સમજાતી નથી. કારણકે જ્યાં હા, જી, હા, કહેનારા હોય, જ્યાં સાધુઓ પોતાની સત્તા જમાવી ધનવાનોને ખાન, પાન અપાવવાની

લાલચો આપી પોતાના બનાવ્યા હોય! ત્યાં કોણ બિચારા ગરીબની દાદ-ફરિયાદ કે રાડ સાંભળે તેમ છે?

આજના પંન્યાસો, ઉપાધ્યાયો વિગેરે પદવીના મોહ પાછળ જૈન સમાજની ક્યાં ઘોર ખોદાય છે, તે કોઈ સૂરિને, પંન્યાસને, ઉપાધ્યાયને કે કોઇપણ સાધુ મહારાજને આજે જૈન સમાજની પડી નથી કે તેને આશ્વાસન આપી શાન્તવન આપે!

આજે તો પોતાની દુકાનો કેમ મજબૂત ચાલે અને પોતાનો વહેવાર ગમે તેવી મોંઘવારી હોય છતાં સારામાં સારી રીતે ચાલી શકે એ મતલબ સિવાય બીજું કશું જણાતું નથી.

પરંતુ આપણા જૈનાચાર્ય શ્રીમાનસૂરિશ્વરશ્રી એક સાચા ત્યાગી અને યોગી હતા, તેમજ નિર્મળ, મહાવિદ્વાન અને જ્ઞાની હતા. ધન્ય છે! એ મહાન આચાર્યોને!! જેણે પર ઉપકાર કરવામાં પોતાની જીંદગી કુરબાન કરી આત્માનો વિકાસ સાધ્યો હતો.

૭૨—છેવટ.

વાંચકવર્ગ ! દયાળશાહના જીવન ઉપર જરા વિચાર કરો તો સમજાશે કે પોતાના પિતાશ્રી રાજાજીની લાખ્ખો રૂપીઆની મિલ્કતનો ત્યાગ કરી દુઃખી જીંદગી ભોગવી લાકડાના ભારા વેચી પોતાનો નિર્વાહ ચલાવતો ઉદયપુર પહોંચ્યો. ત્રણ ચાર દિવસના ભુખના કડાકા વેઠયા, છતાંપણ પોતાના નિશ્ચયથી જરાય ન ડગતાં, પૂરોહિતને ત્યાં ઘોડાના ખાસદાર તરીકે ખાવા સારૂં નોકરી બજાવી રહ્યો હતો.

ભાવીની કરામતે નગરશેઠ સોહનલાલની દિકરી પાટમદેનો જંગલમાં પોતાના હાથે થએલો બચાવ, બંન્નેનું પ્રેમ-મિલન, રાણાજીને ઝેરમાંથી ઉગાર્યા, અને ખાસદારમાંથી મહામંત્રીની પદવી મેળવનાર પુરૂષાર્થી વીર દયાળ જેવો બીજો કોઈ ભાગ્યેજ થયો હશે! ધન્ય છે! એ જૈન બાળને!!!

તે નિરાભિમાની, વિજયી, પ્રજાનો ચાહક, દુઃખીનો બેલી,

દયાનો સાગર, શત્રુનો સંહારક, વીરનો પુજારી, પાપનો દુશ્મન તેમજ પુણ્યનો સેવક, વિગેરે દરેક સદ્દગુણો જેના જીવનમાં શોભી રહ્યા હતા. જેણે પોતાના રાજ્ય માટે તેમજ પ્રજા માટે પોતાના વૈભવનો ત્યાગ કરી પ્રાણની પરવા રાખ્યા વગર એક શૂરવીરને પણ શરમાવે તેવી બહાદુરી બતાવી પાપી શાહ ઔરંગઝેબનું પાણી ઉતાર્યું હતું.

આખરે પોતાના બાહુબળથી તેમજ નેક નિતિથી પોતાના પિતાશ્રીની ઇજ્જત કરતાં હજારગણી ઇજ્જત વધારી પોતાના જીવનનું સાર્થક કર્યું હતું.

પાટમદે પણ દયાળ જેવી ગંભીર, શાણી અને સેવાભાવી રમણી હતી, ગરીબોની માતા સમાન, દુઃખીજનોની સહાયક, ભાગ્યાની ભેરૂ, અને પાપીજનોની રણચંડિકા હતી–દુશ્મનોની કાતીલ છુરી હતી. યુદ્ધમાં મહાયુદ્ધવિશારદ એક બહાદુર ક્ષત્રિયાણી હતી. વળી ચારિત્રમાં શિરોમણિ, સદ્દગુણોથી અલંકૃત, શીલવતી સતી જેવું જેનું ચારિત્ર નિર્મળ હતું. આવા બીજા અનેક ઉત્તમ ગુણો પાટમદેમાં હતા.

માતા પિતાના શુભ સંસ્કારોથી પોતાને ધર્મપર સંપૂર્ણ શ્રદ્ધા હતી. અને દરેક બાબતમાં કાળજી રાખી રાજ્ય અને પ્રજાની સેવા કરી ફરજ બજાવતી હતી. વળી પતિસેવામાં સતી સીતા જેવી હતી. ધન્ય છે! એ દેવી પાટમદેને!!

જેણે પોતાના જીવનમાં અનેક નાનામોટા અનુભવ લઇ સુખ–દુઃખના સંજોગો જોયા હતાં, છતાં હતાશ ન બનતાં, પોતાના જીવનમાં અનેક જાતના કંટકો અને કંકરો આવતા હતા. પણ તેની દરકાર ન કરતાં એક બહાદુર રમણીની માફક

પોતે પોતાનું જીવન પ્રભાવશાળી અને ઉજ્વલ બનાવ્યું છે. ધન્ય છે! દેવી પાટમદેને!!!

સ્ત્રીજાતિનું ગૌરવ વધારી સ્ત્રીતત્વનું મહત્વ બતાવી આપ્યું. સાથે સાથે તે પણ બતાવી આપ્યું કે "અબળા હંમેશાં સબળા છે" પણ તેથી વધારીને કહું તો તે પ્રબળા છે. જેની રત્ન કુક્ષીમાંથી હજારો વીરનર ઉત્પન્ન થયા છે. ધન્ય છે! એ વીરને! અને એ વિરાંગનાને!

આખરે બંને દંપતી નિવૃતી લઈ પોતાનો આત્મવિકાસ સાધવામાં અને જગતની જંજાળ દુર કરી પ્રભુ પરાયણ થઈ જીવનમાં ઉચ્ચપદ મેળવી જન્મ મરણના દુઃખને દૂર કરવા સારૂં ધર્મ કર્તવ્ય બજાવે છે.

પ્રભુ! એ બંન્ને આત્માઓને સદા આનંદમાં રાખો! અને ઘેર ઘેર મહામંત્રી દયાળ જેવા નિડર સાહસીક પુત્રો પેદા થાઓ! દેવી પાટમદે જેવી સેવાભાવી નિરાભિમાની પુત્રીઓ ઉત્પન્ન થાઓ! એજ અંતિમ ભાવના!

છપ્પો.

જૈન સાચો ભડવીર, મ્લેચ્છોનું નૂર ઉતાર્યું;
શૂરવીર સાચો દયાળ, ગૌરવ જૈનોનું વધાર્યું,
ધરતો ઢાળ તલવાર, કરે નહીં પરવા કોની;
શ્રદ્ધા હતી બળવાન, સહાય ધરતો ઇશ્વરની,
સત્ય નિતિના સંયમથી, નામ દયાળ શોભાવતો;
કહે 'ભોગી' દયાળશાહ, પુરૂષાર્થને સાધતો.—૧

હતો નિમકહલાલ, માલીકનું ભલુંજ ચહાતો;
દુષ્ટ જનો પર, વેર બરાબર તે તો લેતો;
હતો પ્રજાનો પ્રાણ, પ્રજાની સેવા કરતો,
ધરતો સદા સન્માન, ખુશામત કદિ ન કરતો,
નામ દયાળનું સાંભળી, શાહ પણ ચમકી જતો;
કહે 'ભોગી' દયાળથી, યમરાજ થરથર કંપતો.—૨

પડયો ત્યાં દુષ્કાળ, પોતાની લક્ષ્મી ખર્ચે,
સુણી ગુરૂનો બોધ, ગરીબોની સેવા ઈચ્છે;
બંધાવતો "મંદિર" ખરચી લાખ અઠ્ઠાણું,
મહા ભવ્ય મંદિર, ખરેખર અદ્ભૂત બંધાણું;
દેખી મંદિરની બાંધણી, હૃદય જોઈ હરખાય છે,
કહે 'ભોગી' દયાળની, ઉદારતા વખણાય છે.—૩

ગુરૂ માન શુભહસ્તે, પ્રતિષ્ટા બન્ને કરતા,
મહારાણા પણ આવી, શોભામાં વૃદ્ધિ કરતા;
દેવી પાટમદે અને દયાળ, ધન્યભાગ્ય એ માનતા,
ગામો ગામના લોક, આવીને વખાણ કરતા;
કહેતા જગતના માનવી, શું પાટમ, દયાળ ઉદાર છે,

આખરે મનુષ્ય જીવનની ફરજ પોતાના જીવનમાં પુરી કરી આખરના જીવનમાં નિવૃત્તી લઈ બન્ને આત્માઓ, દેવી પાટમદે અને દયાળશાહ ધર્મધ્યાન, ગરીબોની સેવા કરી કૃતાર્થ થતા, અને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરી પરભવનું પૂણ્યનું ભાતું બાંધતા અને શાંન્તિમય જીવન ગુજારતા પ્રભુભક્તિ કરવા લાગ્યા;

પ્રભુ! ઘેર ઘેર દયાળ

અને ઘેર ઘેર પાટમદે

ઉત્પન્ન થાઓ!

અને

લોકકલ્યાણના કાર્ય કરો.

એજ અસ્તુ! ઓમ્ઃ શાન્તિ! શાન્તિ!! શાન્તિ!!!

સમાપ્ત.